WEDNESDAY
19•02•2025

બુધવારની પૂર્તિ
અર્ધ સાપ્તાહિક

# સંદેશ

સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ભુજથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંવર્ધક તંત્રી સ્વ. શ્રી ચીમનભાઇ એસ. પટેલ ● REG. NO. : SRT-154/2023-2025 ● Vol : 36 No. : 167 SURAT વિ.સં. ૨૦૮૧, મહા વદ-૬ પાના : ૧૪+૮ www.sandesh.com @sandeshnews /sandeshnewspaper કિંમત - રૂા. ૫-૦૦

**સુપ્રીમ કોર્ટની લાલઆંખ : હવે પછી અલાહાબાદિયાના કોઈ શો કે તેનો કોઈ હિસ્સો ટીવી પર પ્રસારિત કરવા સામે રોક**

# તમારા મગજમાં ગંદકી, અલાહાબાદિયાને ફટકાર

## તમારી ભાષાની વિકૃતિને કારણે તમારા માતાપિતા જ નહીં દેશની બેટીઓ અને બહેનો પણ શરમજનક સ્થિતિમાં મુકાઈ ગઈ છે : આખો સમાજ શરમમાં મુકાયો છે, રણવીર અલાહાબાદિયા સામે કોઈ નવી FIR નહીં કરવા કોર્ટનું ફરમાન

। નવી દિલ્હી ।

સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ શોમાં અશ્લીલ સામગ્રી પીરસનાર રણવીર અલાહાબાદિયાની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. કોર્ટે કહ્યું કે તમારા મગજમાં ગંદકી ફેલાયેલી છે અને તમારી ભાષા વિકૃત છે. આને કારણે તમારા માતાપિતા જ નહીં દેશની બેટીઓ અને બહેનો પણ શરમજનક સ્થિતિમાં મુકાઈ છે અને આખો સમાજ શર્મસાર છે. જો કે કોર્ટે અલાહાબાદિયા સામે થયેલી અનેક FIR મામલે તેની ધરપકડ કરવામાંથી મુક્તિ આપી છે. પણ તેમણે થાણે પોલીસમાં પાસપોર્ટ જમા કરાવવા ફરમાન કર્યું છે. તેઓ દેશ છોડીને ક્યાંય જઈ શકશે નહીં. હવે પછી અલાહાબાદિયાનાં કોઈ શો કે તેના કોઈ હિસ્સાને ટીવી પર પ્રસારિત કરી શકાશે નહીં. અલાબાદિયા સામે નવી કોઈ FIR નહી કરવા કોર્ટે ફરમાન કર્યું છે. સુપ્રીમ કોર્ટમાં ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટનાં શોમાં અશ્લીલ સામગ્રી પીરસનાર રણવીર અલાહાબાદિયા સામે કરવામાં આવેલી અનેક FIR પર જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન કોટેશ્વર સિંહની બેન્ચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અલાહાબાદિયા પર આરોપ હતો કે સમય રૈનાના શો ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટમાં તેણે માતાપિતા માટે અશ્લીલ ટિપ્પણી કરી હતી. આ પછી તેની સામે મહારાષ્ટ્ર, આસામ સહિત દેશના અનેક રાજ્યોમાંથી કેસ કરવામાં આવ્યા હતા. રણવીર અલાહાબાદિયાએ કોર્ટમાં તેની સામેની તમામ FIRની સુનાવણી એક જ કોર્ટમાં કરવાની તેમજ ધરપકડમાંથી રાહત આપવા માગણી કરી હતી. તેને જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી રહી છે તે અંગે કશુંક કરવા માગણી કરાઈ હતી. બેન્ચે કોર્ટમાં હાજર એટર્ની જનરલ અને સોલિસિટર જનરલને કહ્યું હતું કે કેન્દ્ર સરકાર આ મામલે કશુંક કરે અન્યથા અમે કંઈક કરીશું. યૂ-ટ્યૂબર્સનાં અશ્લીલ વીડિયો અને અશ્લીલ સામગ્રી સામે આવી રહી છે શું તે અંગે કંઈક કરવા માગે છે ખરી?

### બેન્ચે શું કહ્યું? કોર્ટમાં શું દલીલો કરાઈ?

» બેન્ચે અલાહાબાદિયાના વકીલ અભિનવ ચંદ્રચૂડને પૂછ્યું કે આપ કેવી ભાષાનો બચાવ કરી રહ્યા છો? આવી ભાષાથી અમને નફરત છે. આવી કોઈ કોમેન્ટ કોઈ અપરાધ છે કે કેમ તે એક સવાલ છે. જો તે અશ્લીલતા નથી તો પછી અશ્લીલતા કોને કહેવાય?

» અમે તમારી સામેની FIR શા માટે રદ કરીએ?

» તમે વિકૃત ભાષાનો ઉપયોગ કર્યો છે જેમાં કાયદો તેનું કામ કરશે. અમે ધમકીઓનું ખંડન કરીએ છીએ પણ કાયદાને તેનું કામ કરવા દો.

» કોર્ટે અલાહાબાદિયાને પૂછ્યું કે અશ્લીલતા અને ગંદકીનો માપદંડ શું?

» તમારા આ પ્રકારના વ્યવહારની ટીકા કરવી જોઈએ. સહન ન કરી શકાય

» કોઈ એવું વિચારે કે તે પોતે મશહૂર થઈ ગયો છે અને કોઈપણ પ્રકારના શબ્દો કે ભાષા બોલી શકે છે તો તે ખોટું છે. શું તે આખા સમાજને હલકટ માને છે? શું ધરતી પર રહેનાર કોઈ આવી ભાષા પસંદ કરે ખરા?

» તમને અભિવ્યક્તિની આઝાદીને નામે મન ફાવે તેમ બોલવાની છૂટ નથી, સમાજના માપદંડો વિરુદ્ધ મનફાવે તેમ બોલવાની છૂટ નથી.

» તમારે સમાજના દાયરાનું સન્માન કરવું જોઈએ સમાજના પણ કેટલાક જાતે વિકસાવેલા મૂલ્યો છે તેનું સન્માન કરવું જોઈએ.

» જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું : તમારા અસીલનું મગજ તો ઘણું ગંદું છે તેઓ આ ગંદકીને પ્રોગ્રામમાં ઠાલવી રહ્યા છે. કોર્ટ શા માટે બચાવ કરે?

» વકીલે કહ્યું કે મારા અસીલને ધમકીઓ આપવામાં આવી રહી છે

» જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે જો તમે અશ્લીલ સામગ્રી પીરસીને પબ્લિસિટી મેળવવા માંગો છો તો બીજા કેટલાક એવા પણ છે જે તમને ધમકાવીને હલકી પબ્લિસિટી મેળવવા પ્રયાસો કરશે. તેઓ જીભ કાપવાની વાત કરશે.

» જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે તમામ જે શબ્દો અને ભાષાનો ઉપયોગ કરી રહ્યા છો તેણે તમારા માતાપિતાને શર્મસાર કર્યા છે. બહેન અને બેટીઓ શર્મસાર થઈ છે આખો સમાજ શરમમાં મુકાયોન છે. આ બાબત દર્શાવે છે કે તમારું મગજ વિકૃત છે. તમે અને તમારા લોકોએ સમાજમાં વિકૃતિ ફેલાવી છે.

**યૂ-ટ્યૂબ પર અશ્લીલ સામગ્રી રોકવાનો સમય**

## યૂ ટ્યૂબ કન્ટેન્ટને રેગ્યુલેટ કરવાની જરૂર છે : સુપ્રીમ

### કોર્ટે કહ્યું કે, યૂ-ટ્યૂબર દ્વારા ઓનલાઈન પ્લેટફોર્મ પર નિયમનોના અભાવે તેનો દુરુપયોગ કરાઈ રહ્યો છે

। નવી દિલ્હી ।

સુપ્રીમ કોર્ટે મંગળવારે એક યૂ-ટ્યૂબ શોમાં કથિત રીતે અશોભનીય અને અશ્લીલ ટિપ્પણી કરવા માટે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર રણવીર અલાહાબાદિયા સામે કરવામાં આવેલી અનેક FIRનાં સંદર્ભમાં તેની ધરપકડ નહીં કરવાનો આદેશ આપ્યો છે પણ તેણે શોમાં જે અશ્લીલ ટિપ્પણીઓ કરી છે તે માટે અલાહાબાદિયાની આકરાં શબ્દોમાં ઝાટકણી કાઢવામાં આવી છે. કોર્ટે આ મામલે કેન્દ્ર સરકારને પણ આડે હાથ લીધી હતી અને કહ્યું હતું કે યૂ-ટ્યૂબ પર અશ્લીલ સામગ્રી પિરસાતી રોકવાનો સમય હવે આવી ગયો છે. કોર્ટે આ મામલે કડકમાં કડક પગલાં લઈને નિયમો બનાવવા કેન્દ્ર સરકારને નોટિસ ફટકારીને તેની પાસે જવાબ માંગ્યો છે. કોર્ટે યૂ-ટ્યૂબ પર અશ્લીલ સામગ્રીનું નિયમન કરવા કેન્દ્રને ફરમાન કર્યું છે અને આ મુદ્દે કંઈક કરવાની જરૂર છે તેવી તાકીદ કરી છે. યૂ-ટ્યૂબર દ્વારા ઓનલાઈન પ્લેટફોર્મ પર નિયમનોના અભાવે લોકો તેનો દુરુપયોગ કરી રહ્યા છે. આ યોગ્ય નથી. યૂટ્યૂબ પર જે પ્રકારનું કન્ટેન્ટ આવે છે તે જોતાં લાગે છે કે સમાજ ક્યાં જઈ રહ્યો છે.

સુપ્રીમ કોર્ટનાં જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન, કોટિશ્વરસિંહની બેન્ચે કેન્દ્રને નોટિસ ફટકારી હતી અને કહ્યું હતું કે સરકાર યૂ-ટ્યૂબ પર ઓનલાઈન સામગ્રી પિરસાતી રોકવા કે તેનું નિયમન કરવા કોઈ પગલાં લેશે તો અમને આનંદ થશે.

**ભારત ગુરુવારે દુબઈમાં બાંગ્લાદેશ સામે રમશે**

## પાક. - ન્યૂઝી.ની મેચ સાથે આજથી ICC ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ

### આઠ ટીમો વચ્ચે પાકિસ્તાનના ત્રણ અને દુબઈના એક વેન્યુમાં કુલ ૧૫ મેચો રમાશે, ચાર-ચાર ટીમોના બે ગ્રૂપની ટોપ-૨ ટીમ સેમિફાઈનલમાં રમશે

। લાહોર ।

પાકિસ્તાનની યજમાનીમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનો બુધવારથી પ્રારંભ થઈ રહ્યો છે. ટૂર્નામેન્ટ પહેલાં અનેક નાટ્યાત્મક વિવાદો બાદ આખરે ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ બુધવારે આમનેસામને રમીને પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. આઠ ટીમોને બે ગ્રૂપમાં વહેંચી નાખવામાં આવી છે. વન-ડે રેન્કિંગમાં ટોપ-૮ ટીમોને આ ટૂર્નામેન્ટ માટે ક્વોલિફાય કરવામાં આવી છે જેના કારણે એક સમયની ચેમ્પિયન વેસ્ટઈન્ડિઝ અને શ્રીલંકન ટીમ આ વખતે રમી શકે તેમ નથી. સુરક્ષાના કારણોસર ભારત પોતાની તમામ મેચો હાઈબ્રિડ મોડેલના આધારે દુબઈમાં રમશે. તમામ મેચો બપોરે ૨:૩૦ વાગ્યાથી શરૂ થશે. જસપ્રીત બુમરાહની ગેરહાજરીના કારણે ભારતનું બોલિંગ આક્રમણ થોડુંક નબળું પડ્યું છે પરંતુ મોહમ્મદ શમીના નેતૃત્વમાં હર્ષિત રાણા તથા અર્શદીપ નવો બોલને સંભાળી શકે છે. ભારતીય ટીમમાં પાંચ સ્પિનર છે જેમાં વરુણ ચક્રવર્તીનો છેલ્લી ઘડીએ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી સંભવિત છેલ્લી આઈસીસી ટ્રોફીમાં ભાગ લઈ રહ્યા છે. બંને ટી૨૦ ફોર્મેટમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે અને તેઓ આ મેગા ઈવેન્ટ બાદ ૫૦ ઓવરની ફોર્મેટને પણ અલવિદા કરે તેવી સંભાવના છે.

### ● ભારતના મુકાબલા

| | |
|---|---|
| ■ વિ. બાંગ્લાદેશ | ૨૦મી ફેબ્રુઆરી, દુબઇ |
| ■ વિ. પાકિસ્તાન | ૨૩મી ફેબ્રુઆરી, દુબઇ |
| ■ વિ. ન્યૂઝીલેન્ડ | ત્રીજી માર્ચ, દુબઇ |




**પ. બંગાળના સીએમના નિવેદનથી વિવાદ**

## પ્રયાગનો આ મહાકુંભ નથી પણ મૃત્યુકુંભ છે : મમતા બેનરજી

### અભિવ્યક્તિની આઝાદીનો અર્થ સાંપ્રદાયિકતા વિશે બોલવું કે કોઈ ધર્મ વિરુદ્ધ ઉશ્કેરણી કરવી નથી : મમતા બેનરજી

। કોલકાતા ।

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ વિધાનસભામાં મહાકુંભ અંગે વિવાદિત નિવેદન કર્યું હતું. મમતા બેનરજીએ મહાકુંભને મૃત્યુકુંભ કહી દીધો. તેમણે આરોપ કર્યો કે મહાકુંભમાં વીઆઈપીને વિશેષ સુવિધા મળી રહી છે, જ્યારે સામાન્ય લોકો પરેશાન છે. આ મહા આયોજન માટે યોગ્ય રીતે પ્લાનિંગ કરવામાં નથી આવ્યું. મમતા બેનરજીએ કહ્યું કે, હું મહાકુંભનું સન્માન કરું છું. હું પવિત્ર ગંગામાનું સન્માન કરું છું, પરંતુ કશી યોજના નથી, કેટલા લોકો મળી આવ્યા?

#### તો હું રાજીનામું ધરી દઈશ

મમતા બેનરજીએ આરોપ કર્યો કે ભાજપ પોતાના રાજકીય હિતો માટે ધર્મનો ઉપયોગ કરે છે. હું વડાપ્રધાન મોદીને ફરિયાદ કરીશ કે તેમના ધારાસભ્યો મારા પર બાંગ્લાદેશી કટ્ટરપંથીઓ સાથે મિલીભગતનો આરોપ કરી રહ્યા છે. પરંતુ ભાજપ એમ સાબિત કરી દે કે બાંગ્લાદેશી કટ્ટરપંથીઓ સાથે મારા સંબંધો છે તો હું રાજીનામું આપી દઈશ.

**સરકારી કર્મચારીઓ એક કલાક વહેલા ઘરે જઈ શકશે**

## તેલંગાણા : રમજાનમાં મુસ્લિમ કર્મી માટે કામના કલાકો ઘટાડાયા

### રાજ્યમાં આ નવો નિયમ ૨ માર્ચથી લાગુ થશે અને ૩૧ માર્ચ સુધી અમલમાં રહેશે, ભાજપે તૃષ્ટીકરણનો આક્ષેપ લગાવ્યો

। હૈદરાબાદ ।

મુસ્લિમોનો પવિત્ર રમજાન મહિનો આવી રહ્યો છે ત્યારે તેલંગાણા સરકારે રમજાનમાં મુસ્લિમ સરકારી કર્મચારીઓ માટે કામકાજના કલાકોમાં ઘટાડો કર્યો છે. આ પવિત્ર મહિનામાં મુસ્લિમ કર્મચારીઓ તેમના નક્કી કરેલા કામકાજના કલાકો કરતા ૧ કલાક વહેલા તેમના ઘરે જઈ શકશે. તમામ સરકારી વિભાગો, જાહેર ક્ષેત્રની કંપનીઓ અને શિક્ષણ સંસ્થાઓમાં કામ કરતા મુસ્લિમ કર્મચારીઓને આ સુવિધા મળશે. રાજ્યમાં આ નવો નિયમ ૨ માર્ચથી લાગુ થશે અને ૩૧ માર્ચ સુધી અમલમાં રહેશે. ભાજપે તેની કડક ટીકા કરી છે.

#### મુસ્લિમ વોટ પર જ ભરોસો

તેલંગાણા સરકારના આ નિર્ણયની ભાજપ નેતાઓએ ટીકા કરી છે. તેમણે તેલંગાણા સરકાર પર મુસ્લિમ તુષ્ટીકરણનો આરોપ લગાવ્યો છે. ભાજપ MLA ટી. રાજાસિંહે કહ્યું છે કે કોંગ્રેસને ફક્ત મુસ્લિમ વોટ પર જ ભરોસો છે અને તેમનાં દ્વારા જ સત્તા મેળવી છે. આ નિર્ણયને કારણે ધાર્મિક વિભાજન થશે અને કોમી એખલાસ જોખમાશે.

## ડિસેમ્બર ક્વાર્ટરમાં શહેરી વિસ્તારોમાં બેકારીનો દર ઘટીને ૬.૪ ટકા રહ્યો

। નવી દિલ્હી ।

ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં શહેરી વિસ્તારોમાં બેકારીનો દર ઘટીને ૬.૪ ટકા રહ્યો હોવાનું નેશલ સેમ્પલ સરવે ઓફ ઈન્ડિયા (NSSO) નાં એક સરવેમાં જણાવવામાં આવ્યું છે. દેશમાં ૧૫ વર્ષ કે તેથી મોટી ઉંમરના લોકોનો બેકારીનો દર તેમાં ધ્યાનમાં લેવામાં આવ્યો હતો. દેશમાં શ્રમિકોની કુલ સંખ્યામાંથી કેટલા લોકો નોકરી વિનાના કે બેકાર છે તેના આધારે બેકારીનો દર નક્કી કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં આ જ સમયગાળામાં બેકારીનો દર ૬.૫ ટકા હતો. નાણાકીય વર્ષ ૨૦૨૫માં જુલાઈથી સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં પણ બેકારીનો દર ૬.૪ ટકા હતો. શહેરોમાં ૧૫ વર્ષ કે તેથી મોટી ઉંમરનાં લોકોનો બેકારીનો દર ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪માં ૮.૧ ટકા હતો જે એક વર્ષ અગાઉ આ જ ગાળામાં ૮.૬ ટકા નોંધાયો હતો. જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૪માં બેકારીનો દર ૮.૪ ટકા હતો.











## વાંકલમાં ગ્રીષ્મા કાંડ જેવી જ ઘૃણાસ્પદ ઘટના

# ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીંકી પ્રેમીએ કરી યુવતીની હત્યા

કીમ : ગ્રીષ્મા કાંડ જેવી જ ઘૃણાસ્પદ ઘટના હવે માંગરોળના વાંકલ નજીકથી બહાર આવી છે. બોરિયા ગામની અને વાંકલ કોલેજના સેકન્ડ યરમાં ભણતી આદિવાસી યુવતીને તેના મિત્રએ ફોન કરી બોલાવ્યા બાદ ઝનૂનપૂર્વક ચપ્પુના ઉપરાઉપરી ઘા મારી રહેંસી નાંખી હતી. યુવતીની હત્યા બાદ યુવક સુરેશ જોગીએ પોતાના ગળા પર ચપ્પુ હુલાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. બારમા ધોરણ સુધી અભ્યાસ કર્યા બાદ રખડું જીવન જીવતા સનકી યુવકે હર્યાભર્યા પરિવાર એવા આદિવાસી પરિવારની પુત્રીની ક્રૂરતાપૂર્વક હત્યા કરી દેતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

**કોલેજમાં એન્યુઅલ ફંક્શનના કલાક પહેલાં બોલાવીને પતાવી દીધી**

પ્રાપ્ત માહિતી અનુસાર માંગરોળના બોરિયા ગામે વચલા ફળિયામાં રહેતા નવીનભાઈ ચૌધરીના સંતાનમાં બે પુત્રો અને સૌથી નાની પુત્રી તેજસ્વિનીના હર્યાભર્યા ખુશહાલ પરિવાર ત્યારે આભ ફાટી પડ્યું જ્યારે તેમની લાડકીની આ રીતે હત્યા થઈ હોવાનું બહાર આવ્યું. હકીકતમાં તેજસ્વિની માંગરોળના વાંકલની અટલ બિહારી વાજપેયી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. કોલેજમાં મંગળવારે એન્યુઅલ ફંક્શન હોવાથી સવારે સાડા સાતેક વાગ્યાના અરસામાં એ ઘરેથી પિતાનું મોપેડ લઈ નીકળી હતી. ગણતરીના સમયમાં ચૌધરી પરિવારને મેસેજ મળ્યો હતો કે, તેજસ્વિની અને તેનો મિત્ર સુરેશ જોગી આંબાપારડીથી વાંકલ જતા રોડ પર એક ખેતર નજીક લોહીલુહાણ હાલતમાં પડ્યા છે. ઘટનાની જાણ થતાં માંગરોળ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. તેજસ્વિનીના ગળા પર ચપ્પના ઘા ઝીંકાયેલા હતા અને તેનું સ્થળ પર જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું તો થોડા જ અંતરે સુરેશ પણ લોહીલુહાણ હાલતમાં તરફડિયા મારતો હતો. સુરેશના ગળા પર પણ ચપ્પુથી ઊંડો ઘા જોવા મળતાં તેને ૧૦૮ની મદદથી વાંકલ પીએચસી કેન્દ્ર પર લઈ જવાયો હતો. તેની હાલત ગંભીર જણાતા તેને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો.

બીજી તરફ આ બાબતની જાણ થતાં મૃતક તેજસ્વિનીનો પરિવાર અહીં પહોંચ્યો હતો. સંતાનમાં એકમાત્ર પુત્રીની હત્યા કરાયેલી લાશ જોઈ હતપ્રભ થઈ ગયા હતા. સમગ્ર ઘટના નજરે જોનાર બોરિયા ગામના એક ઈ સમની પૂછપરછ કરતા તેણે પોલીસને જણાવ્યું હતું કે કેવી રીતે યુવતી અને તેના સાથી યુવક વચ્ચે રકઝક બાદ તેણે તેજસ્વિનીને છરીના ઘા મારી પોતે ગળા પર ચપ્પુ વળી ન જાય ત્યાં સુધી ગળા ઉપર વાર કરતો હતો.







**હત્યા બાદ સનકી યુવકે પોતાના ગળા પર પણ ચપ્પુ ફેરવી દીધું**

પોલીસના કહેવા પ્રમાણે મૂળ નર્મદા જિલ્લાના ગરૂડેશ્વરનો સુરેશ કાલીદાસ જોગી (ઉ.વ. ૨૧) ધો. ૧૨ સુધી તેજસ્વિની સાથે ભણ્યો હતો. બંને વચ્ચે મિત્રતા બાદ પ્રેમસંબંધ બંધાયો હોવાનું કહેવાય છે. આજે સવારે બંને વચ્ચે મોબાઈલ પર બે વખત વાતચીત થયા બાદ તેજસ્વિની સુરેશને મળવા એક્ટિવા પર ગઈ હતી. સુરેશ રસ્તામાં જ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે ચપ્પુ સાથે લઈને આવ્યો હતો. તેણે આવેશમાં આવી તેજસ્વિનીના ગળા પર ધારદાર છરીના સંખ્યાબંધ ઘા મારી તેને મોતને ઘાટ ઉતારી હતી. સુરેશે પોતે પણ પણ ગળા પર ચપ્પુના ઘા મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### તેજસ્વિનીના પિતા સહિત આખો પરિવાર દીકરીના સંબંધથી સંપૂર્ણ અજાણ

વહેલી સવારે સામે છેડેથી ફોન આવ્યા બાદ ઉતાવળે નીકળેલી તેજસ્વિનીના પરિવારનું કહેવું છે કે તેઓ સુરેશને ઓળખતા પણ ન હતા. પોતાની પુત્રીએ ક્યારેય સુરેશ અંગે ઘરમાં વાત કરી ન હતી. તેજસ્વિની આવા કોઈ મામલાથી વ્યથિત કે ચીતિંત હોય તેવું પણ પરિવારને લાગ્યું ન હોવાથી આ વાત જ્યારે બહાર આવી ત્યારે પરિવાર ચોંકી ઊઠ્યો હતો. માંગરોળના બોરિયા ગામની વસ્તી ૨૦૦૦ની છે, માત્ર ત્રણ ફળિયા છે. તેજસ્વિનીના પિતા નવીનભાઇ ચૌધરી જીઆઇપીસીએલમાં ઇલેક્ટ્રિક ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે. તેમનો મોટો પુત્ર દિવ્યેશ બીએડનો અભ્યાસ કરે છે, જ્યારે નાનો પુત્ર પાર્થ એમએ કરી રહ્યો છે.



### મજૂરી કામ કરતો સુરેશ આગલી રાત્રે વાંકલમાં મિત્રને ત્યાં રોકાઈ ગયો હતો

નર્મદા જિલ્લાનો વતની સુરેશ કાલીદાસ જોગી તેજસ્વિની સાથે ધો. ૧૨ સુધી અભ્યાસ કરતો હતો. તેજસ્વિની કોલેજમાં અભ્યાસ કરતી હતી, પરંતુ સુરેશ અલગ-અલગ જગ્યા ફરી મજૂરી કરતો હતો. સુરેશ પહેલા વાંકલ નજીક રહેતો હતો. પરિવાર સાથે માંગરોળ તાલુકાના વાડી બાદ પલસાણા-કડોદરાના ગંગાધરા સ્થાયી થઇ હાલ મજૂરી કરતો હતો. સુરેશે અગાઉથી જ હત્યાની યોજના ઘડી લીધી હોય તેમ એ સોમવારથી માંગરોળના વાંકલ ગામે પોતાના મિત્રને ત્યાં રાત રોકાયો હતો. મંગળવારે સવારે તેજસ્વિની સાથે બે વાર મોબાઇલ ફોન પર મળવા બોલાવી ચાકુ કાઢીને હત્યા કરી હતી.

### સુરેશના ગળાના ભાગે સ્વરપેટી સુધીનો ઊંડો ઘા

ઘટનાસ્થળેથી સુરેશ જોગીને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ ખાતે લઈ ગયા હતા. જ્યાં તાત્કાલિક સારવાર વિભાગમાં ખસેડાતા તબીબોની ટીમ દ્વારા તેની સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. સુરેશના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારથી ગંભીર ઈજા પહોંચી હોવાથી સુરેશ કંઈ પણ બોલવાની સ્થિતિમાં ન હતો. સુરેશે પોતે જાતે ગળામાં માર્યું અને તેજસ્વિનીએ પણ જાતે ગળામાં માર્યું હોવાનું ઈશારાથી તબીબને જણાવ્યું હતું. સાથે જ પરિવારનો મોબાઈલ નંબર પણ તબીબના મોબાઈલમાં જાતે ટાઈપ કરી આપ્યો હતો. સુરેશના ગળાના ભાગે આશરે ત્રણ સેમી જેટલો ઘા અને સ્વરપેટીને નુકસાન થયું હોવાનું લાગી રહ્યું છે. હાલ તેની સારવાર સિવિલમાં ચાલી રહી છે. તેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.



### શરીરે મલ્ટિપલ ઈજાથી તેજસ્વિનીનું મોત : ફોરેન્સિક રિપોર્ટ

વાંકલ રોડ પર યુવક-યુવતી ઈજાગ્રસ્ત હાલતમાં હોવાની જાણ પોલીસને થઈ હતી, જે બાદ સ્થાનિક પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે તપાસ કરતા યુવક-યુવતી પૈકી યુવતીનું સ્થળ પર જ મોત થયું હતું. મૃતક તેજસ્વિનીના મૃતદેહને પોલીસ દ્વારા સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો અને તેનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જરૂરી કાર્યવાહી બાદ મંગળવારે બપોરે મૃતકનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેના પ્રાથમિક રિપોર્ટમાં તેણીના ગળાની શ્વાસનળી, જમણું ફેફસું, કિડની, બંને હાથ અને પીઠના ભાગે ઈજા પહોંચી હતી. શરીર પર મલ્ટિપલ ઈજાને પગલે તેણીનું મોત થયું હતું. ફોરેન્સિક પોસ્ટમોર્ટમનો રિપોર્ટ પોલીસને સોંપવામાં આવ્યો હતો. જે બાદ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---

## સાત જ દિવસ બાકી છે ત્યારે મહાકુંભ જવા જનમેદની ઊમટી

# સુરત-તાપ્તિગંગા સહિત ૬ ટ્રેનની ૧૨ ટ્રિપ રદ થતાં ૩૦,૦૦૦ મુસાફરો અટવાઈ ગયા

### ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ મંડળે પત્ર લખી ટ્રેનો રદ કરવા જણાવ્યું

| સુરત |

સુરતથી પ્રયાગરાજ જતી તાપ્તિગંગા, અમદાવાદથી પ્રયાગરાજ થઈ જતી બરૌની સહિત ૬ ટ્રેનની ૧૨ ટ્રીપ રદ કરાતા અંદાજિત ૩૦,૦૦૦ મુસાફરો અટવાઈ ગયા છે. એડવાન્સમાં ટ્રેનની ટિકિટ બુક કરાવીને યાત્રાનું પ્લાનિંગ કરી બેઠેલા હજારો શ્રદ્ધાળુંઓના અરમાનો પર પાણી ફરી વળ્યું છે. એક એક દિવસ માટે અપડાઉનની ટ્રીપ રદ કરતા હજારો યાત્રી અધવચ્ચે રઝળી પડ્યાં છે. ૧૯મી ફેબ્રુઆરીને બુધવારે સુરતથી ઉપડનારી તાપ્તિગંગા, અમદાવાદ-બરૌની ટ્રેન છેલ્લી ઘડીએ રદ કરાતા મુસાફરો દોડતાં થઈ ગયા છે. આ સાથે જ મધ્ય રેલવેના પ્રયાગરાજ મંડળના રેલવે સ્ટેશનો પર ટ્રેનોની ભારે ભીડ હોવાથી પ્રયાગરાજ આવતી ટ્રેનો રદ કરવા પત્ર લખીને જાણ કરી હતી. મહાકુંભને હવે સાત દિવસ જ બાકી છે. ત્યારે ગંગામાં ડૂબકી લગાવી પાપમૂક્તિ થવા પ્રયાગરાજમાં જનમેદની ઊમટી પડી છે. ટ્રેન, બસ ફૂલ હોવાથી શ્રદ્ધાળુંઓ ખાનગી કાર મારફતે હજારો કિલોમીટર કાપીને પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. પ્રયાગરાજમાં રહેવાની વ્યવસ્થા નહીં હોવાથી શ્રદ્ધાળુંઓ કારમાં જ રાતવાસો કરી રહ્યા છે. આવા સમયે દિલ્હી અને ગતરોજની પ્રયાગરાજની ઘટના બાદ મધ્ય રેલવેએ તમામ રેલવે ઝોનને પત્ર લખીને પ્રયાગરાજ આવતી ટ્રેનોને રદ કરવા જણાવ્યું હતું. દરમિયાન પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝન દ્વારા તાપ્તિગંગા, અમદાવાદ-બરૌની સહિતની ૬ ટ્રેન રદ કરી દેવામાં આવી છે. આ ૬ ટ્રેનની ૧૨ ટ્રીપ રદ થતાં ૩૦,૦૦૦ મુસાફરો અટવાઈ ગયા છે. ખાસ કરીને પ્રયાગરાજ ગયેલા મુસાફરોએ પરત કેવી રીતે ફરવું તે અંગે દુવિધામાં મૂકાઈ ગયા છે.

**કઈ ટ્રેન ક્યારે રદ**

- ૧૯૦૪૫- સુરત-છપરા તાપ્તિગંગા ૧૯, ૨૦ અને ૨૧મીએ રદ
- ૧૯૦૪૬-છપરા-સુરત તાપ્તિગંગા ૨૧,૨૨ અને ૨૩મીએ રદ
- ૧૯૪૮૩-અમદાવાદ-બરૌની ૧૯ અને ૨૧મીએ રદ
- ૧૯૪૮૪-બરૌની-અમદાવાદ ૨૧ અને ૨૩મીએ રદ
- ૧૯૪૩૫-અમદાવાદ-આસનસોલ ૨૦મીએ રદ
- ૧૯૪૩૬-આસનસોલ-અમદાવાદ ૨૨મીએ રદ

**૨૧મીએ સુરત આવનારી તાપ્તિગંગા રદ થતાં પ્રયાગરાજ ગયેલા યાત્રી મુશ્કેલીમાં**

મહાકૂંભને હવે સાત દિવસ જ બાકી છે ત્યારે ગંગામાં ડૂબકી લગાવવા સેંકડો શ્રદ્ધાળુંઓ પ્રયાગરાજ પહોંચ્યા છે. જેને પગલે ચારેબાજુના રસ્તાઓ તો જામ થઈ જ ગયા છે, પરંતુ રેલવે સ્ટેશનો પર ભારે ભીડ જોવા મળી રહી છે. પ્રયાગરાજ આવવા માટે હવે ટ્રેનની જગ્યા મળી રહી નથી. તેવા સમયે પ્રયાગરાજથી ઉપડીને ૨૧મીને શુક્રવારે સુરત આવનારી તાપ્તિગંગા ટ્રેન રદ કરાતા એડવાન્સ બુકિંગ કરાવીને ગંગામાં ડૂબકી લગાવવા ગયેલા અંદાજિત ૨૦૦૦થી ૨૨૦૦ મુસાફરો મહામુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. કન્ફર્મ ટિકિટ સાથે ગયેલા આ યાત્રીઓ ટ્રેન રદ થતાં અધવચ્ચે લટકી ગયા છે.

---

## જેલના સ્ટાફની સંડોવણી મામલે એસીબી દ્વારા આરોપીની સઘન પૂછપરછ

# રજિસ્ટરમાં એન્ટ્રી વિના ટાઉટ જેલમાં ઘૂસેલો, ખિસ્સામાંથી ૬૫ હજાર મળ્યા

### કેદી-સંબંધીની મુલાકાત પેટે લાંચ લેતા ઝડપાયેલા પ્રતીકને ૩ દિવસના રિમાન્ડ

| સુરત |

લાજપોર જેલમાં કેદ કેદીની સંબંધી સાથે મુલાકાત કરાવવા પેટે રૂપિયા ૧ હજારની લાંચ લેતાં રંગેહાથ પકડાયેલા ટાઉટ પ્રતીકના ૩ દિવસના રિમાન્ડ મેળવી એસીબી દ્વારા સઘન પૂછપરછ કરાઈ રહી છે. ટાઉટ લાંચ લેતાં પકડાયો હતો ત્યારે તેના ખિસ્સામાંથી રોકડા રૂ. ૬૫,૮૮૪ મળ્યા હતા, સાથોસાથ તે જેલમાં રજિસ્ટરમાં એન્ટ્રી કર્યા વગર ઘૂસ્યો હોય અનેક શંકાકુશંકા ફેલાઈ છે.

મળતી વિગતો પ્રમાણે લાજપોર મધ્યસ્થ જેલમાં કેદીઓને તેઓના સગાં-સંબંધીઓ સાથે મુલાકાત કરાવવાના અવેજ પેટે રૂપિયા ૫૦૦-૨૦૦૦ સુધીની લાંચ અને કેદીઓને હાઈ સિક્યોરિટીવાળા બેરેકમાં નહિ શિફ્ટ કરવાના વ્યવહાર પેટે રૂ. ૧૦ હજારથી લઈ ૧ લાખ વસૂલવામાં આવી રહ્યા હોવાની એસીબીને ફરિયાદ મળી હતી. જેથી એસીબીએ જેલમાં ડીકોય ટ્રેપ ગોઠવી હતી. જાગૃત નાગરિક (ડીકોયર)ના મિત્રએ બે કેદી સાથે મુલાકાત કરવાની વાત કરતા વચેટિયા પ્રતીક કૈલાસ સસાને (રહે. ભેસ્તાન)એ કેદી દીઠ ૫૦૦ લેખે ૧૦૦૦ રૂપિયા માંગ્યા હતા. જેલના મુલાકાત ખંડમાં આવેલા ટેલિફોન બૂથ નં. ૧૯માં ટાઉટ પ્રતીક ૧૦૦૦ની લાંચ લેતા રંગેહાથ એસીબીની ટીમના હાથે પકડાઈ ગયો હતો.

દરમિયાન એસીબીની પ્રાથમિક તપાસમાં એવું ખૂલ્યું છે કે, આરોપી પ્રતીક જેલમાં રજિસ્ટરમાં નોંધ કર્યા વગર મુલાકાત ખંડમાં ઘૂસ્યો હતો. જેથી જેલના કયા અધિકારી-કર્મચારીએ પ્રવેશ આપ્યો તે દિશામાં તપાસ કરાઈ રહી છે. આરોપીએ જેલમાં ગત તા.૧૭મીના રોજ બીજા કયા-કયા કેદીઓના સગાં પાસેથી નોંધણી ફોર્મ ભર્યા વગર મુલાકાત પેટે લાંચ સ્વીકારી છે?, અગાઉ આ મોડસ ઓપરેન્ડીથી રૂપિયા લઈ કેદી-સગાંની મુલાકાત કરાવી છે?, આરોપી ઘણા સમયથી જેલ જતો હોવાનું પણ એસીબીની તપાસમાં ખૂલ્યું હોય જેલના સ્ટાફની મિલીભગત છે કે કેમ?, લાંચની ટ્રેપ વખતે પ્રતીકના ખિસ્સામાંથી બિનહિસાબી રોકડા રૂપિયા ૬૫,૮૮૪ પણ મળી આવ્યા હતા. જે રકમ કોની પાસેથી અને કયા કારણોસર મેળવી છે? તે બાબતે પણ તપાસ કરવી આવશ્યક હોય એસીબીએ ટાઉટ પ્રતીક સસાનેને કોર્ટમાં રજૂ કરી ૫ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. સરકાર તરફે એડવોકેટ ઉમેશ પાટિલે દલીલો કરી હતી. કોર્ટે પ્રતીકના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

**મારામારીમાં જેલવાસ ભોગવનાર ટાઉટ બની ગયો**

આરોપી પ્રતીક સસાને અગાઉ મારામારીના ગુનામાં પકડાયો હતો અને પોલીસે તેને જેલમાં ધકેલી આપ્યો હતો. જેલમાંથી બહાર નીકળ્યા બાદ તે નિયમિત જેલમાં આંટાફેરા મારવા લાગ્યો હતો અને ટાઉટ બની ગયો હતો. જેલના કયા સ્ટાફ સાથે તેનો ઘરોબો છે? તે દિશામાં એસીબી તપાસ કરી રહી છે.

---

## સાત પૈકી એક આરોપીને પાંચ વર્ષની સજા કરાઈ

# ૩.૩૫ કરોડનું ચીટિંગ કરનારા સાત કાપડના વેપારીઓને ચાર વર્ષની કેદ

### કોર્ટે આરોપી રણમલને પાંચ વર્ષની સજા અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો

| સુરત |

ઉધારીમાં માલ ખરીદીને પેમેન્ટ નહીં આપનારા સાત વેપારીઓને કોર્ટે તકસીરવાર ઠેરવીને સજા કરી હતી. સાત પૈકી એક આરોપીને પાંચ વર્ષ જ્યારે બીજા છ આરોપીઓને ચાર વર્ષની સજા કરાઈ હતી અને દંડ પણ કરાયો હતો.

આ કેસની વિગત મુજબ અમરોલી સાંઇ પેલેસ રોડ ઉપર કાપડ દલાલીનું કામ કરતા રણમલભાઈ, ડભોલી ગામ સાંસ્કૃત એપાર્ટમેન્ટમાં રહેતો મહેશ કારાભાઈ ઝાલા, ગોડાદરાના દેવગામ પાસે શ્રી દર્શન રેસિડેન્સીમાં રહેતા ભાવેશ દુલાભાઈ કાતરીયા, મોટા વરાછા એપલ હાઈટ્સમાં રહેતો પરેશ ફુલાભાઈ વિરાણી, ગોડાદરા ચંદ્રલોક સોસાયટીમાં રહેતો સુરુભા ધીરસિંહ ઝાલા, પુણાગામ વિવેકાનંદ સોસાયટીમાં રહેતા જિગ્નેશ અરજણભાઈ બલદાણીયા, પુણા પોલીસચોકીની સામે શિવધારા રો હાઉસમાં રહેતા કૌશિક ઘનશ્યામભાઈ ખૂંટે ભેગા મળીને રિંગરોડ ઉપર અનુપમ ટેક્સ્ટાઇલ માર્કેટમાં વેપાર કરતા વેપારી અનંદકુમાર ખૈતાનની પાસેથી અંદાજિત રૂ. ૩.૩૫ કરોડનો માલ મેળવીને તેનું પેમેન્ટ આપ્યું ન હતું. વારંવાર ઉઘરાણી છતાં પણ રૂપિયા નહીં મળતા ફરિયાદી અનંદકુમારે સલાબતપુરા પોલીસમાં ફરિયાદ કરાઈ હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તમામ આરોપીઓની ધરપકડ કરી હતી. દરમિયાન આ કેસ કોર્ટમાં ચાલી જતાં સરકાર તરફે બિસમિલ્લાહખાન પઠાણ હાજર રહ્યા હતા. જ્યારે મૂળ ફરિયાદી અનંદભાઈ તરફે વકીલ વિરલ મહેતા હાજર રહ્યા હતા. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ આરોપી રણમલભાઈને પાંચ વર્ષની સજા અને ૧૦ હજારનો દંડ જ્યારે મહેશ ઝાલા, ભાવેશ કાતરીયા, પરેશ વિરાણી, સુરુભા ઝાલા, જિગ્નેશ બલદાણિયા, કૌશિક ખૂંટને તકસીરવાર ઠેરવીને ચાર વર્ષ કેદની સજાનો હુકમ અને ચાર હજારનો દંડ કરાયો હતો.




**તા.૧૯/૦૨/૨૦૨૫**
**ને.એ.કો.ક.દ્વારા સૂચવેલ ઈંડાનો જથ્થાબંધ ભાવ**
**સુરત ઝોન રૂ.૪૭૦/-**

---

# ભેસ્તાનમાં ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો ઝોલાછાપ તબીબ પકડાયો

| સુરત |

શહેરમાં ઝોલાછાપ તબીબ સામે શરૂ કરાયેલ ઝુંબેશ દરમિયાન ભેસ્તાનમાંથી વધુ એક બોગસ તબીબને જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસે સંયુક્ત કામગીરી હેઠળ પકડી પાડ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ ભેસ્તાન વિસ્તારમાં આવેલી શ્રમિકોની વસાહતમાં કોઈપણ જાતની ડિગ્રી કે બોગસ ડિગ્રીના આધારે ક્લિનિક કે દવાખાનાના નામે હાટડીઓ ખોલીને જન આરોગ્ય સાથે છેડછાડ કરવામાં આવી રહી છે, જે અંગે શહેર પોલીસ અને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા બોગસ તબીબોને પકડવાની ખાસ ઝુંબેશ હાથ ધરી છે, જેમાં ભેસ્તાન પોલીસે જયઅંબેનગર અને જમનાનગરમાં શંકાસ્પદ તબીબો અંગે તપાસ હાથ ધરતાં રામક્રિશ્ના લક્ષ્મીનારાયણ સિંહ (ઉ.વ. ૩૬, રહે. આરજેડી રેસિડન્સી, પારડી સચિન- મૂળ રહે. માનપુર, જિ. સીતામઢી, બિહાર)ને પકડી પાડ્યો હતો. જેની પાસે તબીબની ડિગ્રી મળી આવી ન હતી. જેના પગલે પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને દવા, ઈન્જેકશન સહિતનો કુલ રૂ. ૭૧,૩૨૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો.



---

# અમદાવાદના કાપડ દલાલ અને વેપારીનું ૨૦.૮૭ લાખનું ફુલેકું

| સુરત |

વરાછામાં ટી-શર્ટના જથ્થાબંધ વેપારી પાસેથી ૨૦.૮૭ લાખનો માલ ખરીદી બદલામાં બંધ કરી દેવાયેલા ખાતાના ચેક આપી છેતરપિંડી કરનાર અમદાવાદના વેપારી અને દલાલ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

**માલના બદલામાં બંધ થયેલા એકાઉન્ટના સાત ચેક આપ્યા**

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે યોગીચોક શિવસંગિની એપા.માં રહેતા કિશોર ધીરુભાઈ કોઠિયા એ.કે. રોડ પર અંજતા ડાયમંડ એસ્ટેટમાં શ્રી બાલમુકુંદ ક્રિએશનના નામે મોટા પાયે ટી-શર્ટનું ઉત્પાદન કરી વેચાણ કરે છે. ઓક્ટોબર-૨૪માં તેમને કાપડ દલાલ સુરેશ જોશી (રહે. અક્ષરધામ રેસી., નિકોલ, અમદાવાદ) મળ્યા હતા. અમદાવાદના સુમેલ પાર્ક-૭માં કેસર કોર્પોરેશનના છગનારામ સકારામ ભાટી મોટા વેપારી હોવાનું અને તેમને ટી-શર્ટ વેચવા માટે સંમત કરી લીધા હતા. આ વેપારી પાસેથી ટ્રાન્સપોર્ટથી જ ૨૦.૮૭ લાખનો માલ અમદાવાદ મંગાવી લીધો હતો. બદલામાં સાત ચેક છગનારામની પેઢીના નામથી આપવામાં આવ્યા હતા. ચેક બેન્કમાં નાંખતા આ એકાઉન્ટ જ ઘણા વખતથી બંધ હોવાનું બહાર આવ્યું હતું. અમદાવાદની દુકાન અને ફોન પણ બંધ કરી વેપારી તથા દલાલ પલાયન થઈ જતાં મામલો વરાછા પોલીસ મથકે પહોંચ્યો હતો.

---

## ઝડપાયેલા બે આરોપીઓનો ગેઈટ એનાલિસિસ ટેસ્ટ થયો

# પરિણીતા પર ગેંગરેપ વખતે રેકી કરનાર ત્રીજો સાગરીત ઝડપાયો

### ભાવનગરનો અમિત ઉર્ફે રઘુ વાળા અમરેલી ભાગી છૂટ્યો હતો

| સુરત |

પુણાના ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં બે રીઢા ગુનેગારોએ મળસ્કે ત્રણથી ચાર વાગ્યાના અરસામાં પતિને બંધક બનાવી તેની ૩૩ વર્ષીય પત્ની પર ગેંગરેપ કરી ૬૦ હજારની મતા લૂંટવાની ચકચારી ઘટના વખતે નીચે ઊભા રહી રેકી કરનાર ત્રીજા સાગરીત અમિત ઉર્ફે રઘુ નરસિંગ વાળાને પોલીસે અમરેલીથી ઝડપી લીધો હતો.

પુણાના ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં રહેતા દંપતીના ઘરમાં ગત ગુરુવારે મળસ્કે ત્રણેક વાગ્યાના અરસામાં બે સ્થાનિક ટપોરીઓ પોલીસ તરીકે ઓળખ આપી લૂંટના ઈરાદે ઘૂસી ગયા હતા. ૬૦ હજારની મતા લૂંટી લેવાની સાથે બંનેએ આ પરિણીતાની અસ્મત પણ લૂંટી હતી. આ ગુનામાં ભાવનગરના નિકુલ ઉર્ફ ડક્કર ઉર્ફે બુલેટ ચકુર ભીંગરાડિયા અને યુ.પી.ના દિનેશ ઉર્ફે છોટુ રામખિલાડી યાદવને દબોચી લેવાયા હતા. રિમાન્ડ પર રહેલા બંને આરોપીઓના પોલીસ ગેટ એનાલિસિસ ટેસ્ટ પણ કરનાર છે. દરમિયાન ત્રીજો આરોપી અમિત ઉર્ફે રઘુ નરસિંહ વાળા (રહે. માતૃશક્તિ સોસા., કાપોદ્રા)ને અમરેલીથી ડી.સી.પી.ની સ્કવોડે અમરેલીથી દબોચી લીધો હતો.

લૂંટ અને ગેંગરેપ કરનાર નિકુલ ઉર્ફે બુલેટ અને દિનેશ યાદવ સાથે અમિત પણ સીસીટીવીમાં પરિણીતાના ઘર બહાર દેખાઈ આવ્યો હતો. બનાવ વખતે અમિત ઉર્ફે રઘુ નરસિંહ વાળા નીચે રેકી કરતો હતો. લૂંટની રકમમાંથી તેને ૧૨ હજારનો હિસ્સો પણ મળ્યો હતો. નિકુલ અને દિનેશ યાદવ પકડાઈ જતાં તે ધરપકડથી બચવા પોતાના વતન ભાવનગરના પાંચપીપળાને બદલે અમરેલી તરફ ભાગ્યો હતો. જ્યાંથી ડી.સી.પી. ઝોન-૧ની સ્કવોડ તેને ઊંચકી લાવી હતી.

**જ્યાં ગેંગરેપ કર્યો તે ધાબા પર બે વખત રેકી કરી**

પરિણીતા પહેલાં માળે રહેતી હતી. અહીં બીજાં પણ પરિવાર રહેતા હોઇ બૂમાબૂમ થાય તો કોઇ અગાસીમાંથી દોડી નહિ આવે તે માટે નિકુલ અને દિનેશ યાદવે ત્રીજા સાગરિત સાથે બે વખત આ ધાબાની રેકી કરી હતી. આ મકાનની સામે અને પાછળ આવેલાં ધાબાઓ પણ ચેક કરી કોઇ ત્યાં નહિ હોવાની ખાતરી થતાં પરિણીતાના ઘરને નિશાન બનાવાયું હતું.



Published by Dhaval Pandya for the owner The Sandesh Limited & Printed by him at Satyesh Bhavan, Dakoriya Mill Compound, Near Gurudev Petrol Pump, Khatodara GIDC, Bamroli Road, Surat (Gujarat) Phone : 4089000, Editorial Fax : 4089022
Editor : Mr. Krishnkant Unadkat - Responsible for selection of news under PRB Act. Sandesh (Estd 1923) RNI Reg No.: 48484/1989 Vol: 35, No: 167

### શ્રમજીવી પરિવારની પુત્રીને લગ્નની લાલચ આપી રેપ કરાયો હતો

# ૧૬ વર્ષીય સગીરા સાથે બળાત્કાર કરનાર અમન અંસારીને ૨૦ વર્ષની સખત કેદ

। સુરત ।

લિંબાયતમાં રહેતી ૧૬ વર્ષિય સગીરાને પ્રેમજાળમાં ફસાવીને લગ્નની લાલચ આપી રેપ કરનાર આરોપીને કોર્ટે તકસીરવાર ઠેરવ્યો હતો અને ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત મુજબ લિંબાયતમાં રહેતા શ્રમજીવી પરિવારની ૧૬ વર્ષિય પુત્રીની સાથે લિંબાયતમાં જ રહેતો અમન અનીશ અંસારી નામનો યુવક પરિચયમાં આવ્યો હતો. આ અમને સગીરાને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. વારંવાર તેણીને મળવા માટે બોલાવતો હતો. આ દરમિયાન અમન સગીરાને પોતાના મિત્રના ઘરે લઈ જઈને લગ્ન કરવાની લાલચઆપીને રેપ પણ કરતો હતો. સને-૨૦૨૨ના ઓક્ટોબર મહિનામાં અમને પોતાના મિત્રના ઘરે સગીરા સાથે રેપ કર્યા બાદ ભાગી ગયો હતો. માનસીક રીતે પડી ભાંગેલી આ સગીરા પોતાના ઘરે પહોંચી હતી અને પોતાની માતાને સમગ્ર ઘટના કહી હતી. પુત્રીના મોંઢે રેપની વાત સાંભળીને માતા પણ ચોંકી ઉઠી હતી. આ બાબતે અમનની સામે લિંબાયત પોલીસમાં ફરિયાદ કરાતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. અમન પોતાના પરિવારની સાથે મોબાઈલમાં વાત કરતો હોવાથી તેનું લોકેશન ટ્રેસ થયું હતુ અને લિંબાયત પોલીસે અમનને પકડી પાડ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ દિપેશ દવેએ દલીલો કરીને આરોપીને કાયદામાં જણાવેલી વધુમાં વધુ સજા કરવા રજૂઆત કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ આરોપી અમનને તકસીરવાર ઠેરવીને ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો.

# મહીધરપુરા કારખાનામાંથી ૧૪.૫૨ લાખની ચાંદી ચોરાઈ

। સુરત ।

જરીકામના કારખાનામાં કોપર પર વરખ લગાવવા માટે રાખેલી ૧૨ કિલો ૭૭૦ ગ્રામ ચાંદી તથા ૫૮ ગ્રામ વજનનું સોનું મળી કુલ્લે ૧૪.૫૨ લાખની મતા તસ્કરો ચોરી ગયા હતા. સગરામપુરા હળદીયા શેરીમાં રહેતાં કીરીટભાઈ રતિલાલ રાણા (ઉ.વ. ૬૩) મહીધરપુરા હીરા બજારમાં આવેલી કાઝીની વાડીમાં જરીકામનું કારખાનું ધરાવે છે. તેમના કારખાનામાં પરિવારના સભ્યો જ કામ કરે છે. વેપારીઓ દ્વારા કોપર પર ચાંદીની વરખ લગાવવાનું કામ અહીં મુખ્યત્વે કરવામાં આવે છે. જેટલી ચાંદી વપરાઈ હોઈ તેટલી ચાંદી લેવાની સાથે અલગથી મજૂરીના નાણાં વસુલી કારખાનું ચલાવતાં કીરીટભાઈએ દીવાળી વખતે ૨૭મી ઓક્ટોબર-૨૪એ કારખાનું બંધ કર્યું હતું. દીવાળીમાં લાંબી રજા પડવાની સાથે મહારાષ્ટ્ર ધાર્મિક પ્રવાસ પતાવી પહેલી જાન્યુઆરીએ જ્યારે કારખાનું ખોલવા ગયા ત્યારે કબાટમાં મૂકેલી ૮ કિલો ૧૭૦ ગ્રામના ચાંદીના ૧૩ ચોરસા, એક કિલો ૧૮૦ ગ્રામના ચાંદીના ગોળ છરા, બે કિલો ૭૬૦ ગ્રામના ચાંદીની પેટીના ત્રણ ટુકડાં તથા ૫૮.૬૦૦ ગ્રામ વજનનો સોનાનો હાર ગુમ જોવા મળ્યો હતો. કોઈ જાણભેદુ ચોરી ગયાની શંકા સાથે આ કારખાનેદારે જાતે જ શોધખોળ કરી હતી, પરંતુ ચોર નહિ પકડાતા મામલો મહીધરપુરા પોલીસ મથકે પહોંચ્યો હતો.




# ભેસ્તાનમાં મિત્રના પુત્ર સાથે યુવાને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યુ

। સુરત ।

ભેસ્તાન-ઉન પાટિયા વિસ્તારમાં રહેતા યુવાને તેના મિત્રના કિશોર વયસ્ક પુત્ર પર નજર બગાડી હતી. મિત્રના ઘરે યુવાન જમવા ગયો હતો ત્યારે તેના પુત્રને કપડાં અને ઈયરફોન અપાવવાના બહાને ખુલ્લા અવાવરું મેદાનમાં લઈ જઈને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યુ હતું. બનાવ અંગે પોલીસે વિકૃત યુવાનની ધરપકડ કરી છે.

ભેસ્તાન પોલીસના જણાવ્યા મુજબ ઉનપાટિયા પાસે ભીડીંબજાર -ઈસ્માઈલનગરમાં રહેતા મોઈદુલ્ ઝહીલદુલ્ શેખ તેના મિત્રો સાથે કામ કરતો હતો. બંને સાથે કાપડના કારખાનામાં કામ કરતા હોવાથી મોઈદુલ્ સાથે ગાઢ મિત્રતા થઈ હતી. બંને એકબીજાના ઘરે જમવા પણ જતા હતા. દરમિયાન ગત તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ સાંજે સાડા સાત કલાકે યુવાને તેના મિત્રના ઘરે જમવા ગયો હતો. મિત્રના ઘરે રસોઈ બની રહી હતી એ સમયે મોઈદુલે્ મિત્રના પુત્રને કપડાં અને મોબાઈલ ફોનના ઈયરફોન અપાવવાની લાલચ આપીને બજાર લઈ જવાનું કહ્યું હતું, પરંતુ મિત્રના કિશોર વયસ્ક પુત્ર નજીક અવાવરું મેદાનમાં લઈ જઈને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યુ હતું. મોઈદુલના વિકૃત કૃત્ય અંગે ઘરે જઈને બાળકે તેની માતાને સઘળી હકીકત જણાવી હતી. ત્યારે જે મિત્રના ઘરે જમવા આવેલા મોહીદુલે્ તેના પુત્ર સાથે અજુગતું કૃત્ય કરતાં વાલી ભેસ્તાન પોલીસ મથકે દોડી જઈને મોહીદુલ્ શેખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરીને તેની ધરપકડ કરી હતી.













RTIની આડમાં અધિકારીઓ અને બિલ્ડરોને રંજાડતા ખંડણીખોરોની હવે ખેર નહિ
લાલગેટ પોલીસે બે સામે ગુના દાખલ કર્યા

# પોલીસે ખંડણીખોરને પાઠ ભણાવ્યો વરઘોડો કાઢી સેન્ટ્રલ ઝોનમાં ફેરવ્યો

**કાયદાનો કોરડો** | પાલિકાના મહિલા કર્મીએ ખંડણી-છેડતીની ફરિયાદ આપતા કડક એક્શન લેવાયા

। સુરત ।

આરટીઆઈની આડમાં અધિકારીઓ-બિલ્ડરોને રંઝાડી પોતાના મનસૂબા પાર પાડતા ખંડણીખોરો સામે આખરે પોલીસે કડક તેવર અપનાવ્યા છે. એક ખંડણીખોર સામે ગુનો નોંધી ધરપકડ કર્યા બાદ પોલીસે મુગલીસરા ખાતે વરઘોડો કાઢ્યો હતો. જે કચેરીમાં ખંડણીખોર આતંક મચાવતો હતો, તે સેન્ટ્રલ ઝોનની ઓફિસમાં લઈ જઈ પોલીસે ખંડણીખોરને બરાબરનો પાઠ ભણાવી કાયદાનો ખૌફ બતાવ્યો હતો.

શહેર આખામાં આરટીઆઈનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરી ખંડણીખોરો પાલિકાના અધિકારીઓ, બિલ્ડરોને બાનમાં લે છે. ગેરકાયદે બાંધકામ હોવાના નામે દમદાટી આપી બાંધકામ તોડાવી દેવાની ધમકી અપાઈ છે. આ રીતે બ્લેકમેલિંગ કરી લાખો રૂપિયા ખંડણી વસૂલવાના ખેલ ચાલી રહ્યા છે. શહેરના દરેક વિસ્તારોમાં આરટીઆઈ એક્ટિવિસ્ટ્સનો રાફડો ફાટ્યો છે.

પખવાડિયા પહેલાં સચિન જીઆઈડીસીના ઉદ્યોગકારોને બ્લેકમેલ કરતા બે ખંડણીખોરોને ક્રાઈમ બ્રાંચે પકડી જેલમાં ધકેલી દીધા હતા. બીજી તરફ સુરત પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય અરવિંદ રાણાએ પણ આરટીઆઈના નામે ખંડણી વસૂલનારા તત્ત્વો સામે કડક પગલાં ભરવાની માંગ સાથે પોલીસ કમિશ્નરથી લઈ મુખ્યમંત્રી સુધી ફરિયાદ કરી હતી. બિલ્ડરો પણ આરટીઆઈ એક્ટિવિસ્ટ્સથી તોબા પોકારી ઉઠ્યા હતા. આખરે પોલીસ કમિશ્નરે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી નકુમને આ મામલે તપાસ સોંપી હતી અને આખરે પોલીસે ખંડણીખોરોનો સફાયો કરવાનું અભિયાન ઉપાડ્યું છે. જે અંતર્ગત પહેલો ગુનો લાલગેટ પોલીસમાં નોંધાયો છે.

લાલગેટ પોલીસે મંગળવારે ખંડણી અને છેડતીનો ગુનો નોંધી એલર્ટ ન્યુઝના શેખ મો.સાકીર શબ્બીર મીયાં શેખની ધરપકડ કરી હતી. કોર્પોરેશનના મહિલા કર્મચારી ફરિયાદી બન્યા હતા. સાકીર મહિલા કર્મી વિરૂદ્ધ એલફેલ વાતો કરી બદનામ કરતો હતો. દરમિયાન જરૂરી કાયદેસરની કાર્યવાહી આટોપ્યા બાદ એસઓજીના ડીસીપી નકુમ, પીઆઈ સોનારા, લાલગેટ પીઆઈ ચૌધરી સહિતની ટીમ સાંજના સુમારે સાકીરને રિ-કન્સ્ટ્રક્શન માટે મુગલીસરા વિસ્તારમાં લઈ ગઈ હતી.






## આખા ઝોનમાં ફેરવી સ્ટાફની માફી મંગાવી

સેન્ટ્રલ ઝોનમાં અરજીઓ કરી અધિકારીઓને રંઝાડતા સાકીરને સેન્ટ્રલ ઝોનમાં જ લઇ જવાયો હતો. સેન્ટ્રલ ઝોનના ચારેય ફ્લોર પર લઇ જઇ ટેબલે-ટેબલે ફેરવી પોલીસે તેને કાયદાનું ભાન કરાવ્યું હતુ. ઝોનના અધિકારીઓ-કર્મચારીઓ સમક્ષ પોલીસે ખંડણીખોરને ખાખીનો ખૌફ બતાવ્યો હતો. આવા ખંડણીખોરોથી ગભરાવું નહિ, હિંમતભેર ફરિયાદ માટે આગળ આવવા અપીલ કરી પોલીસે ખંડણીખોર સાકીરને બે હાથ જોડાવી ઝોનના સ્ટાફની માફી પણ મંગાવી હતી. પોલીસે ખંડણીખોર સામે લીધેલા કડક એક્શનની પાલિકાના સ્ટાફે ભારોભાર પ્રશંસા કરી હતી.

## બિલ્ડરને ધમકાવતા મુસ્તાક બેગની પણ ગુનો નોંધી ધરપકડ

લાલગેટ પોલીસે નાનપુરાના બિલ્ડરની ફરિયાદના આધારે મુસ્તાક હુસેન બેગ સામે પણ ગુનો નોંધ્યો હતો અને પોલીસે તેની ધરપકડ કરી હતી. મુસ્તાક બેગ બિલ્ડરને બ્લેકમેલ કરી ૫૦ હજારની ખંડણી માંગતો હતો. પોલીસ આગામી દિવસોમાં વધુ ખંડણીખોરોને સકંજામાં લે તેવી શક્યતા છે.

૮ વિદ્યાર્થી રોહિયાળ તલાટ જંગલમાં ફરવા ગયા હતા : ચારનાં મોત

# વાપીની કોલેજના ચાર વિદ્યાર્થીઓ કપરાડામાં કોલક નદીમાં ડૂબી ગયા

## વિદ્યાર્થીઓને બચાવવા નદીમાં કૂદેલો રિક્ષા ચાલક સારવાર હેઠળ

। વાપી-વલસાડ ।

વાપીની કોલેજમાં અભ્યાસ કરતા ૮ વિદ્યાર્થીઓ કપરાડા તાલુકાના રોહિયાળ તલાટ જંગલમાં ફરવા ગયા હતા ત્યાં પાંડવ કુંડ પાસે કોલક નદીમાં નાહવા પડેલા બે વિદ્યાર્થી ડૂબવા લગ્યા હતા. તેને બચાવવા બીજા બે વિદ્યાર્થી નદીમાં ઉતર્યા હતા. ચારેયના ડુબી જવાથી મોત થયા છે. તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ વાપી કેબીએસ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા ૮ વિદ્યાર્થી કપરાડા તાલુકાના રોહીયાળ તલાટ ગામે આવેલી કોલક નદીમા આવેલા પાંડવ કુંડ પાસે ફરવા ભાડાના બે રિક્ષામાં ગયા હતા. જ્યાં આગળ નદીના પાણીમાં બે વિદ્યાર્થી નાહવા પડ્યા હતા. જેઓ ડુબવા લાગ્યા હતા. જે દ્રશ્ય જોતા જ તેમની સાથે આવેલા અન્ય બે વિદ્યાર્થીઓ તથા એક રિક્ષા ડ્રાઈવર તેઓને બચાવવા નદીના પાણીમાં પડ્યા હતાં. જેથી અન્ય વિદ્યાર્થીઓએ બૂમાબૂમ કરતા આજુબાજુના લોકો ભેગા થઈ ગયાં હતા અને ડૂબેલા લોકોને બહાર કાઢી પોલીસ તથા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા સ્થળ પર પહોંચેલ એમ્બ્યુલન્સ અને સરકારી વાહનમાં તમામને તાત્કાલિક કપરાડાની સરકારી હોસ્પિટલમાં ખાતે લઈ જવાયા હતાં. જ્યાં તબીબે ચાર વિદ્યાર્થીઓ (૧) ધનંજય લીલાધર ભોંગળે (ઉ.વ. ૩૦, રહે. સત્કાર બિલ્ડીંગ, ડીમાર્ટની સામે, સોમનાથ, ડાભેલ, દમણ) (૨) આલોક પ્રદિપ શાહ (ઉ.વ. ૧૯, રહે. સાગર બિલ્ડીંગ, સી-વીંગ, ડાભેલ, દમણ) (૩) અનિકેલ સંજીવસીંગ સીંગ (ઉ.વ.૨૨, રહે. ડાભેલ, સોમનાથ, દમણ) અને (૪) લક્ષ્મણપુરી અશોકપુરી ગોસ્વામી (ઉ.વ.૨૨, રહે. હરીશભાઈની ચાલી, ડાભેલ, દમણ)ને મૃત જાહેર કર્યા હતાં. જ્યારે વિદ્યાર્થીઓને બચાવવા પડેલ રિક્ષા ચાલક દેવરાજ કેસવ વાનખેડે (ઉ.વ. ૨૧, રહે. સત્કાર બિલ્ડીંગ, ડીમાર્ટની સામે, સોમનાથ, દમણ)ને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો.

મકાન માલિક એક દિવસ કામ માટે બહાર ગયા

# તિથલ રોડ પાસે બંધ ફ્લેટમાં રૂ. ૧૧.૧૧ લાખની મતા ચોરી

। વલસાડ ।

વલસાડના તિથલ રોડના એક એપાર્ટમેન્ટમાં ૪ દિવસ પહેલાં ધોળે દહાડે ત્રાટકેલા ચોરટાઓ રોકડા રૂ. ૪.૯૫ લાખ અને સોનાનાં ઘરેણાં કિંમત રૂ. ૬.૧૬ લાખ મળી કુલ રૂ. ૧૧.૧૧ લાખની મતા તફડાવીને ફરાર થઈ ગયા હતા.

વલસાડના તિથલ રોડના પ્રેમ કુટિર એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૩૦૧માં રહેતા રિયાઝ જૈનુદ્દીન શેખ ખાનગી વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ ગત તા.૧૪-૦૨-૨૫ના રોજ ઘર બંધ કરીને કામ માટે મુંબઈ ગયા હતા અને રાત્રી રોકાણ ત્યાં જ કર્યું હતું. બીજા દિવસે સવારે રિયાઝ શેખના ઘરે સફાઈ કામ કરતા ભીખુભાઈ હળપતિએ મકાનના મુખ્ય પ્રવેશદ્વારનું તાળું તૂટેલી અવસ્થામાં હોવાની અને ઘરના કબાટનો તમામ સમાન વેરવિખેર હાલતમાં હોવાની જાણ કરી હતી. તેથી વલસાડ આવી રિયાઝ શેખે તપાસ કરી હતી. જે તપાસમાં ફ્લેટમાં કબાટમાંથી રોકડા ૪,૯૫,૦૦૦ સહિત એક જોડ સોનાની બંગડી, સોનાનો એક સેટ, સોનાની ૨ ચેઈન, સોનાની ૬ વીંટી અને સોનાનો એક કડો (કિંમત રૂ. ૬,૧૬,૦૦૦) મળી કુલ રૂ. ૧૧,૧૧,૦૦૦ની મતા ગાયબ હતી. આ મતા ચોર ઈસમો તફડાવીને ફરાર થઈ ગયાનું સમજીને રિયાઝ શેખે આ બાબતે અજાણ્યા ચોરટાઓ સામે વલસાડ સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટના અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# VNSGUમાં B.Sc. ફૂડ ટેક્નોલોજી કોર્સ શરૂ થશે

વિદ્યાર્થીઓને ઉદ્યોગલક્ષી તાલીમ અને કારકિર્દી માટે નવી તકો મળશે

સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી B.Sc. ફૂડ ટેકનોલોજી અભ્યાસક્રમ શરૂ કરવામા આવશે. મંગળવારે યોજાયેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં આ કોર્સ શરૂ કરવા મંજૂરી આપવામાં આવી છે. VNSGUના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા ફૂડ ઉદ્યોગની વધતી માંગને ધ્યાનમાં રાખીને આ અભ્યાસક્રમ તૈયાર કરાયો છે. આ અભ્યાસક્રમમાં ફૂડ કેમિસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, પોષણ, એન્જિનિયરિંગ અને સેન્સરી સાયન્સ જેવા વિષયો શામેલ રહેશે. ઉપરાંત, વિદ્યાર્થી ફૂડ પ્રોસેસિંગ, સલામતી, ગુણવત્તા નિયંત્રણ અને ઉત્પાદન વિકાસ જેવા ક્ષેત્રોમાં વિશેષતા પ્રાપ્ત કરી શકશે. અભ્યાસક્રમ માટે ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રશિક્ષણ કાર્યક્રમો અને સંશોધન તકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવશે. આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ ફૂડ સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રમાં નોકરી અથવા ઉદ્યોગ શરૂ કરવા માટે સક્ષમ બની જશે. VNSGU દ્વારા શરૂ થતો આ અભ્યાસક્રમ વિશ્વવ્યાપી ફૂડ ઉદ્યોગની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયો છે, જેનાથી સુરત તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓને નવો વૈકિલ્પક અભ્યાસક્રમ મળશે.

## કોર્સની ખાસિયતો અને ફાયદા

- ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમ: ફૂડ ઉત્પાદન, ગુણવત્તા નિયંત્રણ, નિયમનકારી બાબતો અને સંશોધનમાં કારકિર્દી માટે તૈયાર કરશે.
- બ્રિજ કોર્સ: વિજ્ઞાન (A, B અને AB), વાણિજ્ય અને કળા પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ૨-ક્રેડિટનો બ્રિજ કોર્સ રહેશે, જેથી તેઓ મુખ્ય અભ્યાસક્રમમાં સરળતાથી જોડાઈ શકે.
- ટકાઉ વિકાસ પર ધ્યાન: ફૂડ સુરક્ષા, પર્યાવરણીય ટકાઉપણું અને કચરા ઘટાડવા માટેના ઉકેલો પર ભાર.
- લાયકાત: ૧૨મું ધોરણ વિજ્ઞાન, વાણિજ્ય અથવા કળા પ્રવાહમાંથી પૂર્ણ કરેલ હોવું જોઈએ


**૧૪મી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ**



જીવનમાં હરપળ હસ્તા રહ્યા, સ્નેહથી સૌના
હૈયામાં વસ્તા રહ્યા, આપની વિરાટ ભક્તિભાવની
છબી અમારા હૃદયમાં અકબંધ રહેશે.
સમય તો સતત વિતતો રહેશે,
પણ આપની મીઠી યાદ સદાયે અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ.અ.સૌ.પ્રીતિબેન અશ્વિનભાઈ પટેલ
સ્વ.તા.૧૯.૦૨.૨૦૧૧

લિ. અશ્વિનભાઈ જગજીવનદાસ પટેલ (પતિ)
અભિષેક એ. પટેલ (પુત્ર) | હેતલ ડી. ચૌહાણ (પુત્રી)
પૂર્વી એ. પટેલ (પુત્રવધુ) | ધવલ જે. ચૌહાણ (જમાઈ)
ભવ્યા (પૌત્રી) શ્લોક (પૌત્ર) | મનન (દૌહિત્ર)
૨/૮૮૭, હીરામોદીની શેરી, સગરામપુરા, સુરત.



**પાંચમી પુણ્યતિથિએ**
**॥ શ્રદ્ધાંજલિ ॥**



સ્વ.જીવીબા બચુભાઈ રાદડીયા
(ઉ.વ.૧૦૦) ગામ: ધજડી
સ્વ.તા.૧૯-૨-૨૦૨૦

ક્યારેય ન ભૂલાય એવુ આપનું તપસ્વી જેવું જીવન, વ્યવહાર કૌશલ્ય, દીર્ઘદ્રષ્ટિ, ઈશ્વરમાં આસ્થા, કર્મયોગ, નિઃસ્વાર્થ પ્રેમ હંમેશા અમને પ્રેરણા આપતું રહેશે. તમે દિલનો દિલાસો, મનનો વિસામો અને અંતરનો આશરો હતા, પળે પળે તમારી યાદ આવે છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે અવી પ્રભુ પ્રાર્થના...

:: લિ. ::
મગનભાઈ બચુભાઈ રાદડીયા (શ્રોફ) | વિનુભાઈ બચુભાઈ રાદડીયા
પરશોત્તમભાઈ બચુભાઈ રાદડીયા | કિશોર મનુભાઈ રાદડીયા
બાવચંદભાઈ બચુભાઈ રાદડીયા | વિપુલ મનુભાઈ રાદડીયા
ચતુર મનુભાઈ રાદડીયા | ભાવેશ બાબુભાઈ રાદડીયા
નંદલાલ બાબુભાઈ રાદડીયા | પ્રતિક પરશોત્તમભાઈ રાદડીયા
જીગ્નેશ મગનભાઈ રાદડીયા | રાહુલ વિનુભાઈ રાદડીયા
મેહુલ વિનુભાઈ રાદડીયા | વજેન્દ્ર બાવચંદભાઈ રાદડીયા
સોહમ બાવચંદભાઈ રાદડીયા | અંકુર ભોળાભાઈ રાદડીયા
અંકિત ભોળાભાઈ રાદડીયા
નિર્વાન - શિવાંશ - અગસ્ત્ય - શ્રીયાન - નિરવા
સમસ્ત રાદડીયા પરિવારના જય શ્રી કૃષ્ણ



ૐ ત્ર્યામ્બકામ યજામહે સુગંધિમ પુશ્તીવાર્ધાનામ ।
ઉર્વારુકામીવા બબંધાનત મૃતોર્મુક્શીયા મામૃતાત ॥

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ વ્હાલા પપ્પાને સ્મરણાંજલિ**



સ્વ. પ્રભાતસિંહ રામસિંહ સાંગડોત
સ્વ.તા. ૧૯-૦૨-૨૦૨૪

અમારા જીવનનાં ઘડવૈયા તમે, તમારા જીવનથી ઉજ્જવળતા અમે,
તમારા સંસ્કારથી શોભતા અમે, તમારા પુરુષાર્થ રૂપ સફળ અમે,
જગતની દરેક સમૃદ્ધિ મળશે પણ... કલ્પવૃક્ષ જેવી તમારી છાયા ક્યાંય નહી મળે...
આપની મધૂર સ્મૃતિઓ, નિખાલસતા, સરળ સ્વભાવ અમારી સ્મૃતિમાં અમર રહેશે...
આપના ચરણોમાં કોટી કોટી વંદન...

લિ. ભાનુબા પ્રભાતસિંહ સાંગડોત
રઘુવીરસિંહ પ્રભાતસિંહ સાંગડોત | સુનિલસિંહ નટવરસિંહ દરુ
ઇશાબા રઘુવીરસિંહ સાંગડોત | અમીબા સુનિલસિંહ દરુ
કેશવી રઘુવીરસિંહ સાંગડોત | કનિષ્કા સુનિલસિંહ દરુ
નિત્યમ રઘુવીરસિંહ સાંગડોત | માતૃજ સુનિલસિંહ દરુ
ૐ શાંતિ...



**પશ્ચિમ રેલવે**
**રુચિની અભિવ્યક્તિ**

DRM (C)-BCT, પશ્ચિમ રેલવે, EOI ટેન્ડર નોટિસ નંબર : WR-MMCT0COMM (CTPO)/1/2025-O/(E-607663) તારીખ ૧૪.૦૨.૨૦૨૫ આમંત્રિત કરે છે. કામની વિગતો: રેલવે સ્ટેશનો પર મોડ્યુલર સ્ટોલ ડિઝાઈન કરવા માટે એજન્સીઓની પસંદગી માટે ખુલ્લા ટેન્ડરને આમંત્રિત કરવા માટે અંદાજિત મૂલ્યની આકારણી માટે રુચિની અભિવ્યક્તિ. બંધ થવાની તારીખ અને સમય : ૨૧.૦૨.૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાક સુધી. EOI ખોલવાની તારીખ અને સમય : ૨૧.૦૨.૨૦૨૫ના રોજ ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરી અમારી વેબસાઈટ www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 1094

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**GUJARAT TECHNOLOGICAL UNIVERSITY**
(Accredited with A+ Grade by NAAC)
(Established under Gujarat Act No. 20 of 2007)
Chandkheda, Ahmedabad – 382 424, Gujarat.

**EMPLOYMENT NOTICE**
**Advertisement No. 02/2025**

The Gujarat Technological University invites online applications for the Regular recruitment for below mentioned Non-Teaching Administrative posts.

| Sr. No | Name Of Post | No. Of Post |
|---|---|---|
| 1 | Controller of Examinations | 1 |
| 2 | Network Administrator | 1 |
| 3 | Training & Placement Officer | 1 |
| 4 | Coach(Athletic/Football/Cricket/Badminton) | 1 |

Eligibility norms and other details & formats of application
The Candidate should apply online on GTU Samarth portal (https://gtunt.samarth.edu.in/) from date **24/02/2025 (13:00 hours) to 17/03/2025 (up to 18:00 hours).** Last date to submit the print of filled online application with required document is **24/03/2025(up to 18:00 hours)**, which should be reached **via Registered AD/Speed Post of India Post Only** to **The Registrar, Establishment Section, Gujarat Technological University, Nr.Vishwakarma Government Engineering College, Nr. Visat Three Road, Visat- Gandhinagar Highway, Chandkheda, Ahmedabad-382 424, Gujarat.**

**Candidates are advised to see the details of advertisement on GTU Recruitment tab (www.gtu.ac.in/Recruitment.aspx) before applying online on website.**

PLACE: AHMEDABAD
DATE: 18.02.2025 No.INF/ABD/1614/2025 Sd/- REGISTRAR



**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)

| કામનું નામ | (૧) એસ્ટીમેટ ની રકમ (લાખ રૂપિયામાં) (૨) ટેન્ડર ફી (રૂપિયામાં) (૩) ઈ.એમ.ડી (લાખ રૂપિયામાં) (૪) ક્લાસ (૫) સમય મર્યાદા | (અ) પ્રી બીડ મીટીંગ ટેન્ડર ડોક્યુમેન્ટ (બ) ઓનલાઈન ડાઉનલોડીંગ/સબમીશન કરવાની છેલ્લી તારીખ. (ક) ટેન્ડર ડોક્યુમેન્ટ સબમીશન કરવાની તારીખ. (ડ) સબમીશન કરેલા ટેન્ડર ડોક્યુમેન્ટ ઓનલાઈન ચકાસણી કરવાની તારીખ. (ઇ) પ્રાઈસ બીડ ખોલવાની તારીખ. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| મુખ્ય ઇજનેર, (સૌ.શા.ન) ,સ.સ.ન.નિ.લિ , લીંબડી હસ્તકના કામો માટે ઓન લાઇન ટેન્ડરની જાહેરાત | | |
| આઇ ડી નં- ૧૫૬૯૪૫ નોટીસ નં- ૦૫ ઓફ ૨૦૨૪-૨૫ "રીસ્ટોરેશન એન્ડ કેનાલ ક્લિનિંગ વર્ક્સ ફ્રોમ ચે. ૦.૦૦ કીમી થી ૭૦.૦૦ કીમી ઓફ માળિયા બ્રાંચ કેનાલ" | (૧) ૪૧૯.૬૯ (૨) ૭૦૮૦ (૩) ૪.૨૦ (૪) એ હ્ર એબોવ (૫) ૧૨ માસ | (અ) ૨૪/૦૨/૨૦૨૫ ૧૨:૦૦ કલાકે (બ) ૧૦/૦૩/૨૦૨૫, ૧૮:૦૦ કલાક સુધી (ક) ૧૧/૦૩/૨૦૨૫ થી ૧૮/૦૩/૨૦૨૫, ૧૮:૦૦ કલાક સુધી (ડ) ૧૨/૦૩/૨૦૨૫, ૧૧:૦૦ કલાક પછી (શક્ય હશે તો) (ઇ) ૧૨/૦૩/૨૦૨૫, ૧૨:૦૦ કલાક પછી (શક્ય હશે તો) |
| આઇ ડી નં- ૧૫૬૯૩૦ નોટીસ નં-૧૭ ઓફ ૨૦૨૪-૨૫ "મેન્ટેનંસ એન્ડ રિપેર ઓફ ધ્રાંગધ્રા બ્રાંચ કેનાલ બીટવીન ચેનેજ ૦.૦૦ કી.મી ટૂ ૧૬.૬૮ કી.મી. ફોર વન યર (૨૦૨૪-૨૫)" | (૧) ૩૨૯.૭૭ (૨) ૭૦૮૦ (૩) ૩.૩૦ (૪) એ હ્ર એબોવ (૫) ૧૨ માસ | |
| આઇ ડી નં- ૧૫૫૩૦૮ નોટીસ નં-૧૮ ઓફ ૨૦૨૪-૨૫ "મેન્ટેનંસ એન્ડ રિપેર ઓફ ધ્રાંગધ્રા બ્રાંચ કેનાલ બીટવીન ચેનેજ ૩૧.૧૮ કી.મી ટૂ ૭૪.૩૧ કી.મી. ફોર વન યર (૨૦૨૪-૨૫)" | (૧) ૩૩૫.૫૫ (૨) ૭૦૮૦ (૩) ૩.૩૬ (૪) એ હ્ર એબોવ (૫) ૧૨ માસ | |

સૂચના:- સંપર્ક સ્થળ, રૂબરૂ સબમીશન અને ટેન્ડર ખોલવાની વધુ વિગત માટે મહેરબાની કરી www.tender.nprocure.com વેબ સાઈટ ની મુલાકાત કરો.
(માહિતી/૨૧૬૨/૨૦૨૪-૨૫)



**RTE એક્ટ-૨૦૦૯ અન્વયે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ માં નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે ધોરણ-૧ માં પ્રવેશની જાહેરાત**

**ગુજરાત સરકાર દ્વારા ધ રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલ્સરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૨ (૧) ક હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ % મુજબ વિનામૂલ્યે ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ ૧ જૂન-૨૦૨૫નાં રોજ છ વર્ષ પૂર્ણ કરેલ હોય અને નીચે દર્શાવેલ અગ્રતાક્રમ ધરાવતા હોય તેજ બાળકો આ યોજના હેઠળ અગ્રતાક્રમ મુજબ પ્રવેશપાત્ર બને છે**

| ક્રમ | અગ્રતાક્રમ | ક્રમ | અગ્રતાક્રમ |
|---|---|---|---|
| ૧ | અનાથ બાળક | ૨ | સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક |
| ૩ | બાલગૃહના બાળકો | ૪ | બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો |
| ૫ | મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો | | |
| ૬ | (ART) એન્ટિ-રેટ્રોવાયરલ થેરપી (એઆરટી)ની સારવાર લેતા બાળકો | | |
| ૭ | ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો | | |
| ૮ | જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દિકરી | | |
| ૯ | રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો | | |
| ૧૦ | ૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC, ST,SEBC,જનરલ તથા અન્ય) ના BPL કુટુંબના બાળકો | | |
| ૧૧ | અનુસૂચિત જાતિ (SC) તથા અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરી ના બાળકો | | |
| ૧૨ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / અન્ય પછાત વર્ગ / વિચરતી અને વિમુકત જાતિના બાળકો સદર કેટેગરીમાં વિચરતી અને વિમુકત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે. | | |
| ૧૩ | જનરલ કેટેગરી / બિન અનામત વર્ગના બાળકો | | |
| નોંધ | અગ્રતાક્રમ (૮), (૯), (૧૧), (૧૨) અને (૧૩) માં આવતા બાળકો માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા લાગુ પડશે. પ્રવેશ માટે કેટેગરીની અગ્રતા, આવકની અગ્રતા, વાલીએ પસંદ કરેલ શાળાની અગ્રતા વગેરે ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. | | |

પ્રવેશ મેળવવા માટે બાળકના વાલી https://rte.orpgujarat.com વેબસાઈટ પર તા.૨૮/૦૨/૨૦૨૫, શુક્રવારથી તા.૧૨/૦૩/૨૦૨૫,બુધવાર દરમિયાન પ્રવેશ ફોર્મ ભરી શકશે. આ અંગેની જરૂરી વિગતો જેવી કે અરજી સાથે કયા કયા આધાર-પુરાવા,કયાં અધિકારીના રજૂ કરવાના છે તે સહિતની તમામ વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. અરજદાર જરૂરી આધાર-પુરાવા એકઠા કરી ઓનલાઈન અરજી સમયમર્યાદામાં કરી શકે તે માટે પ્રવેશની જાહેરાત અને ઓનલાઈન અરજી કરવાની તારીખ વચ્ચે જરૂરી સમયગાળો રાખવામાં આવેલ છે. વાલીએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે જ જરૂરી આધાર-પુરાવા જેવા કે જન્મ-તારીખનો દાખલો, રહેઠાણનો પુરાવો, જાતિ/કેટેગરીનો દાખલો, તેમજ સક્ષમ અધિકારીનો આવકનો દાખલો, ઈન્કમટેક્ષ રીટર્ન, તથા ઈન્કમટેક્ષ રીટર્ન ભરેલ ન હોય તે કિસ્સામાં આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન (લાગુ પડતુ હોય ત્યાં) વગેરે અસલ આધારો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ વાલીએ પોતાની પાસે રાખવાની રહેશે. **ઓનલાઈન ભરેલ ફોર્મ ક્યાંય જમા કરાવવાનું રહેશે નહી.**

તા.૧૯/૦૨/૨૦૨૫
સ્થળ: ગાંધીનગર
(માહિતી/૨૧૫૮/૨૦૨૪-૨૫)
(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર



**સંદેશ** સ્વજન ખોવાની દુખદ વેળાએ બેસણું આપવું
**તદ્દન સરળ અને વ્યાજબી**
**બેસણું / શ્રદ્ધાંજલિ**



ઉપરોક્ત સાઈઝ : 9 CM X 5 CM Rs. 1600/- *+5% GST
ઉપરોક્ત સાઈઝ : 9 CM X 10 CM Rs. 3200/- *+5% GST

**હવે સંદેશ માં બેસણું આપવું તદ્દન સરળ:**
- નીચે આપેલ નંબર ઉપર તમારું મેટર whatsapp કરો.
- whatsapp ઉપર બેસણા નો ફોટો તથા estimate મેળવો.
- નીચે આપેલ QR Code scan કરીને પેમેન્ટ કરો.
- ઘર બેઠા બેસણું કોઈ પણ એડીશન માં છપાવો.

WHATSAPP HERE TO SEND YOUR CONTENT
99099 85623
: સમય :
સોમ થી શનિ 10:30 થી સાંજે 6
રવિવારે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦

SCAN HERE TO PAY



**GUJARAT TECHNOLOGICAL UNIVERSITY**
(Accredited with A+ Grade by NAAC)
(Established under Gujarat Act No. 20 of 2007)
Chandkheda, Ahmedabad – 382 424, Gujarat.

**EMPLOYMENT NOTICE**
**Advertisement No. 01/2025**

The Gujarat Technological University invites online applications for the Regular recruitment for below mentioned Teaching posts for GTU PG Schools.

| Sr. No | Name Of Post | No. Of Post |
|---|---|---|
| **GTU SCHOOL OF ENGINEERING & TECHNOLOGY (GTU-SET)** | | |
| 1 | Professor | 01 |
| 2 | Associate Professor | 01 |
| 3 | Assistant Professor | 04 |
| **GTU SCHOOL OF MANAGEMENT STUDIES (GTU-SMS)** | | |
| Sr. No | Name Of Post | No. Of Post |
| 1 | Associate Professor | 01 |
| 2 | Assistant Professor | 01 |
| **GTU SCHOOL OF PHARMACY (GTU-SP)** | | |
| Sr. No | Name Of Post | No. Of Post |
| 1 | Professor | 01 |

The Candidate should apply online on GTU Samarth portal (https://gturec.samarth.edu.in) from date **24/02/2025 (13:00 hours) to 17/03/2025 (up to 18:00 hours).** Last date to submit the print of filled online application with required document is **24/03/2025(up to 18:00 hours)**, which should be reached **via Registered AD/Speed Post of India Post Only** to **The Registrar, Establishment Section, Gujarat Technological University, Nr.Vishwakarma Government Engineering College, Nr. Visat Three Road, Visat- Gandhinagar Highway, Chandkheda, Ahmedabad-382 424, Gujarat.**

**Candidates are advised to see the details of advertisement/employment Notice on GTU Recruitment tab (www.gtu.ac.in/Recruitment.aspx) before applying online on website.**

PLACE: AHMEDABAD
DATE: 18.02.2025 No.INF/ABD/1615/2025 Sd/- REGISTRAR

તમાકુ-છીંકણીના ડીલર રણછોડદાસ ધોળકિયા, સુમેરૂ ડેવલપર્સ પર સર્ચ

# ભાવનગર, નડિયાદ, અમદાવાદમાં ૩૫ સ્થળ પર સાગમટે ITના દરોડા

**બિનહિસાબી -ઓન મની વ્યવહારો ધરાવતા ડિજિટલ ડેટા સહિત વાંધાજનક દસ્તાવેજો જપ્ત**

### એક પ્રમોટર દુબઈથી પરત ફરે ત્યારપછી તેની તપાસ કરાશે

### ૪.૫ કરોડની રોકડ મળીઃ એક જ સ્થળેથી ૨૦ પ્રાઈવેટ લોકર મળ્યા

### તમામ સ્થળે તપાસ ચાલુ જંગી કરચોરી પકડાવાની શક્યતા

। અમદાવાદ ।

ઈન્કમટેક્સ વિભાગ દ્વારા ભાવનગર, નડિયાદ અને અમદાવાદમાં તમાકુ અને છીંકણીના રણછોડદાસ ઝીણાભાઈ ધોળકિયા અને રીયલ એસ્ટેટ સેક્ટર સાથે સંકળાયેલા બિલ્ડર-સુમેરૂ ડેવલપર્સના કુલ ૩૫ સ્થળે સાગમટે દરોડા પાડવામાં આવ્યા છે. આ ઉપરાંત ગ્રુપના એક પ્રમોટર હાલ દુબઈમાં હોવાની વિગત જાણવા મળી છે અને તે ભારત આવશે ત્યારપછી તેના પર પણ દરોડા અને સર્ચની કાર્યવાહી હાથ ધરાશે. I.T. વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા મેગા સર્ચ ઓપરેશનમાં રૂ. ૪.૫ કરોડની રોકડ રકમ મળી આવી છે અને એક જ સ્થળેથી ૨૦ પ્રાઈવેટ લોકર મળી આવ્યા છે. આ લોકર હજુ સુધી ઓપરેટ કરાયા નથી તેમજ હાલ ચાલી રહેલી સર્ચ અને દરોડાની કાર્યવાહીમાં અન્ય પ્રિમાસીસમાંથી પણ ખાનગી લોકર તેમજ બેંક લોકર પણ મળી આવે તેવી શક્યતા છે. આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરાઈ રહેલી સર્ચ અને દરોડાની કાર્યવાહીમાં મોટાપાયે બિનહિસાબી વ્યવહારો, ઓન મની વ્યવહારો ધરાવતા ડિજિટલ ડેટા સહિત મોટી સંખ્યામાં વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા છે અને તપાસને અંતે જંગી કરચોરી પકડાય તેવી શક્યતા છે. આવકવેરા વિભાગ દ્વારા ભાવનગરમાં સૌથી વધુ ૨૮, અમદાવાદમાં ૨, નડિયાદ અને આસપાસના વિસ્તારોમાં ૫ સહિત કુલ ૩૫ પ્રિમાઈસીસ પર દરોડા અને સર્ચની કાર્યવાહી હાથ ધરાઈ છે.

I.T. વિભાગ દ્વારા તમાકુ, છીંકણી અને રિયલ એસ્ટેટ સેક્ટર સાથે સંકળાયેલ એવા ૨૬ વ્યક્તિઓ સામે સર્ચ વોરંટ ઈસ્યુ કરીને સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે. અમદાવાદ, ભાવનગર તથા નડિયાદમાં દરોડાની કાર્યવાહીમાં નવાઈની વાત તો એ છે કે, એક જ ઘરમાંથી ૨૦ ખાનગી લોકર અને લોકર ચાવીઓ મળી આવી છે. આવકવેરા વિભાગ દ્વારા હાલ તમામ પ્રિમાઈસીસમાં તપાસ ચાલી રહી છે અને તપાસને અંતે મોટાપાયે કરચોરી પકડાવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આવકવેરા વિભાગે મંગળવારે સવારથી જ ટોબેકો અને રીઅલ એસ્ટેટના ધંધા સાથે સંકળાયેલા રણછોડદાસ ઝીણાભાઈ ધોળકિયા તથા સુમેરૂ ડેવલપર્સને ત્યાં અમદાવાદ, ભાવનગર અને નડિયાદ તથા આસપાસના વિસ્તારોમાં ૩૫ સ્થળોએ સાગમટે દરોડા પાડ્યા હતા. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા તમાકુ અને છીંકણીનો વ્યવસાય ધરાવનારના પણ પાડવામાં આવેલા દરોડામાં પ્રાથમિક તપાસમાં મોટાપાયે રોકડના વ્યવહારો જોવા મળ્યા છે અને રોકડના વ્યવહારોને લોન મેળવવામાં આવી હોવાના વ્યવહારો દર્શાવીને જંગી કરચોરી કરી હોવાનું જોવા મળ્યું છે. ટોબેકો અને રીઅલ એસ્ટેટના ધંધા સાથે સંકળાયેલા ગ્રુપને ત્યાં આવકવેરા વિભાગ દ્વારા દરોડા તથા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

વેબસાઈટ પર હેલ્પલાઈન સહિતના કોન્ટેક્ટ નંબર જાહેર

# બોર્ડની પરીક્ષા પૂર્વે સાઈકોલોજિસ્ટ, હેલ્પ લાઈન અને કાઉન્સેલિંગ માટે ટીમ તૈયાર

। અમદાવાદ ।

ધોરણ.૧૦ અને ૧૨ના ૧૪.૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા આગામી તા.૨૭મી ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. પરીક્ષાને લઈ વિદ્યાર્થીઓને કોઈ મૂંઝવણ હોય તો એના નિરાકરણ માટે શિક્ષણ બોર્ડની સાથે સાથે અમદાવાદ શહેર ડીઈઓ કચેરી દ્વારા પણ હેલ્પલાઈન '૯૯૦૯૯૨૨૬૪૮' શરૂ કરવામાં આવી છે. આ સિવાય વિદ્યાર્થીઓના કાઉન્સેલિંગ માટે વિવિધ સ્કૂલના ૮ નિવૃત્ત અને ફરજ પરના પ્રિન્સિપાલ તેમજ ૫ સાઈકોલોજિસ્ટના કોન્ટેક્ટ નંબર પર સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યાં છે. બીજી તરફ તમામ સ્થળ સંચાલકોને સૂચના આપવામાં આવી છે કે, પોલીસ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામું પરીક્ષા કેન્દ્રની બહાર વિદ્યાર્થી-વાલી જોઈએ શકે એ મુજબ મૂકવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષા વખતે ઘણા વિદ્યાર્થી ખૂબ ચિંતામાં આવી જતા હોય છે અને એ કારણે તેઓ પરીક્ષા દરમિયાન પૂરતો ન્યાય આપી શકતા નથી. આ સંજોગોમાં છેલ્લી ઘડીએ પોતાના મનમાં ઉદ્ભવતા પ્રશ્નોનું સત્વરે નિરાકરણ મળી રહે એ માટે બોર્ડ અને જિલ્લાના અધિકારીઓ દ્વારા ૨૪ કલાક સંપર્ક થઈ શકે એ માટેની હેલ્પલાઈન શરૂ કરવામાં આવે છે.બીજી તરફ પરીક્ષાને લઈ પોલીસ દ્વારા પણ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે પરીક્ષા કેન્દ્રની બહાર પણ મૂકવામાં આવશે.

પાલિકાની ચૂંટણીના પરિણામો બાદ વિજય સરઘસ નીકળતાં

# દેવગઢબારીઆના કાપડી વિસ્તારમાં સામસામે પથ્થરમારો થતાં તંગદિલી

। દાહોદ-દેવગઢબારીઆ ।

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ અને ઝાલોદ નગરપાલિકાની પેટા ચુંટણીનું આજે પરિણામ જાહેર થતાં દેવગઢ બારીઆ નગરમાં એક જ કોમના બે જુથ વચ્ચે સામસામે પથ્થર મારો થતાં મહિલા સહિત ૪થી વધુ લોકોને ઈજા પહોંચી છે. પરિસ્થિતિને કાબુમાં લેવા પોલીસે ટીયરગેસના સેલ છોડ્યા હતાં. ઘટનાને પગલે પોલીસે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

દેવગઢ બારીઆ નગરપાલિકાની ચુંટણીના પરિણામો જાહેર થતાં વોર્ડ નંબર ૨ અને ૩નું પરિણામ જાહેર થતાં, વોર્ડ નંબર ૨માં ૧ કોંગ્રેસ અને ૩ અપક્ષ, જ્યારે વોર્ડ ૩માં ચાર અપક્ષ ઉમેદવાર વિજેતા થયાં છે, પરિણામો દરમ્યાન કાપડી વિસ્તારમાં એક જ કોમના બે જુથો સામસામે આવી જતાં બંને વચ્ચે પથ્થરમારો થતાં નાસભાગ મચી જવા પામી છે. જેમાં ૪થી વધુ લોકોને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવાયાં હતાં. ઘટનાને પગલે પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. જાણવા મળ્યાં અનુસાર ઉપદ્રવી ટોળાને વિખેરવા માટે પોલીસ દ્વારા ટીયર ગેસનો ઉપયોગ કરાયો હતો. સમગ્ર કાપડી વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાયું છે. હાલ પોલીસે પરિસ્થિતી પર કાબુ મેળવી લીધો છે.

ASIએ દ્વારકાના પાણીમાં અંડરવોટર એક્સપ્લોરેશન શરૂ કર્યું

# ડૂબી ગયેલી સોનાની કૃષ્ણનગરીના નવા રહસ્યો ખોલવા દ્વારકામાં સંશોધન શરૂ

**ત્રણ મહિલા પુરાતત્વવિદો સાથે રાખીને ગોમતી ક્રીક નજીકના વિસ્તારમાં ખોદકામ**

। અમદાવાદ ।

વરસો અગાઉ દરિયામાં ડુબી ગયેલી સોનાની દ્વારકા નગરીને શોધાવના પ્રયાસો અવિરત ચાલુ છે ત્યારે ફરી એક વાર આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ના પાંચ પુરાતત્ત્વવિદોની ટીમે દ્વારકાના દરિયાની અંદર ખોદકામ કરીને તપાસ શરુ કરી છે. ૧૯૭૯માં પણ દ્વારકાની સોનાની નગરીના અવશેષો શોધવાનું અભિયાન શરુ કરાયું હતુ તે સમયે લંબ ચોરસ પથ્થરો મળી આવ્યાં હતા. હવે એડિશનલ ડાયરેક્ટર જનરલ (આર્કિયોલોજી) પ્રો. આલોક ત્રિપાઠીની આગેવાની હેઠળ દ્વારકાના દરિયાકિનારે ફરી વાર પાણીની અંદર ખોદકામ શરૂ કરાયુ છે આ ટીમમાં એચ.કે.નાયક, ડિરેક્ટર, સહાયક અધિક્ષક પુરાતત્ત્વવિદ્, પૂનમ વિંદ અને રાજકુમારી બાર્બિના સહિતની ટીમો છે . તેમણે પ્રારંભિક તપાસ માટે હાલમાં ગોમતી ક્રીક નજીકના વિસ્તારની પસંદગી કરી છે. એ.એસ.આઈ.એ શરુ કરેલા



સંશોધનમાં પ્રથમ વખત આ ટીમમા મહિલા પુરાતત્ત્વવિદોની આખી ટીમ ઉતારવામાં આવી છે. જેઓ દરિયાના પેટાળમાં જઈને અંદર છુપાયેલા તથ્યોની તપાસ કરી રહ્યાં છે. ફરીથી દરિયામાં ડુબી ગયેલી સોનાની દ્વારકા નગરીને શોધવાના પ્રયાસો થતા અનેક ભકતોની મીટ આ તરફ મંડાઈ છે. આ પાણીની અંદરનું સંશોધન એએસઆઈની નવેસરથી શરૂ થયેલી અંડરવોટર આર્કિયોલોજી વિંગ (યુએડબલ્યુ)નો એક ભાગ છે, જેને તાજેતરમાં દ્વારકા અને બેટ દ્વારકા (ગુજરાત)માં ઓફશોર સરવે અને તપાસ હાથ ધરવા માટે પુનર્જીવિત કરાઈ છે. હિંદુ માન્યતા પ્રમાણે દ્વારકા શહેરની સ્થાપના શ્રીકૃષ્ણે કરી હતી અને તેમના દેહોત્સર્ગ પછી તે પાણીમાં ડૂબી ગઈ હતી. દ્વારકા નગરી એક કરતાં વધુ વખત કાળના પેટાળમાં સમાઈ ગઈ હતી. તેના ડૂબી જવાનો ચોક્કસ સમય નક્કી થઈ શકયો નથી પણ તેની આસપાસ અને પેટાળમાંથી મળી આવેલા પુરાતત્વના અવશેષો બતાવી રહ્યાં છે કે આ નગરી હતી. ભારત સરકારના પુરાતત્ત્વ વિભાગ દ્વારા દ્વારકાના દરિયામાં સંશોધન અને ઉત્ખનનનું કામ હાથ ધરવામાં આવ્યું છે, જેમાંથી કેટલીક રસપ્રદ ચીજો અને તથ્યો બહાર આવ્યા છે.મહાભારતનો કાળ ઈસુ પૂર્વે ૧૪૦૦ કે ૧૫૦૦નો હતો.

### વરસો પહેલાના સંશોધનમાં દરિયામાંથી પ્રાચીન દ્વારકાના અવશેષો મળ્યા હતા

થોડા વર્ષો પહેલા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓશનોગ્રાફીને દરિયામાંથી પ્રાચીન દ્વારકાના અવશેષો મળ્યા હતા. પ્રાચીન કાળમાં અનેક દરવાજાઓની નગરી હોવાને કારણે તેનું નામ દ્વારકા પડ્યું. જેના કારણે આજે પણ આ શહેર દ્વારકા અને દ્વારકા શ્રી કૃષ્ણની નગરી કહેવાય છે. એક રિપોર્ટ અનુસાર, સમુદ્રની અંદર એક શોધ કરાઈ હતી જેમાં ૩૦૦૦ વર્ષ જૂના વાસણો મળી આવ્યા હતા. આ પછી જ્યારે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ તેની શોધ કરી તો સિક્કાઓ સાથે ગ્રેનાઈટની રચનાઓ પણ મળી આવી હતી.વર્ષ ૧૯૭૯ આસપાસ દરિયાના પાણીમાં તપાસ હાથ ધરાતા દરિયાઈ વનસ્પતિ અને રેતીની નીચે લંબચોરસ પથ્થર મળી આવ્યા હતા, જે કોઈ ઢાંચાના ભાગરૂપ હોવાનું સંશોધકો માને છે. આ સિવાય માનવ સર્જીત અર્ધવર્તુળાકાર પથ્થર મળી આવ્યા છે.

### દ્વારકામાં ૨૦૦૫થી ૨૦૦૭ દરમિયાન પેટાળમાં અને બહાર ખોદકામ કર્યું હતું

અગાઉ અંડરવોટર આર્કિયોલોજી વિંગે દ્વારકામાં ૨૦૦૫થી ૨૦૦૭ દરમિયાન ઓફશોર અને ઓનશોર ખોદકામ કર્યું હતું. નીચા ભરતી દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોની તપાસ કરાઈ હતી જ્યાં શિલ્પો અને પથ્થરના લંગર મળી આવ્યા હતા. તે સંશોધનોના આધારે, પાણીની અંદર ખોદકામ કરવામાં આવ્યું હતું. હાલની પાણીની તપાસ એએસઆઈના ભારતના સમૃદ્ધ અંડરવોટર સાંસ્કૃતિક વારસાની સુરક્ષા માટેના મિશનમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

### શ્રીકૃષ્ણે દ્વારકા નગરીની સ્થાપના કરવા માટે સમુદ્રમાંથી એક સ્થળ માંગ્યું હતું

લોકકથા અનુસાર, ભગવાન શ્રીકૃષ્ણે દ્વારકા નગરીની સ્થાપના કરવા માટે સમુદ્રમાંથી એક સ્થળ માંગ્યું હતું. ભગવાનની આ વિનંતી દરિયા દેવ ન અવગણી શક્યાં અને તેમની ઈચ્છાનુસાર એક સ્થળ સોંપી દીધું. આ પછી ભગવાન શ્રી કૃષ્ણએ સમુદ્રમાંથી નીકળેલા સ્થાન પર દ્વારકા શહેરનું નિર્માણ કર્યું. કહેવાય છે કે આખી નગરી સોનાની બનેલી હતી.બીજી વાત એ છે કે શ્રી કૃષ્ણ નદી કિનારે બેસીને વાંસળી વગાડી રહ્યા હતા, ત્યારે એક પારધીનું તીર તેમના પગમાં વાગ્યું. જ્યારે ભગવાન કૃષ્ણને લાગ્યું કે તેમનો અંત નજીક છે, ત્યારે તેમણે સમુદ્ર દેવને તેમની જગ્યા પરત લેવા વિનંતી કરતા સમુદ્ર દેવે સમગ્ર દ્વારકા શહેરને પોતાના આલિંગનમાં લીધું હતુ આ સાથે સોનાથી બનેલી દ્વારકા નગરી કાયમ માટે દરિયામાં ડૂબી ગઈ હતી.


## પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન

**SLRs & VPs કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLRs & VPs કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે.હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે.વિગતો નીચે મુજબ છે.

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનુ લિઝીંગ — કેટલોગ સં : LEASE-2024-24

સ્થળ અને સંપત્તિની વિગત

SLR ના 04 ટન પાર્સલ સ્પેસ અને VPS ના 23 ટન પાર્સલ સ્પેસના લીઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી:-

| ક્ર. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 19016 | F/I SLR | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| 2 | 19016 | R/I SLR | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| 3 | 19016 | VPU | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |

(1) ઈ-ઓક્શનની તારીખ 05.03.2025 ના રોજ 11:00 કલાકથી શરૂ થશે.
(2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી જરૂરી છે.
(3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો. 202

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## ટ્રેડ માર્ક સાવધાન નોટિસ

### જાહેર સૂચના

આ વેપારના તમામ સંબંધિત સભ્યો અને જાહેર જનતાને સૂચિત કરવા માટે છે કે, શ્રી રેણુકા શુગર્સ લિમિટેડ (ત્યારબાદ 'શ્રી રેણુકા શુગર્સ' તરીકે ઓળખાય છે), જે ભારતીય કંપની અધિનિયમ, ૧૯૫૬ (સમય સમય પર સુધારેલા) હેઠળ નોંધાયેલ કંપની છે અને તેનું રજિસ્ટર્ડ ક ઓફિસ સીટીએસ નં. ૧૦૬૩૪, 'કનકાશ્રી આર્કેડ', બીજો અને ત્રીજો માળ, JNMC રોડ, નેહરુ નગર, બેલગાવી-૫૯૦૦૧૦ ખાતે છે, તે ટ્રેડ માર્કના માલિક છે:

Madhur/

(ત્યારબાદ ઉપરોક્ત ટ્રેડ માર્ક તરીકે ઓળખાય છે) ૨૦૦૭ થી ખાંડના સંદર્ભમાં અને ૨૦૨૩ થી ગોળના સંબંધમાં.

વેપારના સભ્યો અને જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે અને કોઇપણ અનૈતિક ઉત્પાદકો અને વેપારીઓ સામે નોટિસ આપવામાં આવે છે, જેમની સાથે શ્રી રેણુકા શુગર્સનો કોઇ સંબંધ નથી કે જે ઉપરોક્ત ટ્રેડ માર્ક અને/અથવા તેના ફોર્મેટિવ્સ/વેરિઅન્ટ્સ હેઠળ તેમના માલને ખોટી રીતે રજૂ કરી શકે છે અથવા પાસ કરી શકે છે. અથવા વર્ગ ૩૦માં ખાંડના સંબંધમાં અમારા રજિસ્ટર્ડ ટ્રેડ માર્ક અને/અથવા તેના ફોર્મેટિવ્સ/તેના પ્રકારો સાથે ભ્રામક રીતે સમાન કોઇપણ ચિહ્ન. તેથી, જાહેર જનતાને આવા કોઇપણ વ્યક્તિઓ/એકમો પાસેથી માલ ખરીદવા સામે ચેતવણી આપવામાં આવે છે.

ઉપરોક્ત ટ્રેડ માર્ક અને/અથવા તેના ફોર્મેટિવ્સ/તેના પ્રકારો અથવા ટ્રેડ માર્ક(ર્કો) નો કોઇપણ દુરુપયોગ, અમારા દ્વારા અધિકૃત ન હોય તેવા કોઇપણ વ્યક્તિ(ઓ) દ્વારા, અમારા વૈધાનિક તેમજ સામાન્ય કાયદાના અધિકારોનું ઉલ્લંઘન ગણાશે જે ખાંડ અને ગોળના સંબંધમાં ઉપરોક્ત ટ્રેડ માર્કના સંબંધમાં ઉલ્લંઘન અને/અથવા પસાર થવા સમાન હશે. ઉપરોક્ત ટ્રેડ માર્ક પરના વિશિષ્ટ અધિકારોના કોઇપણ ઉલ્લંઘન અથવા ઉલ્લંઘનના કિસ્સામાં, અમે યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થઈશું.

શ્રી રેણુકા સુગર્સ લિમિટેડ (મધુર ડિવિઝન) માટે અને વતી

સહી/-



## पावरग्रिड POWERGRID

### જાહેર સૂચના

**નવી હાઇ વોલ્ટેજ વીજ લાઇન થી "સાવધાન" રહો**

આથી જાહેર જનતા ને જણાવવામાં આવે છે કે પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ દ્વારા નવી બાંધકામ કરવામાં આવેલ ૪૦૦ કે વી મલ્ટી સર્કિટ ન્યૂ નવસારી - મગરવાડા ટ્રાન્સમિશન લાઇન તારીખ:- ૨૦-૦૨-૨૦૨૫ ના રોજ અથવા ત્યારબાદ વીજ લાઇન કોઇપણ સમયે વીજ પ્રવાહ વહેતો કરવામાં આવશે. (૪,૦૦,૦૦૦ વોલ્ટ) પર ચાર્જ થશે.

ઉપરોક્ત વીજ લાઇન પાવરગ્રિડ ના ૭૬૫/૪૦૦/૨૨૦ કે વી સબ સ્ટેશન સાથે જોડાયેલ છે જે ગામ ઉભરાટ, તાલુકા - જલાલપુર જિલ્લો- નવસારી, ગુજરાત (રાજ્ય) ખાતે સ્થિત છે. વીજ લાઇન ઉભરાટ ગામ સ્થિત જી આઇ એસ સબ સ્ટેશનથી શરૂ થઇ અને પાવરગ્રિડ ના ૪૦૦/૨૨૦ કે વી સબસ્ટેશન, ગામ -મોટી દમણ, જિલ્લો-દમન, દમણ અને દીવ અને ડીએનએચ (કેન્દ્રશાસિત પ્રદેશ) સાથે જોડાયેલ છે. આ વીજ લાઇન ગુજરાત, દમણ અને દીવના નીચેના ગામો, નગરો અને શહેરોમાંથી પસાર થશે :-

| અનુ. | ગામ ના નામ | તાલુકો | જિલ્લો | રાજ્ય |
|---|---|---|---|---|
| ૧ | ટિપલા, ઉભરાટ, નિમલાઇ, માંગરોલ, પરુજન, દાલકી, સીમલગામ, મિર્ઝાપોર, છિણમ, તાવડી, બોદાલી, જલાલપોર, પેથાન, એથાન, અબ્રામા, આટ, કોથમડી, કલથાન, ખરસાડ, પનાર, ફનેરા. | જલાલપોર | નવસારી | ગુજરાત |
| ૨ | કોથા, છાપર, કલમથા, ગોયંદી ભાટલા, ખાપરવાડા, મોરલી, વાઘરેચ, વણગામ બિગરી | ગણદેવી | નવસારી | ગુજરાત |
| ૩ | ઓલગામ, સોનવાડ, ધનોરી, રોલા, જેશપોર, ઈન્દરગોટા, ખજુરડી, પાલન, મૂળી, ફણસવાળા, ઓવાળા, ઘડોઇ, જુજવા, પાથરી, ગડરિયા, અંજલાવ, બિનવાળા, કોચવાડા. | વલસાડ | વલસાડ | ગુજરાત |
| ૪ | સુખેસ, કુંભારિયા, સુખલાવ, વેલપારા, ડુંગરી, સરોધી, તિઘરા, ઓરવાડ, સરણ | પારડી | વલસાડ | ગુજરાત |
| ૫ | વટાર, કુંટા | વાપી | વલસાડ | ગુજરાત |
| ૬ | જાનિવંકડ, વરકુંડ, રિંગણવાડા, દુનેથા, પટલારા, મગરવાડા | દમણ | દમણ | કેન્દ્રશાસિત પ્રદેશ દમન અને દીવ અને ડીએનએચ |

આથી જાહેર જનતા ની સલામતીને ધ્યાનમાં રાખીને અને ભારતીય વીજ અધિનિયમ-૨૦૦૩ ની કલમ (૬૮) પેટા કલમ (૫) મુજબ, ઉપરોક્ત ઉલ્લેખિત વીજ લાઇનની નીચે અને નજીક બાંધકામ અથવા અન્ય કોઇપણ વસ્તુ સ્થાપિત કરવા, જે વીજળીના સંચાલન અને જાળવણીમાં અવરોધ ઉભો કરી શકે છે. લાઇન નીચે કોઇપણ પ્રકારની જ્વલનશીલ સામગ્રીનો સંગ્રહ કરવો, આગ લગાડવી, ઈણચા પાઇપો અથવા થાંભલાઓનું પરિવહન કરવું અથવા ઈંટનો ભઠ્ઠો સ્થાપિત કરવો પ્રતિબંધિત છે. ટાવર પર ચઢવા અથવા ટાવરના પાયાની નજીક ખોદકામ કરવાની સખત મનાઈ છે.

ભારતીય વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ અને નિયમ ૧૯૫૬ હેઠળ, જાહેર જનતા ને અનુરોધ કરવામાં આવે છે કે ઉપરોક્ત વીજ લાઇનના ટાવર પર ન ચઢવા અને વીજળીના વાયરોથી યોગ્ય અંતર જાળવવા માટે જણાવવામાં આવે છે. અન્યથા જાનમાલનું નુકસાન થઇ શકે છે અને જો આ ચેતવણીને અવગણના કરવાથી કોઇ પણ જાતની જાનહાનિ કે સંપત્તિનું નુકસાન થાય તો પાવરગ્રિડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ તેના માટે જવાબદાર રહેશે નહીં. અકસ્માતના કિસ્સામાં, ઉલ્લંઘન કરનાર પોતે જવાબદાર રેશે. ટ્રાન્સમિશન લાઇનના સુગમ સંચાલનમાં અવરોધ ઊભો કરવા બદલ ઉલ્લંઘન કરનાર સામે કાનૂની કાર્યવાહી થઇ શકે છે.

મહા પ્રબંધક (પાવરગ્રિડ, નવસારી)


# ડીજીપી વિકાસ સહાય સહિત રાજ્યમાં વધુ ૭ IPS ચાલુ વર્ષે નિવૃત્ત થશે

। અમદાવાદ ।

રાજ્યના ડીજીપી વિકાસ સહાય સહિત રાજ્યમાં ચાલુ વર્ષ વધુ સાત આઈપીએસ અધિકારીઓ નિવૃત્ત થવાના છે. જો કે, આ સાતમાંથી કેન્દ્ર સરકાર સ્પેશ્યલ કેસમાં કોઈને એક્સ્ટેન્શન આપવાનો નિર્ણય લેતો નિવૃત્ત થનાર અધિકારીનો આંકડો ઘટી શકે છે. જાન્યુઆરી-૨૫માં નિવૃત્ત થયેલા બે આઈપીએસ અધિકારી માં સુરત ટ્રાફિક જેસીપી વય નિવૃત્ત થયા તેમજ જુનાગઢ એસ.પી.હર્ષદ મહેતાએ વય નિવૃત્તીના દસ વર્ષ પહેલા સ્વૈચ્છીક રાજીનામું આપ્યું હતું. કરાઈ એકેડમીના એડી.ડીજી અભયએ પણ સ્વૈચ્છીક નિવૃત્તીની માંગ કરી છે. આ રીતે રાજ્યમાં ચાલુ વર્ષ નિવૃત્ત થનાર આઈપીએસની અધિકારીઓની સંખ્યા નવની થશે.

ગુજરાત કેડરના ૧૯૮૯ બેચના બે અધિકારીઓમાં ડીજીપી વિકાસ સહાય અને લાંબા સમયથી ડેપ્યુટેશન પર રહેલા વિવેક શ્રીવાસ્તવ તેમજ વડોદરા આર્મ્ડ ફોર્સના આઈજીપી ૨૦૦૪ બેચના દિનેશ પરમાર જુન-૨૫માં વય નિવૃત્ત થવાના છે. ૨૦૦૧ બેચના અમદાવાદ રેન્જ આઈજી જે.આર. મોથલીયા ફેબ્રુ-૨૫માં અને સિવિલ ડિફેન્સના ડાયરેક્ટર મનોજ અગ્રવાલ સપ્ટેમ્બર-૨૦૨૫માં વય નિવૃત્ત થવાના છે. ઈન્ટેલીજન્સ બ્યુરોના આઈજી તેમજ આઈબી અને હ્યુમન રાઈટસના એડી. ડીજીનો વધારાનો હવાલો ધરાવતા ૨૦૦૫ બેચના આઈપીએસ એમ.એસ.ભરાડા મે-૨૫ તેમજ કરાઈ એકેડમીમાં ફરજ બજાવતા ૧૯૯૯ બેચના આઈપીએસ એડી.ડીજી. અભય ચુડાસમા ઓક્ટોબર-૨૫માં વય નિવૃત્ત થવાના છે.

રાજ્યમાં ચાલુ વર્ષ નિવૃત્ત થનાર આ સાત આઈપીએસ સીવાય જાન્યુ-૨૫માં ૨૦૦૫ બેંચના આઈપીએસ સુરત ટ્રાફિક જેસીપી એચ.આર.ચૌધરી વય નિવૃત્ત થયા તેમજ જુનાગઢ એસ.પી. હર્ષદ મહેતાએ વય નિવૃત્તીના દસ વર્ષ અગાઉ સ્વૈચ્છીક નિવૃત્તી લીધી હતી. આ સીવાય આઈપીએસ અભય ચુડાસમાએ વય નિવૃત્તીના નવ મહિના પહેલા ગાંધીનગર પોલીસ ભવન એડમીન ઓફિસને પોતાનું રાજીનામું મોકલી આપી સ્વૈચ્છીક નિવૃત્તીની માંગ કરી છે.



સપાની જીતને સમર્થકો, કાર્યકરોએ ઉત્સાહભેર વધાવી

# કુતિયાણા નગરપાલિકામાં ઢેલીબેનના ૩ દાયકાના શાસનનો અંતઃ સપાનો વિજય

। પોરબંદર ।

કુતિયાણા નગરપાલિકા ની ચૂંટણી માં સમાજવાદી પાર્ટી અને ભાજપ વચ્ચે મુકાબલો થયો હતો ત્યારે કુલ ૫૯.૮૩ ટકા મતદાન નોંધાયું હતું ગત ચૂંટણી કરતા ૨.૧૯ ટકા ઓછું મતદાન સમાજવાદી પાર્ટી ને ફળ્યું છે અને ઢેલીબેન ના ૩ દાયકા ના સાશન નો અંત આવ્યો છે

સમગ્ર રાજ્ય માં હાઈ પ્રોફાઈલ ગણાતી કુતિયાણા પાલિકા વિસ્તારના ૬ વૉર્ડમાં ૨૪ બેઠકો ઉપર ચૂંટણી યોજાઈ હતી જેના માટે ભાજપ અને સમાજવાદી પાર્ટી એ ૨૪-૨૪ ઉમેદવારો મેદાન માં ઉતાર્યા હતા કુતિયાણા નગરપાલિકામાં ૭,૧૩૯ પુરૂષ અને ૬,૮૨૩ સ્ત્રીઓ સહિત કુલ ૧૩,૯૬૨ મતદારો છે. જેમાં ૮૩૫૩ મતદારો એ મતદાન કરતા ૫૯.૮૩ ટકા મતદાન નોંધાયું હતું જે ગત ચૂંટણી ની સરખામણી એ ૨.૧૯ ટકા ઓછુ છે જેમાં સમાજવાદી પાર્ટી ની જીત થઈ છે સમગ્ર રાજ્યની નજર આ બેઠક પર હતી કારણ કે એક તરફ કાંધલ જાડેજા ના નેતૃત્વ માં તેના નાનાભાઈ કાના જાડેજા સહિતની પેનલ મેદાન માં ઉતરી હતી જ્યારે સામા પક્ષે ૩ દાયકા થી સાશન કરનાર ઢેલીબેન ઓડેદરા અને તેના પુત્ર,પુત્રવધુ સહિતના ભાજપ ના ઉમેદવારો મેદાને હતા જો કે આ બેઠક પર પક્ષ ના બદલે વ્યક્તિગત ચૂંટણી જંગ ખેલાયો હતો.સંવેદનશીલ મતદાન મથકો ધરાવતી આ બેઠક પર ભાજપ સામે સમાજવાદી પાર્ટીના જ ઉમેદવારો મેદાન માં હતા એ સિવાય અપક્ષ,આમ આદમી પાર્ટી,કોંગ્રેસ ના કોઈ ઉમેદવારો એ ફોર્મ ભર્યુ ન હોવાથી બે પક્ષ વચ્ચે સીધી જ લડાઈ હતી તેમાં કુલ ૨૪ બેઠક માંથી સમાજવાદી પાર્ટી એ ૧૪ બેઠક મેળવી જીત હાંસલ કરી છે જયારે ભાજપ ને ૧૦ બેઠક મળી છે કાઉન્ટીંગ સેન્ટર સરકારી હાઈસ્કૂલ ખાતે હતું અને પ્રથમ બે વોર્ડ માં ૬ માંથી ૪ બેઠક માં ભાજપ ની જીત થતા ભાજપ સમર્થકો ઉત્સાહ માં આવી ગયા હતા પરંતુ ત્યાર બાદ મોટે ભાગે સમાજવાદી પાર્ટી ની સીટ આવતા ઉત્સાહ હતાશા માં ફેરવાઈ ગયો હતો બીજી તરફ સમાજવાદી પાર્ટી ના સમર્થકો ,કાર્યકરો એ જીત ને વધાવી હતી. સમાજવાદી પાર્ટી ની જીત બાદ કુતિયાણા શહેર માં વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું જેમાં વિજેતા ઉમેદવાર કાના જાડેજા અને ધારાસભ્ય કાંધલ જાડેજા નું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

### નોંધણીના નિયમો અંગે પ્રિ-સ્કૂલના સંચાલકોને જવાબ મળ્યો, વિષય ઉપર લેવલે ચર્ચામાં

। અમદાવાદ ।

રાજ્યમાં પ્રિ-સ્કૂલ નોંધણીના નિયમોમાં લાગુ કરેલા ૧૫ વર્ષના રજિસ્ટર્ડ ભાડા કરાર સહિતના કેટલાક નિયમો મુદ્દે ચાલી રહેલ વિવાદનું ૧ વર્ષ બાદ પણ નિરાકરણ આવ્યું નથી. ગત ૧લી જાન્યુઆરી-૨૦૨૫ના રોજ સંચાલકોની સરકાર સાથેની બેઠકમાં નિરાકરણ લાવવા અંગેની મૌખિક બાંહેધરી અપાઈ હતી, પરંતુ કોઈ નિર્ણય થયો નથી. બીજી તરફ નોંધણીની મુદત પૂર્ણ થઈ ગઈ, પરંતુ સત્તાવાર મુદત વધારવા અંગે પણ જાહેરાત થઈ નથી. આથી આજે અમદાવાદની વિવિધ પ્રિ-સ્કૂલના અંદાજે ૩૫ જેટલા સંચાલકો શિક્ષણમંત્રીને રજૂઆત કરવા પહોંચ્યા હતા પરંતુ મુલાકાત થઈ નહોતી. પરંતુ શિક્ષણના અધિકારીઓ પાસેથી એવો જવાબ મળ્યો છે કે, આ વિષય વિચારણા હેઠળ અને ઉપર લેવલે ચર્ચામાં છે.


## PUBLIC NOTICE

That Brijabhooshan Ramakhelavan is an absolute Owner of Plot No. 65 admeasuring about 45.12 sq. mts. along with construction thereon ground floor admeasuring about 36.90 sq. mts., Together With undivided proportionate share in road and COP admeasuring about 45.85 sq. mts. total admeasuring about 90.97 sq. mts. (Gram Panchayat Office Having Property No. 1682/86) of "Gaurav Township", Organized on land bearing Revenue Survey No. 282 and its block no. 305 of Village Palsana, Sub District Palsana, Within District Surat. That the Present Owner has informed us that, the following Document as described in Schedule has been lost by him and that never ever it was used as security for obtaining any financial assistant by him or anyone else.

Any person or persons, society, institution, group, trust, banks etc. owing any right of ownership or possession or lien or claim of whatsoever nature in respect thereof are hereby informed to raise any such rights or claims, all within a period of 07 (Seven) Days From the date of publication of this Notice personally before the undersigning along with all documentary proof in original, upon Expiry of which, No rights or claims of whatsoever nature shall be Entertained.

**SCHEDULE OF LOST ORIGINAL DOCUMENTS**

Sale Deed Regi No. 1930 & Its Regi Receipt, Dated 03/06/2011
Regi Receipt of Sale Deed Regi No. 2704, Dated 13/03/2015

Date: 19/02/2025, Surat.
5/1208, Haripura Main Road, Surat.
Mob.98254 20370

Dineshchandra N. Upadhyay,
Pranav D. Upadhyay
Dhaval D. Upadhyay (Advocates)



## NARMADA CLEAN TECH

(a subsidiary of GIDC)
Surati Bhagor, Nr. Gujarat Gas Office, Umarwada Road, Ankleshwar- 393 001, Di. Bharuch (Guj.), E-mail: info@nctc.co.in,
CIN :- U40101GJ2000NPL037236 TEL NOS.: 8469745285, 9227576221

**PRE-QUALIFICATION OF VENDOR**

Narmada Clean Tech invites expression of interest from vendors for pre-qualification of following work at FETP – Jhagadia for the FY - 2025-2026.
- ANNUAL OPERATION & MAINTENANCE OF 35MLD FETP-JHAGADIA WITH ALLIED COMPONENTS.

Please refer company website (www.nctc.co.in) for pre-qualification criteria and procedures.
Interested vendors may complete the same within the required time frame i.e., on or before 01st March 2025.

**વિક્રેતાઓની પૂર્વ લાયકાત**

નર્મદા ક્લીન ટેક એફઇટીપી-ઝઘડિયા ખાતે નીચે જણાવેલ કોન્ટ્રાક્ટના કામ માટે પૂર્વ-લાયકાત ધરાવતા વિક્રેતાઓને આમંત્રણ આપે છે.
- સંલગ્ન ઘટકો સાથે 35MLD FETP ઝઘડીયાનું વાર્ષિક સંચાલન અને જાળવણી.

કૃપા કરી લાયકાત ધરાવતા વિક્રેતાઓએ નોંધણીની પ્રક્રિયા માટે કંપનીની વેબસાઇટ www.nctc.co.in પરથી માહિતી મેળવી લેવી.
રસ ધરાવતા વિક્રેતાઓએ તા.૦૧ માર્ચ ૨૦૨૫ ના સમય મર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવી.



## GMDC

**TENDER NOTICE**

E-Tender No.: 4/LP/RESURFACING OF COLONY ROAD/2025

E-tenders are invited for "Works of Resurfacing of internal colony road at Shyamji Krishna Verma Nagar Colony, at GMDC lignite Project Panandhro, Tal: Lakhpat, Dist- Kutchh".
For e-tenders notice, tender documents and for other details visit our website www.gmdcltd.com.
Tender shall be downloaded from https://tender.nprocure.com and https://www.gmdcltd.com and submitted online as per e-tender notice.

EXPLORING LIMITLESS POSSIBILITIES

Gujarat Mineral Development Corporation Ltd.
(A Government of Gujarat Enterprise)
Khanij Bhawan, 132 Feet Ring Road,
Near University Ground, Vastrapur, Ahmedabad-380052


## અમદાવાદ એરપોર્ટ પર ૨૩થી વધુ ફ્લાઈટોના શિડ્યૂલ ખોરવાયા

અમદાવાદ : અમદાવાદ એરપોર્ટ ઉપર મંગળવારે સ્પાઈસજેટની પ્રયાગરાજથી આવતી ફ્લાઈટ સવારે ૪:૩૦ ને બદલે ૫:૨૦ કલાકે આવી હતી. ઈન્ડિગોની સાંજે ૬:૨૦ની ફ્લાઈટ ૭:૪૧ કલાકે, સ્પાઈસ જેટની સાંજની ૬:૪૫ની ફ્લાઈટ ૭:૫૦ કલાકે આવી હતી. જ્યારે અમદાવાદથી ઉપડતી સ્પાઈસ જેટની રાતની ૧૨:૩૦ની ફ્લાઈટ ૧:૨૧ કલાકે અને ઈન્ડિગોની મોડી સાંજની ૭ વાગ્યાની ફ્લાઈટ ૮:૧૦ કલાકે ઉપડતી હતી. પ્રયાગરાજ એરપોર્ટ પર એર ટ્રાફિકની સ્થિતિ હોવાથી દિલ્હી, જયપુર સહિતના એરપોર્ટ પર પણ ટ્રાફિકજામની સ્થિતિ બનતા ઘણી ફ્લાઈટો તેનો નિર્ધારિત સમય ચૂકી રહી છે. અન્ય ફ્લાઈટોમાં એર ઈન્ડિયાની દિલ્હીની એક કલાક, ઈન્ડિગોની કોચીનની અડધો કલાક, પુનેની એક કલાક, આકાશાની ગોવાની ૪૦ મિનિટ, થાઈએરની બેંગકોકની એક કલાક મોડી આવી હતી.


## પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ પાલિતાણા વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્ટેશન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09093 | બાંદ્રા ટર્મિનસ - પાલિતાણા | 10 માર્ચ, 2025 | 17:30 કલાકે (સોમવાર) | 06:30 કલાકે (બીજા દિવસે) |
| 09094 | પાલિતાણા - બાંદ્રા ટર્મિનસ | 12 માર્ચ, 2025 | 17:10 કલાકે (બુધવાર) | 07:25 કલાકે (બીજા દિવસે) |

**રોકાણોઃ** બોરીવલી, વાપી, ઉધના, વડોદરા, અમદાવાદ, બોટાદ, ધોળા અને સિહોર સ્ટેશન બંને દિશામાં.

**સંરચના :** એસી ૩-ટાયર અને એસી ચેર કાર કોચો.

સમય, રોકાણો તથા સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

ટ્રેન નં. 09093 અને 09094નું બુકિંગ 19.02.2025થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત તમામ ટ્રેનો વિશેષ ભાડે સ્પેશિયલ ટ્રેનોરૂપે દોડાવાશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો



## જાહેર નોટીસ

[illegible]

વિનય એ. બંકડીવાલા

## ટાઈટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ

[illegible]

ઓફિસ : સી-૫૦૪-૫, સેફાયર બીઝનેસ હબ, મધુવન સર્કલ, અડાજણ, સુરત.

નૈનેશ પી. માસ્તર
એડવોકેટ અને નોટરી







**ગ્રૂપ એ ટોપ 5 શેરનો વધારો**

| કંપનીનું નામ | ભાવ | ફેરફાર (%માં) |
|---|---|---|
| એનટીપીસી | 311.40 | 2.94 |
| ટેક મહિન્દ્રા | 1,704.50 | 2.38 |
| ઝોમેટો | 223.25 | 2.15 |
| પાવર ગ્રીડ | 266.75 | 1.37 |
| કોટક બેંક | 1,964.00 | 0.98 |

**ગ્રૂપ એ ટોપ 5 શેરનો ઘટાડો**

| કંપનીનું નામ | ભાવ | ફેરફાર(%માં) |
|---|---|---|
| ઈન્ડસઈન્ડ બેંક | 1,023.00 | -2.38 |
| અલ્ટ્રાટેક સિમે | 11,297.90 | -1.60 |
| M&M | 2,788.40 | -1.48 |
| HUL | 2,295.80 | -1.42 |
| ટીસીએસ | 3,869.45 | -0.87 |



# ટોચ બનાવ્યાના ૧૪૫ દિવસ પછી BSEનું M-કેપ ૪૦૦ લાખ કરોડની નીચે

**અગાઉ પાછલા સપ્તાહે બે દિવસ ઇન્ટ્રા ડેમાં એમ કેપ રૂ. ૪૦૦ લાખ કરોડથી નીચે ગયું હતું**

**૨૭મી સપ્ટેમ્બરે ઓલટાઇમ સપાટીથી એમ કેપમાં રૂ. ૮૦ લાખ કરોડનો ઘટાડો**

બીએસઈનું એમ કેપ આજે ઘટીને રૂ. ૩૯૮.૩૧ લાખ કરોડ એટલે કે ૪.૫૮ ટ્રિલિયન ડોલર નોંધાયું છે, જે ગઈ કાલે નોંધાયેલા રૂ. ૪૦૦.૩૨ લાખ કરોડથી રૂ. ૨.૦૧ લાખ કરોડનો ઘટાડો દર્શાવે છે. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સેન્સેક્સે ઓલટાઈમ હાઈ સપાટી નોંધાવી એ દિવસે બીએસઈનું એમ કેપ રૂ. ૪૭૭.૯૩ લાખ કરોડ એટલે કે ૫.૭૧ ટ્રિલિયન ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું હતું, જે પછી આજે સૌપ્રથમ વાર એમ કેપનો આંકડો બંધ સપાટીએ રૂ. ૪૦૦ લાખ કરોડની નીચે ગયો છે. આમ વિક્રમી ટોચ બનાવ્યાના ૧૪૫ દિવસમાં બીએસઈનું એમ કેપ કુલ રૂ. ૭૯.૬૨ લાખ કરોડ એટલે કે ૧.૧૩ ટ્રિલિયન ડોલરનો ઘટાડો નોંધાયો છે. પાછલા સપ્તાહમાં બે સેશનમાં ઈન્ટ્રા ડેમાં એમ કેપ રૂ. ૪૦૦ લાખ કરોડથી નીચે ગયું હતું, પરંતુ આજે બંધ સપાટીએ આ આંકડો રૂ. ૪૦૦ લાખ કરોડથી નીચે રહ્યો હતો. બીએસઈ પર આજે ટ્રેડ થયેલા કુલ ૪,૦૬૪ શેરો પૈકી ૧,૦૩૨ શેરો જ વધીને બંધ રહ્યા હતા, જ્યારે ૨,૯૧૮ ઘટીને અને ૧૧૪ ફ્લેટ મથાળે બંધ રહ્યા હતા. ૭૮૭ શેરો આજે બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા.

### BSE સ્મોલ કેપ ઇન્ડેક્સ ઓલટાઇમ હાઇથી ૧૩,૪૪૩ પોઇન્ટ, SME IPO ઇન્ડેક્સ ૩૪,૧૯૫ પોઇન્ટ તૂટ્યો

ગઇ કાલે લાર્જ કેપમાં તેજી જોવા મળી ત્યારે સ્મોલ કેપ અને એસએમઇ આઇપીઓ શેરોમાં મંદી છવાઇ હતી. આજે પણ લાર્જ કેપ શેરોમાં નજીવો ઘટાડો નોંધાયો ત્યારે પણ આ બન્ને શેરોમાં નોંધપાત્ર કડાકો બોલ્યો હતો. આજે બીએસઇ સ્મોલ કેપ ઇન્ડેક્સ ૭૭૨ પોઇન્ટના અને બીએસઇ એસએમઇ આઇપીઓ ઇન્ડેક્સ ૨,૩૨૪ પોઇન્ટના ગાબડા સાથે બંધ રહ્યો હતો. આ સાથે બીએસઇ સ્મોલ કેપ ઇન્ડેક્સ ૫૭,૮૨૭ની તેની ઓલટાઇમ હાઇ સપાટીથી ૧૩,૪૪૩ પોઇન્ટ એટલે કે ૨૩.૨૪ ટકા તૂટ્યો છે, જ્યારે બીએસઇ એસએમઇ આઇપીઓ ઇન્ડેક્સ ૩૪,૧૯૫ પોઇન્ટ એટલે કે ૨૭.૯૬ ટકા તૂટ્યો છે. બીએસઇ એસએમઇ આઇપીઓ ઇન્ડેક્સે વર્ષ ૨૦૨૪માં સૌથી વધારે ૧૪૪ ટકા જેટલું વળતર આપ્યું હતું એટલે આ ઇન્ડેક્સ ૪૮,૬૬૭ની તેની બાવન સપ્તાહની લો સપાટીથી હજી ૩૯,૪૩૬ પોઇન્ટ ઉપર છે, પરંતુ બીએસઇ સ્મોલ કેપ ઇન્ડેક્સ ૪૦,૦૯૭ની તેની બાવન સપ્તાહની લો સપાટીથી હવે માત્ર ૪,૨૯૭ પોઇન્ટ જ ઉપર છે.

### FIIની ૪,૭૮૬ કરોડની નેટ ખરીદી, રોકાણકારો માટે સારો સંકેત

ભારતીય રોકામકારો માટે સારા કહી શકાય એવા એક ઘટનાક્રમમાં FIIએ આજે ભારતીય શેરબજારમાં રૂ. ૪,૭૮૬ કરોડની નેટ ખરીદી કરી હતી. આમ FIIએ ૧૦ ટ્રેડિંગ સેશન એટલે કે ૧૪ દિવસ પછી FIIએ નેટ લેવાલી કરી હતી. DIIએ આજે કરેલી નેટ ખરીદીનો આંકડો રૂ. ૩,૦૭૨ કરોડ રહ્યો હતો. આ સાથે ફેબ્રુઆરીમાં FIIએ કરેલી નેટ વેચવાલીનો આંકડો ઘટીને રૂ. ૨૮,૩૩૪ કરોડ થાય છે, જ્યારે DIIની નેટ ખરીદીનો આંકડો રૂ. ૩૩,૮૫૧ કરોડ થાય છે. આજે FIIની લગભગ રૂ. ૫,૦૦૦ કરોડ જેટલી નેટ ખરીદીના કારણે ફેબ્રુઆરી મહિનામાં સૌપ્રથમ વાર DIIની નેટ ખરીદીનો આંકડો FIIની નેટ વેચવાલી કરતા વધી ગયો છે. ગઇ કાલ સુધી આ મોરચે DII FIIથી પાછળ હતી. FIIએ ફેબ્રુઆરી મહિનામાં આ અગાઉ ૪થી ફેબ્રુઆરીએ રૂ. ૮૦૯ કરોડની નેટ ખરીદી કરી હતી અને તે સાથે જ એ દિવસે બજાર એક મહિનાની સૌથી ઊંચી સપાટીએ પહોંચી ગયું હતું. ૪થી ફેબ્રુઆરી પહેલા FIIએ છેલ્લે ૨જી જાન્યુઆરીના રોજ ભારતીય શેરબજારમાં રૂ. ૧,૫૦૬ કરોડની નેટ લેવાલી કરી હતી. આમ એ સમયે કુલ ૨૧ ટ્રેડિંગ સેશન એટલે કે ૩૨ દિવસ પછી FIIએ ભારતીય શેરબજારમાં સૌપ્રથમ વાર નેટ લેવાલી કરી છે. જાન્યુઆરીમાં FIIએ કરેલી નેટ વેચવાલીનો આંકડો રૂ. ૮૭,૩૭૪ કરોડ નોંધાયો હતો, જેની સામે DIIએ રૂ. ૮૬,૫૯૧ કરોડની નેટ લેવાલી કરી હતી.ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય નાણાપ્રધાન નિર્મલા સીતારામને ગઇ કાલે જ એવું નિવેદન આપ્યું હતું કે FII પ્રોફિટ બુકિંગ કરી રહી હોવાથી ભારતીય શેરબજારમાંથી રોકાણ પરત ખેંચી રહી છે, જેના બીજા જ દિવસે FIIએ નેટ લેવાલી કરી છે.

**ટ્રિગરના અભાવે તેજીને ટેકો નથી મળતો પણ ઘટાડો વેલ્યૂ બાઈંગના વલણ ત્રણ સેશનથી યથાવત્**

## બીએસઇ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૭૭૨ પોઈન્ટનું, એસએમઇ આઈપીઓમાં ૨,૩૨૪પોઈન્ટનું ગાબડું

**૧૪ દિવસ-૧૦ સેશન પછી FIIની જંગી નેટ લેવાલી □ ૪૬૫ પોઈન્ટ ઘટ્યા પછી સેન્સેક્સ ઘટ્યા મથાળેથી ૪૩૬ પોઈન્ટ વધીને બંધ □ સેન્સેક્સ પાછલા બંધથી ૨૯ પોઈન્ટ ઘટ્યો, નિફ્ટી ૨૨,૯૫૦થી નીચે બંધ □ રોકાણકારોના ૨.૦૧ લાખ કરોડ ડૂબ્યા □ વોલેટાલિટી ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકા ઘટાડો □ નિફ્ટી આઈટીમાં ૦.૯૫ ટકાનો અને ઓઈલ એન્ડ ગેસમાં ૦.૫૧ ટકાનો વધારો □ નિફ્ટી ઓટો ૦.૬૧ ટકા, FMCG ૦.૮૮ ટકા, ફાર્મા ૦.૫૧ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૬ ટકા ઘટ્યા**

| અમદાવાદ |

આજે સતત ત્રીજા સેશનમાં એવું જોવા મળ્યું હતું કે ઈન્ટ્રા ડેમાં મોટો ઘટાડો થયા પછી અંત સુધીમાં ભારતીય શેરબજારમાં સુધારો આવ્યો હતો. આ ત્રણ ટ્રેડિંગ સેશન પૈકી બે એટલે કે શુક્રવાર અને મંગળવારે એટલે કે આજે મુખ્ય સુચકાંકો નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા જ્યારે સોમવારે નજીવા વધારા સાથે બંધ રહ્યા હતા. આમ કોઈ ટ્રિગરના અભાવે બજારમાં તેજીનો માહોલ છવાતો નથી પણ બજાર ઘટે એટલે વેલ્યુ બાયિંગ આવે છે એવો સંકેત ચોક્કસ મળે છે. આજે અત્યંત અફરાતફરીભર્યા સેશનમાં આઈટી અને ઓઈલ તથા ગેસ ક્ષેત્રના શેરોમાં લેવાલી જોવા મળી હતી, પરંતુ આ શેરોમાં વધારાને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો અને એફએમસીજી ક્ષેત્રના શેરોમાં વેચવાલીએ સરભર કરતાં દિવસને અંતે સેન્સેક્સ અને નિફ્ટી નજીવા ઘટાડા સાથે ઘટીને બંધ રહ્યા હતા. મિડ કેપ શેરોમાં પણ ઘટાડો સીમિત હતો, પરંતુ ઊંચા વેલ્યુએશનની ચિંતાના કારણે સ્મોલ કેપ અને એસએમઈ આઈપીઓ શેરોમાં નોંધપાત્ર મંદી જોવા મળી હતી. હાલમાં ટ્રેડ વોર અંગેની અનિશ્ચિતતા, નબળા કંપની પરિણામો અને વિદેશી ફંડોની લેવાલીને કારણે બજારમાં મંદી છવાયેલી છે ત્યારે આજે વોલેટાલિટી ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

પ્રારંભે ૭૭ પોઈન્ટ ઊંચામાં ખુલ્યા પછી સેન્સેક્સે આજે ૭૬,૦૯૧ની હાઈ અને ૭૫,૫૩૧ની લો બનાવી હતી. આમ કુલ ૫૬૦ પોઈન્ટની વધઘટને અંતે સેન્સેક્સ ૨૯ પોઈન્ટ એટલે કે ૦.૦૪ ટકા ઘટીને ૭૫,૯૬૭ની સપાટીએ બંધ રહ્યો હતો. ઈન્ટ્રા ડેમાં સેન્સેક્સ એક સમયે પાછલા બંધથી ૪૬૫ પોઈન્ટ ઘટ્યો હતો. જોકે તે પછી ઘટ્યા મથાળેથી ૪૩૬ પોઈન્ટ વધીને બંધ રહ્યો હતો. નિફ્ટીએ પણ પ્રારંભે ૪ પોઈન્ટ ઊંચામાં ખુલ્યા પછી ઈન્ટ્રા ડેમાં ૨૨,૯૯૨ની હાઈ અને ૨૨,૮૦૧ની લો સપાટી બનાવી હતી. આમ કુલ ૧૯૧ પોઈન્ટની વધઘટને અંતે નિફ્ટી ૧૪ પોઈન્ટ એટલે કે ૦.૦૬ ટકા ઘટીને ૨૨,૯૪૫થી નીચે બંધ રહ્યો હતો. બીએસઈ મિડ કેપ ઈન્ડેક્સ પણ ૭૪ પોઈન્ટ એટલે કે ૦.૧૯ ટકા ઘટીને ૩૯,૮૫૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે સ્મોલ કેપ અને એસએમઈ આઈપીઓ શેરોમાં ભારે મંદી જોવા મળી હતી. બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સ ૭૭૨ પોઈન્ટ એટલે કે ૧.૭૧ ટકા ઘટીને ૪૪,૩૮૪ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો, જ્યારે બીએસઈ એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨,૩૩૪ પોઈન્ટ એટલે કે ૨.૫૮ ટકા ઘટીને ૮૮,૧૦૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

સેન્સેક્સના ૩૦ પૈકી ૨૦ શેરો અને નિફ્ટીના ૫૦ પૈકી ૧૮ શેરો આજે વધીને બંધ રહ્યા હતા. સેન્સેક્સના શેરો પૈકી એનટીપીસીમાં ૨.૯૪ ટકાનો, ટેક મહિન્દ્રામાં ૨.૩૮ ટકાનો અને ઝોમેટોમાં ૨.૧૫ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે ઈન્ડસઈન્ડ બેંક ૨.૨૬ ટકા ઘટ્યો હતો. નિફ્ટી પર વિપ્રો ૨.૦૧ ટકા વધ્યો હતો, જ્યારે ટ્રેન્ટ ૨.૧૭ ટકા ઘટ્યો હતો. વોલેટાલિટી ઈન્ડેક્સ આજે ૦.૩૬ ટકા ઘટીને ૧૫.૬૭ની સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી પરના ૧૪ સેકટોરલ ઈન્ડેક્સ પૈકી પાંચ વધીને બંધ રહ્યા હતા. નિફ્ટી આઈટીમાં ૦.૯૫ ટકાનો અને ઓઈલ એન્ડ ગેસમાં ૦.૫૧ ટકાનો વધારો નોંધાયો હતો. નિફ્ટી ઓટો ૦.૬૧ ટકા, એફએમસીજી ૦.૮૮ ટકા, ફાર્મા ૦.૫૧ ટકા, પીએસયુ બેંક ૦.૫૪ ટકા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૬ ટકા ઘટ્યો હતો.

### રૂપિયો ૮ પૈસા ઘટીને ૮૮.૯૬ની સપાટીએ બંધ

ડોલર ઇન્ડેક્સ મજબૂત થતાં આજે ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે ૮ પૈસા ઘટીને ૮૬.૯૬ની સપાટીએ બંધ રહ્યો હતો. ટ્રેડર્સના જણાવ્યા મુજબ યુએસ ડોલર સામે રૂપિયો ઘટતો જ રહેશે એવી માન્યતા વચ્ચે આરબીઆઇએ દરમિયાનગીરી કરવાની તીવ્રતા ઘટાડતા આજે રૂપિયામાં ધોવાણ આગળ વધ્યું હતું અને તે ફરી ૮૭ની સપાટી નજીક પહોંચી ગયો છે. આજે ઇન્ટર બેંક ફોરેન એક્સચેન્જમાં રૂપિયો ૮૬.૯૪ની સપાટીએ ખુલ્યો હતો અને ઇન્ટ્રા ડેમાં ૮૬.૯૧ની હાઇ અને ૮૬.૯૮ની લો સપાટી બનાવી હતી. સોમવારે રૂપિયો ૧૭ પૈસા ઘટીને ૮૬.૮૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

**અનિશ્ચિત માર્કેટમાં અનુભવ પણ કામ ન લાગ્યો**

## બજારની મંદીમાં ટોચના વ્યક્તિગત રોકાણકારોની મૂડીમાં જંગી ધોવાણ

**પહેલી ઓક્ટોબરથી ૩૩ ટકા, ૧ જાન્યુ.થી ૨૫ ટકા સુધીની મૂડી સ્વાહા**

**હાલમાં માર્કેટની ખરાબ હાલતથી ભલભલાં રોકાણકારોના પરસેવા છૂટી ગયા**

| અમદાવાદ |

છેલ્લા પાંચ મહિનાથી ભારતીય શેરબજાર ખૂબ જ કપરા સમયમાંથી પસાર થઈ રહ્યું છે. બજારમાં નોંધપાત્ર પીછેહટ જોવા મળી રહી છે. માર્કેટની આ ઘેરી મંદીમાંથી દેશના ટોચના વ્યક્તિગત રોકાણકારો પણ બાકાત રહ્યાં નથી. દેશના કેટલાક જાણીતા વ્યક્તિગત રોકાણકારો પણ બજારની હાલની સ્થિતિ અનુરૂપ રોકાણ વ્યૂહ બનાવવામાં નિષ્ફળ ગયા હોય તેવું જણાઈ રહ્યું છે, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. કેમ કે, આવા જાણીતા રોકાણકારોના પોર્ટફોલિયોમાં પહેલી ઓક્ટોબર ૨૦૨૪ બાદથી અત્યાર સુધીમાં ૩૩ ટકા અને પહેલી જાન્યુઆરી બાદથી ૨૫ ટકા સુધીનો ઘટાડો થયો છે.

એક અહેવાલ મુજબ, પહેલી ઓક્ટોબર ૨૦૨૪ બાદથી અત્યાર સુધીમાં દેશના ટોચના દસ વ્યક્તિગત રોકાણકારોની સંપત્તિમાં લગભગ રૂ.૮૧,૦૦૦ કરોડ સુધીનું ધોવાણ થયું છે. જેમાંથી કેટલાક રોકાણકારો નુકસાનમાં ઘટાડો કરવામાં સફળ રહ્યાં છે.

ડીમાર્ટના ફાઉન્ડર રાધાકિશ્ન દમાણીના પોર્ટફોલિયોમાં પહેલી ઓક્ટોબર બાદથી ૨૮ ટકા સાથે રૂ.૬૪,૦૦૦ કરોડનો ઘટાડો થયો છે. એટલે કે, રોકાણ રૂ.૨.૩૧ લાખ કરોડથી ઘટીને હાલમાં રૂ.૧.૬૭ લાખ કરોડ થઈ ગયું છે.

**વ્યક્તિગત રોકાણકારોના પોર્ટફોલિયોમાં ઘટાડો**

| રોકાણકાર | હાલનું રોકાણ (રૂ.કરોડમાં) | પહેલી ઓક્ટોબરથી ઘટાડો ટકામાં |
|---|---|---|
| રાધાકિશ્ન દમાણી | ૧,૬૭,૬૪૩ | -૨૭.૫૮ |
| સ્વ.રાકેશ ઝૂનઝૂનવાલા ફેમિલી | ૫૭,૭૦૯ | -૧૮.૯૩ |
| હેમેન્દ્ર કોઠારી | ૬,૩૭૪ | -૨૮.૭૯ |
| આકાશ ભળશાલી | ૬,૨૮૪ | -૧૫.૭૯ |
| મુકુલ અગ્રવાલ | ૫,૭૪૩ | -૬.૨૫ |
| આકાશ ધવન | ૩,૧૯૫ | -૧૯.૦૭ |
| નેમિશ શાહ | ૨,૯૮૫ | -૨૧.૭૭ |
| આશિષ કચોલિયા | ૧,૭૬૭ | -૬.૩૯ |
| યુસુફઅલી કાદર | ૧,૮૪૨ | -૯.૧૫ |
| અનિલ કુમાર ગોયલ | ૧,૭૧૨ | -૨૪.૩૪ |

**માર્કેટ વોચડોગ સેબીએ મ્યુચ્યુઅલ ફંડ નિયમોમાં સુધારા કર્યા**

## હવેથી નક્કી સમયમાં ફંડનું રોકાણ ન થાય તો રોકાણકારો સ્કીમમાંથી નીકળી શકશે

| અમદાવાદ |

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ મ્યુચ્યુઅલ ફંડ નિયમોમાં સુધારો કર્યો છે. સેબીએ એસેટ મેનેજમેન્ટ કંપનીઓ (એએમસી)ને તાકીદ કરી છે કે, રોકાણકારો પાસેથી મેળવવામાં આવેલ ફંડને નવા ફંડ ઓફર (એનએફઓ) હેઠળ નક્કી સમય મર્યાદામાં રોકવામાં આવે. જો ફંડ નક્કી કરેલ સમય મર્યાદામાં રોકવામાં નહીં આવે તો રોકાણકારો પાસે એક્ઝિટ લોડની ચૂકવણી કર્યા વિના સ્કીમમાંથી નીકળી જવાનો વિકલ્પ રહેશે. વધુમાં બજાર નિયમનકારે ફરજિયાત કર્યું છે કે, રોકાણકારોને સારી પારદર્શકતા ઉપલબ્ધ કરાવવા મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સ માટે સ્ટ્રેસ ટેસ્ટિંગનો ખુલાસો કરવામાં આવે.

આ નવા પગલાં પહેલી એપ્રિલ ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે. રોકાણકારોમાં વિશ્વાસ અને જવાબદારીની ખાતરી કરવા મ્યુચ્યુઅલ ફંડ માટે સંચાલન સરળતાનું વિસ્તરણ કરવાના હેતુથી સેબી દ્વારા આ સુધારા કરવામાં આવ્યા છે. સેબીએ ૧૪મી ફેબ્રુઆરીના રોજ જાહેર કરેલા જાહેરનામામાં જણાવ્યું હતું કે, બોર્ડ તરફથી સમય અન્તરે નક્કી કરેલી સમય મર્યાદામાં નવા ફંડનું રોકાણ કરવાનું રહેશે. સેબીના બોર્ડે ડિસેમ્બરમાં એક પ્રસ્તાવને મંજૂરી આપ્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. જેમાં ફંડ મેનેજર્સને કહેવામાં આવ્યું હતું કે, તેઓ એનએફઓ દરમિયાન એકત્રિત ફંડને યોજનાના નિર્દિષ્ટ એસેટ એલોકેશન મુજબ, સામાન્ય રીતે ૩૦ દિવસની અંદર ઈન્વેસ્ટ કરે.

આ નિયમો એનએફઓ દરમિયાન વધારાનું ફંડ એકત્ર કરવાથી એએમસીને હતોત્સાહિત કરશે. કેમ કે, રોકાણકારો પ્રવર્તમાન નેટ એસેટ વેલ્યૂ પર પછીથી ઓપન એન્ડેડ સ્કીમ્સમાં રોકાણ કરી શકશે.

## ૧૯ ફોરેન વેન્ચર કેપિટલ ઈન્વેસ્ટર્સની નોંધણી રદ કરાઈ

| અમદાવાદ |

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ નિયમોના ઉલ્લંઘન બદલ ૧૯ ફોરેન વેન્ચર કેપિટલ ઈન્વેસ્ટર્સની નોંધણી રદ કરવાનો નિર્ણય કર્યો હતો. જેમાં મોરેશિયસ, સિંગાપોર અને સાયપ્રસ સ્થિત એકમોનો સમાવેશ થાય છે. સેબીએ નિયમનકારી ધોરણોના બહુવિધ ઉલ્લંઘનનો આક્ષેપ કર્યો છે અને આ સંસ્થાઓ નિષ્ક્રિય હોવાનું જણાવ્યું છે. જે ૧૪ એકમોની સ્ટ્રાઈક ઓફ તારીખ ઉપલબ્ધ હતી, તેમાંથી ૧૧ પાંચ વર્ષ કરતાં વધુ સમયથી બંધ હતી, જ્યારે ત્રણ કંપનીઓ પોત પોતાના અધિકાર ક્ષેત્રમાં દસ મહિનાથી માંડી ત્રણ વર્ષ સુધીના સમયગાળા માટે બંધ હતી. સેબીએ ડિસેમ્બર ૨૦૨૪માં આ ૧૯ એકમોને કારણ દર્શાવો નોટિસ જારી કરી હતી પણ કોઈ પ્રત્યુત્તર મળ્યો ન હતો.

કસ્ટોડિયનોએ રેગ્યુલેટર સમક્ષ એ વાતની પુષ્ટિ કરી હતી કે, આ એકમો ભારતમાં કોઈ સિક્યોરિટી ધરાવતાં નથી. સેબીએ આક્ષેપ કર્યો હતો કે, આ સંસ્થાઓ હવે ભારતની બહાર સમાવિષ્ટ થવાની શરતને સંતોષતી નથી. કેમ કે, તેઓ તેમના સંબંધિત અધિકારક્ષેત્રમાં અસ્તિત્વમાં નથી. તેમજ ત્રિમાસિક અહેવાલો પણ ફાઈલ કરવામાં આ એકમો નિષ્ફળ ગયા છે. તેમજ પાત્રતા માપદંડમાં ફેરફારોને સૂચિત કરવામાં પણ નિષ્ફળ ગયા છે.

**છેલ્લા ૪૧ દિવસમાં સોનામાં ૮,૪૦૦ : ચાંદીમાં ૫,૦૦૦ રૂપિયા વધ્યા**

## અમદાવાદ બુલિયન બજારમાં સોના-ચાંદીમાં રૂ. ૫૦૦નો વધારો નોંધાયો

| અમદાવાદ |

અમદાવાદ સોના-ચાંદી બજારમાં મંગળવારે સોના અને ચાંદીમાં ૫૦૦ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. સોનું ૮૮,૫૦૦ અને ચાંદી ૯૫,૫૦૦ થયું હતું. વૈશ્વિક બજારમાં સોનું ૮ ડોલર વધીને ૨,૯૦૯ ડોલર પ્રતિ ઔંસ થયું હતું. જ્યારે ચાંદી બે સેંન્ટ વધીને ૩૨.૪૫ ડોલર પ્રતિ ઔંસ થઈ હતી. કોમેક્સ સોનું ૨૫.૮૦ ડોલર વધીને ૨,૯૨૬.૩૦ ડોલર પ્રતિ ઔંસ વેચાયું હતું. જ્યારે કોમેક્સ ચાંદી ૧.૩૦ સેંન્ટ વધીને ૩૨,૯૮૫ ડોલર પ્રતિ ઔંસ વેચાઈ હતી.

મંગળવારે MCX બજારમાં સોનાનો એપ્રિલ માસનો વાયદો ૪૫૪ રૂપિયા વધીને ૯૮,૫૦૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. જ્યારે MCX ચાંદીનો માર્ચ માસનો વાયદો ૪૫૦ રૂપિયા વધીને ૯૬,૦૩૦ રૂપિયા પ્રતિ કિલો થયો હતો. અમદાવાદ બુલિયન બજારમાં ગત તા.૧૩ ફેબ્રુઆરી, તા ૧૫ ફેબ્રુઆરી અને આજે મંગળવારે તા.૧૮ ફેબ્રુઆરીએ ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામનો ભાવ ૮૮,૫૦૦ રહ્યો હતો. અમદાવાદ ખાતે ગત તા. ૯ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ એક કિલો ચાંદીનો ભાવ ૯૦,૫૦૦ રૂપિયા હતો. જ્યારે ૨૪ કેરેટ સોનાનો ભાવ ૮૦,૧૦૦ રૂપિયા હતો. આમ સોના-ચાંદીમાં ભારે ઉતાર-ચઢાવ રહ્યા બાદ આજે ૪૧ દિવસે સોનામાં ૮,૪૦૦ રૂપિયાનો અને ચાંદીમાં ૫,૦૦૦ હજાર રૂપિયાનો વધારો જોવા મળ્યો છે.

**અમદાવાદમાં સોના-ચાંદીના ભાવની સ્થિતિ**

| તારીખ | ૯ જાન્યુઆરી | ૧૮ ફેબ્રુઆરી | વધઘટ |
|---|---|---|---|
| સોનું | ૮૦,૧૦૦ | ૮૮,૫૦૦ | ૮,૪૦૦ વધ્યા |
| ચાંદી | ૯૦,૫૦૦ | ૯૫,૫૦૦ | ૫,૦૦૦ વધ્યા |

(નોંધ: ૨૪ કેરેટ સોનું ૧૦ ગ્રામ, ચાંદી કિલોનો ભાવ છે)

### ગુજરાતના મુખ્ય ગંજબજારો

| | |
|---|---|
| **ઊંઝા** | |
| જીરુ | ૩૫૧૧.૦૦/૪૯૦૧.૦૦ |
| વરિયાળી | ૧૧૧૧.૦૦/૯૦૦૦.૦૦ |
| ઈસબગુલ | ૨૨૦૦.૦૦/૨૭૧૧.૦૦ |
| રાયડો | ૧૦૧૭.૦૦/૧૧૭૧.૦૦ |
| સવા | ૮૧૦.૦૦/૧૭૦૫.૦૦ |
| અજમો | ૧૨૪૮.૦૦/૨૪૭૮.૦૦ |
| **મહેસાણા** | |
| ઘઉં | ૫૯૨/૬૫૫ |
| જુવાર | ૮૫૦/૮૫૦ |
| બાજરી | ૫૪૫/૫૪૫ |
| વરીયાળી | ૧૨૯૫/૧૨૯૫ |
| એરંડા | ૧૨૧૮/૧૨૭૫ |
| રાઈ-રાયડો | ૯૦૦/૧૧૭૧ |
| ગવાર | ૮૫૬/૯૯૦ |
| **મહેસાણા શાકભાજી** | |
| મરચાં | ૧૦૦/૮૦૦ |
| પપૈયા | ૪૬૦/૬૦૦ |
| બટાટા | ૬૦/૨૫૦ |
| લીંબુ | ૯૦૦/૧૨૦૦ |
| ભીંડા | ૨૦૦/૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૩૬૦/૬૦૦ |
| દુધી | ૨૦/૩૦૦ |
| કાકડી | ૨૦૦/૪૦૦ |
| ભાટ્ટા | ૮૦/૨૪૦ |
| રવૈયા | ૮૦/૩૦૦ |
| રીંગણ | ૧૪૦/૨૦૦ |
| કારેલા | ૪૪૦/૭૦૦ |
| લસણ સુકુ | ૧૧૦૦/૧૮૦૦ |
| કોબીજ | ૨૦/૨૪૦ |
| ફુલાવર | ૪૦/૧૦૦ |
| ગવાર | ૮૦૦/૧૮૦૦ |
| શકકરીયા | ૯૦/૪૦૦ |
| વટાણા | ૧૨૦/૪૦૦ |
| ગીલોડા | ૮૦૦/૧૧૦૦ |
| ટામેટા પાકા | ૪૦/૨૦૦ |
| આદુ | ૬૦૦/૭૬૦ |

| | |
|---|---|
| કોથમીર | ૧૨૦/૨૬૦ |
| કેળાં | ૨૬૦/૭૦૦ |
| ચીકુ | ૩૦૦/૧૧૦૦ |
| તડબૂચ | ૧૮૦/૨૦૦ |
| સફરજન | ૧૦૦૦/૧૭૦૦ |
| દાડમ | ૧૦૦/૨૪૦૦ |
| **આંબલીયાસણ** | |
| ઘઉં | ૭૧૫/૭૧૬ |
| બાજરી | ૩૬૧/૫૪૧ |
| એરંડા | ૧૨૨૦/૧૨૨૫ |
| રાઈ-રાયડો | ૧૦૦૧/૧૦૬૦ |
| કપાસ | ૧૧૦૦/૧૪૩૦ |
| **વિજાપુર** | |
| રાયડો | ૯૯૨/૧૧૦૦ |
| એરંડા | ૧૨૨૦/૧૨૬૭ |
| મગફળી | ૯૧૧/૧૨૧૫ |
| કપાસ | ૧૩૯૦/૧૫૦૮ |
| બાજરી | ૪૯૨ |
| ઘઉં | ૫૫૦/૬૫૫ |
| જુવાર | ૮૮૧/૯૮૧ |
| ગવાર | ૯૨૬/૧૦૦૭ |
| શણ | ૧૪૯૦/૧૫૦૧ |
| **વિજાપુર શાકભાજી** | |
| બટાટા | ૮૦/૨૦૦ |
| ફુલાવર | ૪૦/૧૨૦ |
| કોબીજ | ૪૦/૬૦ |
| રીંગણ | ૧૮૫/૨૫૦ |
| રવૈયા | ૨૦/૨૪૦ |
| મરચાં | ૩૬૦/૪૦૦ |
| ટામેટાં પાકાં | ૩૦/૧૯૦ |
| દુધી | ૪૦/૧૭૦ |
| વાલોર | ૨૫૦ |
| મરચી વાલોર | ૩૩૦ |
| ભાટ્ટા | ૬૦/૨૦૦ |
| ગાજર | ૫૦/૨૦૦ |
| ધાણા લીલા | ૧૪૦/૨૧૦ |
| ડુંગળી લીલી | ૧૬૦/૨૦૦ |
| બોર | ૯૦/૧૫૦ |

| | |
|---|---|
| **ગોઝારીયા** | |
| રાયડો | ૧૦૪૦/૧૦૮૦ |
| એરંડા | ૧૨૩૦/૧૨૩૭ |
| કપાસ | ૧૩૦૦/૧૪૫૬ |
| બાજરી | ૫૧૦ |
| ઘઉં | ૫૭૦/૬૪૧ |
| ગવાર | ૯૮૦/૯૯૦ |
| **કુકરવાડા** | |
| રાયડો | ૯૬૧/૧૧૦૦ |
| એરંડા | ૧૨૨૨/૧૨૫૧ |
| કપાસ | ૧૩૭૦/૧૪૯૪ |
| બાજરી | ૪૯૧ |
| ઘઉં | ૫૬૦/૭૦૧ |
| જુવાર | ૯૦૧/૯૨૬ |
| ગવાર | ૯૮૫/૧૦૦૪ |
| **પાટણ** | |
| જીરૂ | ૪૦૦૦/૪૧૫૧ |
| વરીયાળી | ૧૧૫૦/૧૫૪૧ |
| મેથી | ૮૦૦ |
| સુવા | ૧૨૦૦/૧૪૦૦ |
| રાયડો | ૧૦૦૫/૧૧૭૩ |
| સારસવ | ૧૨૭૦ |
| એરંડા | ૧૨૨૫/૧૨૮૫ |
| તલ | ૧૭૦૧ |
| ઘઉં | ૬૧૦/૭૫૧ |
| જુવાર | ૧૦૦૦/૧૦૪૦ |
| બાજરી | ૪૮૫/૫૮૩ |
| બંટી | ૫૫૦/૬૨૦ |
| રાજગરો | ૧૦૫૦/૧૨૧૨ |
| ર.બાજરી | ૫૮૫/૬૦૪ |
| અસાળીયો | ૧૯૮૦ |
| અડદ | ૯૫૦/૧૩૪૦ |
| ગવાર | ૯૫૦/૯૮૦ |
| કપાસ | ૧૧૫૧/૧૫૦૫ |
| **થરા** | |
| જીરૂ | ૩૯૦૦/૪૨૯૧ |
| એરંડા | ૧૨૫૮/૧૨૮૦ |
| રાયડો | ૧૦૬૦/૧૦૮૧ |
| ઘઉં | ૫૬૭/૬૯૧ |

| | |
|---|---|
| બાજરી | ૫૪૫/૬૦૫ |
| જુવાર | ૯૨૫/૯૯૧ |
| મગ | ૯૫૫/૯૫૫ |
| તલ | ૧૬૦૦/૧૭૪૫ |
| રાજગરો | ૧૦૧૫/૧૧૬૫ |
| કપાસ | ૧૩૩૦/૧૪૪૦ |
| રજકા બાજરી | ૬૫૧/૬૫૧ |
| **શિહોરી** | |
| બાજરી | ૫૪૦/૫૫૩ |
| રાજગરો | ૧૨૨૦/૧૨૩૫ |
| **કડી** | |
| ઘઉં | ૫૬૧/૬૭૦ |
| બાજરી | ૫૦૦/૫૩૬ |
| ડાંગર | ૩૪૫/૪૪૫ |
| મગ | ૧૩૯૯/૧૪૦૦ |
| મઠ | ૧૨૯૦/૧૫૧૦ |
| ગવાર | ૯૨૧/૯૬૦ |
| તુવેર | ૧૨૫૨/૧૫૦૦ |
| એરંડા | ૧૨૨૦/૧૨૫૦ |
| રાયડો | ૯૫૧/૧૦૮૩ |
| કપાસ | ૧૩૩૧/૧૪૭૧ |
| અડદ | ૧૧૬૦/૧૫૧૧ |
| ધાણા | ૭૩૧/૭૪૧ |
| **વિસનગર** | |
| જીરૂ | ૩૫૦૧/૩૫૦૧ |
| વરીયાળી | ૧૧૨૨/૬૧૦૦ |
| ઘઉં | ૬૦૦/૬૯૭ |
| જુવાર | ૬૦૦/૧૧૦૦ |
| બાજરી | ૪૮૦/૫૫૬ |
| મકાઈ | ૫૦૦/૫૦૦ |
| મગ | ૯૫૧/૧૦૦૧ |
| ચોળા | ૯૦૦/૯૦૦ |
| અડદ | ૧૦૦૦/૧૨૦૫ |
| ગવાર | ૮૫૦/૧૦૦૯ |
| રાયડો | ૯૬૫/૧૧૮૧ |
| એરંડા | ૧૧૮૦/૧૨૭૬ |
| કપાસ | ૧૨૫૦/૧૫૧૪ |
| **હિંમતનગર** | |
| મગફળી | ૧૦૧૦/૧૪૦૧ |

| | |
|---|---|
| એરંડા | ૧૨૨૦/૧૨૪૨ |
| ઘઉં | ૬૨૫/૭૦૨ |
| મકાઈ | ૪૯૦/૫૪૦ |
| ગવાર | ૯૦૦/૯૬૦ |
| કપાસ | ૧૨૯૦/૧૪૮૨ |
| સોયાબીન | ૭૭૦/૭૯૩ |
| **ડીસા** | |
| એરંડા | ૧૨૨૫/૧૨૭૦ |
| રાયડો | ૧૦૨૧/૧૧૪૧ |
| મગફળી | ૧૦૦૦/૧૧૦૦ |
| ઘઉં | ૫૮૭/૬૩૯ |
| બાજરી | ૫૫૦/૬૨૬ |
| રાજગરો | ૧૦૩૦/૧૨૬૮ |
| રજકા બાજરી | ૫૯૦/૫૯૦ |
| **તલોદ** | |
| મગફળી-૨૪ | ૯૫૦/૧૩૦૦ |
| એરંડા | ૧૨૪૧/૧૨૫૩ |
| રાઈ | ૯૫૦/૧૦૬૫ |
| ઘઉં | ૫૮૦/૬૧૫ |
| બાજરી | ૫૭૫/૬૨૫ |
| ગવાર | ૯૫૦/૧૦૦૩ |
| ડાંગર(જયા) | ૪૬૫/૫૪૯ |
| **હસરોલ** | |
| કપાસ | ૧૪૦૦/૧૪૫૬ |
| **વિરમગામ** | |
| ડાંગર-ગુજરી | ૩૩૪/૪૮૧ |
| ડાંગર-મોતી | /૩૭૪ |
| એરંડા | ૧૨૧૫/૧૨૩૬ |
| ઘઉં | ૬૦૦/૬૦૮ |
| જીરૂ | /૩૬૯૦ |
| કપાસ | ૧૨૨૪/૧૪૪૩ |
| તુવેર | ૧૩૮૯/૧૪૪૧ |
| રાયડો | ૮૮૦/૯૯૨ |
| મઠ | ૯૨૨/૧૩૭૧ |
| **સિધ્ધપુર** | |
| સારસવ | ૧૨૭૦/૧૩૧૬ |
| રાયડો | ૯૪૩/૧૧૭૦ |
| એરંડા | ૧૨૩૬/૧૨૭૪ |
| ગવાર | ૯૦૦/૧૦૦૧ |

| | |
|---|---|
| ઘઉં | ૫૮૦/૬૭૭ |
| બાજરી | ૪૫૦/૬૨૨ |
| જુવાર | ૧૦૦૪/૧૧૫૧ |
| કપાસ | ૧૨૯૦/૧૫૨૯ |
| **પ્રાંતિજ** | |
| એરંડા | ૧૨૨૫/૧૨૫૦ |
| ઘઉં | ૫૪૦/૫૯૦ |
| બાજરી | ૫૨૦/૫૭૦ |
| ડાંગર-ગુજરી | ૪૭૦/૫૩૫ |
| **સલાલ** | |
| ઘઉં | ૫૧૦/૫૬૫ |
| બાજરી | ૫૦૦/૫૩૦ |
| ડાંગર-ગુજરી | ૪૮૦/૫૪૦ |
| **ચાણસ્મા** | |
| કપાસ | ૧૦૫૯/૧૩૫૨ |
| એરંડા | ૧૨૩૦/૧૨૬૭ |
| રાયડો | ૯૫૫/૧૦૮૪ |
| **બાવળા** | |
| ગુજરાત-૧૭ | ૪૦૦/૪૧૧ |
| આઈ.આર.૮ | ૪૧૧/૫૮૨ |
| ટુંકડા દેશી | ૫૮૦/૭૦૩ |
| એરંડા | ૧૨૩૬/૧૨૭૦ |
| રાઈ | ૯૩૭/૯૪૨ |
| તલ | ૧૫૦૦ |
| **દહેગામ** | |
| બાજરી | ૫૫૦/૫૭૫ |
| ઘઉં | ૫૭૦/૫૮૨ |
| ડાંગર | ૪૮૦/૫૩૫ |
| ગવાર | ૯૫૦/૧૦૦૦ |
| અડદ | ૧૨૭૦/૧૪૪૧ |
| રાયડો | ૧૦૦૦/૧૦૦૧ |
| એરંડા | ૧૨૧૫/૧૨૩૦ |
| **ઉનાવા** | |
| કપાસ | ૧૧૦૦/૧૫૩૩ |
| એરંડા | ૧૨૨૩/૧૨૭૪ |
| રાયડો | ૯૦૦/૧૧૩૧ |
| **કલોલ** | |
| ઘઉં | ૬૦૦/૬૫૦ |

| | |
|---|---|
| એરંડા | ૧૨૩૫/૧૨૫૦ |
| ગવાર | ૯૭૬/૯૯૧ |
| બાજરી | ૪૫૦/૫૧૫ |
| રાયડો | ૯૦૦/૧૦૭૨ |
| ડાંગર-ગુજ | ૪૦૦/૪૩૦ |
| **હારીજ** | |
| રાયડો | ૧૦૦૦/૧૧૧૫ |
| એરંડા | ૧૨૩૧/૧૨૭૦ |
| ઘઉં | ૫૬૧/૬૬૧ |
| ગવાર | ૮૮૦/૯૭૫ |
| ચણા | ૧૦૮૦/૧૧૧૫ |
| ચોળા | ૧૩૮૦/૧૫૦૧ |
| જીરૂ | ૩૮૫૦/૪૧૫૦ |
| ઈસબગુલ | ૨૧૫૦/૨૩૪૧ |
| મેથી | ૮૮૦/૯૬૦ |
| અસેરીયો | ૨૦૦૦ |
| કપાસ | ૧૨૪૦/૧૩૫૧ |
| **બેચરાજી** | |
| એરંડા | ૧૨૪૦/૧૨૫૫ |
| રાયડો | ૧૦૦૦/૧૧૩૧ |
| બીટી-કપાસ | ૧૦૦૦/૧૩૩૫ |
| ઘઉં | ૫૭૦/૫૯૩ |
| તુવેર | ૧૨૯૦/૧૪૯૪ |
| ગવાર | ૯૨૦/૯૨૫ |
| **ધ્રાંગધ્રા એપીએમસી** | |
| કપાસ | ૯૫૦/૧૨૦૦ |
| એરંડા | ૧૨૦૦/૧૨૩૬ |
| રાઈ | ૧૦૮૦/૧૨૫૪ |
| ધાણી | ૧૦૮૧/૧૬૩૪ |
| તુવેર | ૧૨૧૧/૧૩૮૬ |
| રાઈડો | ૧૦૯૦ |
| જીરૂ | ૩૯૧૧ |
| ચણા | ૧૦૫૩ |
| મગફળી | ૯૩૫ |
| **પાટડી એપીએમસી** | |
| એરંડા | ૧૨૦૪/૧૨૧૦ |
| જીરૂ | ૩૭૫૦/૪૧૦૦ |
| તુવેર | ૧૩૫૦/૧૪૮૧ |
| ચણા | ૧૦૯૦/૧૧૧૦ |

### અમદાવાદના વિવિધ બજારો

| | |
|---|---|
| **(સોના-ચાંદી બજાર)** | |
| ચાંદી ચોરસા | ૯૩,૫૦૦/૯૫,૫૦૦ |
| ચાંદી રૂપું | ૯૩,૩૦૦/૯૫,૩૦૦ |
| ચાંદી સિક્કા જુના (૧ નંગ) | ૧૦૦૦/૧૨૦૦ |
| સોનું સ્ટાન્ડર્ડ (૯૯.૯) | ૮૮,૦૦૦/૮૮,૫૦૦ |
| સોનું તેજાબી (૯૯.૫) | ૮૭,૭૦૦/૮૮,૨૦૦ |
| સોનું હોલમાર્ક | ૮૬,૭૩૦ |
| **(તેલ બજાર)** | |
| સિંગતેલ જૂના ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૩૦૦ |
| સિંગતેલ નવા ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૪૫૦/૨૫૫૦ |
| સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) | ૨૩૫૦ |
| કપા. જૂનો ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૧૭૦ |
| કપા. નવા ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૨૭૦/૨૩૭૦ |
| રાઈસ બ્રાન્ડ તેલ (૧૫ લીટર) | ૨૩૫૦ |
| સોયાબીન નવા | ૨૧૦૦/૨૩૫૦ |
| દિવેલ | ૨૨૦૦ |
| પામોલીન જૂનો ડબ્બો (૧૫ કિ.) | ૨૧૭૦ |
| પામોલીન નવો ડબ્બો | ૨૩૦૦ |
| કોપરેલ | ૩૭૨૦ |
| વનસ્પતિ ઘી | ૨૩૨૦/૨૪૯૦ |
| સરસિયું મોળું | ૨૨૩૦ |
| સરસિયું તીખુ | ૨૩૮૦ |
| સનફ્લાવર(૧૫લિટર) | ૨૨૫૦ |
| મકાઈ તેલ | ૨૧૫૦ |
| કપાસિયા (૫ લિટર) | ૭૨૦/૭૬૦ |
| સિંગતેલ (૫ લિટર) | ૭૭૦/૭૯૦ |
| **ચીમનભાઈ માર્કેટ (૨૦ કિલોના ભાવ)** | |
| બટાટા દેશી | ૧૨૦/૨૪૦ |
| બટાટા ડીસા | ૧૩૦/૨૬૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૪૦૦/૭૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૫૬૦/૭૪૦ |

| | |
|---|---|
| **(સરદાર પટેલ માર્કેટ) (૨૦ કિલોના ભાવ)** | |
| રીંગણ | ૧૨૦/૪૦૦ |
| રવૈયા | ૧૪૦/૯૦૦ |
| કોબીજ | ૪૦/૧૦૦ |
| ફુલાવર | ૧૦૦/૨૪૦ |
| વાલોર | ૨૦૦/૪૦૦ |
| ટામેટા | ૬૦/૧૬૦ |
| દૂધી | ૧૦૦/૩૦૦ |
| તુવેર | ૫૦૦/૧૦૦૦ |
| વટાણા | ૩૦૦/૪૪૦ |
| સરગવો | ૬૦૦/૧૧૦૦ |
| ભીંડા | ૭૦૦/૧૦૦૦ |
| કાકડી | ૧૦૦/૩૦૦ |
| કારેલા | ૫૦૦/૭૦૦ |
| ગવાર | ૯૦૦/૧૬૦૦ |
| ચોળી | ૬૦૦/૧૭૦૦ |
| ગીલોડા | ૪૦૦/૧૪૦૦ |
| મરચાં દેશી | ૨૦૦/૫૦૦ |
| મરચાં ગોલર | ૧૦૦/૨૦૦ |
| લીંબુ | ૮૦૦/૧૨૦૦ |
| આદુ | ૭૦૦/૮૪૦ |
| બીટ | ૧૪૦/૨૪૦ |
| ગાજર | ૧૪૦/૨૪૦ |
| મેથી | ૧૪૦/૫૦૦ |
| કોથમીર | ૧૨૦/૨૪૦ |
| લીલા ચણા | ૬૦૦/૭૦૦ |
| **(એપીએમસી ફૂલ બજાર)** | |
| ગુલાબ (૧ કિલો) | ૬૦/૮૦ |
| ટગર | ૪૦૦/૫૦૦ |
| ડમરો (૧ કિલો) | ૧૫/૨૦ |
| પારસ (૧ કિલો) | ૧૫૦/૨૦૦ |
| લીલી (૧ જૂડી) | ૨/૩ |
| હજારીગલ(૨૦ કિલો) | ૬૦૦/૭૦૦ |
| ડેઝી (૨૦ કિલો) | ૩૦૦/૪૦૦ |

**કમિશનર શાલિની અગ્રવાલ 2024-25નું રિવાઇઝ્ડ અને 2025-26નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરશે**

# આજે પાલિકાનું બજેટ : અધૂરા કામોનો પડકાર, નવા સપનાંઓનો ભાર નક્કી થશે

## નવા બજેટનો આંક સંભવતઃ 9 હજાર કરોડને પાર કરશે : આઇકોનિક પ્રોજેક્ટોને પ્રાધાન્ય અપાશે

। સુરત ।

ડાયમંડ નગરી અને ટેક્સ્ટાઇલ હબ તરીકે જાણીતા સુરત શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે તેજ ગતિએ કામ થઈ રહ્યું છે. એવામાં મેટ્રો સિટી, બુર્સ સિટી, ગ્રોથ હબ તરીકે નામના મેળવી ચૂકેલા સુરત શહેરને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે મહાનગરપાલિકા તંત્ર પ્રયાસ કરશે. પાલિકા કમિશનર શાલિની અગ્રવાલ આજે બુધવારે ૨૦૨૪-૨૫નું રિવાઈઝ્ડ બજેટ અને ૨૦૨૫-૨૬નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરી તેને ચૂંટાયેલી પાંખને સુપરત કરશે.

છેલ્લા બે મહિનાથી પાલિકાના વહીવટી તંત્ર દ્વારા બજેટ તૈયાર કરવા માટે કમર કસવામાં આવી રહી છે. સામાન્યપણે જાન્યુઆરી માસના અંતિમ અઠવાડિયામાં બજેટ રજૂ કરી દેવામાં આવે છે. જોકે, આ વખતે વોર્ડ નંબર-૧૮ની પેટાચૂંટણી હોય ચૂંટણી આચારસંહિતાનું ગ્રહણ નડી ગયું હતું. દરમિયાન મંગળવારે ચૂંટણી પરિણામો આવી ગયા બાદ બુધવારે તુરંત કમિશનર દ્વારા બજેટ રજૂ કરવાની તૈયારી કરી દેવાઈ છે. દરમિયાન ચાલુ વર્ષે અનેક આઈકોનિક પ્રોજેક્ટો નિર્માણાધીન હોય તેને પ્રાધાન્ય આપવાની શક્યતા સેવાઇ રહી છે. પાલિકાનું વહીવટી ભવન, ડુમસ સી ફેસ પ્રોજેક્ટ, બરેજ પ્રોજેક્ટ, ફ્લડ કંટ્રોલ સ્ટ્રક્ચર જેવા પ્રોજેક્ટો, કામગીરી આગળ ધપાવવામાં આવે એવી શક્યતા છે. વધુમાં, ગત વર્ષે ૮૭૧૮ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું હતું. જ્યારે ૪૧૨૧ કરોડના કેપિટલ ખર્ચનો અંદાજ સેવાયો હતો. તે સામે હમણાં સુધીમાં ૨૩૦૦ કરોડનો ખર્ચ થયો હોય માર્ચ-૨૦૨૫ સુધીમાં તે આંકડો ૩૪૦૦ કરોડને પાર કરી જશે એવો મત અપાઈ રહ્યો છે.

### આજે સ્થાયી સમિતિમાં માત્ર કર-દરની દરખાસ્ત રજૂ થશે

મહાનગરપાલિકા માટે આવનારું નાણાકીય વર્ષ ચૂંટણીનું વર્ષ છે. વોર્ડ, કોર્પોરેટરોની ચૂંટણી હોય કર-દરનું માળખું યથાવત્ રહેવાની પૂરેપૂરી શક્યતા સેવાઇ રહી છે. પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ, વહીવટી તંત્ર દ્વારા કર-દરમાં વધારાની દરખાસ્ત રજૂ કરવામાં આવે તો પણ શાસકો દ્વારા નકારી કાઢવામાં આવે એવી સંભાવના છે. વધુમાં, ૨૦ ફેબ્રુઆરી સુધીમાં રાજ્ય સરકારને કર-દરની દરખાસ્ત રજૂ કરવી પડે એમ હોય સંભવતઃ બુધવારે સાંજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં માત્ર કર-દરની દરખાસ્ત રજૂ કરી દેવાઇ એવું પણ માનવામાં આવી રહ્યું છે. વધુમાં, પાલિકા કમિશનર શાલિની અગ્રવાલ દ્વારા વાસ્તવિક બજેટ પર વધુ ભાર મુકાયો છે. ખરેખર ફ્લોર પર આવી શકે એવા પ્રોજેક્ટોને જ બજેટમાં સ્થાન આપવાનો પ્રયાસ કરાયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

### કેપિટલ ખર્ચના લક્ષ્યાંક મુદ્દે પડકાર સામે પ્રતિષ્ઠાની લડાઇ

પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ, ગત વર્ષે ફેબ્રુઆરીમાં પ્રથમ પખવાડિયાના અંત સુધીમાં ૨૫૦૦ કરોડનો કેપિટલ ખર્ચ થયો હતો. તે પૈકી ચાલુ વર્ષે હમણાં સુધીમાં કેપિટલ ખર્ચ ૨૨૦૦ કરોડને પાર થયો છે. એટલે કે ગત વર્ષની સરખામણીએ હજુ પણ કેપિટલ ખર્ચમાં ૨૫૦ કરોડનો તફાવત છે. આ સિવાય ચાલુ વર્ષે મિલકતવેરા પેટે ૨૩૦૦ કરોડની આવકના અંદાજ સામે ૧૪૦૦ કરોડથી વધુની આવક થઇ છે. ગત વર્ષે રિવાઇઝ્ડ બજેટમાં ૩૨૦૩ કરોડના કેપિટલ ખર્ચની જોગવાઇ કરાઇ હતી. ચાલુ વર્ષે તે આંકડો ૩૪૦૦ કરોડને પાર કરવાનો લક્ષ્યાંક હોય તંત્ર માટે અનેક પડકારો ઊભા થઇ શકે એમ છે. દરમિયાન કેપિટલ ખર્ચનો લક્ષ્યાંક પાર પાડવો એ પાલિકા તંત્ર માટે પડકારની સાથે પ્રતિષ્ઠા સમાન હોવાનું માનવામાં આવી રહ્યું છે.

### પાલિકાના આ આઇકોનિક પ્રોજેક્ટો આગળ ધપાવાશે

૧. વહીવટી ભવન : ૧૫૮૬ કરોડનો આઇકોનિક બિલ્ડિંગ પ્રોજેક્ટ હાલમાં નિર્માણાધીન છે. વહીવટી ભવન અને બેરેજ માટે સંયુક્ત રીતે ૫૫૦ કરોડ ફાળવાયા હતા. વધુ રકમની જોગવાઇ સાથે બન્ને પ્રોજેક્ટ આગળ ધપાવાશે.

૨. કન્વેન્શનલ બેરેજ પ્રોજેક્ટ : ૮૨૫ કરોડના પ્રોજેક્ટ માટે ચાલુ નાણાકીય વર્ષમાં ૧૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. પ્રોજેક્ટના ભાગરૂપે ડુમસ રોડ પર ૬૦ મીટર લંબાઇનો સ્ટીલનો પ્લાન બનાવવા આયોજન કરાયું હતું.

૩. ફલડ કંટ્રોલ સ્ટ્રક્ચર : ૪૪૦ કરોડનો અંદાજ સેવાયો હતો. કોઝવેથી બેરેજ સુધી ૧૦ કિ.મી. સુધીના વિસ્તારમાં બન્ને કાંઠે ફલડ કંટ્રોલ સ્ટ્રક્ચર બનાવવાનું આયોજન કરાયું હતું. તે માટે બજેટમાં જોગવાઇ કરવાની શક્યતા છે.

૪. ડુમસ સી ફેસ : આ પ્રોજેક્ટ માટે ૧૦૦ કરોડનું બજેટ ફાળવાયું હતું. આધુનિક થીમ પાર્ક-ઇકો ટૂરિઝમ પાર્ક બનશે. તેમાં સ્પોર્ટ્સ એક્ટિવિટી, બીચ એક્ટિવિટી રહેશે. આ પ્રોજેક્ટ ઝડપથી આગળ ધપાવાશે.

### ૨૦૨૪-૨૫ના ડ્રાફ્ટ બજેટ પર નજર

અંદાજિત બજેટ : 8718 કરોડ
કેપિટલ બજેટ : 4121 કરોડ
કેપિટલ આવક : 3309 કરોડ
રેવન્યૂ આવક : 5025 કરોડ
રેવન્યૂ ખર્ચ : 4597 કરોડ

---

દિલ્હીના કાર્યક્રમમાં પીએમ અને સુરતના યુવાનનો વીડિયો વાઇરલ

# ..અને વડાપ્રધાન મોદીએ સુરતના ઋષિને પૂછ્યું કે, આ શું વગાડ્યું..?

## સુરતના યુવાનને જોઇ વડાપ્રધાને ગુજરાતીમાં ખબરઅંતર પૂછ્યા

। સુરત ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશ-વિદેશમાં યોજાતા વિવિધ કાર્યક્રમમાં ગુજરાતી લોકોને મળીને તેમને ખબરઅંતર પૂછતા હોવાના, ગુજરાતી બોલીમાં વખાણ કરતા હોવાના, પ્રોત્સાહન આપતા હોવાના કિસ્સા સમયાંતરે ચર્ચામાં આવે છે. આવા જ એક કિસ્સામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતના યુવાન ઋષિને જોઈને 'શું વગાડ્યું છે..' એવું બોલી ઉઠ્યા હતા. દિલ્હીના એક કાર્યક્રમમાં વડાપ્રધાન અને સુરતના યુવાનનો આ વિડીયો સોશિયલ મિડીયામાં વાઈરલ થયો હતો. કાર્યક્રમમાં સુરતના યુવાનને જોઈ વડાપ્રધાને ગુજરાતી બોલીમાં ખબરઅંતર પૂછ્યા હતા.



દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં અનેક યુવા સાહસિકોએ ભાગ લીધો હતો. દિલ્હીમાં ભારત મંડપ ખાતે એક એક્ઝીબીશન યોજાયું હોવાનું જાણવા મળ્યું હતું. આ એક્ઝીબીશનમાં સુરત સહિત ગુજરાતના પણ અનેક યુવા ઉદ્યોગપતિ, યુવા સાહસિકોને રસ પડ્યો હોય ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિ હોય હાજર સૌકોઈમાં ઉમંગ દેખાયો હતો. જોકે, કાર્યક્રમમાં પ્રવેશ વેળાએ જ સુરતના એક યુવા સાહસિક ઋષિ અને વડાપ્રધાન મોદી વચ્ચેની માંડ પાંચ સેકન્ડના વાર્તાલાપનો વિડીયો સોશિયલ મિડીયામાં વાઈરલ થયો હતો. કાર્યક્રમમાં વડાપ્રધાન પ્રવેશ રહ્યા હતા ત્યારે જ યુવાને 'મોદી સાહેબ.., હું ઋષિ સુરતથી..

' એવું બોલ્યો હતો. તેના જવાબમાં તુરંત જ વડાપ્રધાન મોદી ગુજરાતીમાં બોલ્યા હતા કે, 'શું વગાડ્યું છે..?'. તેમના જવાબમાં યુવાને 'ફ્રેક્ચર થયું છે..' એવો સૂર આલાપ્યો હતો. આ નાનકડી વાતચીતમાં વડાપ્રધાનનું ગુજરાતીપણું છલકાતું હોય સોશિયલ મિડીયામાં વિડીયો વાઈરલ થયો હતો.

---

# રોકાણની નકલી વેબસાઈટ બનાવી CA માર્શલ સરખેડીએ લાખોનું ફુલેકું ફેરવ્યું

## સેબીના લાઈસન્સ વિના સ્ટેલોન વેલ્થ અને ઈક્વિટલ ડેલ્ટાની નકલી વેબસાઈટ બનાવી

। સુરત ।

પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસના નામે સ્ટેલોન વેલ્થ, ઈક્વિટી એસેટ, ઈક્વિટલ ડેલ્ટા એલ.એલ.પી. નામની વેબસાઈટ બનાવી હીરાબાગના સી.એ. માર્શલ સરખેડા અને તેના પરિવારે સી.એ.ના જ પરિવારના છ સભ્યોનું લાખોનું કરી નાંખ્યું હતું.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે કાપોદ્રા સાગર સોસાયટીમાં રહેતા નરેન્દ્ર ઘુસા બાથાણી વરાછા રોડ પર એપેક્ષ કમર્શિયલ સેન્ટરમાં સી.એ.ની ઓફિસ ધરાવે છે. હમ વ્યવસાયી હોઈ કાપોદ્રા ચિત્રકૂટ સોસા.,માં રહેતા માર્શલ કનુ સરખેડી પાંચ વર્ષ પહેલા મિત્રતા થઈ હતી. પોતે તથા પત્ની નિધિ, માતા રસિલાબેન અને પિતા કનુભાઈ સાથે મળીને તેઓ પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસ ચલાવે છે. મ્યુચ્યુઅલ ફંડની રોકાણ કરાવતી કંપનીઓની જેમ તેમની કંપની પણ માન્ય હોવાનું જણાવી સ્ટેલોન વેલ્થ અને ઈક્વિટલ ડેલ્ટા એલ.એલ.પી.માં રોકાણ કરવા ઓફર કરી હતી.

નરેન્દ્રભાઈએ તો રોકાણ કર્યું હતું. પોતાની સાળી, સસરાને પણ રોકાણ કરાવડાવ્યું હતું. બધું મળીને છ સભ્યોએ ૧.૧૩ કરોડનું રોકાણ માર્શલની કંપનીમાં કર્યું હતું. રોકાણ સામે જંગી નફો બતાવતી આ કંપનીઓમાં ફંડ ટ્રાન્સફર કરવાની કોશિશ કરતાં તે ઉપાડી શકાતા ન હતા. તપાસ કરતાં સેબીના લાઈસન્સ વિના જ બનાવટી વેબસાઈટ ખોલી છેતરપિંડી કરવામાં આવ્યાનો ખ્યાલ આવતાં મામલો કાપોદ્રા પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે છેતરપિંડીની કલમ અંતર્ગત ગુનો નોંધી ઈન્સ્પેક્ટર એમ.બી. ઔસુરાએ તપાસ હાથ ધરી છે.

### રોકાણ સામે વેબસાઇટ પર જંગી નફો બનાવી ગેરમાર્ગે દોર્યા

નરેન્દ્ર બાથાણી અને તેના પરિવારના બીજા પાંચ સભ્યોએ કુલ ૧.૧૩ કરોડનું રોકાણ કર્યું હતું. તેની સામે નફા સાથે આ રકમ ૧.૫૫ કરોડ બતાવતી હતી. ૪૨ લાખનો જંગી નફો થતાં આ પરિવારે નાણાં ઉપાડવાની કોશિશ કરી હતી, પરંતુ તે ઉપડતા ન હતા. તપાસ કરતાં આ ટોળકીએ બનાવટી વેબસાઇટ બનાવી ખોટી રીતે ઊંચો નફો અપડેટ કરી લોકોને છેતરતાં હોઇ પોલીસે આઇ.ટી. એક્ટ પણ ઉમેરી હતી.

---

સપ્ટેમ્બરમાં તૈયાર થયેલા પાર્ટી પ્લોટનો ઉપયોગ ન થતાં પાલિકાને નુકસાન

# અણઘડ આયોજન : કતારગામનો પાર્ટી પ્લોટ લગ્નસિઝનમાં 4 મહિના પડી રહ્યો

## ધારાસભ્યએ છ મહિનામાં વારંવાર રજૂઆત કરી, છતાં તંત્ર બેપરવા રહ્યું

। સુરત ।

સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો અને ઝોનમાં કામગીરી કરવામાં અખાડા કરાતા હોવાની અથવા તો વેઠ ઉતારવામાં આવતી હોવાની ફરિયાદ, કિસ્સા સમયાંતરે બને છે. આવા જ એક કિસ્સામાં કતારગામ વિસ્તારમાં તૈયાર થઈ ગયેલો પાર્ટી પ્લોટ લગ્નસિઝનમાં ચાર મહિના સુધી પડી રહ્યો હોવાનું નોંધાયું છે. પાર્ટી પ્લોટના ભાડા નક્કી કરવાની ભાગદોડમાં ચાર મહિના સુધી પ્લોટનો ઉપયોગ ન થતાં પાલિકાને મોટું આર્થિક નુકસાન થયું છે. સમગ્ર કિસ્સામાં ધારાસભ્ય વિનુ મોરડિયાએ આકરા તેવર દર્શાવતા પાલિકા કમિશનરનું ધ્યાન દોરી વિગતવાર માહિતી આપવાનો સૂર આલાપ્યો છે.

કતારગામ વિધાનસભા બેઠકના ધારાસભ્ય વિનુ મોરડિયાની લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ, કતારગામમાં ટી.પી. ૩૫ ફાઈનલ પ્લોટ ૧૨૬માં બનાવવામાં આવેલો પાર્ટી પ્લોટ સપ્ટેમ્બર માસથી તૈયાર હતો. તેમ છતાં પણ ભાડે આપવા માટે ખુલ્લો મુકાયો નથી. કયા કારણોસર કતારગામ વિસ્તારમાં લગ્નની સિઝન શિયાળામાં એટલે કે ઠંડીમાં દિવાળી પછીના ચાર મહિના એ આખી સિઝન દરમિયાન તૈયાર કરેલા પાર્ટી પ્લોટ શહેરની જનતાને ઉપયોગમાં ન આવ્યો તેમજ સુરત મહાનગરપાલિકાને લાખો રૂપિયાનું નુકસાન પણ ગયું છે. તો તેના માટે જવાબદાર કોણ એ પ્રશ્ન છે. ખુદ છ મહિનાથી વારંવાર મેયરને ધ્યાન દોર્યું છે અને મેયરે પણ અધિકારીઓનું ધ્યાન દોર્યું હોવા છતાં આ ગંભીર પ્રકારની બેદરકારી દાખવીને સુરત મહાનગરપાલિકાને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. તેના માટે જવાબદારી કોની બને એ બાબતે વિગતવાર જવાબ આપશો. વધુમાં, દિવાળી પહેલા ખાતમુહૂર્તમાં પણ પાર્ટી પ્લોટનું નામ હોવા છતાં તેને ખુલ્લો મુકાયો ન હતો.

### વર-કન્યા પક્ષને હવે જંત્રી પ્રમાણે ભાડા નક્કી કરતા ઊંચા ભાડા ચૂકવવા પડે તેવી નોબત

પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં નવી પોલિસી પ્રમાણે નિર્ધારીત થયેલા પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલના ભાડાને મંજૂરી આપી દેવામાં આવી છે. જોકે, તેમાં જંત્રી પ્રમાણે ભાડા નક્કી કરતા વર-કન્યા પક્ષને ઊંચા ભાડા ચૂકવવાની નોબત આવે એમ છે. આ બાબતે પણ ધારાસભ્યે આકરણી પ્રમાણે ભાડું નક્કી કરવાની માંગણી કરી છે. તેમની લેખિત રજૂઆત મુજબ, કતારગામ અને અન્ય વિસ્તારમાં બનાવવામાં આવેલા નવા પાર્ટી પ્લોટમાં જંત્રી પ્રમાણે ભાડા નક્કી કરાયા છે. આ ભાડા જૂના પાર્ટી પ્લોટ કરતા ઊંચા છે. સુરતમાં જેટલા પાર્ટી પ્લોટ છે, તેમાં આકરણી આધારીત ભાડું નક્કી કરવું જોઇએ અથવા તો મહાનગરપાલિકાના જેટલા પાર્ટી પ્લોટ છે, તેમાં મીટર અથવા તો સ્ક્વેરફૂટ આધારીત એક સમાન ભાવ રાખવા જોઇએ.

---

# ડિંડોલીમાં આઠ વર્ષના બાળક પર રખડતા કૂતરાનો હુમલો

## પગના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ ખસેડાયો

। સુરત ।

ડિંડોલી વિસ્તારમાં રખડતા કૂતરાનો આતંક સામે આવ્યો છે. જેમાં ૮ વર્ષના બાળક ઉપર હુમલો કરતા બાળકને ઈજાઓ પહોંચી હતી. બાળકને સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.



શહેરના વિવિધ વિસ્તારમાં રખડતા કૂતરાનો આતંક વધતો જઈ રહ્યો છે. શહેરમાં મહાનગરપાલિકા રસીકરણ અને ખસીકરણની વાતો કરી રહી છે, પરંતુ હકીકત કંઈક અલગ જ છે. ડિંડોલી વિસ્તારમાં ઘર પાસે રમતા ૮ વર્ષીય પરેશ દિલીપ રાજપૂત મંગળવારે સાંજે મહાદેવના મંદિરે ગયો હતો, જ્યાંથી ઘરે પરત ફરતી વેળા ઘર પાસે પરેશ પહોંચતા રખડતા કૂતરાઓએ તેના પર હુમલો કર્યો હતો. પરેશના પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. સ્થાનિકો દોડી આવી કૂતરાને ભગાડ્યા હતા. ત્યાર બાદ ઈજાગ્રસ્ત પરેશને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં તેની સારવાર કરવામાં આવી રહી છે. શહેરના વિવિધ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રખડતા કૂતરાનો આતંક સામે આવી રહ્યો છે, ત્યારે પાલિકાની કામગીરી સામે લોકો શંકા વ્યક્ત કરી રહ્યા છે.

---

# સ્મીમેર હોસ્પિટલમાં કેસ પેપરને લઈ સગર્ભા દર્દીને હાલાકી પડી

## કેસ પેપર સમયસર નહીં નીકળતા દર્દીને ધક્કા ખાવાનો વારો

। સુરત ।

પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં ઈમરજન્સી વિભાગમાં કેસ બારી પર ટેકિનિકલ ખામી સર્જાય હતી. જેને પગલે કેસ પેપરને લઈ ગર્ભવતી મહિલા સહિતા દર્દીઓએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

મળતી વિગત મુજબ ડિંડોલીમાં નવાગામના રાધા ક્રિષ્ણા નગરમાં રહેતી બબીતા સોનું કુમાર શર્માને સાત માસનો ગર્ભ હોવાથી મંગળવારે સવારે પ્રસૂતિની પીડા ઉપડતા સારવાર માટે૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. દરમિયાન સ્મીમેરના ઈમરજન્સી વિભાગ પાસેની બારી પરથી કેસ પેપર કઢાવવા ૧૦૮ના સ્ટાફ જતા કોમ્પ્યુટર અને પ્રિન્ટરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હોવાથી કેસ પેપર સમયસર નીકળવામાં સમસ્યા આવી રહી હતી. અંતે કેસ પેપર નીકળતા સારવાર શરૂ કરવામાં આવી હતી. જોકે, આ મામલે બબીતાના પરિવારે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, બબીતાને પ્રસૂતિની પીડા થતા મંગળવારે સવારે સ્મીમેરમાં લાવ્યા હતા. પરંતુ ઈમરજન્સી વિભાગમાં બારી પરથી કેસ પેપર નહીં મળ્યું હોવાથી ૧૦૮ના કર્મચારીએ સ્ટ્રેચર ઉપર સગર્ભાને પહેલા માળે લઈ ગયા હતા. ત્યાં પણ કોઈ સારવાર નહીં મળી હતી. બાદમાં ગાયનેક વિભાગની ઓપીડીમાં લઇ ગયા હતા. જ્યા અન્ય કેસ બારી પરથી કેસ પેપર કઢાવીને ડોક્ટર પાસે લઇ જવા જણાવ્યું હતું. આમથી તેમ ધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

---

# ડુમસ દરિયા કિનારે મંદિર પાસે 60 વર્ષીય વૃદ્ધે ઝેર પી આપઘાત કરી લીધો

## કતારગામના 60 વર્ષીય વૃદ્ધ, ઉધનાનો શ્રમિક અને ડિંડોલીના યુવકે જીવન ટૂંકાવ્યું

। સુરત ।

મહેસાણાના ઊંઝાના વતની અને કતારગામ વિસ્તારમાં આવેલી ઉદયનગર સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય જયંતિભાઈ હીરાભાઈ પ્રજાપતિ નાના પુત્ર અને પુત્રવધૂ સાથે રહેતા હતા. જયંતિભાઈનો પુત્ર પાલિકામાં છાપરાભાઠામાં પ્રાઈમરી હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવે છે. જ્યારે તેમની પુત્રવધૂ સરકારી શાળામાં શિક્ષક છે. દર રવિવારે જયંતિભાઈ ઘરેથી સવારે ફરવા નીકળી જતા હોય છે. ૧૬મીએ રવિવારે પણ જયંતિભાઈ ઘરેથી ફરવા નીકળી ગયા હતા. જોકે જયંતિભાઈની શોધખોળ કરતા ભાળ ન મળતા પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ કરતા ડુમસના દરિયાકિનારે આવેલા ગણેશ મંદિર પાસેથી જયંતિભાઈ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. ત્યારબાદ તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેઓએ ઝેરી દવા પી લીધી હોવાની જાણ થઈ હતી. વધુ સારવાર અર્થે જયંતિભાઈને સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં તેમનું સોમવારે રાત્રે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બીજા બનાવમાં મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ઉધના વિસ્તારમાં કલ્યાણ કુટિરમાં રહેતા સંજય રામદાસ ચૌધરી (ઉ.વ.૪૫) કલરકામ કરી પત્ની અને એક પુત્ર તથા એક પુત્રી સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. દરમિયાન મંગળવારે સવારે ઘરે છતની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ત્રીજા બનાવમાં ડિંડોલી વિસ્તારમાં શિવાંગીનગરમાં રહેતા રામચંદ્ર કલ્લા યાદવ (ઉ.વ. ૩૫) કાપડ માર્કેટમાં મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રામચંદ્રએ મંગળવારે સવારે ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી જીવન ટૂંકાવી લીધું હતું.

---

# હોટેલિયરના નામે પાંચ લોન-ક્રેડિટ કાર્ડ લઈ 25 લાખનું ફુલેકું

સુરત : કાપોદ્રા સત્યનારાયણ સોસાયટીમાં રહેતા રમેશ ઘુસા સોડવડિયા ગોકુળ ડાયનિંગ હોલના નામે લોજ ચલાવે છે. ૨૦૨૦માં તેમને ત્યાં મોટા વરાછા, કૈલાસ હાઈટ્સમાં રહેતો સાગર સુતરીયા જમવા આવતો હતો. પોતે બેંકમાં નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. પોતાને નાણાંની જરૂર હોઈ આ હોટેલિયરના નામે લોન લેવા માંગતો હોવાનું જણાવતાં રમેશભાઈએ મિત્રતા નિભાવવા મંજૂરી આપી હતી. એક્સિસ, હોમક્રેડિટ, એલએન્ડટી ફાઈનાન્સ, મની વ્યૂ પર્સનલ અને બજાજ ફાઈનાન્સમાંથી ૧૭.૩૫ લાખની લોન લઈ લીધી હતી. એટલું જ નહિ બીજી પાંચ બેંકોના ક્રેડિટ કાર્ડ મેળવી તેનાથી ૭.૭૭ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. ૨૫ લાખથી વધુનું કૌભાંડ કરી વતન ભાગી ગયેલા સાગર સુતરીયા અને તેના ભાઈ ચિંતન સુતરીયાએ બીજા બે વ્યક્તિ વિરેન માલવિયાનું ૩૪.૮૫ લાખનું અને નીરજ ક્યાડાનું ૫.૮૮ લાખનું લોન કૌભાંડ કર્યું હોવાનું બહાર આવતાં બંને ભાઈઓ વિરુદ્ધ ૬૫.૭૫ લાખની છેતરપિંડી બદલ ગુનો નોંધાયો છે.

---

## ક્રાઇમ ડાયરી

### ચીટિંગના ગુનામાં કાપડ દલાલ ફિરોઝ પરિયાણી પકડાયો

સુરત : ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે અડાજણ પાટિયા પાસે, બાપુનગરથી ફિરોઝ રહીમ પરિયાણી (ઉ.વ. ૫૦, રહે. સાનીયા એપાર્ટમેન્ટ, ગોરાટ રોડ, રાંદેર)ને પકડી પાડ્યો હતો. કાપડ દલાલ ફિરોઝ સામે છ માસ પહેલાં ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધાયો હતો. ફિરોઝે સાગરીતો સાથે મળી ફરિયાદીને દર મહિને ૧૫-૨૦ હજાર કમાણીની લાલચ આપી લોભામણી વાતો કરી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ ફરિયાદી વેપારીના નામથી સિલ્વર એન્ટરપ્રાઈઝ નામની પેઢી ખોલી ફરિયાદીના નામનો ભાડાકરાર કર્યો હતો. જે વેપારીના ડોક્યુમેન્ટ્સ પર અલગ-અલગ બેંકમાં એકાઉન્ટ્સ ખોલી કોરા ચેકો પર ફરિયાદીની સહી કરી હતી અને તે ચેકો તથા એટીએમ કાર્ડ બંને પોતાની પાસે રાખી લાખોનું ફ્રોડ કર્યું હતું. જે ગુનામાં ફિરોઝની ધરપકડ કરાઈ હતી.

### દાંડી રોડની જ્ઞાનમુદ્રા સ્કૂલમાંથી રૂ. 70 હજારની ચોરી

સુરત : નરથાણ ખાતે આહીરવાસ નજીક સિલ્વર સ્ટોન વિલા સામેની જ્ઞાનમુદ્રા ઈનોવેટિવ સ્કૂલ આવેલી છે. આ સ્કૂલમાં ગત તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ મળસ્કે તસ્કરો ત્રાટક્યા હતા. ચાર જેટલી ઓફિસોમાં તસ્કરોએ દરવાજાના તાળા તોડી પ્રવેશ કરી કબાટને પણ તોડી નાંખ્યા હતા. તેમજ એકાઉન્ટ ઓફિસના કબાટમાંથી રોકડ રૂ. ૭૦,૦૦૦ની ચોરી કરી હોવા અંગે કેમ્પસ ડાયરેક્ટરને જાણ થઈ હતી

### મંદિરો-દેરાસરોમાં ચોરી કરતી મીણા ગેંગનો સાગરીત પકડાયો

સુરત : વેસુ સુડા ભવન નજીક આવેલા સંપ્રતિ પેલેસના ભોંયતળિયે જૈન દેરાસરની પાઠશાળામાંથી શાંતિનાથ અને અરનાથ ભગવાનની પંચધાતુની મૂર્તિઓ તથા નજીકમાં મંદિર ફળિયામાં આવેલા આશાપુરા માતાજીના મંદિરમાંથી માતાજીની મૂર્તિના મસ્તક પરથી પંચધાતુનો મુગટ, છત્તર, ચાંદીની પાદુકા અને દાનપેટી, ભૈરવનાથની મૂર્તિનો મુગટ ચોરી ભાગી છૂટ્યા હતા. ક્રાઈમ બ્રાંચે આ ગુનામાં અગાઉ ભાણીયા ઉર્ફે રાજુ ધર્મા મીણા અને મેંદીયા ઉર્ફે મહેન્દ્ર ધર્મા મીણાને પકડી પાડ્યા હતા. આ ગુનામાં તેઓના વધુ બે સાગરીત રોહિત અને લક્ષ્મણના નામ ખૂલ્યા હતા. ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, લક્ષ્મણ ભૈરૂ રૂપા મીણા (ઉ.વ. ૨૦, મૂળ રાજસ્થાન)ને અમદાવાદના નરોડાથી હંસપુર ગામે નવી બંધાતી સાઈટ પરથી પકડી પાડ્યો હતો.

### પરિણીતા ઘરે એકલી હતી ત્યારે અપરિણીત દિયરે અડપલાં કર્યા

સુરતઃ મહેસાણા જિલ્લાના વતની અને ભીમરાડ કેનાલ રોડ પર એક એપાર્ટમેન્ટમાં રહેતા પટેલ પરિવારના વિકલાંગ યુવકે તેની ભાભી પર દાનત બગાડી કહ્યું કે, તમને કિસ કરવાનું મન થયું છે. તમને હોઠ પર કિસ કરીને સંબંધ બાંધવો છે. રૂમમાં જઈ પરિણીતાને બાથ ભીડીને અડપલાં કર્યા હતા. દિયરની સતત હેરાનગતિથી કંટાળી ત્પરિણીતાએ પતિને વાત કરી હતી. પતિ સહિત પરિવારે ઘરની વાત ઘરમાં રાખવાનું કહેતાં પરિણીતા પિયરે જતી રહી હતી. પિયર પહોંચેલી પરિણીતાએ અલથાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

---

### ઉમરાના રત્નકલાકારે આર્થિક તંગીને પગલે જીવન ટૂંકાવ્યું

સુરત : વેલંજા વિસ્તારમાં ઉમરા ગામ પાસે આવેલી મિલેનિયમ રેસિડેન્સીમાં રહેતા ૩૭ વર્ષીય અમિતભાઈ શિવાભાઈ ગજેરા હીરાના કારખાનામાં કામ કરી પત્ની અને એક પુત્ર સહિતના પરિવારનું ગુજરાન ચલાવે છે. થોડા મહિનાઓ પહેલા જ અમિતભાઈએ મિલેનિયમ રેસિડેન્સીમાં મકાન લીધું હતું. જેના પર લોન ચાલતી હતી. અમિત ઘરે હતા અને તેની પત્ની અને પુત્ર લગ્ન પ્રસંગમાં ગયા હતા ત્યારે અમિતભાઈએ ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. સમગ્ર મામલે પરિવારને જાણ થતા સ્તબ્ધ થઈ ગયા હતા. ત્યારબાદ સ્થાનિક પોલીસને જાણ કરી હતી. પોલીસે પ્રાથમિક કાર્યવાહી બાદ મૃતક અમિતભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલ તો હીરામાં મંદી અને મકાન પર લીધેલી લોનના હપ્તા ન ચૂકવાતા આર્થિક સંકડામણના કારણે જીવન ટૂંકાવવી દીધું હોવાની શક્યતા સેવવામાં આવી રહી છે. જોકે, પોલીસની તપાસ બાદ જ આપઘાત પાછળનું સચોટ કારણ સામે આવશે.

### લિંબાયતના મહાદેવનગરમાં નવજાત ત્યજી દેવાયું

સુરત : લિંબાયતના મહાદેવનગરમાં મળસ્કે નવજાત બાળક મળી આવ્યું હતું. ગર્ભનાળ સાથે મળેલા આ નવજાતને સ્મીમેરમાં લઈ જવાતાં મૃત જાહેર કરાયું હતું. સોસાયટીમાંથી નવજાત બાળક ત્યજવામાં આવ્યું હોઈ નજીકના વિસ્તારમાંથી જ કોઈ મહિલાએ બાળકને જન્મ આપ્યા બાદ ત્યજી દીધાની આશંકા સેવાઈ રહી છે.

---

સરવેમાં સૌથી વધુ ૮૭૯૭ લાભાર્થી ઉમરપાડા તાલુકાના

# પીએમ આવાસ : 749 ગામના 30,932 લાભાર્થી નોંધાયા, તમામ માટે પાકું ઘર

## મોબાઈલ એપ્લિકેશનથી નોંધણી કરવા સર્વેયરો મેદાનમાં

સુરત : પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ અંતર્ગત ઘરવિહોણા અથવા કાચું મકાન ધરાવતા સુરત જિલ્લાના ૭૪૯ ગામોના લાભાર્થીઓના પાકાં મકાન માટે સરવે હાથ ધરાયો હતો. આ સરવેમાં અત્યાર સુધી ૩૦,૯૩૨ લાભાર્થીઓનું રજિસ્ટ્રેશન કરાયું છે. આ તમામ લાભાર્થીઓને આગામી દિવસમાં બાકીની પ્રક્રિયા પૂર્ણ કરી પાકું મકાન મળશે. GPS આધારિત મોબાઈલ એપ્લિકેશનથી નોંધણી કરવા માટે સર્વેયરોની ટીમ મેદાનમાં ઊતરી પડી છે. કાચું મકાન અથવા ખુલ્લા પ્લોટ ધરાવતા અને ગરીબી રેખા નીચે જીવતા લોકોને પાકું મકાન બનાવી આપવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ અંતર્ગત સરવે હાથ ધરાયો છે. સુરત જિલ્લામાં ૬ વર્ષ બાદ આ યોજના માટે ફરીથી લાભાર્થીઓ માટે દરવાજા ખૂલ્યાં છે. જેમાં ચોર્યાસી, કામરેજ, બારડોલી, માંગરોળ, પલસાણા, ઉમરપાડા, માંડવી, મહુવા તાલુકામાં સર્વેયરોની ટીમે સરવે હાથ ધર્યો હતો. જે અંતર્ગત ૩૦,૯૩૨ લાભાર્થીઓનું રજિસ્ટ્રેશન કરાયું છે. જેમાં ઉમરપાડામાં ૮૭૯૭ લાભાર્થી, માંડવી ૮૧૯૫, માંગરોળ ૬૪૬૯, મહુવા ૪૯૧૩, બારડોલી ૧૩૫૮, ઓલપાડ ૫૬૧, પલસાણા ૬૦૦ અને કામરેજમાં ૫૯ લાભાર્થીનું રજિસ્ટ્રેશન કરાયું છે.

CINEZZA Multiplex
મહારાજા ફાર્મ, ડી માર્ટ પાસે, મોટા વરાછા, સુરત
છાવા ૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૫.૦૦, ૬.૦૦, ૭.૦૦. રાત્રે : ૮.૦૦, ૮.૧૫, ૯.૦૦, ૧૦.૦૦
કૈપ્ટન અમેરિકા (હિન્દી) એક્શન થ્રીલર ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, રાત્રે : ૯.૧૫
ઉંબરો ગુજરાતી ચિત્ર : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
સનમ તેરી કસમ ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

Valentine Multiplex DOLBY ATMOS
છાવા - વિકી કૌશલ - રશ્મિકા મંદાના - અક્ષય ખન્ના ૯.૧૫, ૧૦.૧૫, ૧૨.૧૦, ૧.૧૫, ૩.૦૫, ૪.૧૫, ૬.૦૫, ૬.૪૫, ૭.૨૦, રાત્રે : ૯.૧૦, ૯.૪૫, ૧૦.૨૫
કૈપ્ટન અમેરિકા (હિન્દી) એક્શન થ્રીલર ૯.૨૫, ૧૧.૪૦, ૪.૩૦
ઉંબરો ગુજરાતી : ૧.૫૫

RAJHANS MULTIPLEX
એ.આર.મોલ, મોટા વરાછા, સુરત.
છાવા ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે : ૮.૦૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦
ઉંબરો ગુજરાતી હીટ ફિલ્મ ૨.૧૫, ૭.૧૫,
સનમ તેરી કસમ ૧૦.૩૦, ૪.૩૦
ફાટીને ? ગુજરાતી ચિત્ર : ૧.૩૦
કૈપ્ટન અમેરિકા ૯.૪૫, ૧૨.૦૦, ૫.૦૦

CITY PLUS MULTIPLEX ફ્રી પાર્કીંગ
ડુમસ રોડ, મગદલ્લા સર્કલ, સુરત.
છાવા ૮.૫૦, ૧૦.૩૫, ૧૧.૪૫, ૧.૩૦, ૨.૪૦, ૩.૪૫, ૬.૫૦, રાત્રે : ૮.૪૫, ૯.૪૫, ૧૦.૪૫
સનમ તેરી કસમ ૧૦.૦૦, ૧૨.૫૦
ઉંબરો ગુજરાતી ૫.૩૫, રાત્રે ૮.૧૦
કેપ્ટન અમેરિકા (હિન્દી) ૪.૨૫, ૬.૩૫

CINEZZA Multiplex
ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.
છાવા ૯.૦૦, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૧૫, ૩.૦૦, ૪.૧૫, ૬.૦૦, ૭.૧૫, રાત્રે : ૯.૦૦, ૧૦.૧૫
કૈપ્ટન અમેરિકા (હિન્દી) એક્શન થ્રીલર ૯.૦૦, ૧૧.૩૦, ૫.૦૦, ૭.૩૦
ઉંબરો ગુજરાતી : ૯.૩૦, ૨.૦૦, ૩.૩૦, રાત્રે : ૧૦.૦૦
ફાટીને ? ગુજરાતી : ૧૨.૩૦
સનમ તેરી કસમ ૬.૩૦, રાત્રે : ૯.૩૦

## તંત્રીની કલમે

### લોકશાહીના નામે કાળા કરતૂત

# ભારતની ચૂંટણીઓમાં શું અમેરિકા દખલગીરી કરતું હતું?

અમેરિકામાં ટ્રમ્પ સત્તા પર આવતા સપાટો બોલાવ્યો છે. સરકારના ખર્ચમાં કાપ મૂકવા અને કરકસરના ભાગરૂપે અનેક વિભાગોના ખર્ચમાં કાપ મૂકવામાં આવ્યો છે અથવા તો આખાને આખા વિભાગ જ બંધ કરી દીધા છે. ૯,૫૦૦થી વધુ સરકારી કર્મચારીઓની છટણી કરી દીધી છે. ૧૦,૦૦૦થી વધુ કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિ લેવરાવી દીધી છે. ટ્રમ્પ સરકાર દ્વારા ભારતમાં મતદારોને પ્રભાવિત કરવા માટે કરવામાં આવતા ૨૧ મિલિયન ડૉલરના ફંડિંગને બંધ કરવામાં આવ્યું છે. આને કારણે ભારતમાં વિવાદ જાગ્યો છે. કેટલાક લોકોએ અમેરિકાની સંસ્થા USAID ને માનવ ઈતિહાસનું મોટામાં મોટું કૌભાંડ ગણાવ્યું છે. ટ્રમ્પના DOGE વિભાગનો હવાલો કરોડપતિ બિઝનેસમેન એલન મસ્કને સોંપવામાં આવ્યો છે. મસ્ક મન ફાવે તે રીતે ખર્ચાઓ ઓછા કરવા કાતર ફેરવી રહ્યા છે. ટ્રમ્પ અને મસ્ક તેમની મનમાની કરે તેની સામે કોઈને કોઈપણ જાતનો વાંધો હોઈ શકે નહીં પણ જે રીતે ભારતના મતદારોને પ્રભાવિત કરવા અમેરિકાના ફંડિંગને બંધ કરવામાં આવ્યું છે તેણે ભારતમાં અનેક સવાલો ઊભા કર્યા છે. અહીં સૌથી મોટો સવાલ એ છે કે શું અમેરિકા ભારતની ચૂંટણીઓમાં દખલગીરી કરતું હતું. જો કરતું હતું તો આ બધા પૈસા કોના ખિસ્સામાં જતા હતા? તત્કાલીન ચૂંટણી કમિશનર એસ. વાય. કુરેશીએ આ અહેવાલોની પુષ્ટિ કરીને સળગતી આગમાં પલિતો ચાંપ્યો છે. જો કે પૈસાની લેવડદેવડ કરવામાં આવી હતી કે કેમ તે બીજો યક્ષ પ્રશ્ન છે. અમેરિકા દ્વારા જો ચૂંટણીઓને પ્રભાવિત કરવા ફંડ આપવામાં આવ્યું હોય તો તે લોકશાહીના નામે કાળા કરતૂતો કરતું હતું તેમ કહી શકાય. ભાજપ એ આ વાતને ભારતના આંતરિક મામલામાં દખલગીરી સમાન ગણાવીને આક્રોશ ઠાલવ્યો છે. જે રીતે વાત જાહેર થઈ છે તેમાં હજી સુધી એવું પુરવાર થયું નથી કે અમેરિકાની સરકાર દ્વારા ફંડ આપવામાં આવ્યું હતું. જો પૈસા અપાયા હોય તો તે કોને અપાયા હતા અને કેટલા અપાયા હતા તે બીજો સવાલ છે. અત્યાર સુધીમાં આ મામલે ૨૦૧૨માં UPAના શાસનકાળમાં MoU કરાયા હોવાની વાત બહાર આવી છે. કુરેશીએ MoUની પુષ્ટિ કરી છે એટલે વાત સાચી હોઈ શકે છે પણ પૈસા કોના ખિસ્સામાં ગયા તેનું કોઈ પગેરું મળ્યું નથી. જો પૈસા અપાયા હોય તો તેનો કોણે? ક્યારે? કેવી રીતે ઉપયોગ કર્યો તેનો કોઈ જવાબ મળતો નથી. આ માટેના નક્કર પુરાવા એકઠા કરીને દોષિતોને સજા આપવી જરૂરી છે. અમેરિકાનું પ્યાદું બનનારા લોકો કોણ હશે? કેટલા લોકો હશે? તેનો પણ તાગ મેળવવો પડશે. લોકતંત્ર એક વૈશ્વિક મૂલ્ય છે ચૂંટણીના પરિણામોને યેન કેન પ્રકારેણ પ્રભાવિત કરવા એ જુદી વાત છે જ્યારે મતદાનની ટકાવારી વધારવા પૈસા આપવા તે જુદી વાત છે. ખેર વાત જે કંઈ હોય તેમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવાની જરૂર તો છે જ. તો જ કઠપૂતળીના સાચા મહોરાઓને બહાર લાવી શકાશે.

## મેનેજમેન્ટ ટિપ્સ

# નવાં ઉત્પાદનો રજૂ કરતાં પહેલાં માર્કેટ રિસર્ચ કરવું જરૂરી છે

કંપનીઓ બજારમાં 'નવી અને બહેતર' પ્રોડક્ટ ઉતારવાનું પસંદ કરતી હોય છે. હકીકતે આ નવા - નવા નવાચાર કંપનીઓ માટે તો ઉપયોગી હોય છે પરંતુ જે ગ્રાહકોની સેવા કરવી તે કંપનીનું લક્ષ્ય હોય છે તે ગ્રાહકો માટે સારા નથી હોતા. દાખલા તરીકે જાતે જ બિલ બનાવતા મશીનથી કંપનીમાં કેશિયર્સની સંખ્યા ઘટાડવામાં તો મદદ મળી શકે છે, પરંતુ તેને કારણે પેલા ગ્રાહકોની જંજાળ વધી જાય છે. તેઓ નવા મશીનથી ચક્કરમાં પડી જાય છે. તમે જ્યારે પણ કોઈક નવી સેવા, વિશેષતા કે પ્રોડક્ટ નવી અને બહેતર હોવાના દાવા સાથે બજારમાં ઉતારો તો તે પહેલાં તે બાબતની જાણકારી જરૂરથી મેળવો કે ગ્રાહકો તે વસ્તુ ઈચ્છે છે કે નહીં. તમારી કંપનીના નહીં પણ બજારના ચશ્માથી પોતાના નવા નવાચારોનું મૂલ્યાંકન કરો.

(હાર્વર્ડ બિઝનેસ રિવ્યૂ)

## ટુડે ઈન હિસ્ટ્રી

# ગાંધીજીના ગુરુ ગોખલેની પુણ્યતિથિ

ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ ૯ મે, ૧૮૬૬ના રોજ થયો હતો અને મૃત્યુ ૧૯ ફેબ્રુઆરી, ૧૯૧૫ના રોજ થયું હતું. તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળના ઉદારવાદી રાજનેતા અને સમાજ સુધારક હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીના સ્થાપક હતા. સોસાયટી ઉપરાંત કોંગ્રેસ તેમજ અન્ય ધારાસભા એકમોની મદદથી તેમણે સ્વશાસન અને સમાજ સુધારણા અભિયાન ચલાવ્યા. તેઓ કોંગ્રેસ પક્ષના ઉદારવાદી જૂથના નેતા હતા જેમણે પ્રવર્તમાન સરકારી સંસ્થાઓ સાથે કામગીરી કરીને સુધારાઓની હિમાયત કરી. ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ બ્રિટિશ ભારતના મુંબઈ પ્રાંત અંતર્ગત રત્નાગિરિ જિલ્લાના કોટલૂક ગામે ૯ મે ૧૮૬૬ના રોજ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં તેમના પરિવારના સભ્યોએ તેમને અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશ અપાવ્યો જેથી ગોખલે બ્રિટિશ રાજમાં કારકૂન કે સામાન્ય અધિકારી તરીકે નોકરી મેળવી શકે. તેમણે કોલ્હાપુરની રાજારામ કોલેજમાં અભ્યાસ કર્યો. વિશ્વવિદ્યાલયમાંથી શિક્ષણ પ્રાપ્ત કરનારા ભારતીયોની પ્રથમ પેઢી પૈકીના એક તરીકે ગોખલેએ ૧૮૮૪માં એલફિસ્ટન મહાવિદ્યાલયમાંથી સ્નાતકની પદવી મેળવી. ગોખલેના ઉચ્ચ શિક્ષણે તેમની ભવિષ્યની કારકિર્દીને ઘણી હદે પ્રભાવિત કરી. અંગ્રેજી શીખવા ઉપરાંત તેઓ પશ્ચિમી રાજનૈતિક વિચારોના સંપર્કમાં આવ્યા તથા જ?હોન સ્ટુઅર્ટ મિલ અને એડમંડ બર્ક જેવા સિદ્ધાંતકારોના પ્રશસંક બન્યા.ગોખલે ૧૮૮૯માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય બન્યા.

## બહુ કરી ભાઈ...! Yom

આપણને એ ખબર છે કે, આપણે કેમ હારી ગયા, પણ એમને હજી ખબર નથી પડી કે, અમુક સીટો પર આપણે કેવી રીતે જીતી ગયા...



### પક્ષીઓનો હળવો કિલકિલાટ, ઝરણાંઓનો હળવો નાદ અને પાંદડાંઓનો ખડખડાટનું સંગીત એ સૌથી મોટું સ્ટ્રેસ રિલીવર છે

# મનને શાંત કરવા આજની જડીબુટ્ટી - ધી મેલોડી ઓફ સેરેનિટી

**તન, મન અને વન**

પ્રકૃતિની સિમ્ફનીને સ્વીકારીને મનને શાંત કરો, આત્માને પોષણ આપો જે તમારી સર્જનાત્મકતાને પ્રેરણા આપશે

- પાર્થવ દવે

મનુષ્ય જીવનમાં શાંતિની સ્થિતિ તે એક સાર્વત્રિક આકાંક્ષા છે. જીવનની અંધાધૂંધી વચ્ચે, આપણે સંવાદિતા અને શાંતિ માટે ઝંખીએ છીએ. મનને શાંત કરવા અને આત્માને પોષવા માટેની જડીબુટ્ટી અથવા તો જીવનનું સંગીત એટલે ધી મેલોડી ઓફ સેરેનિટી. કુદરતનું સંગીત એ અવાજોની જટિલ રચના છે. પક્ષીઓનો હળવો કિલકિલાટ, ઝરણાંઓનો હળવો નાદ અને પાંદડાંઓનો ખડખડાટ બધાં એક સાથે ભળીને એક સુખદ ધૂન બનાવે છે. આ સિમ્ફની આપણી માનસિક સ્થિતિ પર ઊંડી અસર કરે છે, આપણા હૃદયના ધબકારા ધીમા કરે છે, બ્લડ પ્રેશર ઘટાડે છે અને મનને શાંત કરે છે. પ્રકૃતિના શાંત અવાજો માનવ મન પર તેમની શાંત અસરો માટે લાંબા સમયથી આદરણીય છે. પાંદડાંઓના હળવા ગડગડાટથી મોજાઓના લયબદ્ધ ક્રેશિંગ સુધી, પ્રકૃતિની સિમ્ફની આપણી અંદરની અરાજકતાને શાંત કરવાની શક્તિ આપે છે. શહેરીજીવનના ઘોંઘાટ, કોલાહલ ધરાવતા યુગમાં કુદરતનું સંગીત એક શાંત અને શુદ્ધ સુખાકારીનું પોષણ કરે છે અને આપણા આત્માઓને કાયાકલ્પ કરે છે. વિખવાદથી ભરેલી દુનિયામાં કુદરતી શાંતિની ધૂન આશ્રય આપે છે. પ્રકૃતિની સિમ્ફનીને સ્વીકારીને મનને શાંત કરો, આત્માને પોષણ આપો જે તમારી સર્જનાત્મકતાને પ્રેરણા આપશે. કુદરતનું સંગીત ભાષાકીય અને સાંસ્કૃતિક અવરોધોને પાર કરે છે, જે આપણા આત્માઓ સાથે સીધું કોમ્યુનિકેશન કરે છે. દરિયાકાંઠે અથડાઈ રહેલા સમુદ્રનાં મોજાઓનો અવાજમાં ભલે ધ્વનિ છે પણ તે નીરવ શાંતિનો અવાજ છે. પક્ષીઓના ગીતો, વૃક્ષોમાંથી સુસવાટા મારતો પવન અને કિનારા પર પાણીનો હળવો લેપિંગ બધું જ શાંતિની ભાવના જગાડે છે. પક્ષીઓ તેમના મધુર ગીતો માટે જાણીતા છે અને કેટલીક પ્રજાતિઓ ખાસ કરીને તેમના મધુર અવાજો માટે પ્રખ્યાત છે. જેમ કે બુલબુલ. આ પક્ષીને રાત્રિના ગાયક તરીકેની પણ ઉપાધિ મળી છે. બુલબુલની ધૂન સીટી સ્વરૂપે હોય છે. આ પક્ષી વન તેમજ જ્યાં વૃક્ષો વધારે હોય ત્યાં સહેલાઈથી જોવા મળતાં હોવાથી પરિચિત પક્ષી છે. અન્ય પક્ષીને પણ કુદરતે મધુર અવાજ આપ્યો છે તેનું નામ છે થ્રશ. થ્રશ બર્ડ વાંસળી જેવો મધુર અવાજ ઉત્પન્ન કરી શકે છે. એકથી વધારે થ્રશ બર્ડ જ્યારે સમૂહમાં મધુર સંગીતમય લય છેડે છે ત્યારે કોઈ પણ વ્યક્તિ મંત્રમુગ્ધ થઈ શકે તેવી શક્તિ તેના અવાજમાં રહેલી છે. અન્ય એક પક્ષી જે માનવસર્જિત અવાજોની નકલ કરવાની ક્ષમતા માટે પ્રખ્યાત છે. આ ખૂબીને કારણે તે મોર્કિંગ બર્ડ તરીકે જ ઓળખવામાં આવે છે. તેનું પોતાનું ગીત પણ એટલું જ પ્રભાવશાળી હોય છે. આમ તો કોયલને પણ સૂરોની રાણી તરીકે ઓળખાય છે. કોયલના સૂરોથી તો હર કોઈ પરિચિત જ હશે. તેના અવાજથી આસપાસનું વાતાવરણ પણ મધુર બની ગયું હોય તેવો અનુભવ પણ સૌ કોઈએ કર્યો હશે. પ્રાણીઓ પણ તેમના અનોખા અવાજ માટે જાણીતા છે. સૌથી ચતુર ક્રિએચરમાં જેનું નામ મોખરે આવે છે તે ડોલ્ફિનના સ્વભાવમાં જ સંગીત છે.



**મનના વિકારો અને તેની આ રહી દવાઓ**

» છત પર વરસાદનાં ટીપાં: વરસાદના ટીપાંની લયબદ્ધ ધબકારા ચિંતાઓ અને ચિંતાઓને ધોઈને શાંતિની ભાવના બનાવે છે.

» મહાસાગરના તરંગો: મોજાઓનો પ્રવાહ અને પ્રવાહનું સંગીત મનને શાંત કરે છે, આરામને પ્રોત્સાહન આપે છે.

» પક્ષી ગીતો: મધુર કિલકિલાટ આત્માઓને ઉત્તેજન આપે છે, જે આપણને પ્રકૃતિની સુંદરતા સાથે જોડે છે.

» પવનના સુસવાટા: હળવા પવનો શાંતિનાં રહસ્યો વહન કરે છે, મનને શાંત કરે છે.

ડોલ્ફિન સીટીઓ અને કિલકિલાટનો ઉપયોગ કરીને એકબીજા સાથે વાતચીત કરે છે. ખાસ કરીને હમ્પબેક વ્હેલ તેમના સુંદર ગીતો માટે જાણીતી છે, જેનો ઉપયોગ તેઓ અન્ય વ્હેલ સાથે વાતચીત કરવા માટે કરે છે. પૃથ્વી પરનો સૌથી મોટો અવાજ ધરાવતો જંતુ એટલે સિકાડા. સિકાડા ગ્રહ પરના સૌથી રસપ્રદ અને અનોખા જંતુઓમાંનો એક છે. ૩,૦૦૦થી વધુ પ્રજાતિઓ સાથે સિકાડા વિશ્વભરના ઉષ્ણકટિબંધીય અને સમશીતોષ્ણ પ્રદેશોમાં મળી આવે છે. સિકાડા તેમના અતિ મોટા સંવનન અવાજો માટે પ્રખ્યાત છે, જે ૧૦૬ ડેસિબલ્સ (dB) સુધીના સ્તર સુધી પહોંચી શકે છે. ચેઈનસો ૧૦૦ ડેસિબલ્સ (dB) જ્યારે રોક કોન્સર્ટનો અવાજ ૧૧૫ dB સુધીના સ્તર સુધી પહોંચી શકે છે. હવે ધારી લો કે શાંત જંગલમાં જ્યારે સિકાડા ૧૦૬ ડેસિબલ્સ સુધીનો અવાજ કરે ત્યારે કેટલાંય કિલોમીટર સુધી તેનો અવાજ સાંભળી શકાતો હશે. નર સિકાડામાં ટાઈમ્બલ નામનું એક અનોખું અંગ હોય છે, જે તેમના પેટ પર સ્થિત હોય છે. ટાઈમ્બલ પાંસળીઓની શ્રેણીથી બનેલું હોય છે જે સિકાડા સંકોચાય છે અને તેના સ્નાયુઓને આરામ આપે છે ત્યારે કંપન કરે છે. આ કંપન એ જોરદાર, ગુંજારવ અવાજ ઉત્પન્ન કરે છે. અંતે...ઘોંઘાટ અને વિક્ષેપોથી ભરેલી દુનિયામાં, પ્રકૃતિનું સંગીત આપણા મન માટે આશ્રય આપે છે. કુદરતી વિશ્વના સુખદ અવાજોને સ્વીકારીને અરાજકતામાંથી શાંતિ શોધવાનો રામબાણ ઈલાજ છે. બહાર જવા માટે થોડો સમય કાઢો, તાજી હવામાં શ્વાસ લો અને પ્રકૃતિના સંગીતને તમારા મનને શાંત કરવા દો.

parthav.dave@sandesh.com

# ૧૬૭૦માં છત્રપતિ શિવાજીનો સુરત પર બીજો હુમલો



**વિશેષ**

સમકાલીન યુરોપિયન વેપારીઓના પત્રવ્યવહારમાંથી પ્રાપ્ત થતી ઐતિહાસિક વિગતો

**અમરજિતસિંહ,** રેરાના ભૂતપૂર્વ ચેરમેન

૧૬૬૪માં શિવાજીના સુરત પરના પ્રથમ હુમલા પછી ઔરંગઝેબે શહેરની સુરક્ષા માટે એક મજબૂત દીવાલ બનાવવાનો આદેશ આપ્યો. જો કે, આ દીવાલ ૧૬૭૯ સુધી પૂરી થઈ ન હતી. ૧૬૬૬માં સુરતની મુલાકાત લેનારા ફ્રેન્ચ પ્રવાસી થેવેનોટે નોંધ્યું છે કે જૂની માટીની દીવાલ ખંડેર થઈ ગઈ હતી અને અધિકારીઓએ લગભગ ૯ ફૂટ પહોળી અને એટલી જ ઊંચી ઈંટની નવી દીવાલનું કામ શરૂ કરી દીધું હતું. તેના મતે, દીવાલ બનાવનાર ઈજનેરે દીવાલની લાઈનદોરી નક્કી કરવામાં ગંભીર ભૂલ કરી હતી અને નવી દીવાલ પહેલાં કરતાં શહેરનો ઓછો વિસ્તાર આવરી લેતી હતી. આમ દીવાલના કામમાં ચણતરમાં શરૂઆતથી જ ગંભીરતા દાખવવામાં આવી ન હતી. પૂરતી કાળજીના અભાવે બાંધકામમાં વિલંબ થયો હતો, જેના કારણે શહેરમાં વસતા લોકો ભયમુક્ત જણાતા ન હતા. પહેલા હુમલાનો ભોગ બનનાર ઘણા લોકો શહેર છોડીને ભાગી ગયા હતા.

શહેરમાં વસતા સમૃદ્ધ વેપારીઓએ પોતાની રીતે પોતાના રક્ષણની તૈયારીઓ કરી લીધી હતી. જ્યારે ડચ, ફ્રેન્ચ અને અંગ્રેજ લોકો બંદરમાં લાંગરેલાં તેમનાં જહાજોમાંથી પોતાનાં રક્ષણ માટે સૈનિકો લઈ ગયા હતા. દરમિયાન ગુજરાતનો સૂબેદાર બહાદુરખાન તેના ૩૦૦૦ ઘોડેસ્વારો સાથે સુરતનું રક્ષણ કરવા આવી પહોંચતાં ગભરાટ થોડો ઓછો થયો હતો. જો કે, રક્ષણ મેળવવા માટે યુરોપિયનોને ભારે કિંમત ચૂકવવી પડી. કહેવાતા મોગલ રક્ષકો મફતમાં તેમની રક્ષા કરવાના ન હતા. તેઓએ કથિત રીતે તેમને ચૂકવવામાં આવતી ખંડણીના બદલે મોટી ભેટોની માગણી કરી. ડચ લોકોએ મોગલ સૂબેદારને ત્રણથી ચાર હજાર રૂપિયાની, ફ્રેન્ચોએ ૧૫૦૦૦ રૂપિયાની અને અંગ્રેજોએ ૧૫૦૦ રૂપિયાની ભેટો આપી. સાવચેતીનાં પગલાં રૂપે અંગ્રેજ વેપારીઓએ યુરોપ માટે ખરીદેલો તમામ કિંમતી માલ બંદર પર લાંગરેલાં તેમનાં જહાજોમાં ભરી દીધો. તેમનાં વેપાર-ગૃહો, વખારો અને ફેક્ટરીઓમાં તેમણે કોઈ મૂલ્યવાન ચીજ રાખી ન હતી. ઉપરાંત તેમણે ફેક્ટરીને હુમલાથી બચાવવા માટે શાહી વગનો ઉપયોગ કરવાના હેતુથી બાદશાહના બીજા પુત્ર બળવાખોર શાહજાદા મુઅઝ્ઝમના અંગ્રેજ તોપચી 'જોન ટ્રોટર' મારફત શાહજાદા સાથે વાતચીત શરૂ કરી. એવી અફવા ફેલાઈ હતી કે શાહજાદો સુરત પર કબજો કરવા માટે સૈન્ય મોકલી રહ્યો છે. બંદરમાં મોંઘો અંગ્રેજી માલ પડ્યો હોવાથી, કાઉન્સિલના વડાએ સુવાલી બંદર પર જ રહેવું એવો નિર્ણય લેવામાં આવ્યો. કંપનીની આબરૂ જાળવવા અને અંગ્રેજ કોઠી છોડીને ચાલ્યા ગયા હોવાની છાપ ઊભી ન થાય તે માટે કોઠીનું રક્ષણ કરવા અંગ્રેજી જહાજોમાંથી ૪૦ માણસો સાથે સ્ટ્રેન્શમ માસ્ટર (એસએમ) નામના એક બહાદુર કેપ્ટનને મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો. શિવાજીની સેના ૩ ઓક્ટોબર ૧૬૭૦ના રોજ શહેરમાં પ્રવેશી. નાની અથડામણ પછી રક્ષકો કિલ્લાની તોપોનું શરણું લેવા દોડી ગયા. તે પછી શિવાજીની સેનાએ અંગ્રેજ, ડચ અને ફ્રેન્ચ લોકોનાં ઘરો તેમજ વિદેશી વેપારીઓના કબજામાં રહેલ બે સરાઈને બાદ કરતાં આખા શહેર પર કબજો કરી લીધો. આ બે સરાઈઓમાંથી એક પર પર્શિયન અને તુર્કી વેપારીઓનો કબજો હતો અને બીજી પર કાશગરના ભૂતપૂર્વ તતાર શાસકનો, જેણે તેના પુત્ર દ્વારા પદભ્રષ્ટ થયા પછી સુરતમાં આશ્રય લીધો હતો.

સુરતમાં વસતા ફ્રેન્ચ લોકો સંરક્ષણ માટે સૌથી વધુ તૈયાર હોવા છતાં તેમણે મરાઠાઓ સાથે ખાન ગીરીતે સુલેહ કરી હતી. અલબત્ત તે માટે તેમણે મરાઠાઓની કડક શરતો માનવી પડી હતી. તેથી મરાઠાઓએ ક્યારેય તેમની સામે ખાંડાં ખખડાવ્યાં નહીં. મરાઠાઓએ અંગ્રેજી કોઠી અને તર્તારો રહેતા હતા એ સરાઈ પર હુમલો કર્યો. જ્યારે હુમલો થયો ત્યારે અંગ્રેજોએ તેમના તરવરિયા નેતા સ્ટ્રેન્શમ માસ્ટર (એસએમ)ની આગેવાની હેઠળ જોરદાર પ્રતિકાર કર્યો. અંગ્રેજોએ જો કે એક બીજા ગોદામ ખાતેના તેમના કેટલાક માણસો અને માલસામાન ગુમાવવા પડ્યા, પરંતુ તેમનો સૌથી કિંમતી માલસામાન જે અગાઉ તેમણે સુવાલી બંદરે મોકલી દીધો હતો તે બચી ગયો. સ્ટ્રેન્શમ માસ્ટર (એસએમ) ૧૭મી સદીમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની વહીવટી સુરક્ષાની જવાબદારી સંભાળનારાઓમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તે ૧૬૬૨માં કંપનીમાં એક 'ફેક્ટર' તરીકે જોડાયો હતો. ૧૬૬૮માં તેને અંગ્રેજ રાજા દ્વારા કંપનીને સોંપવામાં આવેલા બોમ્બે ટાપુનો હવાલો સંભાળવા માટે મોકલવામાં આવેલા કંપનીના ચાર કમિશનરોમાંનો એક કમિશનર બનાવવામાં આવ્યો. ૧૬૭૫માં કોરોમંડલના કિનારે અને બંગાળની ખાડી પર આવેલી અંગ્રેજી કોઠીઓને વ્યવસ્થિત બનાવવા માટે કંપનીએ તેને પસંદ કર્યો. પાછળથી તે મદ્રાસનો ગવર્નર બન્યો અને ત્યારબાદ તેને તેમણે નાઈટહૂડથી સન્માનિત કરવામાં આવ્યો.

અંગ્રેજોના ભારે પ્રતિકારને કારણે ઘણા માણસો ગુમાવ્યા પછી મરાઠાઓએ ફ્રેન્ચ લોકોનાં ઘરો અને અંગ્રેજી ફેક્ટરીની વચ્ચે આવેલા તર્તારોના નિવાસ પર જોરદાર હુમલો કર્યો. તર્તારોએ શરૂઆતમાં બહાદુરીથી પ્રતિકાર કર્યો, પરંતુ આ દરમિયાન ફ્રેન્ચોએ મરાઠાઓને તર્તારોનાં ઘરોની બાજુમાં આવેલા રસ્તાઓ પર કબજો કરવા દીધો અને મરાઠાઓને દારૂગોળો અને કારતૂસો પણ પૂરાં પાડ્યાં, જેથી તર્તાર રાજાના બહાદુર સિપાહીઓ તેમની સરાઈનો બચાવ કરી શક્યા નહીં. તેઓએ ગુપ્ત અને સલામત રીતે તેમના રાજાને સુરતના કિલ્લામાં પહોંચાડ્યો અને સરાઈ છોડી દીધી. મરાઠાઓએ સોના-ચાંદી અને અન્ય મૂલ્યવાન વસ્તુઓનો મોટો ખજાનો લૂંટી લીધો. આમ છતાં, સુરતમાં સૌથી ધનિક વેપારીનું મકાન લૂંટવાની લાલચ મરાઠાઓ રોકી ન શક્યા કારણ કે ૧૬૬૪માં મરાઠાઓના પહેલા હુમલામાં અંગ્રેજોએ તેને લૂંટાતું બચાવ્યું હતું અને તેથી મરાઠાઓનું ગૌરવ ઘવાયેલું હતું. તર્તારો પાસેથી તેમની સરાઈ કબજે કર્યા પછી મરાઠાઓએ ફરીથી એક વ્યૂહાત્મક જગ્યાએથી અંગ્રેજી ફેક્ટરી પર હુમલો કરવાનું નક્કી કર્યું. પરંતુ અંગ્રેજોએ ફરીથી પોતાનો મક્કમતાથી બચાવ કર્યો. મરાઠા સરદારે તેના સૈનિકોને રોકવા પડ્યા. બે દિવસ સુધી ફેક્ટરી પરનો હુમલો સ્થગિત થયો. અંગ્રેજી કાઉન્સિલના જણાવ્યા મુજબ, આ દરમિયાન આક્રમણકારી સૈન્યએ શહેરના મોટા વેપારીઓનાં ઘરોમાં તોડફોડ કરી અને તેમના ભરપૂર ખજાના લૂંટી લીધા.

તેઓએ અનેક જગ્યાએ આગ લગાડી અને લગભગ અડધું શહેર તહસનહસ કરી દીધું. તેઓ સુરતના કિલ્લા તરફ ધસી ગયા. તેઓ કિલ્લામાં ઘૂસી જશે એવું લાગતું હતું પરંતુ તેઓ કિલ્લામાં દાખલ થઈ શકે એટલા નજીક પહોંચી ન શક્યા.

ત્રીજા દિવસે, ૫ ઓક્ટોબરના રોજ, મરાઠાઓ ફરીથી અંગ્રેજી ફેક્ટરી પર પહોંચ્યા. અગાઉ તેમણે ફેક્ટરી પર હુમલો કરવાનું ટાળ્યું હતું. આ વખતે તેને કબજે કરવા કે બાળી નાખવાનો પ્રયાસ કર્યો. જો કે, અંગ્રેજ કેપ્ટન સ્ટ્રેન્શમ માસ્ટરે કોઠીનો એટલો મજબૂત બચાવ કર્યો કે મરાઠાઓના સરદારે પોતાના માણસોને મરતા બચાવવાનું મુનાસીબ માન્યું. તેણે કેપ્ટન સ્ટ્રેન્શમ માસ્ટરને સંદેશો પાઠવીને જણાવ્યું કે તેના એક સંદેશવાહક પ્રતિનિધિને શિવાજીને મળવા ભેટો સાથે મોકલવામાં આવે. સમજદાર કેપ્ટને કંપનીના માલસામાન તેમજ અનેક માણસોની સલામતી માટે આટલી કિંમત ચૂકવવામાં ફાયદો જોયો. તેથી, તેની આસપાસના લોકોની સંમતિથી તેણે શિવાજીને લાલ રંગનું કાપડ, ચમકતી તલવારો અને ધારદાર બરછીઓ ઉપરાંત મોટી રકમની ભેટ તૈયાર કરીને મોકલવાનું નક્કી કર્યું.

તે પછી તરત જ શિવાજીએ સુરતમાંથી પોતાનું સૈન્ય પાછું ખેંચી લીધું. છ વર્ષના ટૂંકા ગાળામાં થયેલા આ બીજા મરાઠા હુમલાથી વેપારીઓ પાયમાલ બની ગયા હતા અને વેપારવાણિજ્યનું સમૃદ્ધ કેન્દ્ર ગણાતું સુરત ટૂંક સમયમાં જ બરબાદ થઈ ગયું હતું. શિવાજીએ જેવું શહેર છોડ્યું કે તરત શહેરના ગરીબ વર્ગો બાકી રહેલી ચીજવસ્તુઓ લૂંટવા લાગી ગયા. વધુ દૂરંદેશી વેપારીઓ બોમ્બે ટાપુ તરફ ઉચાળા ભરવા લાગ્યા. મુંબઈ બંદરને થોડા સમય પહેલાં જ અંગ્રેજોએ હસ્તગત કર્યું હતું. સુરતથી વિપરીત બોમ્બે આક્રમણથી મુક્ત હતું. મોગલો અને મરાઠાઓ વચ્ચે વધતા જતા સંઘર્ષથી પ્રભાવિત થયા વિના વેપારીઓ ત્યાં સુરક્ષિત અને નિર્ભિક રીતે પોતાનું કામકાજ કરી શકતા હતા. સૂરત ઈંગ્લિશ કાઉન્સિલના પ્રમુખે તેમના ઉપરી અધિકારીઓને ભલામણ કરી હતી કે સૂરતથી બોમ્બે સ્થળાંતર કરનારા વેપારીઓની મિલકત અને જીવનનું રક્ષણ કરવા માટે બોમ્બેને મજબૂત ચોકીથી સુરક્ષિત બનાવવામાં આવે. તેણે સૂચવ્યું કે આનાથી ઘણા વેપારીઓ અને શ્રીમંત સોદાગરોને બોમ્બે આવવામાં અને શહેરને એક સમૃદ્ધ બંદર અને વેપાર કેન્દ્ર તરીકે વિકસાવવામાં મદદ મળશે.

ઈતિહાસની આ વિગતો આપણને આ ઘટનાઓના સાક્ષી અને આ સંઘર્ષમાં સામેલ ન હોય તેવા પક્ષપાત મુક્ત અને સ્વતંત્ર નિરીક્ષકો એવા સમકાલીન યુરોપિયન વેપારીઓના પત્રવ્યવહારમાંથી પ્રાપ્ત થાય છે. મોગલ અને મરાઠા ઈતિહાસકારો આ ઘટના પ્રકાશમાં લાવી શક્યા નથી. શિવાજીના પહેલા હુમલા પછી પણ પોતાનું અસલી ખમીર જાળવી ધમધમતું બનેલું સુરત માત્ર છ વર્ષના ટૂંકા ગાળામાં પાયમાલ બની ગયું અને સુરતથી વિપરીત આક્રમણથી મુક્ત બોમ્બે દિવસે દિવસે વિકસિત થયો. કદાચ સુરતને બરબાદ કરી મોટી લૂંટ ચલાવવાને બદલે શિવાજીએ સુરતને પોતાના ખોફથી મુક્ત રાખવા કોઈ વાજબી રકમની ખંડણી માંગી હોત તો તેમના માટે આ શહેર સોનાનાં ઈંડાં આપતી મરઘી સમાન બની શક્યું હોત!

આપણાં રાજ્યને ઓળખો ભાગ-૧૧૦

### પ્રાસંગિક : શાળા અને કોલેજો પાસે શિક્ષણ સાથે કેળવણી મળે તેવી અપેક્ષા હોય તે સ્વાભાવિક છે

# શિક્ષણ અને કેળવણી વચ્ચેનો તફાવત સમજવાની જરૂર છે



**પ્રજાજીવનના પ્રવાહો**

કોઈ કાર્ય લાંબો સમય કરે તો વ્યક્તિ અનુભવી બને છે. નિયમિત કસરત કરે તો વ્યક્તિ સશક્ત કે પહેલવાન બને છે.

**કાનજી ભાલાળા**

થોડા દિવસ પહેલા સુરતની બે શાળાઓમાં વિદ્યાર્થીઓએ જાહેરમાં કરેલા તમાશા ચર્ચાનો વિષય બન્યો છે. એક મોટી શાળાના બાળકો ફેરવેલ પાર્ટીના નામે ખૂબ મોટી સંખ્યામાં વૈભવી કારના કાફલા સાથે શાળાએ પહોંચ્યા હતા. રસ્તામાં વૈભવી કારોની મોટી કતાર જોવા લોકો ટોળે વળ્યા હતા. હજુ ધો. ૧૦ કે ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ કે જેમને હજુ કાર ચલાવવાના લાયસન્સ પણ નથી અને કાર લઈ જાહેરમાં મોટો તમાશો કર્યો ત્યારે બાળકોના શિક્ષણ કરતાં શિસ્ત અને કેળવણી અંગે ચિંતા થાય તે સ્વાભાવિક છે. આ તમાશાની જાહેરમાં ટીકાઓ થઈ પોલીસે પગલા પણ લીધા તેમ છતાં બીજી એક શાળાના બાળકો પણ વૈભવી કાર લઈને સ્કૂલ પહોંચ્યા અને સનરૂફમાંથી વિદ્યાર્થીઓ સ્મોક ગન લઈને જગજાહેર, ફિલ્મી સ્ટાઈલમાં શો-બાજી કરી રહ્યા હતા. લોકો રસ્તા પર જોતા રહ્યા હતા આ બાળકો કોલેજના વિદ્યાર્થીઓ હતા. હજુ શાળામાં ભણતા નાના બાળકો છે ત્યારે પ્રશ્ન થાય કે, આમાં કેળવણી ક્યાં છે ? હવે શિક્ષણ અને કેળવણી વચ્ચેનો તફાવત સમજવાની જરૂર છે. શિક્ષણ એ કેળવણીનો ભાગ છે. પરંતુ, હવે માત્ર શાળા નહીં માતા-પિતા અને પરિવારે પણ બાળકના ઘડતરમાં વિશેષ ધ્યાન આપવાનો સમય પાકી ગયો છે. માત્ર શાળાનું શિક્ષણ પુરતું નથી. કેળવણી માટે પરિવારે સંસ્કારોનું સિંચન કરવા જાગૃત અને ઘડતર માટે સક્રિય રહેવું પડે તેમ છે. નહિતર આ રોકટોક વગરની પેઢીને જાહેરમાં તમાશા કરવા સામાન્ય વાત બની જશે. રોડ ઉપર કેક કાપવી, હસી મજાક કરવી કે, ધુમ સ્ટાઈલમાં બાઈક કે કાર ચલાવવી તે આજના યુવાનોનો શોખ થતો જાય છે. માત્ર સુરતની શાળામાં જ નહીં રાજ્યભરમાં શાળાઓમાં વિદ્યાર્થીઓના તમાશા હવે શાળાઓ માટે માથાનો દુઃખાવો છે. પરંતુ, એક પ્રશ્ન એ થાય કે બોર્ડની પરીક્ષા નજીક છે ત્યારે ફેરવેલ પાર્ટીનું આયોજન કરવું જોઈએ ? અને વિદાય શુભેચ્છા સંભારંભ યોજવો હોય તો તેમાં ડી.જે કે બેન્ડવાજા કે નાચવાનું કેમ રાખવામાં આવે છે ? એક સંચાલકે એમ કહ્યું કે, અમો શાળામાં જો કાર્યક્રમ ન રાખીએ તો વિદ્યાર્થીઓ જાતે ફેરવેલ પાર્ટી ગોઠવતા હોય છે. આ રોકટોક વગરની પાંગરી રહેલી નવી પેઢી હવે પોતાની ઈચ્છા મુજબ જ જીવવા માંગે છે. પહેલા કોલેજમાં ફ્રેશર માટે વેલકમ પાર્ટી કે વિવિધ ડે ઉજવણીના કાર્યક્રમો રાખવામાં આવતા હતા. હવે તે ઓછું થયું છે. પરંતુ, શાળા સ્તરે વિદાય પાર્ટીના નામે વિદ્યાર્થીઓના તમાશા સામાન્ય થતા જાય છે. વિદાય શુભેચ્છા કાર્યક્રમ જરૂરી પણ છે યોજવા જોઈએ પરંતુ, તે બોર્ડની પરીક્ષા આપવાના છે તેવા બાળકો માટે શાંત, પ્રેરણાત્મક અને ફ્રેશ થવાય તેવા હોવા જોઈએ.

કોઈ કાર્ય લાંબો સમય કરે તો વ્યક્તિ અનુભવી બને છે. નિયમિત કસરત કરે તો વ્યક્તિ સશક્ત કે પહેલવાન બને છે. જો શિક્ષણ મેળવે તો વ્યક્તિ તજજ્ઞ કે નિષ્ણાંત બને છે પરંતુ, જો કેળવણી આપવામાં આવે તો વ્યક્તિ માણસ બને છે. શાળામાં અપાતું શિક્ષણ પણ કેળવણીનો ભાગ છે. પરંતુ, બાળક ખરા અર્થમાં કેળવાતું નથી. ખરી કેળવણી સંસ્કારથી થાય છે. સંસ્કાર પરિવારમાંથી મળે છે. આપણે જોઈએ છીએ અને માની પણ લીધું છે કે, શાળા-કોલેજ આપે તે શિક્ષણ છે તથા પરિવાર અને પરંપરામાંથી મળે તે સંસ્કાર છે. ખરેખર તો શિક્ષણ અને સંસ્કાર સાથે મળે ત્યારે કેળવણી શરૂ થાય છે. આમ, શિક્ષણ અને કેળવણી તે જુદા પાડવા વધુ મુશ્કેલ છે. ખરેખર શિક્ષણ એટલે કેમ પાસ થવું તેની કેળવણી છે અને કેળવણી એટલે જીવન કેમ જીવવું તેનું શિક્ષણ છે.

નવી પેઢી જૂની પેઢીના વિચાર અને માન્યતાથી જુદી હોય તે સ્વીકારવું જોઈએ પરંતુ, કેવી હોવી જોઈએ ? તે અગત્યનું છે. જે પણ ઘટનાઓ બની રહી છે વ્યસનના રવાડે ચડેલી પેઢી બરબાદીના રસ્તે છે. પૈસા માટે કોઈ પણ ગુનો કરવા તૈયાર થઈ જાય છે. આવું કલ્ચર થવાનું કારણ રોકટોક વગર પેઢી મોટી થઈ રહી છે. શિક્ષક વર્ગખંડમાં કંઈ કહી શકતા નથી અને માતા-પિતા ઘરે બાળકોને કહી શકતા નથી...શિક્ષક અને માતા-પિતા કહેવું હોય પણ કહી ન શકે તેવી પરિસ્થિતિમાં પેઢી બેફામ બનતી જાય છે. જે સુદૃઢ રાષ્ટ્ર નિર્માણમાં મોટો પડકાર બની રહી છે.

શાળા અને કોલેજો પાસે શિક્ષણ સાથે કેળવણી મળે તેવી અપેક્ષા હોય તે સ્વાભાવિક છે, હોવી પણ જોઈએ પરંતુ, શાળા પરીક્ષા સિવાય અન્ય પ્રવૃતિઓ કરાવી પણ શકતી નથી તે દુઃખદ બાબત છે. સમૂહ કાર્ય કે શ્રમ કાર્ય કરાવે તો શાળાઓએ ગુનો કર્યો હોય તેવું વાતાવરણ બને છે. શૈક્ષણિક પ્રવાસો હવે ઈતિહાસ બની ગયા છે. કોઈ સ્પર્ધા કે અન્ય પ્રવૃત્તિની તૈયારી કરાવે કે તેના માટે કોઈ ફી માંગવામાં આવે ત્યારે બાળકનું ભણતર બગડે છે તેમ કહી સહકાર આપતા નથી. ટકા મેળવવા વધુ ફી ભરશે, ડબલ ટ્યૂશન પણ રખાવશે પરંતુ, ઘડતર માટેની પ્રવૃત્તિઓમાં વાલી તરફથી હકારાત્મક સહકાર નથી તે પણ યોગ્ય નથી. શાળાઓ પાસે આપણી અપેક્ષા શું હોવી જોઈએ તે સમજવાની જરૂર છે. શૈક્ષણિક તંત્ર એટલે કે બોર્ડને બધા બાળકો પાસ થાય તેવી અપેક્ષા હોય છે. માતા-પિતાને બાળકો વધુ ગુણ લાવે તેવી અપેક્ષા છે. જ્યારે સમાજ શાળા-કોલેજો પાસે એવી અપેક્ષા રાખે છે કે, બાળકો સારા માણસ થાય અને રાષ્ટ્ર એવી એવી અપેક્ષા રાખે છે કે, નવી પેઢી સારા નાગરિક બને આ અપેક્ષાઓ વચ્ચે બાળક બિચારો ગુંચવણ અનુભવે છે તેને ખબર જ નથી કે મારે શાળા પાસેથી શું મેળવવાનું છે ? શિક્ષક પણ પરીક્ષામાં પાસ થાય તે સિવાય અન્ય બાબતો પણ ભણાવી શકતો નથી. વર્તમાન સમયની આ પરિસ્થિતિને કારણે શિક્ષણ સાથે કેળવણી થઈ શકતી નથી. શિક્ષણ સાથે જીવન મૂલ્યોને મહત્વ આપવું તે કેળવણી છે. શિક્ષણનો મૂળ હેતુ કેળવણી જ છે. પરંતુ, ધીરે-ધીરે શિક્ષણનો હેતુ પરીક્ષાનો ગુણ થઈ ગયો પરિણામે કેળવણીને મહત્વ આપવાનું ઓછું થતું ગયું છે. સ્વામી વિવેકાનંદજીના મતે આત્મવિશ્વાસ સાથે પોતાના પગ પર ઉભા રહી શકે તેવું ઘડતર કરે તે શિક્ષણ છે. ભૂદાન યજ્ઞના પ્રણેતા વિનોબા ભાવેના મતે સુષુપ્ત શક્તિને જાગૃત કરે તે ખરું શિક્ષણ છે. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે કલામ સાહેબ પણ કહેતા કે, સમય સાથેબદલાવવા અને ટકી રહેવાની ક્ષમતા કેળવે તે શિક્ષણ છે. રાષ્ટ્રની પ્રગતિનો આધાર શિક્ષણ છે જે નાગરિકોનું ઘડતર કરે છે. નાગરિકોનું ઘડતર કરતી શાળાઓમાં વિદ્યાર્થીઓ જાહેરમાં પૈસાનું પ્રદર્શન કરી તમાશા કરે ત્યારે શિક્ષણની રાષ્ટ્રીય ચેતના ઝાંખી પડે છે. બેન્કિંગ સિસ્ટમ માટે બિલ ગેટસે ખૂબ સરસ વાત કરી હતી કે, આ ડિજિટલ યુગમાં બેંકની જરૂર નથી બેન્કિંગની જરૂર છે. તેમ હવે માત્ર પરીક્ષાનું જ્ઞાન જ મળવાનું હોય તો સ્કૂલની જરૂર નથી... શિક્ષણની જરૂર છે, તે હવે સોશિયલ મીડિયાથી મળી શકે છે. તાજેતરમાં સી.એ ઈન્ટરમિડીયેટમાં ટોપર આવેલ વિદ્યાર્થીએ કહ્યું કે, મેં AI ના ઉપયોગથી તૈયારી કરી હતી આમ, વિદ્યાર્થીઓના તમાશા શાળાનું મહત્વ ઘટાડે છે. જે જીવન ઘડતર માટે જરૂરી છે, તે શાળાઓ આપી શકે તેમ નથી તેમાં શાળાનો દોષ નથી માત્ર પરીક્ષાના ગુણ કેન્દ્રમાં છે. વાલી અને બાળકની અપેક્ષાઓ અને વર્તન શાળાઓને નિષ્પ્રાણ બનાવે છે.

આજે બાળક તેના મમ્મી પપ્પાનો પરિચય આપી શકતો નથી. સૌપ્રથમ માતા-પિતા બાળકના આદર્શ બને, પરિવાર જ શાળા બને અને બાળકના ઘડતર માટે કાળજી લે તે ઉપરાંત, જન-સમાજ પણ યોગ્ય વાતાવરણ પૂરું પાડે તો બાળકનું માનવ મૂલ્ય સાથેનું ઘડતર કરી શકાય તેમ છે. સમૃદ્ધિનો બેફામ દેખાડો બાળકના મનમાં ખોટા સ્વપ્ન રોપે છે. પૈસા નહીં આરોગ્ય અને જીવનમૂલ્યો મહત્વના છે તે સમજવાની જરૂર છે.

કાનમાં કહ્યું...

બાળક શું બનશે ? તેનો આધાર કોલેજ છે.

બાળક કેવું બનશે ? તેનો આધાર પરિવારછે.

## સ્વરસંગ્યા ટ્રસ્ટ દ્વારા ટ્રાફિક પોલીસની શ્રવણ ચકાસણી



સ્વરસંગ્યા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૮ ફેબ્રુઆરીના રોજ ધ્વનિ પ્રદૂષણ અંગે જાગૃતિ ફેલાવવા માટેની નવી પહેલ શરૂ કરી છે. ટ્રાફિક પોલીસ કર્મચારીઓ શ્રવણ નુકસાનથી સૌથી વધુ પ્રભાવિત થનારા વ્યાવસાયિકો પૈકીના છે. જેથી ટ્રસ્ટ દ્વારા સુરતના ટ્રાફિક પોલીસ કર્મચારીઓ માટે મફત શ્રવણ ચકાસણી અભિયાન શરૂ કર્યું છે. ટ્રસ્ટનો હેતુ ટ્રાફિક પોલીસના શ્રવણ આરોગ્યને સુરક્ષિત રાખવાનો છે. કારણ કે તેઓ સતત ઉંચા અવાજના સ્તર સામે સંઘર્ષ કરી રહ્યા છે. સ્વરસંગ્યા ચેરિટેબલ ટ્રસ્ટ ટ્રાફિક પોલીસને વિનામૂલ્યે ઉચ્ચ-ગુણવત્તાવાળા શ્રવણ પરીક્ષણો અને અવાજ રક્ષણ પદ્ધતિઓ માટે માર્ગદર્શન પ્રદાન કરે છે. આ અભિયાન ફક્ત નિદાન સુધી સીમિત નથી. પરંતુ તે પોલીસ કર્મચારીઓને શ્રવણ રક્ષણ માટેના પગલાં, જેમ કે અવાજ ઓછું કરનારા કાનપટ્ટા અને ઉચ્ચ. અવાજ વિસ્તારોમાં વિરામ લેવાની પદ્ધતિઓ વિશે પણ જાગૃત કરે છે.

## સાંઈલીલા ગ્રૂપ દ્વારા શિવ જન્મોત્સવનું આયોજન

હિંદવી સ્વરાજ્યના સ્થાપક શ્રી છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૫મી જન્મજયંતિ ૧૯ ફેબ્રુઆરીએ દેશભરમાં ધામધૂમથી ઉજવવામાં આવશે. આ પ્રસંગે સુરતના ડીંડોલી વિસ્તારમાં સાંઈલીલા ગ્રુપ દ્વારા પણ શિવ જન્મોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સાંઈલીલા ગ્રુપના સુનિલ પાટીલ અને સમ્રાટ પાટીલે જણાવ્યું હતું ક, ૧૯ ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ વાગ્યાથી ડિંડોલી પોલીસ સ્ટેશન સામેના મેદાનમાં શિવ જન્મોત્સવ ઉજવવામાં આવશે. આ પ્રસંગે મુંબઈના ઢોલ પથક સાથે પાલખી કાઢવામાં આવશે, ત્યારબાદ શિવ શાહીર સંતોષ સાલુંકે દ્વારા અફઝલખાન વધ પર આધારિત પોવાડાની રજુઆત કરવામાં આવશે.

## સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજનો સ્પોર્ટ્સ ઉત્સવ



તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા ટ્રસ્ટ સંચાલિત સ્વામી આત્માનંદ સરસ્વતી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં ૧૭ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન સ્પોર્ટ્સ ઉત્સવનું અયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં સકારાત્મક પ્રતિસાદ અને આત્મવિશ્વાસ ઉભો કરે છે. વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ઉત્સાહ સાથે સારું પ્રદર્શન કરી રહ્યા છે. સ્પોર્ટ્સ ઉત્સવમાં ક્રિકેટ, કબડ્ડી, બાસ્કેટ-બોલ, વોલી- બોલ, ખો-ખો, બેડમિન્ટન, ચેસ, કેરમ, ટેબલ-ટેનિસ, અને ૨૦૦ મીટર રેસ જેવી ૧૨ થી વધારે રમતો નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોલેજના અલગ-અલગ વિદ્યાશાખાના ૧૪૦૦ થી વધારે વિદ્યાર્થીઓ એ ૨૪૦૦ થી વધારે કેટેગરીમાં ઉમેદવારી નોધાવી છે.

## સિટીલાઇટમાં બાળકોનો 'મન કી બાત ૨.0' કાર્યક્રમ



દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મન કી બાત દ્વારા તમામ દેશવાસીઓ સાથે જોડાયેલા છે. ત્યારે સુરતના બાળકોએ પીએમનો પોશાક ધારણ કરીને મન કી બાત ૨.૦ના આયોજનમાં ભાગ લીધો હતો. સિટી લાઇટ સ્થિત અનવિન્ડ સ્ટુડિયોમાં ગત રવિવારે બાળકોએ મન કી બાત શેર કરીને વડીલો સાથે જોડાણ કર્યું. કાર્યક્રમના આયોજક આરતી અગ્રવાલે જણાવ્યું કે, કાર્યક્રમમાં છ થી સાત વર્ષના બાળકો વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિવિધ સ્વરૂપોના પોશાક પહેરીને સ્ટેજ પર આવ્યા હતા અને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

## GD ગોએન્કા સ્કૂલ SDG ગોલ ઈમ્પ્લિમેન્ટેશન એવોર્ડથી સન્માનિત



જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલનું સાતત્યપૂર્ણ વિકાસની ટેવોની માવજત કરવા પરત્વેની અફર પ્રતિબદ્ધતા માટે પ્રતિષ્ઠિત એસડીજી ગોલ ઈમ્પ્લિમેન્ટેશન એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું છે. સ્કૂલ તરફથી યુનાઈટેડ નેશન્સ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને (એસડીજી) પોતાના અભ્યાસક્રમમાં જોડીને છેલ્લા બે વર્ષથી સામુદાયિક પહેલો હાથ ધરવા બદલ તેના અદભુત પ્રયાસોને આ એવોર્ડ દ્વારા બિરદાવવામાં આવ્યા છે. પોતાની પરિવર્તનકારી સફરનો આરંભ કર્યો ત્યારથી, સ્કૂલે તમામ ૧૭ એસડીજીનો અમલ કરવા પરત્વે ઉત્કંઠાપૂર્વકની કામગીરી હાથ ધરી છે, જેના થકી સાતત્યપૂર્ણતા, નવતર પહેલો તેમજ વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં એકસાથે વૈશ્વિક જવાબદારીની સંસ્કૃતિની માવજત કરી છે. ગર્વાન્વિત ડાયરેક્ટર પ્રિન્સિપાલ જયશ્રી કોરારિયાએ જણાવ્યું કે, આ સન્માન સારું શિક્ષણ પૂરું પાડવાની સાથેસાથે યુવા દિમાગને સશક્ત બનાવીને સાતત્યપૂર્ણ ભવિષ્યની રચના કરવા પરત્વે અમારી સમર્પિતતાને પરાવર્તિત કરે છે.

## નવાપુરાના કાનબાઇ મંદિરમાં વાંચનાલયનું લોકાર્પણ



વિદ્યાર્થી કેળવણી સંઘ સુરત દ્વારા નવાપુરાના કાનબાઈ મંદિર ખાતે નવનિર્મિત અદ્યતન વાંચનાલયનું ઉદઘાટન ૧૬ ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કરવામાં આવ્યું હતું. ઉદઘાટક તરીકે ધારાસભ્ય અરવિંદભાઇ રાણા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નવીનભાઈ જરીવાળા, હિતેન્દ્રભાઈ ચુડાવાળા, ઉમેશભાઈ ભટ્ટ, નરેશભાઇ વડીયા, નારાયણભાઈ ચેવલી, ચંપાકલીબેન જરીવાળા, તથા તમામ હોદેદારો, કારોબારી સભ્યો, ટ્રસ્ટીઓ, સહિત નવાપુરા વિસ્તારના નાગરિકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## કુણબી પાટિલ સમાજની શિવાજી જયંતિએ વક્તૃત્વ સ્પર્ધા



છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિના અવસર પર સમસ્ત મરાઠા કુણબી પાટીલ સમાજ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં સુરતની ૩૦ થી વધારે શાળાના ૭૨ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. જેમાં ટ્રસ્ટ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની નીતિ અત્યારના સમયમાં પણ કેટલી કારગર સાબિત થાય અને આગળ સ્વસ્થ ભારતનું નિર્માણ થાય એવા હેતાર્થે વિદ્યાર્થીઓને છત્રપતિ શિવાજી મહારાજનું શૌર્ય પરાક્રમ તેમજ રાજ્યમાં રાજ કરવાની પદ્ધતિ તેમજ જળ બચાવવા યુવાનોની ભૂમિકા, ગ્લોબલ વોર્મિંગ અને જળસ્તરનું ઘટતું પ્રમાણ , વૃક્ષ વાવો વૃક્ષ બચાઓ શિવાજી મહારાજ ની જળસંધારણ નિતી જેવા વિષય આપવામાં આવ્યા હતા.

## યુનિ.માં સાયબર ફ્રોડ જાગૃતિ અંગે સાયબર રક્ષક નાટ્ય



ગુજરાત રાજ્યના ઉચ્ચ તથા ટેકનિકલ શિક્ષણ વિભાગના નેતૃત્વમાં અને કવચ કેન્દ્રની પ્રેરણાથી યુવા પેઢી સાયબર છેતરપિંડી બાબતે જાગૃત થાય અને તે દિશામાં આગળ વધે તેવા ઉદ્દેશ્યથી ૧૭ અને ૧૮ ફેબ્રુઆરીના રોડ બે દિવસીય સાયબર રક્ષક નાટ્ય ઉત્સવ-૨૦૨૫નું આયોજન સમગ્ર ગુજરાત રાજ્યમાં કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ભાગે આ કામગીરી આવી હતી. ૦૭ જિલ્લાની ૫૭ ટીમોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ૩૩ કોલેજોએ સાયબર રક્ષક નાટ્ય મહોત્સવમાં ભાગ લીધો હતો. સાયબર નાટ્ય મહોત્સવમાં રજૂ થયેલા તમામ નાટકો કુલ ૦૫ થીમ પર આધારિત હતા.

## આજનું પંચાંગ

- ભૂપેન્દ્ર ધોળકિયા

| સૂર્યોદયાદિ | સૂર્યોદય | નવકારશી | સૂર્યાસ્ત |
|---|---|---|---|
| સુરત : | ૭-૦૮ | ૭-૫૬ | ૧૮-૩૭ |

| દિવસનાં ચોઘડિયાં | રાત્રિનાં ચોઘડિયાં |
|---|---|
| ૧. લાભ, ૨. અમૃત, ૩. કાળ, ૪. શુભ, ૫. રોગ, ૬. ઉદ્વેગ, ૭. ચલ, ૮. લાભ. | ૧. ઉદ્વેગ, ૨. શુભ, ૩. અમૃત, ૪. ચલ, ૫. રોગ, ૬. કાળ, ૭. લાભ, ૮. ઉદ્વેગ. |

સૂર્ય શતતારામાં. છત્રપતિ શિવાજી જયંતી.

વિક્રમ સંવત : ૨૦૮૧.મહા વદ છઠ્ઠ , બુધવાર તા.૧૯-૦૨-૨૦૨૫.
વીર (જૈન) સંવત : ૨૫૫૧
શાલિવાહન શક : ૧૯૪૬
યુગાબ્દ (કલિ) : ૫૧૨૬
ભારતીય દિનાંક : ૩૦ માઘ.
પારસી માસ : મેહેર
રોજ : ૯ આદર
મુસ્લિમ માસ : શાબાન
રોજ : ૨૦
દૈનિક તિથિ :વદ છઠ્ઠ ક.૦૭-૩૩ સુધી.
ચંદ્ર નક્ષત્ર : સ્વાતિ ક. ૧૦-૪૦ સુધી. પછીઃ વિશાખા.
ચંદ્ર રાશિ : તુલા ક.૩૦-૪૯ સુધી (ગુરુવારે સવારે ૬-૪૯ સુધી).
જન્મ નામાક્ષર : તુલા (ર.ત.)
કરણઃ વણિજ/વિષ્ટિ/બવ.
યોગ : વૃદ્ધિ ક. ૧૦-૪૭ સુધી. પછીઃ ધ્રુવ.

વિશેષ પર્વ : * છત્રપતિ શિવાજી મહારાજ જયંતી (તારીખ મુજબ). * સૂર્ય શતતારા નક્ષત્રમાં પ્રવેશ ક. ૧૨-૨૫. * રવિયોગ ૧૦-૪૦ સુધી. વિષ્ટિ (ભદ્રા) ક. ૦૭-૩૩થી ૨૦-૪૮ સુધી. * ચંદ્ર મંગળનો ત્રિકોણયોગ. ચંદ્ર શનિનો ત્રિકોણયોગ. * જાણીતા નવલકથાકાર- અભ્યાસી પત્રકાર ભૂપત વડોદરિયાનો જન્મદિવસ. * પંચાયત રાજ દિવસ. * કૃષિ જ્યોતિષઃ સવારે ૧૦-૪૦ પછી પશુઓની લેવડદેવડ માટે શુભ. મહામાસનું રખેવાળ નક્ષત્ર મઘા છે. તે હવે આકાશમાં ધીમે ધીમે ઓછા સમય માટે જોવા મળે. માલ વેચાણ માટે અનુકૂળ. કંદમૂળ- મગફળી- તલમાં બજાર નરમ જણાય.
રાહુકાલ : ક. ૧૨-૦૦થી ૧૩-૩૦.

## આજની રાશિ

- મહેશ રાવલ

**મેષ (અ.લ.ઈ.)** આર્થિક સમસ્યાનો હલ મળે, આવક ઊભી થાય, કૌટુંબિક બાબતો પર ધ્યાન આપવું, હરીફથી સાવધ રહેવું.

**વૃષભ (બ.વ.ઉ.)** આપની મનની મુરાદોને સાકાર કરવાના પ્રયત્નો ફળે, નવા કાર્ય થાય, ગૃહજીવનમાં સંવાદિતા.

**મિથુન (ક.છ.ઘ.)** આ સમયમાં ખોટા-ખર્ચ-વ્યયનો પ્રસંગ બને, છુપા વિરોધીથી સાવધ રહેવું, તબિયત નરમ બને.

**કર્ક (ડ.હ.)** આ સમયમાં આપની મહત્ત્વની કામગીરીમાં પ્રગતિ થાય, નવી આશા જાગે, બદલી, પ્રમોશનની તક.

**સિંહ (મ.ટ.)** આપના નોકરી-ધંધાના ક્ષેત્રે વધુ મહેનત કરવી પડે, ફળ અટકતું લાગે, મહત્ત્વની વ્યક્તિની મુલાકાત.

**કન્યા (પ.ઠ.ણ.)** આપના પ્રયત્નોનું મીઠું ફળ ચાખી શકો, પ્રવાસ યાત્રા થાય, નવીન તક મળે, ચિંતા ટળે.

**તુલા (ર.ત.)** મૂંઝવણ જણાય, તબિયત નરમ બને, નાણાભીડનો અનુભવ, વિઘ્ન બાદ કાર્ય સફળતા મળે.

**વૃશ્ચિક (ન.ય.)** આપની અગત્યની બાબતો અંગે સમય સુધરે, તણાવ દૂર થાય, પ્રવાસ વિલંબમાં પડે.

**ધન (ભ.ફ.ઢ.ધ.)** આપના કામકાજો આડે અંતરાય જણાય, ખટપટોથી સાવધ રહેવું, તબિયત નરમ જણાય.

**મકર (ખ.જ.)** ખર્ચનો પ્રસંગ, શત્રુભય જણાય, આપની ચિંતા દૂર થાય, મિલન-મુલાકાત, પ્રવાસ.

**કુંભ (ગ.શ.સ.)** સમસ્યા હળવી બને, સુખદ પ્રસંગ બને, વાહન-મકાન અંગે સાનુકૂળતા રહે, ખર્ચ વધે.

**મીન (દ.ચ.ઝ.થ.)** આપનો સમય સુધરે, પ્રવાસ મજાનો બને, ખર્ચ વધે, આરોગ્ય સચવાય, મૂંઝવણ દૂર થાય.

## વર્ડ ક્રિઝડમ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ■ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ૯ | |
| ૧૦ | | | ૧૧ | | | | | |
| | | ૧૨ | | | ૧૩ | | ૧૪ | |
| ૧૫ | ૧૬ | | | ૧૭ | | | | |
| ૧૮ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | |
| ■ | ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | | ■ |
| ૨૫ | ■ | ૨૬ | | ૨૭ | ■ | ૨૮ | | ૨૯ |
| ૩૦ | | | ■ | ૩૧ | | | ■ | |

અહીં આપેલા શબ્દો, જોડકણાં દ્વારા ઉપરોક્ત ખાના ભરીને તમારું શબ્દ ભંડોળ વધારો. તમારી વિચારશૈલી વધારો.

[illegible]

* લેફ્ટ ટુ રાઈટ
(૧) વડોદરા અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ (૩)
(૩) વહાણમાં ચડાવેલા માલની રસીદ (૩)
(૭) પરમેશ્વર, પરવરદિગાર (૨)
(૮) કાનનો બહાર પડતો ભાગ (૪)
(૧૦) દેવપૂજાનું પાણી (૩)
(૧૧) ખોરાક હંમેશા..... જ ખાવો જોઈએ (૨)
(૧૨) ભાલા જેવું એક આયુધ (૩)
(૧૩) જમીન જાગીરની ઊપજ (૩)
(૧૫) ભાગ, ખંડ (૩)
(૧૭) એક ઈમારતી લાકડું (૨)
(૧૮) થોડા વાળની સેર (૨)
(૧૯) જરૂર, ગરજ (૩)
(૨૦) દરજ્જો (૨)
(૨૧) કામઠું, ધનુષ (૩)
(૨૩) ફરફર, છાંટ (૩)
(૨૬) પુત્રી (૩)
(૨૮) દહીં વલોવવાથી નીકળું સત્ત્વ (૩)
(૩૦) ધારો, કાયદો (૩)
(૩૧) મોળું, નરમ (૩)

* ટોપ ટુ બોટમ
(૧)વિતેલા જમાનાની એક અભિનેત્રી (૨)
(૨) મરી જાય તેવું- તેટલું (૫)
(૪) ચાંપતી, ઉઘરાણી (૩)
(૫) એક રાશિ (૨)
(૬) મિથ્યા દેખાવ, જૂઠાણું (૨)
(૯) સ્ત્રીઓનો સેંથો (૩)
(૧૧) દોરો, રેસો (૨)
(૧૩) પક્ષ, તરફેણ (૨)
(૧૪) સ્ત્રીના સાસુના જમાઈની પત્ની (૩)
(૧૬) પર્વતની ધાર, સૈન્ય (૩)
(૧૭) રસોડાનું એક સાધન (૩)
(૧૯) વન, જંગલ (૩)
(૨૦) હીરાની...... ઝવેરી જ કરી શકે (૩)
(૨૨) શોક, રડાફૂટ (૩)
(૨૪) સુંદર, ઘણું સારું (૩)
(૨૫) એક ગ્રહ (૨)
(૨૭) ત્રણ કલાક, પહોર (૨)
(૨૯) ગાગર (અ) (૨)

## સુડોકુ 5782

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | ૯ | | ૬ | ૨ | | ૮ |
| ૮ | | | ૨ | | | | | ૩ |
| | ૧ | ૯ | | ૫ | ૩ | | | ૭ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૯ | | | | |
| | ૫ | | | | | | ૩ | |
| | | | | ૨ | ૪ | ૧ | ૯ | ૫ |
| ૫ | | | ૪ | ૩ | | ૭ | ૬ | |
| ૧ | | | | | ૯ | | | ૪ |
| ૬ | | ૪ | ૧ | | ૨ | ૫ | | |

## સુડોકુ 5781નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૫ | ૬ | ૯ | ૭ | ૪ | ૧ | ૨ |
| ૯ | ૭ | ૨ | ૧ | ૪ | ૩ | ૬ | ૮ | ૫ |
| ૧ | ૪ | ૬ | ૫ | ૮ | ૨ | ૭ | ૩ | ૯ |
| ૩ | ૨ | ૧ | ૭ | ૬ | ૯ | ૫ | ૪ | ૮ |
| ૭ | ૫ | ૪ | ૮ | ૨ | ૧ | ૯ | ૬ | ૩ |
| ૬ | ૮ | ૯ | ૪ | ૩ | ૫ | ૨ | ૭ | ૧ |
| ૨ | ૧ | ૩ | ૯ | ૭ | ૬ | ૮ | ૫ | ૪ |
| ૫ | ૬ | ૮ | ૨ | ૧ | ૪ | ૩ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૭ | ૩ | ૫ | ૮ | ૧ | ૨ | ૬ |

આપેલા ચોરસ સમૂહમાં એવી રીતે ખૂટતા અંક ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને ૩X૩ના બોક્સમાં ૧થી ૯ સુધીના આંકડા આવે. ચોરસ સમૂહમાં આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહીં. તમારે એ સિવાયના ખૂટતા અંકો મેળવવાના છે. તો કરો મગજમારી...!

## ધાર્મિક-સામાજિક અને સંસ્થાકીય ગતિવિધિઓ

### પંચમ ગ્રૂપ દ્વારા ૩૦૫મો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ



'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત વરિષ્ઠ વૈષ્ણવ નાગરીક મંડળના ઉપક્રમે પંચમ ગ્રૂપ દ્વારા ૩૦૫મો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ અડાજણ બદ્રીનારાયણ હોલમાં ૧૫મી ફેબ્રુઆરીએ યોજાયો હતો. ડો રાજેષ સોન્સકીયા, ચેતના દેસાઈ, માનસી મપારા, સંદીપ મપારા અને રિધ્ધિશકુમારે ફિલ્મી ગીતો રજુ કર્યા હતા. કિરીટભાઈ પચ્ચીગર, પ્રકાશભાઈ સુતરીયા અને નીરૂબેન શાહએ કલાકારોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું. ડો રાજીવ દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### લોકભારતી શાળામાં બોર્ડના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ



સિટીલાઈટ સ્થિત લોકભારતી અંગ્રેજી શાળામાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભ અને આશીર્વાદ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે હિરેનભાઈ બી.દેસાઈ (સી.સી.શાહ અંગ્રેજી શાળા, સુરતના નિવૃત્ત આચાર્ય), લોકભારતી મંડળના પ્રમુખ દિનકરાય.સી.નાયક, ટ્રસ્ટી ડૉ. જીતેન્દ્રભાઈ.આર.પટેલ, કેમ્પસ કોઓર્ડિનેટર સેહુલભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને ગભરાયા બોર્ડ પરીક્ષામાં બેસવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### સનરાઇઝ સ્કૂલનો વાર્ષિક મહોત્સવ યોજાયો




ડિંડોલીની સનરાઈઝ વિદ્યાલય અને સેવન સ્ટેપ્સ પ્રિ-સ્કુલ દ્વારા ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ને શનિવારના રોજ વાર્ષિક મહોત્સવ વાલીઓ, શાળાની મેનેજમેન્ટ ટીમ, ટ્રસ્ટીઓ અને આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. જેમાં ભક્તિથી માંડીને કૌટુંબિક મુલ્યો, દેશભક્તિ, જીવનમાં આવતા પડકારોનો સામનો, માતા-પિતાનો પ્રેમ, સામાજિક મુદ્દાઓ, બેટી બચાવો, પર્યાવરણ સહિતના વિષયોની સુંદર રજૂઆત કૃતિઓ સ્વરૂપે કરવામાં આવી હતી.

**અમને જણાવો** : શહેરની વિવિધ સંસ્થાઓ, શાળાઓ, સમાજ, સોસાયટીમાં યોજાતા ધાર્મિક, સામાજિક કાર્યક્રમો, સ્પર્ધા, વિદ્યાર્થીઓની સિદ્ધિ 'સંદેશ' અખબારમાં પ્રસિદ્ધ કરાવવા માટે ફોટા સાથેની માહિતી ઇ-મેઇલ કરો.
pressnote.surat@sandesh.com


લગ્નવિષયક (ઓલ ગુજરાત) Rs. 30/- પ્રતિ શબ્દ (ફક્ત રવિવારે) ૫% GST અલગથી લાગશે

ક્લાસિફાઇડ ડિસ્પ્લે Rs. 150/- પ્રતિ સ્કે.સેમી. 3 Paid 1 Free 7 Paid 3 Free 13 Paid 7 Free

પ્રોપર્ટી સ્પેશ્યલ એડ Size 3 X 3 Sq.Cm Rs. 650/- Size 3 X 4 Sq.Cm Rs. 850/-

જાહેરખબરના દર (સુરત આવૃત્તિ) અન્ય Rs. 20/- પ્રતિ શબ્દ જ્યોતિષ વિષયક Rs. 25/- પ્રતિ શબ્દ

# સંદેશ | ક્લાસિફાઇડ

નોકરી વિષયક । ધંધાકીય । શૈક્ષણિક । ઔષધ ઉપચાર । પ્રોપર્ટી । અન્ય

**પ્રોપર્ટી**

**જનરલ**

**વેચવાનું છે.**

બે જુના મકાન વેચવાના છે ૧, મોતીભાઈની ચાલ, રમેશ ડોક્ટરના દવાખાનાની ગલી, કોસંબા. ૨, જ્ઞાનદીપ ટ્યુશન ક્લાશ સામે, વિજય એસ્ટેટ તરસાડી, કોસંબા 9712237600, 9099256231 0040499378

**ભાગળ-ચોક-ગોપીપુરા**

**ભાડે આપવાનું છે**

ભાગાતલાવ મેઈનરોડ ટચ ગ્રાઉન્ડ ફ્લોર 370 Sq. ft. દુકાન ભાડે આપવાની છે Mo- 9409394266 0040498897

**ભાગળ-ચોક-ગોપીપુરા**

**વેચવાનું છે.**

તાત્કાલિક 3 B H K ફ્લેટ વેચવાનો સંપૂર્ણ હવા ઉજાસવાળો, લાલગેટ મેઈન રોડ, ૪૫ લાખ ફાઈનલ, સંપર્ક- 9664691413 0040499276

**સચીન-ભેસ્તાન-ઉન**

હોજીવાલા પ્લોટ લેવા/ વેચવા માટે મળો. સિદ્ધાર્થ શાહ 9998227450, સતીશ શાહ 9825127450, 9898027450 0040499093

**અગત્યનું સૂચન**

વિજ્ઞાપનદાતાએ આપેલી માહિતિ ઉપર વિશ્વાસ મૂકતા પહેલા, વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. અમો વિજ્ઞાપનદાતાની ઉંમર, આવક, દરજ્જો કે અન્ય કોઇપણ વિગત, સાચી અથવા ખોટી હોવા અંગે બાંહેધરી લેતા નથી. - જા.ખ. મેનેજર

**મોરાભાગળ-જહાંગીરપુરા**

પ્લોટ વેચવાનો છે. 38, સાંઇ વિલા રોહાઉસ, નવા ડી માર્ટની સામે, જહાંગીરપુરા, સુરત. 9825703370 0040499304

**ઘોડદોડ રોડ-પાર્લેપોઈન્ટ**

મલ્હાર કોમ્લેક્સ પાર્લે પોઇન્ટ રોડ બ્રિજની ડાબી મલ્હાર ઢોસા ઉપર રોડ સાઇડનું 300 sq ફીટ કાર્પેટ M 9 શોપ ઓફિસો ડૉક્ટર ટ્યુશન ક્લાસિસ માટે ભાડે/ વેચાણથી આપવાનું છે 9825278010 0040499287

**નોકરી ખાલી છે**

**વિવિધ**

જોઈએ છે ટેલિકોલર (લેડીસ) કાર લોન/ મોર્ગેજ લોન, પગાર. ૧૦૦૦૦/- એરિયા જહાંગીરપૂરા, ૯૮૨૫૫૫૫૯૮૫ 0040499384

ધાણા જીરૂ, હળદર, લાલ મરચું પાઉડર તથા મસાલાનું વેચાણ કરી શકે તેવા વ્યક્તિઓની જરૂર છે. (વરાછા) મો. 9904818439 0040499261

ડિલીવરી અને ઓફીસ કામ માટે છોકરાઓ જોઈએ છે. પગાર 12000થી શરૂ લાયસન્સ હોવું જરૂરી. સંપર્ક: 9313237370 0040499380

કતારગામની હોલ સેલની દુકાનમાં કામ માટે માણસો જોઈએ 9979527161 0040499302

કમ્પાઉન્ડર જોઇએ છે ૩૫ વર્ષથી ઉપરના લેડીઝ. શાહપોર સ્થિત દવાખાના માટે. અનુભવી/ બિનઅનુભવી. બપોરે ૨થી ૩માં કોલ કરો. 9825130055 0040499297

Ware house helper- 01 Job Descriptions: Material in ward- Out ward, Inside ware house minor work, Job Time: 8:00 AM to 7:00 PM Address: Sreeja Technicals, Beside D- Mart- Kosad, Amroli Contact details: 7874321932 0040499253

**એકાઉન્ટ્સ**

જોઇએ છે. પાર્ટ ટાઇમ એકાઉન્ટન્ટ પર્વટ પાટીયા ઓફિસ. 8238443209 0040499336

**કારીગર**

આલુપૂરી માટે પાર્ટ ટાઇમ 5,000/- ફૂલ ટાઈમ 10,000થી 15,000/- અનુભવી/ બિનઅનુભવી કારીગર જોઈએ છે. મળો. G 99, રાજ વર્લ્ડ, પાલનપુર કેનાલ રોડ, સુરત. મો. 9377130001 0040499312

**કોમ્પ્યુટર**

MIS- Coordinator- 01 With good communication & computer skill, Excel knowledge must Interview Time: 11:00 AM to 5:00 PM Address: Sreeja Technicals, Beside D- Mart- Kosad, amroli Contact details: 7874321932 0040499254

ઓફિસ વર્ક માટે કોમ્પ્યુટર જાણકાર જોઈએ 13, ગ્રીન હાઉસ કૈલાશ નગર મજૂરાગેટ 9328901122 0040499102

**ડ્રાઈવર**

કમાવો 4 કલાકમાં રૂ. 600 (પાર્ટ ટાઈમ/ ફુલ ટાઈમ) રેપીડો બાઈક ચલાવો. જોઈન કરવા માટે રેપિડો કેપ્ટન એપ ડાઉનલોડ કરો અથવા કોલ કરો. 01414931163 0040495628

**માર્કેટીંગ અને સેલ્સ**

ડોર ટુ ડોર માર્કેટિંગ માટે છોકરા અને છોકરીઓ જોઈએ છે સોનગઢ, વ્યારા, ઉચ્છલ, માંડવી, વાલોડ, નવસારી, સુરત, અંકલેશ્વર, ભરૂચ, નેત્રંગના સ્થાનિકોએ સંપર્ક કરવો. કોલેજ સ્ટુડન્ટ માટે પાર્ટ- ટાઇમ, કમાવાની ઉત્તમ તક. Whatsapp your C V + 91- 9879470357 0040499347

**અન્ય**

Silver પેન્સિલ પેકિંગ મહિલા પુરુષ 95000 કમાઓ. NOC 2000/-. 7618121192. 0040499346

Gujarati પેન્સિલ પેકિંગ, ઘરથી મહિલા, પુરુષ 95000/- કમાઓ. Whatsapp- 8006302150. 0040499342

**વ્યવસાયલક્ષી**

**ટ્રાવેલ એન્ડ ટુર**

SG Tours ગુજરાતી કીચન- મેનેજર સાથે (કાશ્મીર), (હિમાચલ), (કેરાલા), (સિક્કિમ- દાર્જિલિંગ), (નેપાળ- ભારત), (ચારધામ), (આસામ- મેઘાલયા), (રામેશ્વરમ), (જગન્નાથપુરી), (હૈદરાબાદ- મલ્લિકાર્જુન- તિરૂપતી), (હરિદ્વાર). 8758555889 0040496454

મહાકુંભ સ્લીપર બસ, (૨૧- ફેબ્રુઆરી) દર શનિવારે જલેબી હનુમાન, (શુભ પ્રસંગોમાં ઈનોવા, ટેમ્પો ટ્રાવેલર, બસ, ભાડે મળશે) 9825967888 0040499266

(સાગર) 9427113317, ધૂળેટીમાં શાહપુરા, નાથદ્વારા, પુષ્કરાજ, રામદેવરા, જેસલમેર, સુંધા માતા, સાવરીયા, સ્લીપિંગ બસમાં 0040499267

ઓમસાંઇ ટ્રાવેલ્સ ઉજ્જૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, પ્રયાગરાજ, અયોધ્યા, બનારસ. 7 દિવસ. 23-02 (7878674257) 0040499292

કશ્મી ટુરીઝમ ઉનાળામાં કાશ્મીર, વૈષ્ણોદેવી. દિવસ- 12, 20 એપ્રિલ 9327387344 0040499325

SG Tours, કુંભ સ્પેશિયલ, ગુજરાતી કિચન અને મેનેજર સાથે. 9265953774 0040499308

હોળીમાંગોવા, મહાબલેશ્વર. દિ. 5, 7 માર્ચ તીખુ ભોજન. 9327387344 0040499327

**રિપેરીંગ સર્વિસ**

વિઝીટ ચાર્જ 50- ફ્રિઝ, વોશિંગ મશીન ઘરબેઠા રીપેરીંગ અજય. 9428480273 0040499387

ઘરબેઠા તાત્કાલિક L E D રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 0040499294

**બ્યુટી પાર્લર**

Zoya મસાજ હાઈપ્રોફાઈલ મોડલથી એન્જોય 15000 કમાઓ 9519889514, 8920395078, 9871987458. 0040499333

**પેસ્ટ કંટ્રોલ**

PRESIDENT PEST CONTROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 0040499149

SAINATH PEST CONTROL, GUMASTA LICENCE, ઉધઈ, માંકડ, વાંદા, RITESHBHAI- 9825859642 0040497600

**ઔષધ ઉપચાર**

ફક્ત લેડીઝને અનુભવી લેડીઝ દ્વારા ઘરબેઠા ફૂલ બોડી મસાજ 8735842146 0040499317

**ધંધાદારી**

ગુજરાતનું સૌ પ્રથમ વડીલો માટેનું કેર હોમ- સ્વર્ગ ઘરડા, પથારીવશ, રોગગ્રસ્ત, લક્વાગ્રસ્ત વડિલો માટેની સાચવણી માટેનું શ્રેષ્ઠ કેન્દ્ર, નંદનવન- 1 સામે, વેસુ લેક પાસે, વેસુ. 8511660070- 8511660160 0040494967

કબૂતર જાળી, મચ્છર જાળી માટે સંપર્ક સગુનભાઈ. 6306267162, 9558067162 0040497808

હિંચકાના કડાં તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. 9099663638 0040499321

હિંચકાના કડાં તોડફોડ વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. 8460222292, 8460222282 0040499323

વુલન, સ્વેટરો, રેઇનકોટ, ઈનર થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત. 0040499041



નામ ટચુકડી કામ કરી આપે મોટું

હવે સંદેશ માં ટચુકડી આપવી તદ્દન સરળ:
- નીચે આપેલ નંબર ઉપર તમારું મેટર whatsapp કરો.
- whatsapp ઉપર estimate મેળવો.
- નીચે આપેલ QR Code scan કરીને પેમેન્ટ કરો.
- ઘર બેઠા તમારી ટચુકડી કોઈ પણ એડીશન માં છપાવો.

WHATSAPP HERE TO SEND YOUR CONTENT
99099 85623
: સમય :
સોમ થી શનિ 10:30 થી સાંજે 6
રવિવારે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦

SCAN HERE TO PAY

સંદેશ

### ચૂંટણી પહેલાં જ ૮ બેઠક બિનહરીફ કરીને વિજયના શ્રીગણેશ કર્યા હતા

# જૂનાગઢ મહાપાલિકામાં ભાજપની હેટ્રિક, ૪૮ બેઠક સાથે કેસરિયો ફરીથી લહેરાયો

## જૂનાગઢ | ૧૧ વોર્ડમાં ભાજપનો જનાદેશ વધુ, કોંગ્રેસ કરતાં ૫૪,૮૬૧ મત વધુ મળતા ભવ્ય વિજય

જૂનાગઢ મહાપાલિકાની ચૂંટણીનું આજે પરિણામ જાહેર થતા ભાજપે વિજયી હેટ્રિક કરી છે. મનપાની કુલ ૬૦ બેઠક પૈકી ૮ બેઠક ચૂંટણી પૂર્વે જ બિનહરીફ મેળવીને વિજયના શ્રીગણેશ કર્યા હતા, બાદમાં મતદાનમાં પણ શહેરમાંથી ખોબલે-ખોબલે મત મળતા આજે ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે ૪૮ બેઠક સાથે મહાપાલિકામાં કેસરિયો લહેરાવ્યો છે.

જૂનાગઢ મહાપાલિકાના ૧૫ વોર્ડની ૬૦ બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં મતદાન પૂર્વે વોર્ડ નંબર-૩ અને વોર્ડ નંબર-૧૪ ની ૮ બેઠક ભાજપને ચૂંટણી પહેલા જ બિનહરીફ મળી ગયેલ હતી, જેથી બાકીના ૧૩ વોર્ડની ૫૨ બેઠક માટે તા.૧૬ ફેબ્રુઆરીએ મતદાન યોજાયું હતું, જેમાં ભાજપના ૫૧, કોંગ્રેસના ૪૯, આમ આદમી પાર્ટીના ૩૦ સહિતના કુલ ૧૫૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો, મતદાનના દિવસે મહાપાલિકા માટે કુલ મતદારો ૨,૨૯,૦૪૭ મતદારો પૈકી ૧,૦૧,૫૨૩ મતદારોએ જેમાં ૫૬,૪૦૦ પુરુષ (૪૮.૧૬ ટકા) અને ૪૫,૧૨૩ સ્ત્રી (૪૦.૩૧ ટકા) મળીને કુલ ૪૪.૩૨ ટકા મતદાન કર્યું હતું.

જે ગત ચૂંટણી કરતા ૫.૩૬ ટકા ઓછુ નોધાયું હતું, ઓછુ મતદાન થતા રાજકીય પક્ષોની ચિંતા વધી હતી, અને અનેક બેઠકોના ઉલટફેર થશે તેવું માનવામાં આવી રહ્યું હતું, પરંતુ આજે જયારે સવારે ૯ કલાકે કૃષિ યુનિવર્સીટી ખાતે મતગણતરી શરુ થયેલ ત્યારથી બપોરના ૧૨.૩૦ સુધીમાં તમામ પરિણામ જાહેર થયા જેમાં સર્વાધિક ભાજપને ૪૮ બેઠકો, કોંગ્રેસને ૧૧ બેઠકો અને ૧ બેઠક ઉપર અપક્ષ ઉમેદવારનો વિજય થયો હતો. આમ જોઈએ તો, ભાજપે જૂનાગઢ મનપામાં ૬૦ બેઠક પૈકી ૪૮ બેઠક હાંસલ કરીને સ્પસ્ટ બહુમતી મેળવીને કેસરિયો લહેરાવ્યો છે. સાથે સાથે ભાજપે વિજય હેટ્રિક પણ નોધાવી છે, કારણ કે, ૨૦૨૫ માં ૬૦ પૈકી ૪૮ બેઠક મેળવી સ્પસ્ટ બહુમતી મેળવી, તેના અગાઉની ૨૦૧૯ ની ચુંટણીમાં પણ ૬૦ બેઠક પૈકી ૫૫ બેઠક સાથે સ્પસ્ટ બહુમતી અને તેના અગાઉની વર્ષ ૨૦૧૪ ની ચુંટણીમાં પણ ૬૦ બેઠક પૈકી ૪૧ બેઠક સાથે શાસન કર્યું હતું, આમ છેલ્લી ત્રણ ચુંટણીમાં જૂનાગઢમાં ભાજપનો કેસરિયો લહેરાયો છે. અમુક વોર્ડમાં ભાજપને કોંગ્રેસ કરતા ઓછા મત મળ્યા છે. અને કોંગ્રેસને ગત ચુંટણી કરતા ૧૦ બેઠકો વધુ પણ આવી છે. પરંતુ ઓવરઓલ પરિણામ ઉપર નજર કરીએ તો, આ ચુંટણીમાં જૂનાગઢમાંથી ભાજપને કુલ ૧,૭૭,૩૯૧ મત, જયારે કોંગ્રેસને ૧,૨૨,૫૩૦ મત મળ્યા છે. એટલે ભાજપને કોંગ્રેસ કરતા ૫૪,૮૬૧ મત વધુ મળ્યા છે. કુલ ૧૫ વોર્ડમાં ભાજપની ૧૦ પેનલનો ભવ્ય વિજય થતા વોર્ડ વાઈઝ વિજય સરઘસ નીકળ્યા હતા.

### પાંચ વર્ષ સુધી કરેલા કામ જન-જન સુધી પહોંચાડયા

જૂનાગઢ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે હેટ્રીક સાથે જવલંત વિજય મેળવ્યો છે. જૂનાગઢના પ્રભારી તરીકે રાજકોટના ભાજપ અગ્રણી કમલેશભાઈ મીરાણીને જવાબદારી સોંપવામાં આવી હતી. આ જીત અંગે તેમણે જણાવ્યુ હતુ કે રાજકોટ, જામનગર અને જૂનાગઢના સ્થાનિક કાર્યકરોએ જૂનાગઢમાં પાંચ વર્ષ દરમિયાન કરાયેલા કામો લોકો સુધી પહોંચાડયા હતા અને કોંગ્રેસને કેમ નબળી પાડવી તેની વ્યૂહરચના સાથે કામગીરી કરી હતી.દરેક વોર્ડમા ૪૦-૪૦ બેઠકનું આયોજન કરાયુ હતુ. જેથી પ્રજાએ જવલંત જનમત આપ્યો છે.

### આપના ધારાસભ્ય વાઘાણીના વોર્ડમાં એકપણ ઉમેદવાર જીતી ન શક્યો

# ગારીયાધાર નગરપાલિકાની ચૂંટણી સ્પષ્ટ બહુમતી સાથે ભાજપનો ભગવો લહેરાયો

## ગારીયાધાર | ભાજપને નગર પાલિકા ખાતે ૧૮ બેઠકો સાથે સિંહાસન યથાવત

ગારીયાધાર નગરપાલિકામાં ૨૮ બેઠકોની થયેલી ચૂંટણીના આજરોજ ગાંધીનગર થી આવેલા ઓબ્ઝર્વર કુ. આર.એન.કુશ્વાની હાજરીમાં મુખ્ય ચૂંટણી અધિકારી ડે. કલેકટર અંકિત પટેલ દ્વારા પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. જે પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીનો ૧૮ ઉમેદવારો વિજયી બનતા પાલિકા ખાતે ભાજપનો ભગવો લહેરાયો હતો. આમ ભાજપને નગર પાલિકા ખાતે ૧૮ બેઠકો સાથે સત્તાનું સિંહાસન યથાવત રાખવામા સફળતા મળી હતી.

જ્યારે કોંગ્રેસના ૭ અને આમ આદમી પાર્ટીના માત્ર ૩ ઉમેદવારો વિજેતા થવા પામ્યા હતા. નોંધનિય છે કે, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી બે વર્ષથી ધારાસભ્ય હોવા છતા તેમના વોર્ડમાં આમ આદમી પાર્ટીનો એકપણ ઉમેદવાર જીતી શક્યો ન હતો. ગારીયાધાર નગરપાલિકા ખાતે ૭ વોર્ડમાં ભાજપના ૨૮, કોંગ્રેસના ૧૬,આપના ૧૨,બસપાના ૩ અને ૧ અપક્ષ મળી કુલ ૬૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ ખેલાયો હતો. જેના આજરોજ જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીના ૧૮, કોંગ્રેસના ૭ અને આમ આદમી પાર્ટીના ૩ ઉમેદવારો વિજયી થતા ગારીયાધાર નગરપાલિકા ખાતે ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમત મળતા નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો. જ્યારે ગઠબંધન સાથે લડેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો કારમો પરાજય થવા પામ્યો હતો.

### બે વર્ષથી આપના ધારાસભ્ય સુધીર વાઘાણી હોવા છતાં પોતાના વોર્ડના તમામ ઉમેદવારોની હાર

છેલ્લા બે વર્ષથી ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી આમ આદમી પાર્ટીના નેતા તરીકે સત્તાના સિંહાસન પર બેઠા છે. પરંતુ ગારીયાધાર શહેરમાં પ્રજાના પાણી અને સફાઈના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં વામણા પુરવાર થયા હતા. જેના પરિણામ સ્વરૂપે તેમના પોતાના વોર્ડમાં જ આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારોને હારનો સ્વાદ ચાખવો પડ્યો છે. અને આપના ૧૨ પૈકીના નવ ઉમેદવારો પણ હારી ચૂક્યા છે. જેમને પોતાની કામગીરી બાબતે પ્રજાએ ઝાકારો આપવાનો ચુકાદો આપ્યો છે.

## કોડીનાર | કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય

# કોડીનાર નગરપાલિકામાં ૨૮ બેઠકો ઉપર ભાજપનો ભવ્ય વિજય થયો

કોડીનાર નગરપાલિકા ની યોજાયેલી ચૂંટણીમાં આજે મતગણતરી માં ભાજપે તમામ બેઠકો ઉપર ભવ્ય વિજય મેળવી છેલ્લા ૩૦ વર્ષ થી ભાજપે કોડીનાર નગરપાલિકા માં પોતાનું દબદબો અને સતા જાળવી રાખવામાં ભવ્ય સફળતા મેળવી હતી,જ્યારે કોંગ્રેસ ખાતું ખોલાવવામાં નિષ્ફળ જતા કોંગ્રેસ નો કારમા રકાસ સાથે પરાજય થયો છે. કોડીનાર નગરપાલિકા નાં ૭ વોર્ડ ની ૨૮ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપ ની ૪ બેઠકો બિન હરીફ થયા બાદ ૨૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી ના નેતૃત્વ માં તમામ ૭ વોર્ડ માં એકતરફી ભવ્ય વિજય મેળવી કોડીનાર નગરપાલિકા માં પોતાનું ૩૦ વર્ષ નું એકચક્રી શાસન જાળવી રાખ્યું હતું.કોડીનાર ની જનતા એ પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી ના નેતૃત્વમાં કોડીનાર શહેરમાં થયેલા અવિરત વિકાસ ના કામો ને ને જોઈ લગભગ એક તરફી મતદાન કરી ભાજપ ને વિજયી બનાવી કોંગ્રેસ ને જાકારો આપતા ગઈ ટર્મ માં ૪ બેઠકો મેળવનાર કોંગ્રેસ આ ચૂંટણી માં ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ નીવડી હતી.કોંગ્રેસ ના કોઈ પણ ઉમેદવાર ભાજપ ના ઉમેદવાર ની નજીક પણ ના પોહચતા અને કોંગ્રેસ ના તમામ ઉમેદવારો ૩ ડીજીટ ના આંકડા જ મત મળતાં કોંગ્રેસ ના અનેક ઉમેદવારો ની ડિપોઝિટ ડુલ થાય તેવી શકયતાઓ જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. જ્યારે આ ચૂંટણીમાં ભાજપ દ્વારા ૯ મુસ્લિમ ઉમેદવારો ને મેદાનમાં ઉતારાયા હતા જે તમામ ૯ ઉમેદવારો પણ જંગી બહુમતી થી વિજેતા થયા હતા. વિજય સરઘસ દરમિયાન સોમનાથ મંદિર માં શીશ ઝુકાવી પાણી દરવાજા ખાતે વિજયી સભા યોજાઈ હતી. સભા બાદ ભાજપ ના અગ્રણી આગેવાનો પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી,શિવાભાઈ સોલંકી સહિત તમામ વિજયી ઉમેદવારો એ કોડીનારમાં કોમીએકતા અને ભાઈચારા ના પ્રતિક મોટા પીર ની દરગાહ માં સલામી આપી ચાદર ચઢાવી કોમી એકતા અને ભાઈચારા ના દર્શન કરાવ્યા હતા.

# વાંકાનેરમાં ફટાકડા ફોડવા બાબતે ભાજપ અને આપના કાર્યકરો વચ્ચે મારપીટ

વાંકાનેર : વાંકાનેર પાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થતા વિજેતા બનેલા ભાજપના કાર્યકર્તાઓ દ્વારા શહેરના માર્કેટ ચોક ખાતે ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવી રહ્યા હતા તે સમયે ફૂટની દુકાન પાસે ફટાકડા ફોડવામાં ફટાકડો થડા નીચે જતા મામલો ગરમાયો હતો. આ મામલે થોડીવારમાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા જોતજોતામાં ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો વચ્ચે છુટાહાથની મારામારી ચાલુ થઈ ગઈ હતી.

ચૂંટણીના પરિણામો બાદ ભાજપના કાર્યકર્તાઓ ફટાકડા ફોડી રહ્યા હતા તે સમયે ફટાકડો ફૂટની દુકાનમાં થડા નીચે જતા ગરમા ગરમી સાથે થોડી વારમાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ભાજપના અને આમ આદમી પાર્ટીના કાર્યકરો એકાબીજા ઉપર હાથા પાઈ ઉપર ઉતરી આવ્યા હતા. ઘટનાની જાણ થતા Dy.S.P. સમીર સારડા તથા પી. આઈ. એચ. એ.જાડેજા સહિત પોલીસ કાફલો દોડી જઈ સમય સૂચકતા વાપરીને મામલાને થાળે પાડી દેવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ ઘટનામાં હજુ સુધી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી નથી. વધુ મામલો વકરે નહિ તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. વાકાનેર નગર પાલિકાની ચૂંટણીના પરિણામ આજે જાહેર થતા ભાજપ, કાંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તા વચ્ચે જંગ જામ્યો હતો. ત્યારે વાંકાનેર નગરનાં માર્કેટ ચોકમાં ફટાકડા ફોડવા બાબતે રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે મારામારી થઈ હતી. જોકે, પોલીસે ત્વરીત પગલા લઈને મામલો થાળે પાડ્યો હતો.

## ફોટો ગેલેરી

### ગુરુકુળમાં સંતો દ્વારા શિક્ષકોને હેલ્મેટ અપાયા



વેડરોડની ગુરુકુળના સંતો દ્વારા "અમને તમારી પરવાહ છે"ના પોલીસના સ્લોગનને સાકાર કરવાના હેતુથી ગુરુકુળના શિક્ષકોને હેલ્મેટ આપવામાં આવ્યા હતા. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરવાને લઇને સમજણ આપી હતી.

### સમસ્ત દેપલા સેવા ટ્રસ્ટના સમૂહલગ્ન યોજાયા



મોટા વરાછાના રતન ફાર્મમાં સમસ્ત દેપલા સમાજ અને સમસ્ત દેપલા સેવા ટ્રસ્ટ દ્વારા સમાજની દીકરીઓનો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. સમાજના ગણેશ ધેવરિયા સહિતના મહાનુભાવોએ લગ્નમાં હાજરી આપી હતી. ૬ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા.

### મનપા કર્મચારીઓનો દ્વિતીય સમૂહલગ્નોત્સવ



કતારગામના વેડગામના મણિબાગ ફાર્મમાં અખિલ ભારતીય સફાઈ મઝદૂર સંઘ અને મ્યુનિસિપલ કોર્પોરેશન એમ્પ્લોઇઝ એજયુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે મનપાના કર્મચારીઓનો "દ્વિતીય સમૂહલગ્ન સમારોહ-૨૦૨૫" યોજાયો હતો. દ્વિતીય સમૂહલગ્ન સમારોહમાં નવ નવયુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતાં.

# વડનગરમાં કોંગ્રેસનું ધોવાણ, ખેરાલુ પાલિકામાં ભાજપનું કમળ ખીલ્યું

| મહેસાણા |

વડનગર અને ખેરાલુ નગર પાલિકાના ચૂંટણીના પરિણામ પર સવારથી સમગ્ર રાજ્ય સહિત દેશની નજર હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી. જયારે ભાજપે વડાપ્રધાનના વતનમાં પોતાનો દબદબો યથાવત રાખ્યો હતો. જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીની એક બેઠક, તાલુકા પંચાયતની ૯ પૈકી એક બિનહરીફ અને ૮ બેઠક જીતીને ભાજપે ભવ્ય વિજય મેળવ્યો હતો. જયારે દેશના વડા પ્રધાનના માદરે વતન વડનગરમાં પણ ભાજપે ૨૮ પૈકી ૨૬ બેઠકો પોતાના નામે કરી હતી. જયારે ખેરાલુ નગર પાલિકાની ચૂંટણીમા ૬ વોર્ડની ૨૪ બેઠકો પૈકી ૧૩ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

ખેરાલુ પાલિકામાં મુકેશ દેસાઈ સહિતના કોંગી નેતાઓની મહેનતના લીધે કોંગ્રેસ પક્ષનું આબરુનું ધોવાણ થતું અટક્યું હતું. મહેસાણા જિલ્લામાં સવારથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી તેમજ પેટા ચૂંટણીના પરિણામ જાણવા લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જિલ્લા પંચાયતની એક બેઠક માટે અને પાંચ તાલુકા પંચાયતોની ૯ પૈકી ૮ બેઠકો માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. જેની મંગળવારના રોજ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. આ પેટા ચૂંટણીની તમામ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો હતો. જયારે વડનગર નગર પાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો પૈકી ૭ બેઠકો ભાજપ તરફે બિન હરીફ થઈ હતી. જયારે ૨૧ બેઠકો પર મતદાન થયુ હતું. જેમાં ૨૦ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ બહુમતી મતો સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો. જયારે કોંગ્રેસે વોર્ડ નં.૧ અને ૬માં એક-એક બેઠક ઉપર જીત હાંસલ કરી હતી. ખેરાલુ નગર પાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે પણ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાજપે ૧૩ બેઠક પર વિજય મેળવ્યો હતો.

# પાટણની ત્રણેય પાલિકામાં ભાજપ રાજ

| પાટણ |

મંગળવારની સવાર ભાજપ માટે મંગળ સાબિત થઈ છે કારણ કે પાટણ જિલ્લામાં યોજાયેલી ૩ નગરપાલિકાઓમાં ભાજપે તમામ ત્રણેય પાલિકાઓમાં સ્પષ્ટ બહુમતી સાથે સત્તા હાંસલ કરી લીધી છે.

ચાણસ્મા પાલિકામાં અપક્ષોનો નોંધપાત્ર દેખાવ રહ્યો હતો. જેમાં સિદ્ધપુર પાલિકાની પેટાચૂંટણીમાં બંને બેઠકો ભાજપે જીતી લીધી સમી તાલુકા પંચાયતની કનીજ બેઠક ભાજપે જીતી તો સિદ્ધપુર તાલુકા પંચાયતની સમોડા બેઠક કોંગ્રેસે જીતી લીધી હતી. બીજી તરફ એકાદ પાલિકા જીતી લઈશું તેવી આશા લઈને ફરતા કોંગ્રેસનાં સૂપડાં બિલકુલ સાફ થઈ જતાં હવે પાટણ જિલ્લામાં અત્ર તત્ર સર્વત્ર ભાજપ રાજ સ્થાપિત થયું છે. નગરપાલિકાઓમાં મળેલી જીતને લઈને ભાજપના કાર્યાલયો અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને ઉજવણીનો માહોલ છવાયો હતો. ભાજપી કાર્યકરોએ ફટાકડા ફોડી આતશબાજી કરી અને મીઠાઈ ખવડાવીને મોંઢું મીઠું કરાવી જીતનો ઉત્સવ મનાવ્યો હતો.

# ખાંભા પાસે બોલેરો પલટી મારી જતા ૨૦ને ઈજા પહોંચી

ખાંભા : ખાંભા થી ઉના રોડ પર ખડાધાર ગામ નજીક રબારીકા ગામેથી સગાઈ અર્થ જઈ રહેલ પરિવારને અકસ્માત નડ્યો હતો જેમાં ૨૦ થી લોકોને નાની મોટી ઈજાઓ પહોંચતા ખાંભા ઉના અને અમરેલી સારવાર અર્થ ખસેડવામાં આવ્યા હતા ખાંભા તાલુકાના રબારીકા ગામેથી ખડાધાર ગામે દેવીપુજક પરિવાર સગાઈ અર્થ ખડાધાર ગામે આવી રહ્યો હતો ત્યારે ઉના રોડ નજીક બોલેરો ગાડીનો એકસેલ તૂટી જતા સર્જાયો અકસ્માત થયો હતો અને બોલેરો ગાડી પલટી મારી જતા બોલેરોમા બેઠેલા ૩૦ લોકોમાંથી ૨૦થી વધારે લોકોને નાની મોટી ઈજાઓ થતા ૧૦૮ની મદદથી સારવાર અર્થ ખાંભા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં સાતથી આઠ લોકોને ગંભીર ઈજાઓ થતા બધું સારવાર અર્થ અમરેલી અને ઉના હોસ્પિટલ ખાતે ખસેડવામાંઆવ્યા હતા.


**જાહેર નોટિસ**

**નગર રચના યોજના નંબર ૫ (બારડોલી)**

નગર રચના યોજના નં ૫(બારડોલી)ની પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરતા પહેલાની એવોર્ડ પહેલાની દરખાસ્ત અંગે જમીન માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને અત્રેની કચેરી દ્વારા પ્રાપ્ત સરનામાઓને આધારે વ્યકિતગત નોટીસો બજવીને, તેઓના વાંધા સુચનો રજુ કરવા જણાવી, સુનાવણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમ છતાં જે કોઇ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને સદર યોજનાની પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરતા પહેલાની એવોર્ડ પહેલાની દરખાસ્તની નોટીસ પુરતા સરનામાના અભાવે કે બીજા કોઈ કારણોસર મળેલ ન હોય તો પ્રાથમિક પુરાવા તથા માલિકી હક્કના અધિકૃત પુરાવા સાથે અત્રેની કચેરીએ રૂબરૂ અથવા લેખિત વાંધા સુચનો આ કચેરીના નીચે જણાવેલ સરનામાને દિન-૭(સાત) માં રજૂ કરવા વિનંતી છે. તેમ છતાં આ સંબંધે જે તે જમીન માલિક/કબ્જેદાર દ્વારા અત્રેની કચેરીએ લેખિત રજૂઆત કરવામાં નહી આવે તો અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીન માલિકોને/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને બંધનકર્તા રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

બારડોલી, તા. ૧૫/૦૨/૨૦૨૫

સહી/-નગર રચના અધિકારી
નગર રચના યોજના નં.૫, બારડોલી

સરનામું : નગર રચના અધિકારીશ્રીની કચેરી, નગર રચના યોજનાઓ, બારડોલી પ્રથમ માળ, જૂની નગરપાલિકાની કચેરી, ઉપલી બજાર, બારડોલી - ૩૯૪૬૦૧.

ક્રમાંક : માહિતી-સુરત/૧૩૩૯/૨૦૨૪-૨૫

**Surat Municipal Corporation**

**Bridge Cell**

FIT INDIA

E-TENDER NOTICE (ONLINE) NO. Add.C.E./BRIDGE/06/2024-25

Tenders are invited for various Work online https://smctender.nprocure.com from Government approved contractors with the following Schedule.

| | |
|---|---|
| Name of the Department | Bridge Cell |
| No. of Works | 01 |
| Total Estimated cost of Tender | Rs. 31,15,072 = 00 |

Visit us at : www.suratmunicipal.gov.in

No. P.R.O./458/2024-25
Date : 18/02/2025

Sd/- Add. City Engineer (Civil)
Surat Municipal Corporation

**જાહેર હરાજી**

આથી જાણ કરવામાં આવે છે કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ અને તાલુકા પંચાયત ઉમરગામ બાંધકામ વિભાગ દ્વારા મળેલ મંજૂરી અન્વયે માછીવાડા ખતલવાડા પ્રાથમિક શાળા, તાલુકો-ઉમરગામ, જીલ્લો વલસાડ,ના આરસીસીના સાત જર્જરિત રૂમોની હરાજી તારીખ ૨૭/૦૨/૨૦૨૫ ના ગુરુવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે શાળાના મેદાનમાં રાખવામાં આવેલ છે તો જે વ્યક્તિઓએ હરાજીમાં ભાગ લેવાની ઈચ્છા હોય તેઓએ ઉપયુક્ત સમયે અને સ્થળે હાજર રહેવા જાહેર આમંત્રણ છે હરાજીની શરતો હરાજીના સ્થળ પર હરાજી શરૂ થયા પહેલા વાંચી સંભળાવવામાં આવશે. હરાજીના ડિપોઝિટ પેટે ૧,૦૦૦ (એક હજાર) પુરા ભરવાના રહેશે.

સ્થળ - માછીવાડા ખતલવાડા પ્રાથમિક શાળા, તાલુકો-ઉમરગામ, જીલ્લો-વલસાડ.

તા. ૨૭-૦૨-૨૦૨૫
સમય – સવારે ૧૧:૩૦ કલાકે

નં. માહિતી/વલસાડ/૬૧૦/૨૦૨૫

**જાહેર નિવિદા**

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત ડાંગ જિલ્લાના આહવા તાલુકાનાં ગામોમાં બાંધકામોના માલસામાન પુરો પાડવા રસ ધરાવતી એજન્સી/ સંસ્થાઓ એ ઈ-ટેન્ડરીગ પધ્ધતીથી ટેન્ડર રજુ કરવાના રહેશે. જે માટે www.nprocure.com પરથી વિગતો મળી શકશે.

| | |
|---|---|
| વેબસાઈટ ઉપર અપલોડ | : તા. ૨૦-૦૨-૨૦૨૫ |
| વેબસાઈટ ઉપર અપલોડ | : તા. ૨૦-૦૨-૨૦૨૫ થી ૦૬-૦૩-૨૦૨૫ |
| ઓનલાઈન ટેન્ડર છેલ્લી અવધિ | : તા. ૦૬-૦૩-૨૦૨૫, ૧૮:૦૦ કલાક સુધી |
| ઓફ લાઈન ટેન્ડર ફી અને ઈ.એમ.ડી, ડોકયુમેન્ટ પૂર્વ લાયકાત (પ્રિ.બીડ) રજુ કરવાની છેલ્લી અવધિ | : તા. ૧૭-૦૩-૨૦૨૫, ૧૮:૦૦ કલાક સુધી |
| પ્રી બીડ (પૂર્વ લાયકાત) ખોલવાની | : તા. ૧૮-૦૩-૨૦૨૫ સમય ૧૧:૦૦ કલાક સુધી |
| કોમર્શીયલ બીડ ખોલવાની | : તા. ૧૮-૦૩-૨૦૨૫ સમય ૧૫:૦૦ કલાક સુધી |

સહી/-
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત આહવા

ક્રમાંક : માહિતી/ડાંગ/૨૭૨/૨૦૨૫

**જાહેર નિવિદા નં. ૨૩, સને : ૨૦૨૪-૨૫**

**પંચાયત (મા X મ) વિભાગ, જિલ્લા પંચાયત, નવસારી**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા X મ) વિભાગ, જિલ્લા પંચાયત કચેરી, નવસારી ફોન નં. (૦૨૬૩૭) ૨૩૧૯૦૦ દ્વારા એમ.એમ.જી.એસ.વાય. (કાચાથી ડામર) સને : ૨૦૨૪-૨૫ના નવસારી જિલ્લાના કુલ-૨ કામ અંદાજિત રકમ રૂા. ૨૫૯.૮૮ લાખ થી રૂા. ૪૪૮.૮૯ લાખ તથા એમ.એમ.જી.એસ.વાય. (વાઈડનીંગ) સને : ૨૦૨૪-૨૫ ના નવસારી જિલ્લાના કુલ-૧ કામ અંદાજિત રકમ રૂા. ૫૮૦.૦૦ લાખ છે. જે કામો માટે ગુજરાત રાજયમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી ઉક્ત જણાવેલ કામો માટે ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જેના ઈ-ટેન્ડરોની સંપૂર્ણ વિગતો http://tender.nprocure.com and https://rnbtender.nprocure.com વેબસાઈટ ઉપર જોવા મળશે.

- ટેન્ડરો ડાઉનલોડ કરવાની તા. ૦૧-૦૩-૨૦૨૫
- ટેન્ડરો સબમીશનની છેલ્લી તા. ૨૦-૦૩-૨૦૨૫
- ટેન્ડરો ઓપન કરવાની તા. ૨૦-૦૩-૨૦૨૫
- ટેન્ડર ડોકયુમેન્ટેશનની તા. ૨૬-૦૩-૨૦૨૫

સહી/- કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા X મ) વિભાગ
નવસારી

જાહેરાતની વિગતો www.statetenders.gujarat.gov.in વેબ સાઈટ ઉપર તેમજ અત્રેની કચેરીના નોટીશ બોર્ડ ઉપર જોવા મળશે.

માહિતી/નવસારી/૫૧૮/૨૦૨૫

**જાહેર નોટીસ**

**નગર રચના યોજના નં.૬૧ (કોસમાડા-છેડછા-ઓવિયાણ) સુરત.**

આથી હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી જણાવું છું કે, સરકારશ્રી ધ્વારા મંજૂર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૧ (કોસમાડા-છેડછા-ઓવિયાણ)સુરતના જમીન માલિકો તથા સંબંધકર્તા અને હિત ધરાવતા વ્યક્તિઓને તેમજ યોજનાની દરખાસ્તથી અસર પામતી દરેક વ્યક્તિઓ દસ્તાવેજો, મંજૂર કરાવેલ લે-આઉટ પ્લાન, મંજૂર કરાવેલ બાંધકામ પ્લાનની અધિકૃત નકલ, રેકર્ડ ઓફ રાઈટસ, મિલકત રજીસ્ટર કાર્ડના ઉતારાની નકલ વિગેરે જરૂરી વિગતો સાથે યોજનાની દરખાસ્તો અંગે જે કોઈ વાંધા/સૂચનો હોઈ તો તે બાબતે જરૂરી નિવેદનો આપવા મારી રૂબરૂ હાજર થવા માટે વ્યક્તિગત નોટીસો તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ પાઠવી તેની સુનાવણી તા.૩૧/૦૧/૨૦૨૫ અને તા.૦૧/૦૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. તેમ છતાં જમીના માલિકો/હિત સંબંધ ધરાવતી કોઈ વ્યક્તિને કે અસર પામતી વ્યક્તિને કોઈ શરતચુકથી તથા સરનામાંનાં અભાવે નોટીસ ન મળી હોય તો તેમણે યોજનાની દરખાસ્તો અંગે જે કોઈ વાંધા/સુચનો હોય તો તે સંબંધી લેખિત નિવેદનો જરૂરી પુરાવા વિગત સાથે મારી કચેરીમાં આ નોટીસ પ્રસિધ્ધ થયાની દિન-૦૭(સાત)માં અધિકૃત આધાર પુરાવા સહ કચેરીના સમય દરમ્યાન જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂમાં રજુઆત કરવા વિનંતી છે. સદરહું મુદત બાદ કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી તથા યોજનાની સદરહુ દરખાસ્તો બાબતે તેઓને કાંઈ કહેવાનું નથી. તેમ સમજી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ તથા ઉપલબ્ધ રેકર્ડ/પુરાવાઓ ધ્યાને લઈ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને જે અન્વયે લીધેલ નિર્ણય જે તે જમીન માલિકોને/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને બંધનકર્તા રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

**ઉપરોકત મુસદ્દારૂપ નગર રચના યોજનામાં સમાવિષ્ટ થતી જમીનોની વિગત.**

**:: પરિશિષ્ટ ::**

**મોજે:કોસમાડા ના રે.સ.નં/બ્લોક નં.** ૧૯૮/૧/પૈકી, ૧૯૮/૨/પૈકી, ૧૯૮/૩/પૈકી, ૨૦૧/પૈકી, ૨૦૨/પૈકી, ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૨૧૩/પૈકી, ૨૧૪/પૈકી, ૨૧૫/પૈકી, ૪૨૨/પૈકી, ૪૨૩/પૈકી, ૪૨૪/પૈકી, ૪૨૫/પૈકી, ૪૨૬/પૈકી, ૪૭૯/પૈકી, ૪૮૮/પૈકી.

**મોજે છેડછા ના રે.સ.નં/બ્લોક નં.** ૧૨/પૈકી, ૧૩, ૧૪, ૧૫, ૧૬/પૈકી, ૪૧/પૈકી, ૪૯/પૈકી, ૫૦/પૈકી, ૫૧/પૈકી, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬/અ, ૭૬/બ, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૧૧૮/પૈકી, ૧૨૦/પૈકી ૧૨૨/પૈકી, ૧૨૪, ૧૨૫, ૧૨૬.

**મોજે:ઓવિયાણ ના રે.સ.નં/બ્લોક નં.** ૮/પૈકી, ૯/પૈકી, ૧૦/પૈકી, ૧૫૦/પૈકી, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪/અ, ૧૮૪/બ, ૧૮૫, ૧૮૬/અ, ૧૮૬/બ, ૧૮૬/૭, ૧૮૮/૧, ૧૮૮/૨, ૧૮૭/૧, ૧૮૭/૨, ૧૮૯, ૧૯૦, ૧૯૧/અ/પૈકી, ૧૯૧/બ, ૧૯૨/અ, ૧૯૨/બ, ૧૯૨/ક, ૧૯૨/ડ, ૧૯૩, ૧૯૪/અ, ૧૯૪/બ, ૧૯૫/અ, ૧૯૫/બ, ૧૯૫/ક, ૧૯૬/અ, ૧૯૬/બ, ૧૯૭/પૈકી, ૧૯૮/પૈકી, ૧૯૯, ૨૦૦/અ, ૨૦૦/બ, ૨૦૦/ક, ૨૦૧/અ, ૨૦૧/બ, ૨૦૧/ક, ૨૦૨, ૨૦૩/પૈકી, ૨૦૯/પૈકી, ૨૧૬/પૈકી, ૨૧૭/પૈકી, ૨૧૮, ૨૨૨, ૨૨૩.

સ્થળ: સુરત
તા. ૧૮/૦૨/૨૦૨૫

સિક્કો

સરનામું :-
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક,
સુરત નગર રચના યોજના એકમ-૧,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત- ૩૯૫૦૦૭,
Email:stp-tpo1-srt@gujarat.gov.in

સહી/- (કે.ડી.પટેલ )
નગર રચના અધિકારી અને
પ્રવર નગર નિયોજક,
સુરત નગર રચના યોજના એકમ-૧,
સુરત.

ક્રમાંક : માહિતી-સુરત/૧૩૩૭/૨૦૨૫

ચાર-ચાર ટીમના બે ગ્રૂપ, ભારત અને પાકિસ્તાન ગ્રૂપ-એમાં છે, ત્રણ નોકઆઉટ સહિત કુલ ૧૫ મુકાબલા રમાશે, તમામ મુકાબલા બપોરે ૨:૩૦ વાગ્યાથી રમાશે

# આઠ ટીમો વચ્ચે આજથી ICC ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ

ભારત ફાઈનલ માટે ક્વોલિફાય થાય તો મુકાબલો લાહોરના બદલે દુબઈમાં રમાશે, ભારત ગુરુવાર બાંગ્લાદેશ સામે પોતાના અભિયાનનો પ્રારંભ કરશે















। દુબઇ ।

પાકિસ્તાનની યજમાનીમાં વિશ્વની ટોચની આઠ ટીમો વચ્ચે બુધવારથી આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ થશે. આઠ વર્ષ બાદ આ ઈવેન્ટનું આયોજન થઈ રહ્યું છે. સુરક્ષાના કારણોસર ભારત પોતાની તમામ મેચો પાકિસ્તાનના બદલે દુબઈમાં રમાશે અને ચેમ્પિયન્સ ટ્રોફીના ઈતિહાસમાં પ્રથમ વખત ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડેલ મુજબ રમાશે. ચેમ્પિયન્સ ટ્રોફી માટેની આઠ ટીમોને બે ગ્રૂપમાં વહેંચી નાખવામાં



આવી છે ગ્રૂપ-એમાં ભારત, પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ છે. ગ્રૂપ-બીમાં સાઉથ આફ્રિકા, અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા છે. બંને ગ્રૂપમાં ટોચના સ્થાને રહેનાર બે ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાય કરશે અને બે ટીમો વચ્ચે નવમી માર્ચે ફાઈનલ મુકાબલો રમાશે. ભારતીય ટીમ જો ફાઈનલમાં પહોંચશે તો તે મેચ પણ દુબઈમાં જ રમાશે. ભારત ક્વોલિફાય ના થાય તો તે સ્થિતિમાં પ્રોગ્રામ મુજબ લાહોરમાં જ ફાઈનલ રમાશે.

ભારત છેલ્લા કેટલાક સમયથી આઇસીસીની ટૂર્નામેન્ટમાં સારો દેખાવ કરી રહ્યું છે. ભારતે ગયા વર્ષે સાઉથ આફ્રિકાને હરાવીને ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો અને તેની પાસે હવે છ મહિનાની અંદર બીજું મેજર ટાઇટલ જીતવાની તક છે. ભારત ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં રનર્સ-અપ બન્યું છે. છેલ્લી વખત ચેમ્પિયન્સ ટ્રોફી રમાઈ હતી ત્યારે ભારતીય ટીમનો ફાઈનલમાં પાકિસ્તાન સામે પરાજય થયો હતો. ભારતે છેલ્લે ૨૦૧૩માં મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી અને હવે સુકાની રોહિત શર્માના નેતૃત્વમાં ભારત પાસે ૧૨ વર્ષના લાંબા ગાળા બાદ ફરીથી ટ્રોફી જીતવાની તમામ તક રહેલી છે.

## રોહિત અને કોહલી ઉપર નજર રહેશે, ગંભીરનું પણ ભાવિ ઘડાશે

ટીમના કોમ્બિનેશન અને રણનીતિ ઉપરાંત ખેલાડીઓ ઉપર પણ નજર રહેશે જેમાં સૌથી પહેલાં રોહિત અને વિરાટ કોહલી રહેશે. મોર્ડન યુગમાં આ બંને દિગ્ગજ પોતાની કારકિર્દીના અંત ભાગમાં છે અને ટાઇટલ સાથે



તેઓ વન-ડે ફોર્મેટમાંથી વિદાય લેવા માગશે. ચેમ્પિયન્સ ટ્રોફી બાદ આ બંને ખેલાડીઓ વન-ડે ફોર્મેટનો હિસ્સો રહે તેવી નહિવત્ સંભાવના છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં નિષ્ફળતા મળશે તો હેડ કોચ ગૌતમ ગંભીરની પણ હકાલપટ્ટી થઈ શકે છે. ઇંગ્લેન્ડ સામે ઘરઆંગણે રમાયેલી શ્રેણીમાં સારા પ્રદર્શનના કારણે ગંભીરને હાલપૂરતી રાહત મળી છે. જોકે ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેના શરમજનક પરાજયને ભૂલી શકાય તેમ નથી. આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી તેના માટે મોટો સહારો બની શકે છે.

## પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડના મુકાબલા સાથે ટૂર્નામેન્ટની શરૂઆત

લાંબા ગાળા બાદ રમાનારી ૫૦ ઓવરની ફોર્મેટવાળી આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બુધવારે રમાનારી મેચ સાથે થશે. ત્યારબાદ ગુરુવારે રોહિત



શર્માની ટીમ દુબઇમાં બાંગ્લાદેશ સામે રમીને પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. તમામની નજર ૨૩મી ફેબ્રુઆરીએ દુબઇ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારા મુકાબલા ઉપર રહેશે જે ટૂર્નામેન્ટનો સૌથી મોટો મુકાબલો રહેશે. વિશ્વભરના સમર્થકો આ મેચને લાઇવ નિહાળવાનો રેકોર્ડ નોંધાવી શકે છે. જોકે ભારતીય ટીમ ૨૦૧૭માં મળેલા પરાજયનો હિસાબ સરભર કરવા માગશે. ટૂર્નામેન્ટમાં ૧૨ લીગ મુકાબલા અને ફાઇનલ સહિત ત્રણ નોકઆઉટ મુકાબલા રહેશે.

## ઈજાગ્રસ્ત ખેલાડીઓ ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે મુખ્ય સમસ્યા

૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમ તેના પાંચ ટોચના ખેલાડીઓને ઈજાના કારણે ગુમાવી ચૂકી છે. તે પોતાના સૌથી અનુભવી પેસ બોલર મિચેલ સ્ટાર્ક, પેટ કમિન્સ તથા જોશ હેઝલવૂડ વિના



પાકિસ્તાન પહોંચી છે. જોકે તેની પાસે વન-ડે ફોર્મેટની જરૂરિયાત પૂરી કરી શકે તેવા બેટ્સમેનો છે. ઇંગ્લેન્ડના કેટલાક ખેલાડીઓ ઉપર ખરાબ ફોર્મ હાવી છે પરંતુ સુકાની જોસ બટલર, જોઇ રુટ તથા લિવિંગસ્ટોન પાસેથી છેલ્લી વખત એક બેઝબોલ સ્ટાઇલના પ્રદર્શનની આશા રાખવામાં આવી રહી છે. હેરી બ્રૂક તથા બેન ડકેટ જેવા યુવા ખેલાડીઓ પોતાની ક્ષમતાને સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે.

## અફઘાનિસ્તાનના વિજયને હવે મેજર અપસેટ માનવામાં આવતો નથી

ન્યૂઝીલેન્ડ પણ ટ્રેન્ટ બાઉલ્ટ તથા ટિમ સાઉથીની નિવૃત્તિ બાદ નવા ખેલાડીઓ સાથે રમશે. કેન વિલિયમ્સન તેમનું ટ્રમ્પ કાર્ડ રહેશે અને આશા છે કે તે ન્યૂઝીલેન્ડને પ્રથમ આઇસીસી ટાઇટલ જીતાડી શકશે. સાઉથ આફ્રિકાએ



૧૯૯૮માં આઇસીસી નોકઆઉટ ટ્રોફી જીતી હતી પરંતુ હાલમાં કોઈ મેજર ટાઇટલ જીત્યું નથી. અફઘાનિસ્તાનના વિજયને હવે મેજર અપસેટ માનવામાં આવતો નથી. રાશિદ ખાન, આઇસીસીના બેસ્ટ વન-ડે પ્લેયર ઓફ ધ યર અઝમતુલ્લાહ ઉમરઝાઈ તથા રહમાનુલ્લાહ ગુરબાઝ જેવા મેચવિનર ખેલાડીઓ છે. બીજી તરફ બાંગ્લાદેશની ટીમ ૨૦૦૭ના વન-ડે વર્લ્ડ કપમાં મેજર અપસેટ સર્જી ચૂકી છે અને બુમરાહની ગેરહાજરીવાળી ભારતીય ટીમ સામેની મેચમાં તે ચમત્કારિક પરિણામ આપવા માટે આતુર છે.

### ટોપ-૫ બેટ્સમેન

| બેટ્સમેન | મેચ | રન | શ્રેષ્ઠ |
|---|---|---|---|
| ગેઇલ | ૧૭ | ૭૮૧ | ૧૩૩* |
| જયવર્દને | ૨૨ | ૭૪૨ | ૮૪ |
| ધવન | ૧૦ | ૭૦૧ | ૧૨૫* |
| સંગાકારા | ૨૨ | ૬૮૩ | ૧૩૪* |
| ગાંગુલી | ૧૩ | ૬૬૫ | ૧૪૧* |

### ટોપ-૫ હાઇએસ્ટ ટોટલ

| ટીમ | સ્કોર | વિરુદ્ધ |
|---|---|---|
| ન્યૂઝીલેન્ડ | ૪/૩૪૭ | અમેરિકા |
| પાકિસ્તાન | ૪/૩૩૮ | ભારત |
| ભારત | ૭/૩૩૧ | સા. આફ્રિકા |
| ઇંગ્લેન્ડ | ૮/૩૨૩ | સા. આફ્રિકા |
| શ્રીલંકા | ૩/૩૩૨ | ભારત |

### પાંચ ન્યૂનતમ સ્કોર

| ટીમ | સ્કોર | વિરુદ્ધ |
|---|---|---|
| અમેરિકા | ૬૫ | ઓસ્ટ્રેલિયા |
| બાંગ્લાદેશ | ૭૭ | ન્યૂઝીલેન્ડ |
| વેસ્ટ ઇન્ડિઝ | ૮૦ | શ્રીલંકા |
| ઝિમ્બાબ્વે | ૮૫ | વેસ્ટ ઇન્ડિઝ |
| નેધરલેન્ડ્સ | ૮૬ | શ્રીલંકા |

### લાર્જેસ્ટ માર્જિનના વિજય

| વિજેતા | માર્જિન | ટાર્ગેટ | વિરુદ્ધ |
|---|---|---|---|
| ન્યૂઝીલેન્ડ | ૨૧૦ | ૩૪૮ | અમેરિકા |
| શ્રીલંકા | ૨૦૬ | ૨૯૩ | નેધરલેન્ડ્સ |
| પાકિસ્તાન | ૧૮૦ | ૩૩૯ | ભારત |
| સા. આફ્રિકા | ૧૭૬ | ૩૧૭ | કેન્યા |
| ન્યૂઝીલેન્ડ | ૧૬૭ | ૨૪૫ | બાંગ્લાદેશ |

### ઇનિંગમાં સર્વાધિક એક્સ્ટ્રા રન

| ટીમ | સ્કોર | એક્સ્ટ્રા | વિરુદ્ધ |
|---|---|---|---|
| કેન્યા | ૧૯૨ | ૪૨ | ભારત |
| શ્રીલંકા | ૨૯૨ | ૩૮ | નેધરલેન્ડ્સ |
| વેસ્ટ ઇન્ડિઝ | ૨૨૫ | ૩૬ | ઓસ્ટ્રેલિયા |
| બાંગ્લાદેશ | ૨૬૫ | ૩૬ | શ્રીલંકા |
| વેસ્ટ ઇન્ડિઝ | ૨૧૮ | ૩૫ | ઇંગ્લેન્ડ |

### ટોપ-૫ વિકેટ ટેકર બોલર્સ

| પ્લેયર | મેચ | ઓવર્સ | રન | વિકેટ |
|---|---|---|---|---|
| કેચલ મિલ્સ | ૧૫ | ૧૧૨.૩ | ૪૮૩ | ૨૮ |
| મલિંગા | ૧૬ | ૧૪૪.૦ | ૭૬૬ | ૨૫ |
| મુરલીધરન | ૧૭ | ૧૩૪.૧ | ૪૮૪ | ૨૪ |
| બ્રેટ લી | ૧૬ | ૧૨૩.૧ | ૫૯૧ | ૨૨ |
| ગ્લેન મેકગ્રા | ૧૨ | ૧૦૨.૦ | ૪૧૨ | ૨૧ |

## BCCIએ સૂર બદલ્યો, હવે ખેલાડીઓના પરિવાર પણ દુબઈમાં મેચો નિહાળી શકશે

નવી દિલ્હી : ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ભારતીય ટીમ માટે રાહતના સમાચાર આપ્યા છે. બીસીસીઆઈએ ખેલાડીના પરિવારને ચેમ્પિયન્સ ટ્રોફીની એક મેચ નિહાળવા માટેની મંજૂરી આપી છે. તાજેતરમાં બોર્ડે આકરું વલણ અપનાવીને નાની ટૂરમાં પરિવારને ખેલાડીઓ સાથે રહેવા ઉપર પ્રતિબંધ લાદી દીધો હતો. જોકે ખેલાડીઓને પરિવારના સભ્યોને સ્ટેડિયમમાં લાવવા માટે બોર્ડની મંજૂરી લેવી પડશે. બોર્ડના અધિકારીએ જણાવ્યું હતું કે હાલમાં તમામ ધ્યાન ટીમ બોન્ડિંગ ઉપર છે અને ખેલાડીઓ કોઈ પણ મુશ્કેલી વિના એકબીજા સાથે રહે તે સુનિશ્ચિત કરવાનું છે તેથી બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન ક્રિકેટર્સને પોતાના પરિવારના સભ્યોને એક મેચ માટે દુબઈ લાવવાની મંજૂરી આપી છે. ખેલાડીએ પોતાના પરિવારના સભ્યો કઈ મેચ નિહાળવા માગે છે તે અંગે બોર્ડને જાણ કરવાની રહેશે અને તે મુજબની મંજૂરી અપાશે.

## પિતાનું નિધન થતાં બોલિંગ કોચ મોર્કેલ સાઉથ આફ્રિકા પરત ફર્યો



દુબઈ : ભારતીય ટીમનો બોલિંગ કોચ મોર્ને મોર્કેલ ચેમ્પિયન્સ ટ્રોફીના એક દિવસ પહેલાં અચાનક પોતાના વતન પરત ફર્યો છે. મોર્કેલના પિતાનું નિધન થતાં તેને ટૂર્નામેન્ટની અધવચ્ચે સાઉથ આફ્રિકા પરત ફરવું પડ્યું છે. તે ટીમ સાથે ક્યારે પાછો જોડાશે તેની કોઈ માહિતી મળી નથી. મોર્કેલ પોતાના પિતાની ઘણો નજીક હતો અને ટીમ સાથે બોલિંગ કોચ તરીકે જોડાયા બાદ ભારત પહોંચીને તેણે સૌથી પહેલાં પોતાના પિતાને ફોન કર્યો હતો. તેની ગેરહાજરીમાં પણ ભારતીય ટીમે મંગળવારે આકરી પ્રેક્ટિસ કરી હતી. ભારતના વિકેટકીપર બેટ્સમેન લોકેશ રાહુલે લોંગ શોટ્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ૩૨ વર્ષીય રાહુલે નેટ્સમાં પાવરહીટિંગની માનસિકતા સાથે બેટિંગ કરી હતી. મુખ્ય બેટ્સમેન કોહલીએ પણ પોતાની નબળાઈ સુધારવાનો પ્રયાસ કર્યો હતો.

## લોકી ફર્ગ્યુસન બહાર, ન્યૂઝીલેન્ડ ટીમમાં જેમિસનનો સમાવેશ

### પ્રત્યેક વિકેટની હાઇએસ્ટ પાર્ટનરશિપ

| વિકેટ | રન | ખેલાડીની જોડી | ટીમ | વિરુદ્ધ |
|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૨ | સેહવાગ/ગાંગુલી | ભારત | ઇંગ્લેન્ડ |
| પ્રથમ | ૧૯૨ | હિન્ડ્સ/ગેઇલ | વિન્ડીઝ | બાંગ્લાદેશ |
| બીજી | ૨૫૨* | વોટસન/પોન્ટિંગ | ઓસ્ટ્રેલિયા | ઇંગ્લેન્ડ |
| ત્રીજી | ૧૫૫ | તમિમ/મુશફિકુર | બાંગ્લાદેશ | ઇંગ્લેન્ડ |
| ચોથી | ૨૦૬ | મલિક/મો.યુસુફ | પાકિસ્તાન | ભારત |
| પાંચમી | ૨૨૪ | શાકિબ/મહમુદુલ્લાહ | બાંગ્લાદેશ | ન્યૂઝીલેન્ડ |
| છઠ્ઠી | ૧૩૧ | જસ્ટિન કેમ્પ/બાઉચર | સા. આફ્રિકા | પાકિસ્તાન |
| સાતમી | ૧૦૭ | લુક રાઇટ/બ્રેસનાન | ઇંગ્લેન્ડ | ઓસ્ટ્રેલિયા |
| આઠમી | ૭૫* | સરફરાઝ/મો.આમિર | પાકિસ્તાન | શ્રીલંકા |
| નવમી | ૯૫ | મિલર/ક્લેનવેલ્ડ | સા. આફ્રિકા | ઇંગ્લેન્ડ |
| ૧૦મી | ૫૧* | ડેરેન સેમી/કેમર રોચ | વેસ્ટ ઇન્ડિઝ | ભારત |

## ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાનના નામની પ્રિન્ટવાળી જર્સી પહેરશે



દુબઈ : આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનો ૧૯મી ફેબ્રુઆરી બુધવારથી પ્રારંભ થઈ રહ્યો છે. પાકિસ્તાનની યજમાનીમાં રમાનારી આ મેગા ઈવેન્ટ માટે ભારતીય ટીમે પોતાની જર્સી લોન્ચ કરી દીધી છે. ભારતની જર્સી ઉપર પાકિસ્તાનનું નામ પ્રિન્ટ થયેલું છે જેને ભારતીય ટીમ ટૂર્નામેન્ટ દરમિયાન લખશે. ભારતે સોમવારે પોતની જર્સીને લોન્ચ કરી હતી જેમાં રોહિત શર્મા, રવીન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા અને પેસર અર્શદીપસિંહ નવી જર્સીમાં દેખાયા હતા. પાકિસ્તાન સત્તાવાર યજમાન હોવાના કારણે પ્રત્યેક ટીમોની જર્સી ઉપર તેનું નામ લખવામાં આવ્યું છે. આઈસીસીના નિયમ અનુસાર તમામ ટીમોએ પોતાની જર્સીમાં છાતીના ભાગે જમણી બાજુએ ઈવેન્ટનો લોગો તથા યજમાન દેશનું નામ લખવાનું હોય છે. આ કારણથી ભારતીય ટીમ ભલે દુબઈમાં રમતી હોય પરંતુ તેને સત્તાવાર યજમાન તરીકે પાકિસ્તાનનું નામ લખવું પડશે. બીસીસીઆઈના સેક્રેટરીએ જણાવ્યું હતું કે ભારતીય ટીમ આઈસીસીની આચારસંહિતાનું પાલન કરશે અને જર્સી ઉપર પાકિસ્તાનનું નામ લખાવશે.

## બોલર્સ બાદ નેટ સિવરની અડધી સદી વડે મુંબઈએ ગુજરાત જાયન્ટ્સને પાંચ વિકેટે હરાવ્યું

WPL : ગુજરાત ૧૨૦, હેલી મેથ્યૂઝ ૩/૧૬, મુંબઈ ૫/૧૨૨, નેટ સિવર ૫૭



। વડોદરા ।

બોલર્સે કરેલા શિસ્તબદ્ધ પ્રદર્શન બાદ નેટ સિવર બ્રન્ટે ૩૯ બોલમાં ૧૧ બાઉન્ડ્રી વડે નોંધાવેલા ૫૭ રનની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે વિમેન્સ પ્રીમિયર લીગની મેચમાં ગુજરાત જાયન્ટ્સને પાંચ વિકેટ પરાજય આપ્યો હતો. ગુજરાતની ટીમ ૧૨૦ રનના સ્કોરે ઓલઆઉટ થઈ હતી. તેની સામે મુંબઈની ટીમે ૧૬.૧ ઓવરમાં પાંચ વિકેટ ૧૨૨ રન બનાવીને મેચ જીતી લીધી હતી. ગુજરાતે ઈનિંગનો નબળો પ્રારંભ કર્યો હતો અને બેથ મૂની (૧), લૌરા વોલવાર્ડ (૪) સહિત ટોચની ચાર ખેલાડીઓ ૨૮ રનના સ્કોરે ગુમાવી દીધી હતી. હરલિન દેઓલે ૩૧ બોલમાં ૩૨ તથા કેશવી ગૌતમે ૨૦ રન બનાવ્યા હતા. મુંબઈ માટે હેલી મેથ્યૂઝે ૧૬ રનમાં સર્વાધિક ત્રણ, નેટ શિવર બ્રન્ટે ૨૬ રનમાં બે તથા અમેલિયા કેર્રે ૨૨ રનમાં બે વિકેટ હાંસલ કરી હતી.

## શૂટર મનુ ભાકર અને અવનિ લેખરા વિશેષ એવોર્ડથી સન્માનિત થયા



નવી દિલ્હી : ભારતની ઓલિમ્પિયન શૂટર મનુ ભાકરને બીબીસી ઈન્ડિયન સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર, અવનિ લેખરાને બીબીસી પેરા-સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર, શીતલદેવીને ઈમર્જિંગ પ્લેયર તથા ક્રિકેટર મિતાલી રાજને લાઈફ ટાઈમ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. વિશ્વ સ્તરે થયેલા વોટિંગ બાદ તેમને એવોર્ડ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ એવોર્ડ વિજેતાઓને અભિનંદન આપીને જણાવ્યું હતું કે બીબીસીની પૂરી ટીમને તેમના આયોજન બદલ અભિનંદન આપું છું. તેમણે રમતવીરોને તમની સિદ્ધિઓ માટે જ નહીં પરંતુ યુવા મહિલાએ પણ પોતાના સ્વપ્નોને અંતિમ સ્વરૂપ આપી શકે તેવી પ્રેરણા પણ આપી છે. બીબીસીના ડાયરેક્ટર જનરલ ટિમ ડેવીએ જણાવ્યું હતું કે ઓલિમ્પિકમાં મનુ ભાકરનું પ્રદર્શન ભારતીય રમતોમાં ઐતિહાસિક છે. ભારતના ટેલેન્ટેડ ખેલાડીઓની સિદ્ધિઓની ઉજવણી કરવાનો અમને આનંદ છે. ધ કલેક્ટિવ ન્યૂઝ રૂમ બીબીસી ઈસ્વોટીએ પાંચમી આવૃત્તિનું સંચાલન કર્યું હતું.

## અઝહરની સદી વડે કેરળ સાત વિકેટે ૪૧૮ રન, ગુજરાત મુશ્કેલ સ્થિતિમાં

અમદાવાદ : મોહમ્મદ અઝહરુદ્દીનની અણનમ સદીની મદદથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાતી રણજી ટ્રોફીની પ્રથમ સેમિફાઈનલમાં કેરળની ટીમે યજમાન ગુજરાતને બેકફૂટ ઉપર ધકેલી દીધું છું. બીજા દિવસની રમતના અંતે કેરળે સાત વિકેટે ૪૧૮ રન બનાવીને પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી હતી. સ્ટમ્પના સમયે અઝહરુદ્દીન ૩૦૩ બોલમાં ૧૭ બાઉન્ડ્રી વડે ૧૪૯ તથા આદિત્ય સરવતે ૧૦ રન બનાવીને રમી રહ્યા હતા. કેરળની ટીમે ચાર વિકેટે ૨૦૬ રનના સ્કોરે આગળ વધારવાનું શરૂ કર્યું હતું. બીજા દિવસે પણ કેરળે ધીમી બેટિંગ કરીને દિવસમાં ૨૧૨ રન ઉમેર્યા હતા. ગુજરાતે આઠ બોલર્સ અજમાવ્યા હતા. સચિન બેબીએ ૧૯૫ બોલમાં ૬૯, સલમાન નિઝરે ૨૦૨ બોલમાં બાવન તથા અહેમદ ઈમરાને ૨૪ રનનું યોગદાન આપ્યું હતું.

## વિદર્ભના ૩૮૩ના સ્કોર સામે મુંબઈનો ધબડકો, સાત વિકેટે ૧૮૮

નાગપુર : બોલર્સના શિસ્તબદ્ધ પ્રદર્શન વડે વિદર્ભની ટીમે રણજી ટ્રોફીની બીજી સેમિફાઈનલમાં મુંબઈ સામે પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી હતી. વિદર્ભનો પ્રથમ દાવ ૩૮૩ રનના સ્કોરે પૂરો થયો હતો. મુંબઈની ટીમે બીજા દિવસની રમતના અંતે સાત વિકેટે ૧૮૮ રન બનાવ્યા હતા અને તે હજુ ૧૯૫ રન પાછળ છે. સ્ટમ્પના સમયે આકાશ આનંદ ૧૭૧ બોલમાં ૬૭ તથા તનુષ કોટિયાન પાંચ રન બનાવીને રમી રહ્યા હતા. સુકાની રહાણેએ ૧૮, સિદેશ લાડે ૩૫ તથા ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુરે ૩૭ રન બનાવ્યા હતા. મુંબઈના પાંચ બેટ્સમેન બેવડાં આંકનો સ્કોર પણ નોંધાવી શક્યા નહોતા.

## રાયો વાલ્કેનો સામે ૧-૦થી જીતીને બાર્સેલોના લા લીગામાં ટોચના ક્રમે પહોંચી

લેવાન્ડોવસ્કીએ લીગમાં ૨૦મો ગોલ નોંધાવ્યા

। બાર્સેલોના ।

ઘરઆંગણે રમાયેલા મુકાબલામાં બાર્સેલોનાએ રાયો વાલ્કેનોને ભારે રસાકસી બાદ ૧-૦થી હરાવીને લા લીગા ફૂટબોલ ચેમ્પિયનશિપમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું હતું. સ્ટાર સ્ટ્રાઈકર રોબર્ટ લેવાન્ડોવસ્કીએ પેનલ્ટી કિકને ગોલમાં ફેરવી હતી અને આ ગોલ



નિર્ણાયક બન્યો હતો. મેડ્રિડની આ બંને ક્લબને શનિવારે પોતપોતાની મેચમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો. બાર્સેલોના ૨૪ મેચમાં ૫૧ તથા રિયલ મેડ્રિડ પણ ૨૪ મેચમાં ૫૧ પોઈન્ટ સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને છે પરંતુ વધારે ગોલ ડિફરન્સના કારણે બાર્સેલોના પ્રથમ સ્થાને છે. એટ્લેટિકો મેડ્રિડ ૨૪ મેચમાં ૫૦ પોઈન્ટ સાથે ત્રીજા અને એથ્લેટિક ક્લબ ૪૫ પોઈન્ટ સાથે ચોથા ક્રમે છે.

મુકાબલાની ૨૮મી મિનિટે મળેલી પેનલ્ટી કિકને ગોલમાં ફેરવનાર લેવાન્ડોવસ્કીએ સિઝનમાં ૨૦મો ગોલ નોંધાવ્યો હતો. બાર્સેલોનાએ ૨૦૨૫માં પોતાના સતત અજેય રહેવાની સંખ્યા ૧૨ સુધી પહોંચાડી છે. બીજી તરફ રાયો વાલ્કેનો ૧૦ મેચ સુધી અજેય રહ્યા બાદ પરાજિત થઈ છે અને તે લીગમાં છઠ્ઠા ક્રમે પહોંચી ગઈ છે.

## હેલ્થ અપડેટ

### હૂંફાળા ગરમ પાણીમાં મધ નાખીને પીવો, આરોગ્ય સારું રહેશે

ઘણા લોકો વધતા વજનને લઈને ખૂબ જ ચિંતિત રહેતા હોય છે. હૂંફાળા પાણીમાં એક ચમચી મધ મિક્સ કરીને પીવાથી તમને ઘણા ફાયદા થશે. સવારે ઊઠીને સૌથી પહેલાં હૂંફાળા પાણી મધ ઉમેરીને પીવાથી પેટ સાફ ન આવતું હોવાની સમસ્યાથી પણ છુટકારો મળે છે. મધમાં એવા ઘણા ગુણ હોય છે જે શરીરને ફિટ રાખવા માટે ખૂબ જ જરૂરી છે. તેમાં કેલ્શિયમ, આયર્ન, પોટેશિયમ જેવા જરૂરી તત્ત્વો હોય છે. જો તમારે વજન ઓછું કરવું હોય તો રોજ ખાલી પેટ મધ નાખેલું પાણી પીવું જોઈએ.

**● શરીર હાઇડ્રેટેડ રહે છે**

જો શરીરમાં પાણીની ઊણપ હોય તો પણ તમારે મધવાળું પાણી પીવું જોઈએ. તે તમારા શરીરને હાઇડ્રેટેડ રાખવામાં ખૂબ મદદરૂપ સાબિત થાય છે. તે પેટને સાફ રાખવા માટે પણ ખૂબ જ જરૂરી છે.

**● પાચન સમસ્યાઓ**

જે લોકોને પાચન સંબંધી સમસ્યા હોય તેમણે દરરોજ હૂંફાળા પાણીમાં મધ મિક્સ કરીને સેવન કરવું જોઈએ. મધમાં પ્રોબાયોટિક ગુણો જોવા મળે છે, જે પેટને સ્વસ્થ રાખવા માટે ખૂબ જ જરૂરી છે. જો તમે તમારા શરીરમાં સોજા જેવી સમસ્યાનો સામનો કરી રહ્યાં હોય તો પણ તે ઝડપથી મટાડવામાં મદદરૂપ થાય છે.

**● ત્વચા સંબંધિત સમસ્યાઓ**

ત્વચા સંબંધિત સમસ્યાઓને દૂર કરવા માટે તમારે દરરોજ ખાલી પેટ પર મધ સાથે હૂંફાળું પાણી પીવું જોઈએ. તેનાથી ખીલ અને ડાઘ દૂર થઈ જાય છે. તે ત્વચાને હાઇડ્રેટ રાખવામાં ખૂબ મદદ કરે છે.

## આજની જોક



સોનુને રડતો જોઈને મોનુએ પૂછ્યું- તું કેમ રડે છે?
સોનુ: મારા પડોશી બંટીનો હાથી મરી ગયો છે.
મોનુ: એમાં તું કેમ રડી રહ્યો છે? તને એ હાથી બહુ ગમતો હતો?
સોનુ: ના,
મોનુ: તો કેમ રડે છે?
સોનુ: એ હાથીની કબર ખોદવાનું કામ મને સોંપાયું છે.

---

ચિન્ટુ: તું ઓપરેશન કરાવતા પહેલાં જ કેમ ભાગી ગયો?
પિન્ટુ: નર્સ વારંવાર કહી રહી હતી કે ગભરાશો નહીં, હિંમત રાખો, કંઈ નહીં થાય. આ તો એક નાનું એવું ઓપરેશન છે.
ચિન્ટુ: એણે સાચું જ તો કીધું. એમાં ડરવા જેવું શું છે?
પિન્ટુ: અરે, એ મને નહીં, ડૉક્ટરને કહી રહી હતી.

---

મોન્ટુ: મમ્મી, મને સ્કૂલમાંથી કાઢી મૂક્યો.
મમ્મી: કેમ?
મોન્ટુ: મેં તો ખાલી એક મચ્છર જ માર્યું હતું.
મમ્મી: આટલી નાનીઅમથી વાતમાં કોઈ સ્કૂલમાંથી કાઢી મૂકે?
મોન્ટુ: મચ્છર ટીચરના ગાલ પર બેઠું હતું.



# મંગળવારે વધુ ૧.૨૬ કરોડ લોકોએ સ્નાનનો લાભ લીધો, ૩૭ દિવસમાં ૫૫.૫૬ કરોડ શ્રદ્ધાળુઓનું સ્નાન

**● મહાકુંભમાં મહાભયાનક ભીડ : રોડ પર ગાડીઓ અને સંગમમાં હોડીઓનો જામ, પોલીસે બેરિકેડિંગ કર્યું**

**● શ્રદ્ધાળુઓની ભીડ વધી જતાં પોલીસે બહારથી આવતી ગાડીઓને શહેરમાં એન્ટ્રી પહેલાં જ અટકાવી**

। પ્રયાગરાજ ।

મહાકુંભમેળાની પૂર્ણાહુતિ થવાને હવે માત્ર આઠ દિવસ બાકી રહ્યા છે પણ શ્રદ્ધાળુઓની ભીડ છે કે ઓછી થવાનું નામ નથી લેતી. ભીડ જેનું નામ; રસ્તાઓ પર ગાડીઓનો જામ છે, તો સંગમમાં નાવડીઓનો જામ થયો છે. સંગમ આવતા રસ્તાઓ પર લાંબો જામ થતાં પોલીસે ડાઈવર્ઝન માટે ટીન શેડ લગાડ્યા છે, બેરિકેડિંગ કર્યું છે. મંગળવારે ૧.૨૬ કરોડ શ્રદ્ધાળુઓએ સ્નાનનો લાભ લીધો હતો. ૩૭ દિવસમાં ૫૫.૫૬ કરોડ શ્રદ્ધાળુઓ સ્નાન કરી ચૂક્યા છે. સંગમનગરી પ્રયાગરાજમાં મંગળવારે શ્રદ્ધાળુઓની ભીડ વધી જતાં પોલીસે બહારથી આવતી ગાડીઓને શહેરમાં એન્ટ્રી પહેલાં જ અટકાવી દીધી હતી. ત્યાંથી શટલ બસ અને ઈ-રિક્ષા ચાલે છે, પરંતુ ભીડ વધારે હોવાના કારણે શ્રદ્ધાળુઓએ સંગમ સુધી પહોંચવા ૧૦-૧૨ કિ.મી. પગપાળા જવું પડ્યું. મંગળવારે ભીડ એટલી વધી ગઈ હતી કે ઐરલ ઘાટ પર વીઆઈપી જેટીમાં તેની નિર્ધારિત સંખ્યા ૪૦ કરતાં વધારે શ્રદ્ધાળુઓ ચડી ગયા હતા. તે બધા જ વીઆઈપી કોટાથી દાખલ થયા હતા. પોલીસે એ બધા લોકોને ઉતાર્યા હતા અને બેરિકેડિંગ કરીને ભીડને જેટી તરફ આવતી રોકી હતી. આ જ ઘાટ પર મધમાખીનો પૂડો તૂટી જતાં મધમાખીના હુમલાની બીકે ત્યાં સ્નાન કરી રહેલા શ્રદ્ધાળુઓ સંગમમાંથી બહાર નીકળી ગયા હતા. બીજી તરફ, મહાકુંભ આવી રહેલી એક કારમાં આગ લાગી ગઈ હતી. આ ઘટના બૈરહના મહોલ્લામાં બની હતી.

### પાણીના પ્રવાહની ગતિ વધતાં બોટ બંધ કરાઇ

મહાકુંભ મેળામાં એક તરફ શ્રદ્ધાળુઓની ભીડ પર કાબૂ કરવામાં વ્યવસ્થા તંત્ર વ્યસ્ત હતું. બધા જ ૪૪ ઘાટ શ્રદ્ધાળુઓથી ભરેલા હતા. ખાસ કરીને સંગમ ખાતે પોલીસ શ્રદ્ધાળુઓને રોકાવા નહોતી દેતી. બીજી તરફ બપોરેના સમયે ગંગા અને યમુના નદીમાં અચાનક પાણીના પ્રવાહની ગતિ વધી ગઈ હતી. આ કારણે બોટનું સંચાલન બંધ કરવું પડ્યું હતું. અપર મેળા અધિકારી વિવેક ચતુર્વેદીએ બધાને જેટી ખાલી કરવાની અપીલ કરી હતી.

---

નદીનાં પાણીમાં ફેકલ કોલિફોર્મનું સ્તર સ્નાનના ક્વોલિટી સ્ટાન્ડર્ડને અનુરૂપ ન હોવાનો દાવો

# પ્રયાગરાજમાં સંગમનું પાણી નહાવાલાયક જ નથી? CPCBના રિપોર્ટે સવાલ ઉઠાવ્યો

### અત્યાર સુધીમાં ૫૫ કરોડથી વધારે શ્રદ્ધાળુઓએ સંગમમાં સ્નાન કર્યું

। નવી દિલ્હી ।

પ્રયાગરાજમાં મહાકુંભ ચાલી રહ્યો છે. આ દરમિયાન રોજ લાખો કરોડો શ્રદ્ધાળુઓ સંગમમાં ડૂબકી લગાવી રહ્યા છે. પ્રયાગરાજ મેળા પ્રશાસનના આંકડા અનુસાર અત્યાર સુધીમાં ૫૫ કરોડથી વધારે શ્રદ્ધાળુઓએ સંગમમાં સ્નાન કર્યું છે. જોકે આ બધા વચ્ચે એક રિપોર્ટ આવ્યો છે જેમાં દર્શાવવામાં આવ્યું છે કે પ્રયાગરાજ સ્થિત ગંગા અને યમુનાનું પાણી નહાવાને લાયક નથી. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)એ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (NGT)ને એક રિપોર્ટ સોંપ્યો છે. આ રિપોર્ટ અનુસાર મહાકુંભ મેળા દરમિયાન ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં અલગ અલગ સ્થાનો પર નદીના પાણીમાં ફેકલ કોલિફોર્મનું સ્તર સ્નાનના ક્વોલિટી સ્ટાન્ડર્ડને અનુરૂપ ન હતું. ફેકલ કોલિફોર્મ પાણીમાં સીવેજની ભેળસેળનું માર્કર છે. CPCB દ્વારા નક્કી કરવામાં આવેલા ક્વોલિટી સ્ટાન્ડર્ડ અનુસાર ૧૦૦ મિલીલિટર પાણીમાં ફેકલ કોલિફોર્મ ૨,૫૦૦ યુનિટથી વધારે હોવું જોઈએ નહીં.

### CPCBએ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલને રિપોર્ટ સોંપ્યો

NGT અધ્યક્ષ જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવ, જ્યુડિશિયલ મેમ્બર જસ્ટિસ સુધીર અગ્રવાલ તથા એક્સપર્ટ મેમ્બર એ સેંથીલ વેલની બનેલી બેન્ચે ૧૭ ફેબ્રુઆરીએ પ્રયાગરાજમાં ગંગા તથા યમુના



નદીઓમાં સીવેજના ડિસ્ચાર્જને રોકવા માટેની એક અરજી પર સુનાવણી કરી રહ્યા હતાં ત્યારે આ જાણકારી સામે આવી હતી. CPCBએ ગત ત્રણ ફેબ્રુઆરીએ NGT કોર્ટમાં આ રિપોર્ટ રજૂ કર્યો હતો. પ્રકાશ શ્રીવાસ્તવની અધ્યક્ષતા ધરાવતી આ બેન્ચે રિપોર્ટના નિષ્કર્ષોની સમીક્ષા કરી હતી તથા ઉત્તરપ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(UPPCB)ના અધિકારીઓને ૧૯ ફેબ્રુઆરીએ વર્ચ્યુઅલ કોર્ટમાં હાજર થવાનું જણાવ્યું છે. અધિકારીઓએ વધતા જતાં પોલ્યુશન લેવલને ઘટાડવા માટે કરવામાં આવેલા ઉપાયો અંગે કોર્ટને જણાવવું પડશે.

### UPPCBને વિગતવાર રિપોર્ટ સબમિટ કરવા આદેશ

એનજીટીએ અગાઉ UPPCBને વિગતવાર રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ કર્યો હતો પણ બોર્ડે ફક્ત પાણીમાં હાઇ ફેકલ કોલિફોર્મ દેખાડતો ટેસ્ટ રિપોર્ટ જ સબમિટ કર્યો હતો. તેને પગલે એનજીટીએ UPPCBને એક વ્યાપક રિપોર્ટ સબમિટ કરવા માટે વધારાનો સમય આપ્યો છે તથા તેના ટોચના અધિકારીઓને ૧૯ તારીખે હાજર રહેવા આદેશ કર્યો છે.

# મહાકુંભનું મોટું પુણ્ય ઉ.પ્ર.ને સાડા ત્રણ લાખ કરોડની અધધ કમાણી

### પ્રયાગરાજ સંગમ તટ પર આયોજિત મહાકુંભની ભવ્યતા જોઈને સમગ્ર વિશ્વ પ્રભાવિત, કેન્દ્ર-રાજ્યે મહાકુંભના આયોજન પાછળ ૭,૫૦૦ કરોડનો ખર્ચ કર્યો



। લખનઉ ।

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના સંગમ તટ પર આયોજિત મહાકુંભની ભવ્યતા સમગ્ર વિશ્વ જોઈ રહ્યું છે. સર્વત્ર મહાકુંભના સુંદર આયોજનની પ્રશંસા થઈ રહી છે. જો કે વિપક્ષના નેતાઓ મહાકુંભને લઈને સતત સવાલ ઉઠાવી રહ્યા છે. આ બધા વચ્ચે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિપક્ષના નેતાઓ પર પલટવાર કરતો જવાબ પણ આપી દીધો છે. સીએમ યોગીએ જણાવ્યું હતું કે મહાકુંભ મારફત દુનિયાએ આસ્થાની તાકાત જોઈ છે. પ્રયાગરાજ, કાશી અને અયોધ્યાએ ભારતનું પોટેન્શિયલ દેખાડ્યું છે. આ દરમિયાન મહાકુંભના અદ્ભુત આયોજનનું પુણ્ય પણ ઉત્તરપ્રદેશને મળી રહ્યું છે. સીએમ યોગીએ સોમવારે યુવાન ઉદ્યોગપતિઓ સાથે વાર્તાલાપ દરમિયાન મહાકુંભ પર સવાલ ઉઠાવનારા લોકોને જવાબ આપતાં જણાવ્યું હતું કે મહાકુંભનો વિરોધ કરનારા લોકોને જાણકારી હોવી જોઈએ કે મહાકુંભથી અમારી આવકમાં જોરદાર વૃદ્ધિ થઈ છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે સાથે મળીને મહાકુંભના આયોજન પાછળ રૂ. ૭,૫૦૦ કરોડનો ખર્ચ કર્યો હતો પણ તેના બદલામાં અર્થતંત્રને ત્રણથી સાડા ત્રણ લાખ કરોડ જેટલી વધુ આવક થઈ છે.

---

કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ-થાનીને આવકારવા માટે વડાપ્રધાન મોદી પ્રોટોકોલ તોડીને તેમને રિસીવ કરવા એરપોર્ટ ગયા હતા

# કતાર અને ભારતના સંબંધો સોળે કળાએ ખીલેલા છે

કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ-થાની ભારતની બે દિવસની મુલાકાતે આવ્યા ત્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રોટોકોલ તોડીને તેમને રિસીવ કરવા માટે એરપોર્ટ ગયા હતા. આ પહેલા દસ વર્ષ અગાઉ શેખ તમીમ ભારતની મુલાકાતે આવ્યા હતા. એક દાયકા બાદની તેમની ભારત મુલાકાત વખતે કતારનું પ્રતિનિધિ મંડળ પણ સાથે આવ્યું છે. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૬માં કતારની મુલાકાત લીધી હતી. મોદી અને શેખ તમીમ જેટલી વખત મળ્યા છે એટલી વખત બંનેએ સંબંધોને નવી ઊંચાઇ આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. શેખ તમીમ બિન હમદ અલ-થાનીની આ વખતની ભારત મુલાકાત દરમિયાન બંને દેશ વચ્ચે વેપાર, ઊર્જા, આઈટી સહિત અનેક પ્રોજેક્ટો પર સાથે મળીને કામ કરવા માટે સહીસિક્કા થયા.

કતાર નાનકડો દેશ છે. ૧૧૫૮૧ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા કતારની વસતિ ૩૦ લાખ ૬૩ હજાર જેટલી છે. કતારમાં ૮ લાખ ૩૫ હજાર જેટલા ભારતીયો વસે છે. કતારની વસતિમાં ભારતીયોની સંખ્યા ૨૭ ટકા જેટલી છે. કતારમાં ભારતીયો વ્હાઇટ કોલર જોબથી માંડીને સખત મજૂરીના કામોમાં જોડાયેલા છે. ઓઇલ કંપનીઓમાં ભારતીય એન્જિનિયરો મોટા પાયે કામ કરી રહ્યા છે. કતારના કન્સ્ટ્રક્શન સેક્ટરમાં ભારતીય મજૂરો મોટી સંખ્યામાં કામ કરી રહ્યા છે. ભારતીયો કતારમાં કમાઇને અબજો રૂપિયા ભારત મોકલે છે. કતારના અમીર પણ અનેક વખત એવું કહી ચૂક્યા છે કે, કતારના વિકાસમાં ભારતીયોનો ફાળો અમૂલ્ય છે. એક સમય હતો જ્યારે કામ કરવા માટે કતાર ગયેલા લોકો પર અત્યાચારો ગુજારવામાં આવતા હતા. પાસપોર્ટ જપ્ત કરીને ભારતીયોનું શોષણ કરવામાં આવતું હતું. જોકે, છેલ્લા થોડા સમયમાં બહુ મોટો બદલાવ આવ્યો છે. પોતાના દેશમાં કામ કરવા આવતા લોકો માટે કતારે ઉદાર નિયમો બનાવ્યા છે અને તેના કારણ વધુ લોકો કતાર તરફ આકર્ષાઇ રહ્યા છે. ભારત અને કતારના સંબંધો ૧૯૭૩થી સતત વિકસી રહ્યા છે. ૧૯૭૩માં આપણા દેશે કતારની એમ્બેસીમાં ચાર્જ દ અફેર્સની નિયુક્તિ કરી હતી. તેના બીજા જ વર્ષે કતારે ભારતમાં પોતાના રાજદૂતની નિમણૂક કરી હતી. ભારત કતારનું ત્રીજા નંબરનું બિઝનેસ પાર્ટનર છે. આપણો દેશ કતાર પાસેથી મોટા પાયે ઓઇલ અને ગેસની આયાત કરે છે. બંને દેશો વર્ષ ૨૦૩૦ સુધીમાં અત્યારે જે વેપાર છે તેને બમણો કરવા પર કામ કરી રહ્યા છે.

> **કતારની વસતિમાં ૨૭ ટકા ભારતીયો છે. કતારમાં ઓઇલથી માંડીને આઇટી સુધીના ક્ષેત્રોમાં ભારતીયોની બોલબાલા છે. કતારમાં કમાઇને ભારતીયો મોટી રકમ ભારતમાં મોકલે છે. કતારના અમીર કહી ચૂક્યા છે કે, કતારના વિકાસમાં ભારતીયોનો મોટો ફાળો છે**

કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ-થાની ભારતની મુલાકાતે આવ્યા છે ત્યારે તેમના વ્યક્તિત્વ વિશે પણ ખૂબ વાતો થઈ રહી છે. શેખ તમીમ ૪૪ વર્ષના છે. તેઓ કતારના



ભૂતપૂર્વ અમીર હમદ બિન ખલિફા અલ-થાનીના બીજા નંબરના પુત્ર છે. વર્ષ ૨૦૦૩માં શેખ તમીમના મોટા ભાઈ શેખ જસીમે રાજગાદી પરનો દાવો જતો કર્યો હતો. એ પછી શેખ તમીમને ગાદીના વારસદાર બનાવાયા હતા. ૨૦૧૩માં તેઓ કતારના રાજા એટલે કે અમીર બન્યા હતા. શેખ તમીમે ત્રણ નિકાહ કર્યા છે અને બધા મળીને તેમના ૧૩ સંતાનો છે. તેમની પાસે સંપત્તિની કોઈ કમી નથી. ૧૦૦ રૂમના તેમના મહેલમાં સોનાની ચીજવસ્તુઓ છે. તેમને કારનો જબરો શોખ છે. દુનિયાની કોઈ એવી લકઝરી કાર નથી જે તેમના ગેરેજમાં ન હોય. તેમના મહેલમાં પાંચસો કારનું પાર્કિંગ છે. પોતાની પ્રાઈવેટ એરલાઈન છે. ફોર્બ્સની યાદી મુજબ તેઓ દુનિયાના આઠમા નંબરના સૌથી વધુ ધનવાન રાજા છે. તેમના પરિવારની કુલ સંપત્તિ ૨૮ લાખ કરોડ રૂપિયા છે. તેમની પાસે ૧૫૦ મહેલો છે. દુનિયાની સૌથી મોંઘી યોટ ધ કતારાના તેઓ માલિક છે. ફૂટબોલના શોખીન હોવાના કારણે તેમણે કતારમાં જ ફૂટબોલ વર્લ્ડ કપની યજમાની કરી હતી.

**એક્સ્ટ્રા કોમેન્ટ**
**• કૃષ્ણકાંત ઉનડકટ**

કતાર પહેલેથી અમીર દેશ નથી. પ્રાચીન સમયમાં કતારની ગણના ગરીબ દેશમાં થતી હતી. લોકો માછીમારી અને બીજા સામાન્ય કામો કરીને ગુજરાન ચલાવતા હતા. કતારના પેટાળમાં ઓઇલ મળ્યું એ પછી તેનો વિકાસ રોકેટ ગતિએ થયો હતો. કતાર સામે આતંકવાદને પ્રોત્સાહન આપવાના આક્ષેપો પણ ખૂબ થયા છે. આજની તારીખે તાલિબાનો અને હમાસનું હેડ ક્વાટર કતારમાં જ આવેલું છે. હમાસ અને તાલિબાનોના નેતાઓની બેઠક કતારમાં જ યોજાય છે. આતંકવાદીઓના કારણે કતાર દુનિયાની આંખે ચડેલું હતું. જોકે, બાદમાં કતારે પોતાનું વલણ બદલીને આતંકવાદી સંગઠનોને આતંકવાદ છોડાવવા અને સમાધાનનો માર્ગ લેવા તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. મુસ્લિમ દેશોમાં સાઉદી અરેબિયાનું સારું એવું વર્ચસ્વ છે. હજુ થોડાં વર્ષો પહેલાં સુધી કતાર અને સાઉદી અરેબિયાને બનતું નહોતું. ૨૦૨૧માં અમેરિકાની મધ્યસ્થીથી કતાર અને સાઉદી અરેબિયા નજીક આવ્યા હતા.

ભારત અને કતારના સંબંધોમાં પણ ચડાવ-ઉતાર આવતા રહ્યા છે. અલબત્ત, કતારે કોઇ વિષયે ભારત સાથે સંઘર્ષના ઉતરવાને બદલે ભારતને સારું લાગે એવા પ્રયાસો જ કર્યા છે. આપણા દેશના વિવાદાસ્પદ પેઇન્ટર એમ.એફ. હુસેનને કતારે રાજ્યાશ્રય આપ્યો હતો. ભારતના મોસ્ટ વોન્ટડે ટેરરિસ્ટ ઝાકિર નાઇક પણ કતારની મુલાકાતે ગયો ત્યારે સવાલો પેદા થયા હતા. કતારે એ વખતે પણ કહ્યું હતું કે, અમે ઝાકિર નાઇકને આમંત્રણ આપ્યું નથી. અમારા માટે ભારતના સંબંધો મહત્ત્વના છે અને ભારતને માઠું લાગે એવું કંઇ કરવા અમે ઇચ્છતા નથી.

કતારમાં ફાંસીની સજા પામેલા આપણા દેશની નૌસેનાના આઠ ભૂતપૂર્વ અધિકારીઓને છોડી દઇને કતારે દોસ્તીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કતારની એક પ્લેસમેન્ટ એજન્સી મારફતે કતારની નૌસેના માટે કામ કરવા ગયેલા ભારતીય નૌસેનાના આઠ અધિકારીઓ સામે ઇઝરાયેલને કતારની સબમરિનની વિગતો આપીને જાસૂસી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જાસૂસીના આ કેસમાં આઠેયને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિનંતી બાદ તેમને છોડી મૂકાયા હતા. આ ઘટના પછી દોસ્તી વધુ ગાઢ બની હતી. હજુયે કતારમાં કામ કરનારા ભારતીયોની સુરક્ષાના અનેક પ્રશ્નો તો છે જ. કતાર અને ભારતના સંબંધો વધુ ઉમદા બની રહ્યા છે અને સરવાળે તેનાથી બંને દેશનો ફાયદો થવાનો છે!

krishnkant.unadkat@sandesh.com

### કતારમાં રાજાશાહી છે. કતારમાં રાજાને અમીર કહેવામાં આવે છે

જે દેશનો મોટો વિસ્તાર રેગિસ્તાન છે એ કતારે ઓઇલની અઢળક આવકથી છેલ્લા પચાસ વર્ષમાં આંખો અંજાઇ જાય એવો વિકાસ સાધ્યો છે. અત્યંત રૂઢીચુસ્ત દેશ કતારમાં રાજાશાહી છે. કતાર પર અંગ્રેજોએ રાજ કર્યું હતું. અંગ્રજો જ્યારે કતારથી જઇ રહ્યા હતા ત્યારે તેને એવી વ્યક્તિની શોધ હતી જે કતારની કેર કરી શકે. ૧૮૮૬માં અંગ્રેજોએ કતારનો હવાલો મહમદ અલ-થાનીને સોંપ્યો હતો. એ સમયથી કતારમાં થાની વંશનું રાજ છે. કતારના રાજાને અમીર કહેવામાં આવે છે. કતાર એવો દેશ છે જેની જરૂર પડ્યે અમેરિકા પણ મદદ લે છે. અફઘાનિસ્તાનના તાલિબાનો અને અમેરિકા વચ્ચે સમાધાન માટેની બેઠકો કતારના દોહામાં જ થઇ હતી. ઇઝરાયેલ અને હમાસ વચ્ચે સમજૂતીમાં પણ કતારની ભૂમિકા મહત્ત્વની રહી છે. એક સમયેકતારની છાપ આતંકવાદીઓને મદદ કરનાર દેશની હતી. પોતાની ઇમેજ સુધારવા માટે કતારે સારા એવા પ્રયાસો કર્યા છે. કતાર હવે બને ત્યાં સુધી કોઇ વિવાદમાં પડવાનું ટાળે છે. કતારને કોઇ સંઘર્ષ છેડવો નથી અને જેટલું છે એટલું શાંતિથી ભોગવવું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કતારના અમીર સાથે બેઠક, બંને દેશો વચ્ચે મહત્ત્વપૂર્ણ કરાર

# ભારત-કતાર હાલનો ૧૪ અબજ ડોલરનો દ્વિપક્ષી વ્યાપાર પાંચ વર્ષમાં ૨૮ અબજ કરવા સહમત

## વેપાર, ઊર્જા, રોકાણ, ઈનોવેશન, ટેક્નોલોજી, ખાદ્ય સુરક્ષા, સંસ્કૃતિ, લોકોના લોકો સાથેના સંબંધો પર ફોકસ

। નવી દિલ્હી ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે અત્રે હૈદરાબાદ હાઉસ ખાતે કતારના અમીર તમિમ બિન હમાદ અલ થાની સાથે બેઠક કરી હતી, જેમાં બંને નેતાઓ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત થઈ હતી. વડાપ્રધાન મોદીએ વિદેશપ્રધાન એસ. જયશંકર, નાણાપ્રધાન નિર્મલા સીતારામન સહિત વરિષ્ઠ પ્રધાનો સાથે વાટાઘાટોનું નેતૃત્વ કર્યું હતું. કતારના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ અમીર તમિમ બિન હમાદ અલ થાનીએ કર્યું હતું. ભારત અને કતાર વચ્ચે આવક પરના કરવેરા સંદર્ભે બેવડા કરવેરા ટાળવા અને નાણાકીય ચોરી અટકાવવા માટેના સુધારેલા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ભારત-કતાર વચ્ચે હાલ વાર્ષિક ૧૪ અબજ ડોલરનો વ્યાપાર થાય છે, જેને પાંચ વર્ષમાં બમણો કરવા બંને દેશો સહમત થયા છે.વડાપ્રધાન મોદી અને કતારના



અમીરે ભારત-કતાર સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવાનો નિર્ણય કર્યો, જેમાં વેપાર, ઊર્જા, રોકાણ, ઈનોવેશન, ટેક્નોલોજી, ખાદ્ય સુરક્ષા, સંસ્કૃતિ અને બંને દેશોના લોકોના લોકો સાથેના સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બંને નેતાઓએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. કતારના અમીર ભારતના બે દિવસના સત્તાવાર પ્રવાસે પહોંચ્યા છે.

### કતારના અમીરને રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત સાથે ગાર્ડ ઓફ ઓનર અપાયું



કતારના અમીર તમિમ બિન હમાદ અલ થાનીનું મંગળવારે રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરાયું હતું. રાષ્ટ્રપતિ ભવનના પરિસરમાં તેમને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સરકારના વરિષ્ઠ પ્રધાનોએ તેમનું સ્વાગત કર્યું હતું. કતારના અમીર સોમવારે ભારતના બે દિવસના સત્તાવાર પ્રવાસે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની સાથે કતારના પ્રધાનો, વરિષ્ઠ અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હતું.

ડેલ્ટા એરલાઈન્સના આ પ્લેનમાં પાઈલટ સહિત ૮૦ લોકો સવાર હતા

# કેનેડામાં રનવે પર ઉતરતી વેળાએ વિમાન પલટી ગયું, ૧૭ ઘાયલ

## વિમાન પલટવા પાછળનું કારણ અકબંધ, તપાસ બાદ ચિત્ર સ્પષ્ટ થશે



। ટોરોન્ટો ।

કેનેડામાં ટોરોન્ટો પીઅરસન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડેલ્ટા એરલાઈન્સનું એક વિમાન લેન્ડિંગ વખતે પલટી ગયું. જોકે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ નથી થઈ. ૧૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મિનેપોલીસથી આવેલા આ વિમાનમાં ૭૬ પ્રવાસીઓ અને ચાર ક્રૂ મેમ્બર મળીને કુલ ૮૦ લોકો સવાર હતા.

એરપોર્ટના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિમાન પલટી જવા પાછળનું કારણ હજુ જાણી શકાયું નથી. સમગ્ર મામલે વિસ્તૃત તપાસ બાદ ચિત્ર સ્પષ્ટ થશે. આ દુર્ઘટનાને પગલે એરપોર્ટ પર ફ્લાઈટ્સના ટેક-ઓફ/લેન્ડિંગ લગભગ અઢી કલાક સુધી અટકી ગયા હતા. તપાસ પૂરી ન થાય ત્યાં સુધી એરપોર્ટના બે રનવે બંધ રહેશે.

ગ્રેટર ટોરોન્ટો એરપોર્ટ ઓથોરિટીનાં સીઈઓ ડેબોરા ફ્લિન્ટે પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે દુર્ઘટનાગ્રસ્ત થયેલું પ્લેન મિત્સુબિશી CRJ-૯૦૦LR હતું. વાઈરલ વીડિયોમાં પ્લેન બરફીલા ટારમેક પર ઉલટું ડેલું દેખાતું હતું. વિમાન પલટી જવા પાછળ હવામાનને એક મોટું કારણ માનવામાં આવી રહ્યું છે. એરપોર્ટ પર બરફવર્ષા થઈ રહી હતી. આ દરમિયાન કલાકના ૫૧ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો, જે વધીને કલાકના ૬૫ કિ.મી. સુધી થઈ ગયો. તાપમાનનો પારો -૮.૬ ડિગ્રી સેલ્સિયસ હતો.

પીઅરસન એરપોર્ટ પર અગાઉ ૨૦૦૫ની બીજી ઓગસ્ટે પેરિસથી આવતું એરબસ A૩૪૦ પ્લેન રનવે પર લપસી ગયું હતું અને પછી આગની જ્વાળાઓમાં લપેટાયું હતું. સદ્નસીબે આ દુર્ઘટનામાં ૩૦૯ પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બર્સનો ચમત્કારિક બચાવ થયો હતો.

### અમે ચામાચીડિયાની જેમ ઊંધા લટકતા હતા : પ્રવાસીઓ

દુર્ઘટનાગ્રસ્ત પ્લેનમાં સવાર કેટલીક મહિલાઓ સહિતના પ્રવાસીઓએ જણાવ્યું હતું કે સીટ બેલ્ટ બાંધ્યા હોવાના કારણે તેઓ વિમાન પલટી જતાં પડ્યા નહોતા પરંતુ ચામાચીડિયાની માફક ઊંધા લટકતા હતા. પ્રવાસીઓએ જીવ બચી જવા બદલ ઇશ્વરનો આભાર માન્યો હતો.

**ન્યૂઝ બ્રીફ**

## ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ગુપ્તા આજે CECનો હોદ્દો સંભાળશે

**નવી દિલ્હી** । ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ગુપ્તા બુધવારે ૧૯ ફેબ્રુઆરીએ મુખ્ય ચૂંટણી કમિશનર(CEC)નો હોદ્દો સંભાળશે. તેઓ ૨૬મા સીઈસી બનશે. નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની સમિતિએ સોમવારે એક બેઠકમાં આ નિર્ણય કર્યો હતો. નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ચૂંટણી કમિશનરની નિયુક્તિ અંગેના નવા નિયમને પડકારનારી અરજીની સુનાવણી થાય તે પહેલાં તેના નામની જાહેરાત કરવામાં આવી છે. જ્ઞાનેશકુમાર નવા નિયમ હેઠળ નિયુક્ત થનારા પ્રથમ સીઈસી બનશે. કાનૂન મંત્રાલયે સોમવારે રાત્રે આ નિયુક્તિની અધિસૂચના ઈશ્યૂ કરી હતી. હરિયાણાના મુખ્ય સચિવ વિવેક જોષીને ચૂંટણી કમિશનર પદ પર નિયુક્ત કરાયા છે. જ્ઞાનેશકુમાર ૧૯૮૮ની બેન્ચના કેરળ કેડરના આઈએએસ અધિકારી છે.

## તમિલનાડુમાં ત્રણ ભાષાની નીતિ સામે વિરોધની ભાજપ દ્વારા ટીકા

**ચેન્નઇ** । તમિલનાડુમાં સત્તારૂઢ ડીએમકે દ્વારા સરકારી સ્કૂલોમાં ત્રણ ભાષાઓ મફતમાં શીખવાની તકનો વિરોધ કર્યો છે તેના પર પ્રદેશ ભાજપના અધ્યક્ષ કે અન્નામલાઈએ ઉગ્ર પ્રહારો કર્યા કે આ નીતિ રાજ્યના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તર પર વધારે સારા ભવિષ્ય માટે તૈયાર કરવામાં મદદ કરશે. અન્નામલાઈએ ડીએમકેના લાંબા સમયથી ચાલી રહેલા ત્રણ ભાષાની નીતિ સામેના વિરોધ પર પણ સવાલ ઉઠાવ્યો હતો અને કોંગ્રેસ પર ૧૯૬૫માં તમિલનાડુમાં એક ભાષા થોપવાની ઐતિહાસિક ભૂલ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાન મોદી અને કેન્દ્ર સરકારે ક્યારેય પણ રાજ્ય પર હિન્દી થોપવાનો પ્રયાસ કર્યો નથી. જો તમારે હિન્દી ના શીખવી હોય તો કોઈ અન્ય ભાષા શીખો પણ વિદ્યાર્થીઓને ભ્રમિત કરવાની આ નીતિ યોગ્ય નથી.

## પંજાબના ફરીદકોટમાં ટ્રકની ટક્કરથી બસ નાળામાં પડતાં ૬ લોકોનાં મોત



પંજાબના ફરીદકોટ જિલ્લામાં કોટકાપુરા-ફરીદકોટ રોડ પર એક ખાનગી પેસેન્જર બસ માલસામાન ભરેલી ટ્રકની ટક્કરથી બ્રિજ પરથી નાળામાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં ૬ લોકોનાં મોત થયા હતા તથા અન્ય કેટલાક ગંભીર રીતે ઘવાયા હતા. ઈજાગ્રસ્તોને ફરીદકોટની ગુરુગોવિંદસિંહ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ બસની સ્પીડ વધારે હતી, જેના કારણે તેના ડ્રાઈવરે ટ્રકની ટક્કર બાદ વાહન પરનો કાબૂ ગુમાવી દીધો હતો.

## ૩,૬૦૦ કરોડના અગસ્તા વેસ્ટલેન્ડ કૌભાંડના આરોપી મિશેલને જામીન

**નવી દિલ્હી** । અગસ્તા વેસ્ટલેન્ડ કેસમાં છ વર્ષથી કસ્ટડીમાં રહેલા બ્રિટિશ નાગરિક ક્રિશ્ચિયન મિશેલ જેમ્સને સુપ્રીમ કોર્ટે જામીન આપી દીધા છે. મિશેલ અગસ્તા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર કૌભાંડમાં વચેટિયો હતો. ૩,૬૦૦ કરોડ રૂપિયાના ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટર્સની ખરીદીમાં તેની ભૂમિકા અંગે સીબીઆઈ અને ઈડી તપાસ કરી રહી છે. મિશેલને દુબઈથી પ્રત્યાર્પિત કરાયા બાદ ડિસેમ્બર ૨૦૧૮માં કસ્ટડીમાં લેવાયો હતો. જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેંચે કહ્યું કે જેમ્સ છ વર્ષથી કસ્ટડીમાં છે અને કેસની તપાસ હજુ પણ ચાલી રહી છે. જેમ્સને નીચલી અદાલત દ્વારા નક્કી કરાયેલી શરતો હેઠળ જામીન પર છોડવામાં આવશે. દિલ્હી હાઈ કોર્ટે મિશેલને જામીન આપવાનો ઈનકાર કર્યા બાદ તે આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારાયો હતો.

## પાપાએ મમ્મીની હત્યા કરી : બાળાએ સ્કેચ બનાવી પિતાને પકડાવી દીધો

**ઝાંસી** । ઉત્તરપ્રદેશના ઝાંસીમાં રહેતી એક વિવાહિતાની શંકાસ્પદ હાલતમાં મોત થયું હતું. આ મહિલા એક દિવસ અગાઉ જ મામાના દીકરાના લગ્નમાં જઈને પાછી આવી હતી. પુત્રીના અચાનક મોતના સમાચાર મળતાં પિયર પક્ષના લોકો તેણીના સાસરે પહોંચી ગયાં હતાં. સાસરિયાએ જણાવ્યું હતું તેમની દીકરીએ જાતે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. જોકે આ મહિલાની પાંચ વર્ષની પુત્રીએ કાગળ પર દોરેલા એક સ્કેચના કારણે શંકા પેદા થઈ હતી. તે પછી પિયરના લોકોએ પોલીસ સમક્ષ પુત્રીની હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરી તપાસ કરવા ફરિયાદ દાખલ કરી હતી. પાંચ વર્ષની નિર્દોષ બાળાએ જણાવ્યું હતું કે તેના પપ્પાએ તેની માતા સાથે મારપીટ કરી હતી અને તેણીનું ગળું દબાવીને મારી નાખી હતી.

રિયાધમાં અમેરિકા, રશિયાના વિદેશ પ્રધાનો વચ્ચે સાડા ચાર કલાક લાંબી બેઠક

# સાઉદીમાં બેઠકમાં રશિયા-અમેરિકા યૂક્રેન યુદ્ધનો અંત લાવવા સંમત થયાં

## યુદ્ધનો વહેલામાં વહેલી તકે અંત લાવવા ઉચ્ચ સ્તરીય ટીમો નીમી

। રિયાધ ।

રશિયા-યૂક્રેન વચ્ચેના યુદ્ધનો અંત લાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવા રશિયા અને અમેરિકા સંમત થયા છે. અમેરિકી વિદેશ પ્રધાન માર્કો રૂબિયો અને રશિયાના વિદેશ પ્રધાન સર્ગેઇ લાવરોવ વચ્ચે મંગળવારે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં મળેલી બેઠકમાં આ બાબતે સહમતિ સધાઈ હતી. બંને દેશોએ રશિયા-યૂક્રેન યુદ્ધનો વહેલામાં વહેલી તકે અંત લાવવાની દિશામાં કામ કરવા ઉચ્ચ સ્તરીય ટીમો પણ નીમી દીધી છે. અમેરિકી વિદેશ વિભાગના એક નિવેદનમાં જણાવાયું હતું કે આ ટીમો રશિયા-યૂક્રેન યુદ્ધનો બંને દેશોને સ્વીકાર્ય હોય તેવી રીતે અંત લાવવા માટે કામ કરશે. સાઉદીની મધ્યસ્થીમાં બેઠક સાડા ચાર કલાક લાંબી ચાલી હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે દ્વિપક્ષી વાટાઘાટો માટે પણ આ બેઠકમાં માર્ગ મોકળો થશે એવું મનાતું હતું પરંતુ તે અંગે કોઇ સહમતિ સધાઇ નથી. રશિયન પ્રતિનિધિએ જણાવ્યું હતું કે પુતિન-ટ્રમ્પ વચ્ચે બેઠક ક્યારે થશે એ કહેવું હાલ ઘણું વહેલું ગણાશે પરંતુ બંને પક્ષોએ એકબીજાને સાંભળવાનું શરૂ કરી દીધું છે. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા ટેમી બ્રૂસે કહ્યું કે પ્રેસિડેન્ટ ટ્રમ્પ જ એવા એકમાત્ર નેતા છે કે જેઓ રશિયા-યૂક્રેન યુદ્ધ ખતમ કરવાની વાત પર સહમતિ કરાવી શકે છે.

### અમારી ગેરહાજરીમાં કોઇ પણ નિર્ણય અસ્વીકાર્ય : ઝેલેન્સ્કી

બીજી તરફ રશિયા-અમેરિકા વચ્ચે સાઉદીમાં ચર્ચા બાદ યૂક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ સાઉદીની મુલાકાત રદ કરી છે. તેમણે કહ્યું કે અમારી ગેરહાજરીમાં કોઇ પણ નિર્ણય અમને સ્વીકાર્ય નથી. તેમણે એમ પણ જણાવ્યું કે તેઓ નાટો અને સુરક્ષા અંગે ચર્ચામાં પણ નહીં જોડાય. યૂક્રેનને નાટોનું સભ્યપદ આપવા બાબતે અમેરિકા અને યુરોપના કેટલાક દેશોની અસહમતિ રશિયાના ઇરાદા સાથે મળતી આવે છે.

## એલન મસ્ક DOGEનાં કર્મચારી નથી, તેમને નિર્ણયો લેવાની સત્તા નહીં : વ્હાઈટ હાઉસ

### મસ્કની ભૂમિકા વ્હાઈટ હાઉસના કર્મચારી તરીકે અને યુએસ પ્રમુખના વરિષ્ઠ સલાહકાર તરીકેની જ છે

। વોશિંગ્ટન ।

ટ્રમ્પની નિકટના ગણાતા કરોડપતિ બિઝનેસમેન એલન મસ્ક ટ્રમ્પ સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)નાં કર્મચારી નથી અને તેમને કોઈપણ નિર્ણયો લેવાની સત્તા નથી તેમ વ્હાઈટ હાઉસે એક કોર્ટમાં રજૂ કરેલી અફિડેવિટમાં જણાવ્યું છે. મસ્કની ભૂમિકા વ્હાઈટ હાઉસના કર્મચારી તરીકે અને યુએસ પ્રમુખના વરિષ્ઠ સલાહકાર તરીકેની જ છે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે. વ્હાઈટ હાઉસના વહીવટી વિભાગના વડા જોશુઆ ફિશરે કહ્યું છે કે મસ્ક ફક્ત રાષ્ટ્રપતિને સલાહ આપી શકે છે અને ટ્રમ્પના નિર્ણયો અન્યોને જણાવી શકે છે. તેમને નિર્ણયો લેવાની કે કર્મચારીઓને છૂટા કરવાની સત્તા નથી. મસ્ક પાસે સરકારી નિર્ણયો લેવાના કોઈ વાસ્તવિક કે સત્તાવાર આધિકાર નથી. ન્યૂ મેક્સિકો સ્ટેટ દ્વારા મસ્કની વ્હાઈટ હાઉસમાં અને સરકારમાં નિયુક્તિ તેમજ ભૂમિકાને કોર્ટમાં પડકારવામાં આવી છે. કોર્ટમાં વ્હાઈટ હાઉસે સ્પષ્ટ કર્યું છે કે મસ્ક યુએસ DOGE સેવાના હંગામી સંગઠનના કર્મચારી નથી. ગયા મહિને ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી DOGE દ્વારા ફેડરલ સંસ્થાઓ અને વિભાગોમાં ચંચૂપાત કરવામાં આવી રહ્યો છે.

લોકસભાના વિપક્ષી નેતાના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો

# નવા CECની અડધી રાત્રે નિયુક્તિ અપમાનજનક -અશિષ્ટ : રાહુલ ગાંધી

## રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પત્ર શેર કરી વિરોધ વ્યક્ત કર્યો

। નવી દિલ્હી ।

દેશના નવા મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી)ની નિયુક્તિના મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે જ્યારે મુખ્ય ચૂંટણી કમિશનરની નિયુક્તિની પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી રહી છે ત્યારે જ અડધી રાત્રે નવી મુખ્ય ચૂંટણી કમિશનરની નિયમણૂક કરી દેવી વડાપ્રધાન અને ગૃહપ્રધાન માટે અપમાનજનક અને અશિષ્ટ છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પત્ર શેર કરતા લખ્યું છે કે નવા મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી કરવા માટે યોજાયેલી સમિતિની બેઠક દરમિયાન મેં વડાપ્રધાન અને ગૃહપ્રધાનને એક અસહમતી નોંધ સુપરત કરી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે કાર્યપાલિકાના હસ્તક્ષેપથી મુક્ત એક સ્વતંત્ર ચૂંટણી પંચનો સૌથી પાયાના પાસા ચૂંટણી કમિશનર્સ અને મુખ્ય ચૂંટણી કમિશનરને ચૂંટવાની પ્રક્રિયા છે.

### મોદી સરકારે મતદાતાઓની ચિંતાઓને વધારી દીધી : રાહુલ

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને તથા ભારતના ચીફ જસ્ટિસને સમિતિમાંથી હટાવીને મોદી સરકારે ચૂંટણી પ્રક્રિયાની ઇમાનદારીને લઈને કરોડો મતદાતાઓની ચિંતાઓને વધારી દીધી છે. વિપક્ષના નેતા તરીકે મારું કર્તવ્ય છે કે હું બાબાસાહેબ આંબેડકર તથા આપણા રાષ્ટ્ર નિર્માતાઓના આદર્શને જાળવી રાખું તથા સરકારને જવાબદેહ ઠેરવું. તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાન અને ગૃહપ્રધાન દ્વારા નવા મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગીનો નિર્ણય અડધી રાત્રે લેવો અપમાનજનક અને અશિષ્ટતાપૂર્ણ છે કે જ્યારે સમિતિની રચના તથા પ્રક્રિયાને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવી છે. તેના પર ૪૮ કલાક કરતાં પણ ઓછા સમયમાં સુનાવણી થવાની છે.

## જાપાનની આઈટી કંપની કર્મચારીઓને જોબ પર દારૂ અને હેંગઓવર લીવની ઓફર કરે છે

### કંપનીએ નીચો પગાર આપીને સારા કર્મચારી મેળવવાનો અનોખો માર્ગ પસંદ કર્યો

। નવી દિલ્હી ।

જાપાનની એક આઈટી કંપનીએ મોટી કંપનીઓ સાથે સ્પર્ધા કરવા અને નીચો પગાર આપીને સારા કર્મચારી મેળવવાનો અનોખો માર્ગ પસંદ કર્યો છે. જાપાનના ઓસાકાની આ નાનકડી આઈટી કંપની નવા કર્મચારીઓને લોભાવવા માટે મફત દારૂ અને હેંગઓવર માટે રજા ઓફર કરે છે. સોશિયલ મીડિયા પર આ કંપની ઝડપથી વાઈરલ થઈ રહી છે અને યૂઝર્સ તેને લઈને અલગ અલગ પ્રકારની પ્રતિક્રિયા આપી રહ્યા છે. સામાન્ય રીતે કામ દરમિયાન દારૂ પીવો સારો નથી ગણાતો કેમ કે તે પછી કોઈ માણસ હોશમાં નથી રહેતો. પણ ટ્રસ્ટ રિંગ કંપની લિમિટેડમાં આવું નથી. આ આઈટી કંપનીમાં બોસ જાતે જ શરાબ લઈને આવે છે અને પોતાના નવા કર્મચારીઓને દારૂ સર્વ કરે છે. આ ઉપરાંત જો કોઈ કર્મચારી જોબ પર વધારે દારૂ પી જાય તો તેને કંપની હેંગઓવર લીવ પણ આપે છે. આ ઉપરાંત કોઈ કર્મચારી નશાના કારણે કામ પર વિલંબથી આવે તો પણ કોઈ સવાલ પૂછાતો નથી. એક અહેવાલ અનુસાર કંપનીમાં કામ કરતી મહિલા કર્મચારીએ જણાવ્યું હતું કે મેં હેંગઓવર લીવ લીધી હોવાના કારણે હું ૧૨ વાગે કામ પર જઈ શકું છું.

શિવસેના નેતાઓની નારાજગી : ફડણવીસ સરકારમાં સાઇડલાઇન કરાય છે

# શિવસેના ધારાસભ્યોની સુરક્ષામાં કાપથી ભાજપ-શિંદે સેનામાં મતભેદનો અંદેશો

## ધારાસભ્યોની સુરક્ષા માટે ૬૦૦ પોલીસની જરૂર, પોલીસના બાકીના કામોને અસર થાય છે

। મુંબઇ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પછી શિવસેનાના લગભગ ૨૫ હાલના અને પૂર્વ ધારાસભ્યોની સિક્યુરિટીમાં કાપ મૂકવાનો નિર્ણય કરાયો છે. આ બાબતે શિવસેના નેતાઓએ નારાજગી પ્રકટ કરી છે. તેમનું કહેવું છે કે દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી સરકારમાં તેમને સાઇડલાઇન કરાઈ રહ્યા છે. ગૃહમંત્રાલયની જવાબદારી પણ સીએમ ફડણવીસે પોતાની પાસે જ રાખી છે. ઉલ્લેખનીય છે કે તેનાથી શિવસેનાના ૪૦ ધારાસભ્યો અને ૧૦ અપક્ષ ધારાસભ્યોએ શિંદેને સમર્થન આપ્યું હતું. ત્યાર પછી તેમણે ભાજપ સાથે સરકાર બનાવી લીધી હતી. બીજી તરફ શિવસેના (યુબીટી)એ વિરોધપ્રદર્શન શરૂ કરતાં શિંદે સેનાના ધારાસભ્યોને વાય-પ્લસ સિક્યુરિટી આપવામાં આવી હતી.

મુંબઈમાં એક આઈપીએસ અધિકારીએ જણાવ્યું કે, ધારાસભ્યોની સુરક્ષા માટે લગભગ ૬૦૦ પોલીસકર્મીઓની જરૂર પડે છે. તેના કારણે પોલીસનાં બાકીનાં કામોને અસર થાય છે. ચૂંટણી પરિણામ આવ્યા પછી ચીફ સેક્રેટરીના નેતૃત્વમાં બનેલી કમિટીએ નિર્ણય કર્યો છે કે ધારાસભ્યોની સુરક્ષામાં કાપ મૂકવામાં આવે. માત્ર એવા ધારાસભ્યોને એટલી સુરક્ષા મળશે જેઓ મંત્રીપદ પર છે અથવા તેમને જીવનું જોખમ છે. તેમણે કહ્યું કે અન્ય ધારાસભ્યોની જેમ બાકી શિવસેના ધારાસભ્યોની સુરક્ષા માટે એક પોલીસકર્મી આપવામાં આવશે.

**● અમારી વચ્ચે બધું ઠંડા ઠંડા કૂલ કૂલ : એકનાથ શિંદે ।** મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના (શિંદે જૂથ) વચ્ચે ખટરાગના સમાચારો વચ્ચે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મૌન તોડ્યું છે. મંગળવારે એકનાથ શિંદેએ કહ્યું કે, સરકારમાં કશી કોલ્ડ વોર નથી ચાલતી. બધું ઠંડા ઠંડા કૂલ કૂલ છે. પોતાની નારાજગી અંગેના સવાલના જવાબમાં શિંદેએ કહ્યું કે, મહાયુતિની ત્રણે પાર્ટીઓનો એક જ ઉદ્દેશ છે કે જનતાની સેવા, જનતા માટે કામ થાય અને ત્રણેય સાથે મળીને કામ કરી રહ્યા છીએ. અમારા ત્રણેમાં કશો મતભેદ નથી, અને હું નારાજ નથી. આ મહાવિકાસ અઘાડી થોડી છે કે મતભેદ અને કોલ્ડ વોર થાય.

ગરીબ દેશોને સૌથી વધારેમાં વધારે અસર

# ચિંતાજનક : વિશ્વમાં પાંચ અબજ લોકો મેડિકલ ઓક્સિજનથી વંચિત

## સૌથી વધુ અસમાનતા ઓછી તેમજ મધ્યમ આવક ધરાવતા દેશોમાં

। નવી દિલ્હી ।

વિશ્વમાં પાંચ અબજ લોકો એટલે કે વિશ્વની આશરે બે તૃતીયાંશ વસ્તી મેડિકલ ઓક્સિજનથી વંચિત રહેતી હોવાનું લાન્સેટના એક રિપોર્ટમાં જણાવાયું છે. સૌથી વધુ અસમાનતા ઓછી તેમજ મધ્યમ આવક ધરાવતા દેશોમાં હોવાનો તેમાં ઉલ્લેખ કરાયો છે. લાન્સેટના રિપોર્ટમાં મેડિકલ ઓક્સિજનની વહેંચણીમાં કેવી અસમાનતા છે અને જરૂરિયાત ધરાવતા દર્દીઓને આવરી લેવામાં કેવો ગેપ પડી રહ્યો છે તેમજ આ ગેપ પૂરવા કેટલો ખર્ચો કરવો પડે તેનો ચિતાર આપવામાં આવ્યો છે દર્દીઓની સારવાર માટે અને ખાસ કરીને સર્જરી, અસ્થમા, ટ્રોમા તેમજ મેન્ટલ હેલ્થની સારવાર તેમજ બાળકોની સારવાર માટે મેડિકલ ઓક્સિજનની જરૂર પડતી હોય છે. કોઈ દેશમાં મહામારી ફેલાઈ હોય ત્યારે લોકોની સારવારમાં પણ તેની જરૂર પડે છે. કોરોના જેવી મહામારીમાં દર્દીઓની સારવાર વખતે મેડિકલ ઓક્સિજનની અછત સર્જાઈ હતી જેને કારણે મૃત્યુઆંક વધ્યો હતો.

### સબ સહરાનાં આફ્રિકન દેશોમાં ૯૧ ટકા લોકોને મેડિકલ ઓક્સિજન મળતો નથી

મેડિકલ અને સર્જિકલ સ્થિતિમાં ઓક્સિજનની જરૂરિયાત ધરાવતા ત્રણ પૈકી એક કરતા ઓછા લોકોને સર્વિસ માટે સંપર્ક, તત્પરતા અને ગુણવત્તામાં ગેપને કારણે જીવનરક્ષક ગેસ મળે છે જ્યારે ૭૦ ટકા દર્દીઓને મેડિકલ ઓક્સિજન મળતો નથી. સબ સહરાના આફ્રિકન દેશોમાં ૯૧ ટકા અને દક્ષિણ એશિયામાં ૭૮ ટકા લોકોને મેડિકલ ઓક્સિજન મળતો નથી. વિશ્વ સ્તરે જાહેર આરોગ્યની જાળવણી માટે મેડિકલ ઓક્સિજન જંગી ખર્ચાળ અને વધુ રોકાણ માંગી લે છે. ૨૦૩૦ સુધીમાં તેનાં દ્વારા આરોગ્ય ક્ષેત્રે સાતત્યપૂર્ણ વિકાસના લક્ષ્યાંકો હાંસલ કરી શકાશે. અનેક દેશો ભવિષ્યમાં આવનારી મહામારી સામે દર્દીઓની સારવાર માટે તૈયારી પણ કરી શકશે.

**૬૮ પાલિકામાંથી કોંગ્રેસ માત્ર સલાયામાં જ સમેટાયું, કુતિયાણા, રાણાવાવમાં UPથી સમાજવાદીની સાઈકલ ચાલી !**

# પાટિલનું મેનેજમેન્ટ કામ કરી ગયું : જૂનાગઢ કોર્પો + ૬૫ નગરપાલિકામાં ભાજપને બહુમતી, કોંગ્રેસનો સાવ રકાસ

» માંગરોળ, આંકલાવ, ડાકોર, છોટાઉદેપુર અને બાવળામાં અપક્ષ સાથે ભાજપને બહુમતી

**ભાજપ તરફી જનાદેશ**

» ૬૮માંથી ૬૫ પાલિકામાં ભાજપ શાસન સંભાળશે, કોંગ્રેસને માત્ર એક જ પાલિકા મળી

» ગાંધીનગર, કપડવંજ અને કઠલાલ તાલુકા પંચાયતમાં પણ ભાજપને સ્પષ્ટ બહુમતી મળી

» કોંગ્રેસના સિટિંગ ધારાસભ્ય વિમલ ચુડાસમા ચોરવાડ નગરપાલિકામાં ભૂંડી રીતે હાર્યા !

» ૨૧૭૮ બેઠકોમાંથી ૧૬૦૮ પર ભાજપનો ભગવો, ૪૧૨માં કોંગ્રેસને ડિપોઝિટ ગુમાવી



**સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી પરીણામો**

| સંસ્થા | કુલ બેઠકો | ભાજપ | કોંગ્રેસ | અન્ય (અપક્ષ, SP, AAP) |
|---|---|---|---|---|
| જૂનાગઢ મ્યુ. કોર્પોરેશન | ૬૦ | ૪૮ | ૧૧ | ૦૧ |
| ૦૩ કોર્પોરેશન (પેટા) | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૦ |
| ૬૮ નગરપાલિકા | ૧,૯૧૨ | ૧,૪૦૩ | ૨૬૦ | ૨૪૯ |
| ૧૫ પાલિકા (પેટા) | ૨૧ | ૧૭ | ૦૨ | ૦૨ |
| ૦૮ જિલ્લા પંચાયત (પેટા) | ૦૯ | ૦૯ | ૦૦ | ૦૦ |
| ૦૩ તાલુકા પંચાયત | ૭૮ | ૫૫ | ૧૭ | ૦૬ |
| ૭૩ તાલુકા પંચાયત (પેટા) | ૮૮ | ૭૩ | ૧૨ | ૦૩- |

## ગુજરાત અને ભાજપ વચ્ચેનો સંબંધ અતૂટ છે : PM મોદી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાજપને મળેલા વિજયના પ્રતિભાવમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (પૂર્વનું ટ્વિટર) પર પોસ્ટ મુકી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'તાજેતરમાં રાજ્યભરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપને સમર્થન આપવા બદલ હું ગુજરાતની જનતાનો આભાર માનું છું. હું નતમસ્તક છું કે ગુજરાતના લોકો વારંવાર અમારા પ્રયાસોમાં વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. આ વિજય વિકાસની રાજનીતિનો ફરી એકવાર વિજય છે જે અમને જનસેવા માટે વધુ ઊર્જા આપે છે. હું ભાજપના પ્રત્યેક કાર્યકર્તાના જમીની પ્રયાસોની પ્રશંસા કરું છું જેણે આ ઉત્કૃષ્ટ પરિણામમાં મહત્વનો ફાળો આપ્યો છે.'

| ગાંધીનગર |

ગુજરાતમાં પહેલીવાર ૨૭ ટકા OBC અનામતના અમલ સાથે થયેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપને ફરી એકવાર ઐતિહાસિક જનાદેશ મળ્યો છે. આ ચૂંટણીમાં પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલનુ માઈક્રો મેનેજમેન્ટ કામ કરી ગયુ છે. ભાજપ માટે પાટીલના નેતૃત્વમાં ગુજરાતમાં આ સળંગ પાંચમી ચૂંટણીમાં કોંગ્રેસનો સાવ રકાસ થયો છે. મંગળવારની બપોરે આવેલા ચૂંટણી પરિણામોમાં જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત ૬૦ પાલિકામાં ભાજપને શાસન માટે જરૂરીયાત કરતા પણ વધારે બહુમતિ મળી છે. ૬૮ નગર પાલિકાની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસનો સાવ રકાસ થયો છે અને તેના ઉમેદવારોને માત્ર એક જ શહેર સલાયા પુરતો જનાદેશ મળ્યો છે. જ્યારે પાંચ નગરપાલિકાઓમાં અપક્ષોને બળે ભાજપને સત્તાનું સુકાન સંભળવાની તક ઉપલબ્ધ થાય તેવા સંજોગો રચાતા ૬૮માંથી ૬૫ પાલિકામાં કેસરિયો લહેરાયો છે.

લગ્નગાળાની સિઝન વચ્ચે રવિવારે ઓછુ મતદાન થવા છતાંયે કુલ મતદાનના ૬૦-૬૨ ટકાથી વધુ મત ભાજપને મળ્યા છે. જ્યારે કોંગ્રેસને વોટિંગ શેર ઘટીને માંડ ૨૮-૩૦ ટકા વચ્ચે સમેટાઈ ગયો છે. ચૂંટણી પરિણામોમાં ગુજરાતમાં પહેલીવાર ઉત્તરપ્રદેશમાં જનધાર ધરાવતી સમાજવાદી પાર્ટીની સાઈકલની કુતિયાણા અને રણાવાવ એમ બબ્બે પાલિકામાં એન્ટ્રી થઈ છે. એક રીતે પોરબંદર જિલ્લામાં પણ અન્ય ક્ષેત્રની જેમ કોંગ્રેસનો સાવ રકાસ થયાનું ચિત્ર સ્પષ્ટ થયુ છે. કુતિયાણાના ધારાસભ્ય સમાજવાદીપક્ષના છે. કાંધલ જાડેજાએ પોતાના ગૃહ નગરની સાથે સાથે ભાજપ પાસેથી રણાવાવ પાલિકાને આંચકી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચોરવાડ નગરપાલિકામાં સોમનાથથી કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પણ ઝંપલાવ્યુ છે. જે પોતાના જ ગૃહ નગરમાં ભૂંડી રીતે ચૂંટણી હાર્યા છે ! ૬૮ પાલિકાઓ પૈકી ૬૦માં સ્પષ્ટ બહુમતી અને માંગરોળ, આંકલાવ, ડાકોર, છોટાઉદેપુર અને બાવળા એમ કુલ પાંચ પાલિકામાં અપક્ષ સાથે મળી ભાજપ શાસનની ધુરા સંભાળશે. આ ૬૫ પાલિકા ઉપરાંત ગાંધીનગર, કપડવંજ, કઠલાલ એમ કુલ ત્રણ તાલુકા પંચાયતમાં પણ ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. પેટાચૂંટણીમાં પણ ભાજપના ઉમેદવારોનો જ્વલંત વિજય થયો છે. રાજ્ય ચૂંટણી આયોગે જાહેર કરેલી માહિતી મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સામાન્ય, મધ્યસત્ર અને પેટાચૂંટણી હેઠળની ૨૧૭૮ બેઠકોમાંથી ૧૬૦૮ પર ભાજપના ઉમેદવારોએ વિજય મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસના ૩૦૫ ઉમેદવારો જ આ ચૂંટણી જીતી શક્યા છે. જ્યારે ૪૧૨ ઉમેદવારોને તો પોતાની ડિપોઝિટ ગુમાવવાનો વારો આવ્યો છે. જિલ્લા પંચાયતની ૯ બેઠકો પરની પેટાચૂંટણીમાં કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી શક્યુ નથી !

## ભાજપને મળ્યા તેનાથી અડધા મત પણ કોંગ્રેસને ન મળ્યા!

**ભાજપ ૪૨માંથી સીધા જ ૬૫ પાલિકાએ પહોંચ્યું : કોંગ્રેસ ૧૮ નપાને પણ સાચવી શકી નથી**

બે- અઢી વર્ષ વહિવટદારોના શાસન બાદ નગરપાલિકામાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપને જેટલા મત મળ્યા છે તેના અડધા મત પણ કોંગ્રેસના ઉમેદવારો મેળવી શક્યા નથી ! વર્ષ ૨૦૧૮માં જે ૭૪ નગરપાલિકામાં ચૂંટણી યોજાઈ હતી તે પૈકીના ૬ શહેરો મ્યુનિ. કોર્પોરેશનમાં તબદિલ થયા છે. એથી, સાંપ્રતકાળે ૬૮ પાલિકામાં ચૂંટણી જાહેર થઈ હતી. વર્ષ ૨૦૧૮માં ભાજપે ૭૪માંથી ૪૨ પાલિકામાં સ્પષ્ટ બહુમતી મેળવી હતી. આ વખતે તેમાં સ્પષ્ટ બહુમતિ ધરાવતી ૧૮ અને અપક્ષના સમર્થન સાથેની પાંચ એમ કુલ મળીને ૨૩ પાલિકાઓનો વધારો થયો છે. જ્યારે વર્ષ ૨૦૧૮માં ૧૮ પાલિકાઓમાં શાસન માટે જનાદેશ મેળવનાર આ વખતે કોંગ્રેસ માત્ર એક જ પાલિકા પુરતી મર્યાદિત થઈ ચૂકી છે. ૨૦૧૮માં ભાજપને ૪૩ ટકા આસપાસ મત મળ્યા હતા. આ વેળા તેમાં ૧૭ ટકાથી વધુનો વધારો થયો છે. જ્યારે કોંગ્રેસનો વોટિંગ શેર ૩૩ ટકાથી ઘટી ૨૨ ટકા થયો છે !

| રાજકીય પક્ષ | ૨૦૧૮માં વોટશેર | ૨૦૨૫માં વોટ શેર |
|---|---|---|
| ભાજપ | ૪૩.૬૩ ટકા | ૬૦ ટકા |
| કોંગ્રેસ | ૩૩.૪૭ ટકા | ૨૨ ટકા |
| અપક્ષો | ૧૮.૧૪ ટકા | ૧૩ ટકા |
| BSP | ૦૧.૧ ટકા | ૦૧.૨૦ ટકા |
| NCP | ૦૨.૩૯ ટકા | ૦૦.૨૪ ટકા |
| AAP | ૦૦.૦૦ ટકા | ૦૭ ટકા |

### હવે ભાજપ સંગઠનમાં નવા પ્રમુખોની નિયુક્તિઓ થશે

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભાજપના ભવ્ય વિજય બાદ હવે આવનારા બે સપ્તાહમાં નવા સંગઠનની રચનામાં ઝડપ આવશે. ગતવર્ષે ડિસેમ્બરમાં ૫૦૦થી વધુ મંડળ પ્રમુખોની નિમણૂંકો બાદ ૩૩ જિલ્લા અને ૧૭ મહાનગરોના નવા પ્રમુખોની નિયુક્તિ અટકી છે. જે આગામી સમયમાં પૂર્ણ થશે અને સાથે જ નવા પ્રદેશ અધ્યક્ષની નિમણૂંક સહિત સંગઠનની રચના પૂર્ણ થશે તેમ મનાય છે.

### સ્મોલ ટેસ્ટ પછી આવતા વર્ષે મિની વિધાનસભા ઈલેક્શન

નવરચિત ૯ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત આગામી વર્ષે ૨૦૨૬ના આરંભે અમદાવાદ સહિત કુલ ૧૫ મહાપાલિકા, નવરચિત વાવ- થરાદ જિલ્લાની સાથે ૩૪ જિલ્લા પંચાયતો, ૨૩૦થી વધુ તાલુકા પંચાયત અને ૭૫થી વધારે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાશે. જે વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાનો લિટમસ ટેસ્ટ બની રહેશે. ઉલ્લેખનિય છે કે, ૪,૫૦૦થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી પણ હવે જાહેર થશે.

**ભાજપનો સ્ટ્રાઈકરેટ ૯૬ ટકાનો રહ્યો તે એક રેકોર્ડ છે**

## મોદીના અશ્વમેઘ યજ્ઞના ઘોડાને પકડવા કે રોકવાની કોઈની ક્ષમતા નથીઃ પાટીલ

| ગાંધીનગર |

પ્રદેશ કાર્યલાય શ્રી કમલમે ભાજપના વિજયોત્સવમાં સામેલ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિજય બદલ કાર્યકરોને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યુ કે, આ ચૂંટણીમાં ભાજપે જે પરિણામની કલ્પના કરી હતી તેમાં થોડીક કચાસ રહી છે. અમે ૬૮માંથી ૬૮ ઉપર વિજય મેળવવા માંગતા હતા. પરંતુ, બે પાલિકાઓ સમાજવાદી પાર્ટીને મળી છે અને એક કોંગ્રેસને. પરંતુ, આ ચૂંટણીઓમાં પણ ભાજપનો સ્ટ્રાઈકરેટ ૯૬ ટકાનો રહ્યો તે એક રેકોર્ડ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અને લોકોમાં તેમનો વિશ્વાસ આજે સમગ્ર દેશમાં જોવા મળે છે. વડપ્રધાન મોદીના અશ્વમેઘ યજ્ઞના ઘોડાને પકડવાની કે રોકવાની કોઈ પણ પાર્ટી કે પાર્ટીના નેતાની ક્ષમતા નથી. તેમની પાસે જનતાનું અદભૂતપૂર્વ જનસમર્થન છે. જેમાં અન્ય રાજકીય પાર્ટીના આગેવાનો અંજાઈ જાય છે.

**સૌનો સાથ- વિકાસ અને પ્રયાસથી ભવ્ય જીત મળીઃ મુખ્યમંત્રી**

આ ચૂંટણીમાં તેમના પ્રત્યનો વિશ્વાસ, ગૃહમંત્રી અમિત શાહનું માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં થયેલા વિકાસકાર્યો અને જનસંપર્ક સહિતના ભાજપના તમામ કાર્યકર્તાઓની અથાગ મહેતનનું પરીણામ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કાર્યમંત્રી છે કે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ સાથે કાર્યકર્તાઓ એક થઈ સંગઠન અને ચૂંટાયેલ પાંખ જે રીતે કામ કરે છે તેના પરીણામે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભવ્ય જીત મળી છે.

**૧૩ બેઠક પર અપક્ષ અને ૧૦ પર કોંગ્રેસના ઉમેદવારની જીત**

# દ.ગુ.માં નગરપાલિકા, પંચાયતની ૧૬૬ બેઠકમાંથી ૧૪૩ ઉપર ભગવો લહેરાયો

**દક્ષિણ ગુજરાતની પ્રજાએ આમ આદમી પાર્ટીને જાકારો આપ્યો, એકપણ બેઠક જીતી શક્યું નહીં**

| સુરત |

દક્ષિણ ગુજરાતમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો સફાયો કરી દીધો છે. મહાપાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની ખાલી પડેલી કુલ ૧૬૬ બેઠક પૈકી ૧૪૩ ઉપર ભગવો લહેરાયો છે. વલસાડ નગરપાલિકાની ૪૪ બેઠક પૈકી ૪૧ બેઠક ઉપર ભાજપે જીત હાંસલ કરી હતી. જ્યારે બે અપક્ષ અને એક બેઠક કોંગ્રેસના ફાળે ગઈ હતી. તેવી જ રીતે વલસાડ તાલુકા પંચાયતની સરીગામ, ફણસા અને કપરાડા એમ ત્રણેય બેઠકો પર ભાજપના ઉમેદવારોએ જંગી મતોથી કબજો કર્યો હતો. ધરમપુર નગરપાલિકાની વાત કરીએ અહીંયાની કુલ ૨૪ બેઠક પૈકી ૨૦ બેઠક ભાજપ અને બાકીની ચાર બેઠક પર અપક્ષ ઉમેદવારે કબજો જમાવ્યો હતો. ધરમપુર નગરપાલિકામાંથી કોંગ્રેસને એક્કો નીકળી ગયો છે. આપ અને કોંગ્રેસ બંનેના સૂપડાં સાફ થઈ ગયા હતા. પારડી નગરપાલિકાની ૨૮ બેઠક પૈકી ૨૨ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. જ્યારે બાકીની ૬ બેઠક પૈકી ૫ બેઠક પર કોંગ્રેસ અને ૧ અપક્ષ ઉમેદવાર વિજેતા બન્યા હતા. સુરત જિલ્લાના ઉમરપાડાના ધાણાવડ બેઠક ઉપર ભાજપના ૧૦૯૪ મતોથી ભાજપના મહિલા ઉમેદવાર વિજેતા બન્યા હતા. ડાંગ જિલ્લાની કડમાળ બેઠક પર ભગવો લહેરાયો હતો. જ્યારે વાંસદા તાલુકાની કંડોલપાડા બેઠક ઉપર પણ ભાજપે જ્વલંત વિજય મેળવ્યો હતો. તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકા પંચાયતની ત્રણ બેઠક પૈકી ત્રણેય બેઠક પર ભાજપે જીત મેળવી હતી.

### સુરત મહાપાલિકાના વોર્ડ નંબર ૧૮ના નવા કોર્પોરેટર ભાજપના જીતુ કાછડ

સુરત મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૮મી પેટાચૂંટણી મતદાન બાદ આજે ગતગણતરી હાથ ધરાઈ હતી. સવારે ૯ વાગ્યે મતગણતરી આરંભ થઈ હતી. ૧૪ ટેબલ અને ૭ રાઉન્ડ મુજબ ગણતરી થઈ હતી. દરમિયાન સવા કલાકમાં જ પરિણામ જાહેર કરી દેવાયું હતું. ભાજપના ઉમેદવાર જીતુ કાછડને ૧૭,૩૫૯ મતો અને કોંગ્રેસના ઉમેદવાર સંજય સામાનંદીને ૧૦,૨૭૩ મતો મળ્યા હતા. આમ ભાજપના જીતુ કાછડ ૭૦૮૬ મતોથી વિજેતા બન્યા હતા. આ સાથે જ (લિંબાયત-પરવટ-કુંભારિયા) વિસ્તારને નવા કોર્પોરેટર તરીકે જીતુ કાછડ મળી ગયા હતા.

| નગરપાલિકા | કુલ | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ |
|---|---|---|---|---|
| બીલીમોરા | 36 | 29 | 02 | 05 |
| વલસાડ | 44 | 41 | 01 | 02 |
| ધરમપુર | 24 | 20 | 00 | 04 |
| પારડી | 28 | 22 | 05 | 01 |
| સોનગઢ | 23 | 21 | 02 | 00 |
| સુરત મહાનગરપાલિકા | 01 | 01 | 00 | 00 |
| ઉમરપાડા તા.પં. | 01 | 01 | 00 | 00 |
| ઉમરગામ તા.પં. | 02 | 01 | 00 | 00 |
| નિઝર-કુકરમુંડા તા.પ. | 03 | 03 | 00 | 01 |
| વાંસદા તા.પંચાયત | 01 | 01 | 00 | 00 |
| ડાંગ જિલ્લા પંચાયત | 01 | 01 | 00 | 00 |
| કપરાડા તા.પંચાયત | 01 | 01 | 00 | 00 |

**દુઃખદ અવસાન - બેસણું**



સ્વ. ચિરાગભાઈ
પ્રફુલભાઈ પટેલ
સ્વ. તા. ૧૭-૦૨-૨૦૨૫

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સુપુત્ર શ્રી ચિરાગભાઈ પ્રફુલભાઈ પટેલનું તા. ૧૭-૦૨-૨૦૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. સદ્ગતનું બેસણું તા.: ૨૦-૦૨-૨૦૨૫ ગુરુવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન રાખેલ છે. સ્થળ : મહાવીર ભવન, તુલસી હોટલની સામે, અમરોલી ચારરસ્તા, છાપરાભાઠા રોડ, સુરત.

લિ.
શ્રી પ્રફુલભાઈ બાબુભાઈ પટેલ (પિતા)
નેહલબેન ચિરાગભાઈ પટેલ (પત્ની)
ધૈર્ય ચિરાગભાઈ પટેલ - પુત્ર ધીત્યા ચિરાગભાઈ પટેલ - પુત્રી
રાજેશભાઈ મંગળભાઈ પટેલ (ભાઈ) - જીગ્નેશભાઈ રજનીભાઈ પટેલ (ભાઈ)
તથા સમસ્ત પટેલ પરિવાર
નોંધ : સાસરી પક્ષનું બેસણું ઉપરોક્ત સમય અને સ્થળે રાખેલ છે.
કિરણભાઈ મંગળભાઈ પટેલ - પંકજભાઈ મંગળભાઈ પટેલ

**અનાવિલ દુઃખદ અવસાન**



સ્વ. રમીલાબેન
જીવણજી (મોંઘાભાઈ) દેસાઈ
સ્વ. તા. ૧૮.૦૨.૨૦૨૫
(મોટાવરાછા)

દિલગીરી સહ જણાવવાનું કે,
અમારા માતૃશ્રી/સ્નેહીશ્રી
ગં.સ્વ. રમીલાબેન જીવણજી (મોંઘાભાઈ) દેસાઈનું
દુઃખદ અવસાન તા. ૧૮.૦૨.૨૦૨૫
મંગળવારનાં રોજ થયેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતનાં
દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સદ્ગતનું **સંયુક્ત બેસણું**
તા. ૨૧.૦૨.૨૦૨૫ શુક્રવારના રોજ
બપોરે ૩ થી ૬ કલાક દરમ્યાન રાખેલ છે.
: બેસણાનું સ્થળ :
માતૃશ્રી પાર્ટી પ્લોટ હોલ,
એ.બી.સી. સર્કલ પાસે, મોટાવરાછા, સુરત.
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...
(લૌકિક રિવાજ બંધ છે.)

લિ.
સરીત જીવણજી (મોંઘાભાઈ) દેસાઈ (પુત્ર)-સેજલ સરીત દેસાઈ (પુત્રવધુ)
નિહારિકા જયેશકુમાર દેસાઈ (પુત્રી)-જયેશકુમાર જીતેન્દ્રભાઈ દેસાઈ (જમાઈ)
જેનિલ સરીત દેસાઈ (પૌત્ર)-વિશ્વા સરીત દેસાઈ (પૌત્રી)
ગં.સ્વ. અરૂણાબેન પરમાનંદભાઈ દેસાઈ - ગં.સ્વ. દક્ષાબેન રોહીતભાઈ દેસાઈ
ગં.સ્વ. શીલા અજયભાઈ દેસાઈ- ગં.સ્વ. અંજના અતુલભાઈ દેસાઈ
આયુષ અતુલભાઈ દેસાઈ
રહેઠાણ : ૩૪૯, ટેકરા ફળિયા, ઝંડાચોક પાસે, મોટાવરાછા, સુરત-૩૯૪૧૦૧.
પિયરપક્ષ
બળવંતભાઈ દુર્લભભાઈ પારેખ - સ્વ. કાંતુભાઈ દુર્લભભાઈ પારેખ
નરેન્દ્રભાઈ દુર્લભભાઈ પારેખ (ખજૂરડી પારણ, વલસાડ)

**દુઃખદ અવસાન**



સ્વ. ભાલચંદ્ર
બાલકૃષ્ણ પારેખ
સ્વ.તા. ૧૭-૦૨-૨૦૨૫

સર્વ પ્રત્યેની અખૂટ લાગણી સાથેનો આપનો આનંદી, મળતાવડો, માયાળુ સ્વભાવ, સંસ્કાર અને સદવિચારની મહેક કદી ભૂલાય નહિ, વ્યવહારિક કુશળતા આપના અનુભવોનો અવિરત પ્રવાહ વહેતો બંધ થઈ ગયો. જેની ઉણપ અમારા સૌના હૃદયમાં હર હંમેશ રહેશે. પ્રભુ આપના શાશ્વત આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
ૐ નમ : શિવાય
બેસણું : તા. ૨૮-૦૨-૨૦૨૫ (બારમું)

લિ.
ચંદનબા (માતા)
અનિતા ભાલચંદ્ર પારેખ (પત્ની)
ખુશ્બુ (જાગૃતિ) (દિકરી) - સુમિતકુમાર (જમાઈ)
દિલીપ, જેનિસ, સાગર, દિપક (ભાણીયાઓ)
અને સમસ્ત પારેખ પરિવાર
સ્થળ : હનુમાન ફળિયું, કલવાડા, તા.જી. વલસાડ

**સુરતી મોઢ વણિક અવસાન - પાથરણું**



સ્વ. જયંતિલાલ
મણિલાલ કેલાવાલા
સ્વ. તા. ૧૮.૦૨.૨૦૨૫

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂ.પિતાશ્રી જયંતિલાલ મણિલાલ કેલાવાલાનું દુઃખદ અવસાન મંગળવાર તા. ૧૮.૦૨.૨૦૨૫ના રોજ થયું છે. પ્રભુને ગમ્યુ તે ખરૂં.
પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્ગતનું **પાથરણું તા. ૧૯.૦૨.૨૦૨૫ને બુધવાર**ના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
નિવાસસ્થાન : ૧૦૦, રાધાકૃષ્ણ સોસાયટી નં. ૪,
કૃષ્ણકુંજ સોસાયટી પાસે, પાલનપુરા જકાતનાકા રોડ, રાંદેર, સુરત.

લિ.
જિજ્ઞેશ જયંતિલાલ કેલાવાલા - ૯૩૭૭૬ ૩૦૬૧૫
દિવ્યા જિજ્ઞેશ કેલાવાલા - ૯૩૨૭૩ ૭૫૮૧૮
ભાઈ ભાઈ આમલેટ સેન્ટર - અડાજણ - વેસુ - નાનપુરા

કુલીન કુમાર હોલિડેઝ એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે

૨૦૨૫ માં બાંધછોડ વગર ના યાદગાર પ્રવાસો...
એટલે ફક્ત કુલીન કુમાર હોલીડેઝ
વ્યાજબી ટૂર કિંમતે...માણો અસ્સલ ગુણવત્તા અને અમારી મહેમાનગતિ...

અમેરિકા – ૨૦ રાત્રી / ૨૧ દિવસ – લોસ એન્જલસ, સાન ફ્રાન્સિસ્કો, લેક તાહો, ડેથ વેલી, લાસ વેગાસ, ઓર્લાન્ડો, નીઆગરા ફોલ, વોશિંગ્ટન ડીસી, ન્યૂ યોર્ક – નિયમિત પ્રસ્થાનો એપ્રિલથી સપ્ટેમ્બર
સાઉથ આફ્રિકા – ૧૨ રાત્રી / ૧૩ દિવસ – કેપટાઉન, હરમાનુસ, ગાર્ડન રૂટ, સનસીટી, સફારી, જોહાનિસબર્ગ – નિયમિત પ્રસ્થાનો એપ્રિલથી સપ્ટેમ્બર
યુરોપ – ૧૭, ૧૩, ૧૦ દિવસ – ફ્રાન્સ, નેધરલેન્ડ, જર્મની, ઓસ્ટ્રિયા, ઇટલી, સ્વિટ્ઝરલેન્ડ, – નિયમિત પ્રસ્થાનો એપ્રિલથી સપ્ટેમ્બર
ન્યુ ઝીલેન્ડ – ૧૩ રાત્રી / ૧૪ દિવસ – ઓકલેન્ડ, બે ઓફ આયલેન્ડ, રોટોરૂઆ, ક્વિન્સટાઉન, ક્રાઈસ્ટચર્ચ, ટિવઝેલ – નિયમિત પ્રસ્થાનો એપ્રિલથી સપ્ટેમ્બર
ઓસ્ટ્રેલિયા – ૧૨ રાત્રી / ૧૩ દિવસ – કેર્ન્સ, ગોલ્ડ કોસ્ટ, સિડની, મેલબોર્ન – નિયમિત પ્રસ્થાનો એપ્રિલથી સપ્ટેમ્બર
સ્કેન્ડિનેવિયા – ૧૫ રાત્રી / ૧૬ દિવસ – • કોપનહેગન • ઓસ્લો • હોનિંગ્સવેક • ટ્રોન્ડહેમ • ઓલસુન્ડ • ગેઈરંગિર • ફ્લામ • બર્ગન • સ્ટોકહોમ – નિયમિત પ્રસ્થાનો એપ્રિલથી સપ્ટેમ્બર
જાપાન – ૧૦ રાત્રી / ૧૧ દિવસ ચેરી બ્લોસમ – ૧૧ રાત્રી / ૧૨ દિવસ અલ્પાઈન રૂટ – ટોકિયો, માઉન્ટ ફુજી, નાગોયા, ક્યોટો, નારા,ઓસાકા, હિરોશિમા – નિયમિત પ્રસ્થાનો એપ્રિલથી સપ્ટેમ્બર
કેનેડિયન રોકિઝ – ૧૦ રાત્રી / ૧૧ દિવસ – કેલગરી, બાન્ફ, જાસ્પર, કામલુપ, વિસલર, વેનકુવર – ૦૭ રાત્રી નો - અલાસ્કા ભવ્ય ક્રૂઝ વિકલ્પ – નિયમિત પ્રસ્થાનો એપ્રિલથી સપ્ટેમ્બર

અન્ય પ્રખ્યાત ટૂરો : BAKU GEORGIA • SPAIN PORTUGAL • VIETNAM • CENTRAL EUROPE • CHINA • SOUTH AMERICA • ICELAND • FINLAND

ટૂર ની વિશેષતાઃ
- વર્લ્ડ ક્લાસ એરલાઈન્સમાં સફર
- ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા ભોજનનો આસ્વાદ
- લક્ઝરી હોટલ્સમાં મુકામ (કન્ફર્મ હોટલ્સ)
- ભરપુર સાઇટ સીઈંગનો સમાવેશ
- ગુજરાતી, હિન્દી, ઇંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
- લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
- કોઇપણ છુપા ખર્ચ વગર
- સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર

અમારા પોતાના રાજસ્થાની રસોઇયા બનાવશે ભાવતા ભોજન લગભગના પ્રવાસોમાં

SCAN ME
KULIN KUMAR HOLIDAYS
304, Rajhans Bonista Old Ghod Dod Road, Behind Ram Chowk, Adarsh Society, Athwa, Surat, Gujarat 395007
Tel.: 0261-4883555 | Swapan: 8758559999 | surat@kulinkumar.com